# સક્રત પરમ પ્રકાશમણિ ભાષ્ય
# સકર્તા અદ્વૈત લક્ષબોધ પંચીકરણ



જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# સક્ત પરમ પ્રકાશ મણિ ભાષ્ય

# સકર્તા અદ્વૈત લક્ષબોધ પંચીકરણ

### જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપકકૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

## (લઘુ-ચતુર્દેહ પંચ તત્ત્વ વિભાગ પંચીકરણ સહિત)

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# સકૃત પરમ પ્રકાશ મણિ ભાષ્ય

# સકર્તા અદ્વૈત લક્ષબોધ પંચીકરણ

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

## (લઘુ-ચતુર્દેહ પંચ તત્ત્વ વિભાગ પંચીકરણ સહિત)

**પ્રેરણામૂર્તિ :**

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**માર્ગદર્શક**

સંત શ્રીજનકદાસજી ગુરુ શ્રીગોર્ધનદાસજી

**સંકલન**

શ્રી બીપીન આર. શાહ
૨, કંચન વાટિકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ
website: www.kaivalgyan.org

પ્રકાશક
ભજનાનંદ પબ્લિકેશન
વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ
૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,
અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

**સક્ત પરમ પ્રકાશ મણિ ભાષ્ય**
**સકર્તા અદ્વૈત લક્ષબોધ પંચીકરણ**
**(લઘુ-ચતુર્દેહ પંચ તત્ત્વ વિભાગ પંચીકરણ સહિત)**

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**1st Edition:** July 2020
**Price:** Rs. 200/- ($ 20 + S.H.)
**ISBN:** 978-81-921648-9-2

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્વસંમવેદ જ્ઞાન કેન્દ્ર**
સંત શ્રીજનકદાસજી ગુરુ શ્રીગોર્ધનદાસજી
મુ.પો. આલમપુર, તા.જી: ગાંધીનગર-૩૮૨૦૪૨
M: +91 9824025294
email: janakdasji2274@gmail.com

email: bshah6900@gmail.com
website: www.kaivalgyan.org



# સમર્પણ

**સાદર સમર્પણ**
**જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક**
**પંચમ શ્વસમ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર**
**કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ**
**શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં**
**સમર્પણ કરીએ છીએ.**

**આપના ચરણરજના અભિલાષી**

**શાહ પરિવાર**
Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# અનુક્રમણિકા

## સક્ત પરમ પ્રકાશ મણિ ભાષ્ય


અંગ ૧ઃ પરમવિશેષ પરમગુરુના કરુણાસાગર નામ નિર્ણયકો ................૩
અંગ ૨ઃ નિજકર્તા નામ વિશેષણ નિર્ણયકો....................................૭
અંગ ૩ઃ સક્રર્તા ધામ વર્ણન દર્શાવનકો ..................................૩૦
અંગ ૪ઃ સંસ્કૃત, પ્રાકૃત વાણીનો સિદ્ધાંત દર્શાવનકો.......................૩૪
અંગ ૫ઃ પરચા પ્રકરણ ચર્તુવિધ જીવ નિરૂપણ કો અંગ......................૪૧
અંગ ૬ઃ રાજનીતિ દેખાવ-પરમગુરુ પ્રતિપાદન કો ........................૪૫


## સકર્તા અદ્વૈત લક્ષબોધ પંચીકરણ


પ્રકરણ ૧ઃ પરમ એકદેશી પદનું નામ નિરૂપણ ...............................૪૮
પ્રકરણ ૨ઃ શ્વસંવેદ નામ નિરૂપણ..............................................૫૧
પ્રકરણ ૩ઃ શ્વસંવેદની ગમગતિ વિશેષ વિસર્જન નામ નિરૂપણ .............૫૫
પ્રકરણ ૪ઃ પરમવિશેષ આગમ નામ નિરૂપણ....................................૬૩
પ્રકરણ ૫ઃ સત્ સંકલ્પ તત્ત્વ સર્જનક્રત નામ નિરૂપણ..........................૬૮
પ્રકરણ ૬ઃ માનવદેહ અંશ પ્રવેશ તત્વ ચેતન ક્રત નામ નિરૂપણ.............૭૪
પ્રકરણ ૭ઃ ખટવૃત્તિ આદી ચોરાસીતત્ત્વ ભાગની સાધારણ
પ્રવૃત્તિ નામ નિરૂપણ ..........................................................૭૬
પ્રકરણ ૮ઃ શાસ્ત્ર ગતિ બ્રહ્મ પર કૈવલ દેશ નામ નિરૂપણ .................૮૬
પ્રકરણ ૯ઃ ઈચ્છાવૃત્તિ આદિ નિજ અંશ લક્ષણા સત્ કૈવલ પરમ યજન
પરમાર્થ સાધન ઊલટક્રિયા નામ નિરૂપણ .....................૯૦
પ્રકરણ ૧૦ઃ ખટવૃતિ આદિ પરમવિશેષ પરમગુરુની મહત્તાનું નિરૂપણ .... ૧૨૬
પ્રકરણ ૧૧ઃ ચતુર્પુટીયુક્ત પંચદેહનાં તત્વોનો નિર્ણય તથા
તેની અહંતા નિરૂપણ ......................................... ૧૩૬
પ્રકરણ ૧૨ઃ પરમગુરુની લક્ષબોધ ગતિ વડે સપ્તભૂમિકાનો નિર્ણય ....... ૧૪૧
પ્રકરણ ૧૩ઃ દેહના અલંકાર તથા પરમગુરુ સાથેની અખંડ યોગ.......... ૧૪૮
પ્રકરણ ૧૪ઃ સુર નિરાશ કૈવલ અદ્વૈત યોગ વડે મોક્ષયોગ નિરૂપણ ........ ૧૫૭

**લઘુપંચીકરણ** .......................................................................**૧૬૭**
**ચતુર્દેહ પંચ તત્ત્વ વિભાગ પંચીકરણ**...........................................**૧૭૯**
**સ્તુતિ** ...............................................................................**૧૮૨**

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

ૐ કાર પ્રાણાયામના મહાતત્ત્વોના કારણરૂપ રહેલા સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશના પ્રકાશક અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તા અને પરમવિશેષ પાટવી અંશ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના ચરણકમળમાં અંશભાવે નમસ્કાર કરીને મારુ નિવેદન રજૂ કરું છું.

આ પુસ્તકમાં અલગ-અલગ ત્રણ ગ્રંથોનો સમાવેશ થાય છે, જેમાં જ્ઞાનની દૃષ્ટિએ જોતા ખૂબ જ મહત્વના ગ્રંથો છે. વળી, ગદ્યવિભાગ હોઈ સમજવામાં સરળતા પણ પડે છે.

**''સકત પરમ પ્રકાશમણિ ભાષ્ય''** ગ્રંથમાં શ્રીમત્ કરુણાસાગર નામ અને કર્તાના પંચવિશેષણ, તેમનું સ્થાન સહિતની સમજ દર્શાવીને કર્તા અરૂપ કે સ્વરૂપ છે તેનો ખુલાસો કરવામાં આવ્યો છે. વળી, અંશને સુખ-દુઃખ ક્યાં સુધી ભોગવવુ પડે છે તેની સમજ અને મહાકલ્પની ગણતરી દર્શાવીને બંને હંગની સ્પષ્ટતા કરી છે. ચાર પ્રકારના જીવોની છણાવટ કરીને સંસ્કૃત અને પ્રાકૃતનો ભેદ દર્શાવ્યો છે.

**''સકર્તા અદ્વૈત લક્ષબોધ પંચીકરણ''**માં બ્રહ્માંડના એકદેશી અને સર્વદેશી પદની ચોખવટ કરીને પાંચમાં વેદનું નિરૂપણ તથા તત્ત્વોની ઉત્પત્તિ સહિત ચોર્યાસી તત્ત્વોનો વિસ્તાર દર્શાવી દરેક તત્ત્વોની ભૂમિકા અને કાર્યોની સચોટ માહિતી જણાવી છે. વળી, તત્ત્વોના ઊલટ પંચીકરણ દર્શાવીને પરમગુરુ અને કૈવલકર્તા સાથેનો યોગ કરવાની સાચી પદ્ધતિ જણાવી છે. સાત પ્રકારની ભૂમિકા દર્શાવીને અંશની સ્થિતિ કેવી હોય તે બતાવ્યું છે.

પુસ્તકના અંતમાં **લઘુ પંચીકરણ** અને **ચતુરદેહ પંચતત્ત્વ વિભાગનું**

**પંચીકરણ** દર્શાવીને પરમ પૂજ્ય શ્રી નારણદાસ મહારાજ દ્વારા રચિત **સ્તુતિ** પણ સામેલ કરવામાં આવી છે.

ગ્રંથના ઉંડા અભ્યાસીને કોઈ ભાષાદોષ જણાય તો જરૂર અમોને લેખિતમાં bshah6900@gmail.com ઉપર જણાવવા વિનંતી છે. જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો કરી શકાય.

**વિશ્વસર્વજનમંગલ ચેરીટી ટ્રસ્ટ વતી**

**અષાઢ સુદ ગુરુપૂર્ણિમા** — **બીપીન આર. શાહના**

**સંવત ૨૦૭૬, સોમવાર** — **સત્ કૈવલ સાહેબ**

**૫ જુલાઈ, ૨૦૨૦** — **સત્ કૈવલ પરમાત્મ**

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૮ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને અંશ-અંશીનો લક્ષ દર્શાવતા સકર્તા સિદ્ધાંતની સમજ વિવિધ ધર્મગ્રંથો દ્વારા જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવની  સાથે સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્ય આધ્યાત્મિક જીવન જીવવા આતુર બને છે અને જગતના વિભિન્ન ધર્મ અને સંપ્રદાયના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશા પામે છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

અમારા ટ્રસ્ટની વિવિધ પરોપકારી પ્રવૃત્તિ પૈકી વિશ્વના માનવોને કલ્યાણ અર્થે સગુણ-નિર્ગુણથી તીત તેવા સકર્તાસિદ્ધાંતને દર્શાવતા શ્રેષ્ઠ કૈવલજ્ઞાનને પ્રકાશિત કરવાનું અમોને જરૂરી લાગ્યું છે. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપત્તિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા સર્જનહારે દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવોના કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રકાશિત કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ આ પુસ્તક સારા કાગળ, શ્રેષ્ઠ છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ટાઇટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે,

પરંતુ **ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાદારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નથી, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.**

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિની મહેચ્છા વિકાસક્રમના વિવિધ સોપાનો સર કરવાની હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેક વ્યક્તિની વિચારસરણી જુદી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને આત્મકલ્યાણના સાચા લક્ષથી માહિતગાર કરવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી વિનમ્ર પ્રાર્થના છે.

હસ્ત લિખિત પ્રત સાથે મેળવીને શબ્દોને આગળ-પાછળ ગોઠવીને સરળ અને સમજાય તેવી વાક્ય રચના કરવા માટે ખૂબજ પ્રયત્ન કર્યો છે, તેમ છતાં કોઈ ક્ષતિ રહેવા પામી હોય તો અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ વતી**
**બીપીન આર શાહના**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મ

# સક્રત પરમ પ્રકાશ મણિ ભાષ્ય


**અંગ ૧: પરમવિશેષ પરમગુરુના કરુણાસાગર નામ નિર્ણયકો....................૩**
શ્રીમત્ કરુણાસાગર નામ કેમ પડ્યું? ........................... ૨
**અંગ ૨: નિજકર્તા નામ વિશેષણ નિર્ણયકો .........................................૭**
કર્તાના નામનો નિર્ણય........................................... ૭
અંશની મતલબથી જ ઈન્દ્રિયો કર્મ કરે છે. ........................... ૮
કર્તા દરેક અંશોના કર્મોને કેવી રીતે જાણે છે? ..................... ૯
કર્તા અરુપ કે સ્વરૂપ છે?.....................................૧૨
મહાકલ્પની ગણતરી ..........................................૧૪
સુખદુ:ખ કયાં સુધી ભોગવવું પડે છે? ..........................૧૫
પંચ દેહો નાશ નહીં થવાનું કારણ ..............................૧૬
ભજન સ્મરણ અને ઉપાસના ..................................૨૨
જડ પદાર્થો કરવાનું કારણ....................................૨૩
બે હંગની વિગત ............................................૨૪
અલ્પજ્ઞ હંગ કયાં સુધી જાણવું? .............................૨૫
કર્તાના પંચ વિશેષણ ........................................૨૮
**અંગ ૩: સક્રર્તા ધામ વર્ણન દર્શાવનકો.............................................૩૦**
કર્તાનું સ્થાન ..............................................૩૦
**અંગ ૪: સંસ્કૃત, પ્રાકૃત વાણીનો સિદ્ધાંત દર્શાવનકો.............................૩૪**
સંસ્કૃત અને પ્રાકૃત વિવાદ....................................૩૪
**અંગ ૫: પરચા પ્રકરણ ચર્તુવિધ જીવ નિરૂપણ કો અંગ............................૪૧**
ચાર પ્રકારના જીવ ..........................................૪૧
**અંગ ૬: રાજનીતિ દેખાવ-પરમગુરુ પ્રતિપાદન કો ..............................૪૫**

# અંગ ૧
# પરમવિશેષ પરમગુરુના કરુણાસાગર નામ નિર્ણયકો

## શ્રીમત્ કરુણાસાગર નામ કેમ પડ્યું?

ૐ શ્રીમત્ કરુણાસાગર નામ તે અનંત બ્રહ્માંડમાં કોઈનું પણ ન હોય અને પોતાના નામનો અર્થ કરુણાસાગર સહ વર્તમાન પ્રામાણિક હોય તો જ તેમનું બોલવું પણ પ્રામાણિક જ હોય. હવે તેનો અર્થ કહીએ છીએ. પ્રથમ કરુણાસાગર કહેતા તે **જેમાં અકરુણા ન મળે તે કરુણા અને સાગર તે ઘણીક કરુણાઓનો સમૂહ તેને સાગર કહેવાય.** જેમ સમુદ્રમાં ઘણી નદીઓનો સમાવેશ થાય છે, તે માટે સમુદ્ર કહેવાય છે. તેમ, સાગર પણ ઘણી કરુણાઓ એકઠી થાય ત્યારે તેને સાગર કહેવાય. હવે તે ઘણીક કરુણા કોની કોની મળીને સાગર થયો તે વિષે વિચારીએ. જ્યારે સમુદ્રમંથન કરતાં વિષ નીકળ્યું ત્યારે સૃષ્ટિ પ્રલયમાં જતી હતી. ત્યારે શિવજીએ સર્વ જીવો ઉપર કરુણા કરીને તે વિષને પી ગયા. માટે શિવજી પણ કરુણામય છે. વિષ્ણુ પણ સર્વ જીવોનાં પાલન પોષણ કરવાના હુકમમાં છે તેથી તે પણ કરુણામય જાણવા. બ્રહ્મા પણ સકલ જીવોની તન વૃદ્ધિ કરવાના હુકમમાં છે તેથી તેઓ પણ કરુણામય જાણવા. શક્તિ પણ સર્વ જીવોને વિષે હેતુ વધારવાના હુકમમાં રહી છે, તે માટે તે પણ કરુણામય છે; અને ચોવીસ અવતાર ધારણ કરીને દુષ્ટને સંહારીને બીજા સર્વ જીવો ઉપર કરુણા કરી અને દુષ્ટનું પણ દુષ્ટપણું સંહારી તેઓને પણ નિર્મળ કર્યા તે માટે આ સર્વ અવતાર પણ કરુણામય

જ જાણવા. અને રામાનુજ, નિમાનુજ, માધવાચાર્ય અને વિષ્ણુશ્યામની આદ્ય લઈને આચાર્યોએ પણ અનેક જીવોને ચોરાસીના ખાતામાંથી છોડાવીને હરિ ભણી વાળ્યા, તે માટે તેઓ પણ કરુણામય જાણવા. અવનિ, અપ, તેજ, વાયુ અને આકાશ પણ સર્વને સુખ દેનારા છે. અવનિ સર્વને ધારણ કરી રહી છે; અને સર્વ માટે ઔષધિ ઉપજાવે છે અને અપ (પાણી) સર્વને શાંતિ કરે છે, અગ્નિ પ્રકાશ કરીને સર્વને પક્વ (પેદાસ, પરીપક્વ) કરે છે. વાયુ સ્પર્શ કરીને સર્વની અકળામણ મટાડે છે; અને આકાશ સર્વને હરવા ફરવા માટે અવકાશ આપી રહ્યું છે. તે માટે આ પંચ મહાભૂત તે પણ કરુણામય છે અને સૂર્ય-ચંદ્ર સર્વને પ્રકાશ આપી અંધકાર મટાડે છે તેથી તે પણ કરુણામય જ છે.

આ સર્વની આદ્યે નિજકર્તાએ સર્વ અંશોને ઉપન્ન કરીને તેમને સુખી કરવા દેવોને કામગીરી સોંપી અને તેમના હુકમ પ્રમાણે સર્વ દેવો વર્તમાન કરવા લાગ્યા. જેથી સર્વ કરુણાના અધિપતિ તે મહાદ્ કરુણામયે તે નિજ કૈવલકર્તા જાણવા. અને બીજા અન્ય દેવ કરુણામય કહ્યા તેતો કર્તાના હૂકમ થકી કરુણામય જાણવા. હવે તે **દેવની કરુણા ક્યાં સુધી પહોંચે અને તે કરુણાયે કોણ કોણ સુખ પામે?** તે કહીએ છીએ. પંચ મહાભૂતની કરુણા તે પંચતત્ત્વના દેહ સુધી પહોંચે. જેથી પંચભૂતનો દેહ જ સુખ પામે. બીજા અન્ય દેવની કરુણા તે ઈન્દ્રિયો, અંતઃકરણ પ્રાણ અને સૂક્ષ્મ દેહ સુધી પહોંચે ને તેથી તે સુખી રહે. ત્રણ ગુણની કરુણાએ પિંડના ત્રણ ગુણ જ સુખી રહે. અને શક્તિની કરુણા તે શરીરની શક્તિ સુધી જ પહોંચે અને અવતારાદિક આચાર્યોની કરુણા તે જીવનાં જપ, તપ, સાધન સુધર્મ ચલાવવા સુધી જ પહોંચે. એ પ્રમાણે એ સર્વની કરુણા તે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, ઈન્દ્રિયો, અંતઃકરણ, જપ, તપ, સાધન અને શુભ કર્મ કરાવ્યા સુધી જ પહોંચે; પણ નિજકર્તાનો અંશ જે કર્તાથી વિખૂટો પડ્યો છે તેને દશ્યમાન કરાવીને કર્તાને મેળવે તે કરુણા તો કોઈ પરમ પુરુષ જ કરી શકે તે માટે આ દેવ એ 'કરુણામય' ખરા, પરંતુ 'સાગર' નહીં.

નિજકર્તા તે મહાદ્ કરુણા સંકલ્પી કહેવાય, પરંતુ સાગર નહીં. શા માટે? જે સાગર નામ તો નદીઓના સમૂહને સમાવીને પુષ્ટિ પામ્યો છે, તેથી તેને સાગર કહેવાય. વળી, કોઈ કહે કે નદી તો સમુદ્ર થકી છે. તો પછી તે હવે નદીઓથી સમુદ્ર પુષ્ટિ પામે તેમ કેમ કહો છો? તે કહીએ છીએ. સમુદ્ર તો પરિવ્રત રાજાના

બનાવેલા પાણી સિવાયના હતા, પરંતુ આકાશમાંથી મહા અગ્નિની વર્ષા અવનિ ઉપર થવાથી અવનિને તૃપ્ત પમાડ્યા બાદ વધારાનું પાણી અનેક નદીઓના સમૂહથી સાત સાગરમાં ભરાયું. ઘણા સમય બાદ સાગરો છલકાયા જેથી પૃથ્વી ડૂબવા લાગી એટલે ઈશ્વરે વડવાનલ અગ્નિ સમુદ્રમાં મૂક્યો. જેથી નવા આવતા જળનું શોષણ કરીને સાગરને સમધારણ રાખે છે. ત્યારે અવનિ રેલાતી રહી છે. તેથી સાગર પણ વર્ષાથી જ ભરાઈ રહ્યા છે. આમ નદીઓના સમૂહથી જળને ગ્રહણ કરીને પુષ્ટિ પામ્યા હોવાથી તે સાગર કહેવાય છે. પણ નિજકર્તા તે કેટલાં (ક્યાં) ઈશ્વરોના સમૂહથી બન્યા છે કે તેને સાગર કહેવાય? અને કોની કરુણાઓ મળીને નિજકર્તા થયા છે કે તે તેને સાગર કહેવાય? તે માટે **નિજકર્તાને સાગરની ઉપમા ઘટે નહિં.** અને જેટલા ઐશ્વર્યવાન દેવો છે તેમને પણ સાગરની ઉપમા ઘટે નહિં. તે શા માટે? જે સર્વે દેવની કરુણા એક એક દેશી અને એક એક અંગને લાગે છે તેથી તે સર્વે દેવ કરુણામય ખરા પણ સાગર નહીં.

હવે નિજકર્તા અને દેવને સાગરની ઉપમા ન ઘટે તો **કરુણાસાગર ઉપમા કોને ઘટે?** તે કહીએ છીએ તે સાંભળો. સર્વ દેવની કરુણાએ કરી સર્વ દેહનાં તત્ત્વ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ગુણ, પ્રાણ અને સ્થૂળ દેહની આદ્ય લઈ પરમ કારણ દેહ સુધીના પાંચેય દેહો નિજકર્તાના હુકમી સર્વ દેવોની કરુણાથી તુષ્ટિ-પુષ્ટિ પામે છે. **તે પુષ્ટિથી સર્વ દેહના તંતુની ચાસમી કર્તાના અંશને પહોંચે છે. તે કેવી રીતે પહોંચે છે?** પંચભૂતની ચાસમી ઈન્દ્રિયોને, ઈન્દ્રિયોની ચાસમી મનને, મનની ચાસમી ગુણને પહોંચે છે. ગુણની ચાસમી પ્રકૃતિને, પ્રકૃતિની ચાસમી પુરુષને અને પુરુષની ચાસમી આત્માને અને આત્માની ચાસમી પરમાત્માને અને પરમાત્માની ચાસમી નિજ કર્તાના અંશને પહોંચે છે. તે નિજ કર્તાના અંશ કર્તા થકી ત્રણ પ્રકારે ઉત્પન્ન થયા છે.

એક સામાન્ય, બીજા વિશેષ અને ત્રીજા પરમવિશેષ. **એમ ત્રણ પ્રકારના અંશો છે.** જેમાં સામાન્ય અંશ પોતે પોતાને જાણતા નથી. અને તેમાં ઐશ્વર્ય પરાક્રમ પણ નથી. વિશેષ અંશ તે સર્વ સૃષ્ટિના તત્ત્વના કરુણામય જે દેવ છે જે આગળ કહ્યા છે તે વિશેષ અંશ જાણવા. તેમને આપણા આપ નિજસ્વરૂપની જાણ્ય સ્વે પોતે પોતાનાથી નથી. પણ નિજકર્તાના પરમવિશેષ અંશ જે પરમગુરુ આપે તો પોતાના સ્વરૂપે થતાં વાર ન લાગે. તે કેમ કરી જાણી શકાય? જેવી રીતે

બ્રહ્માને આદિ નારાયણે ઉપદેશ કર્યો, પરંતુ તે વિશેષ અંશ હોવાથી સમજતાં વાર લાગી નહીં. તેથી આદિ નારાયણ નિજકર્તાના પરમવિશેષ અંશ જાણવા. પરમવિશેષ અંશ તે પરમગુરુના ઉપદેશથી વિશેષ અંશને સ્વ સ્વરૂપે થતાં વાર ન લાગી. પરંતુ સામાન્ય અંશને સ્વ સ્વરૂપે થતાં ઘણીવાર લાગે છે. એ પ્રકારે સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશ વિષે જાણવું. સામાન્ય અંશને ઐશ્વર્યપણું હોતું નથી, પરંતુ વિશેષ અંશને તો વિશ્વનું નિયંતાપણું રાખ્યાનું ઐશ્વર્ય ખરું. તે ઐશ્વર્યને કારણે સર્વ તનુના તત્ત્વ ઉપર કરુણા કરીને આનંદમય રાખે છે. અને આ આનંદ પામેલા તત્ત્વની ચાસમી કર્તાના ત્રણેય પ્રકારના અંશને પહોંચે છે. સામાન્ય અને વિશેષ અંશને પોતાના સ્વરૂપની સ્મૃતિ નથી. તે માટે તેઓને ચાસમી અંગે પણ જાણ નથી. જ્યારે પરમવિશેષ અંશ જે દિવ્ય પરમગુરુ તે પોતાના સ્વ સ્વરૂપે જ છે, તે માટે સર્વ તત્ત્વોની અને સર્વ દેવની ચાસમી હિરણ્યગર્ભ થઈને પરમવિશેષ અંશ પોતે જાણીને લે છે. તે પરમવિશેષ પરમગુરુ સદાય પરમવિશેષ અંશ રૂપે અખંડ સ્વરૂપે રહે છે. તેને કારણે અનેક દેવની કરુણાઓની અને તત્ત્વોની ચાસમી પોતાનામાં લીન પામ્યાની સ્મૃતિ છે. જે હંગે હું નિજકર્તાનો પરમવિશેષ અંશ છું, તે મારે વિષે સર્વ દેવની કરુણાઓની અને સર્વ તત્ત્વોની ચાસમીના સમુહને જાણીને ગ્રહણ કરનાર હું જ છું. તે માટે નિજકર્તાના પરમવિશેષ અંશને સાગર સંજ્ઞા સંભવે છે.

તે પરમવિશેષ અંશ સ્વ સ્વરૂપને દર્શાવીને નિજકર્તાની સન્મુખ કરે છે. આ પ્રમાણે અસંખ્ય કાળથી જે નિજકર્તાથી ઉપજ્યા હતા તે કર્તાનો વિયોગ ટાળવા આ અંશોને પદાર્થથી છોડાવી તેમના ઉપર કરુણા કરીને કર્તાનો મેળાવ કરાવી આપે તેજ પરમવિશેષ અને પરમ કરુણાવંત કહેવાય. તે શા માટે ? સર્વ દેવોની કરુણાઓ તો પદાર્થ સુધી પહોંચે પણ અંશને પહોંચી શકે નહીં, પરંતુ પરમવિશેષ અંશ પરમગુરુની કરુણા તો અંશને પહોંચે છે. જેથી અંશ સ્વ સ્વરૂપે થઈ તે કર્તા સુધી પહોંચે છે. માટે તે પરમગુરુ તે પરમ કરુણામય જાણવા. હવે જે પ્રકારે સાગરપણું પરમગુરુને સંભવ્યું તે પ્રકારે પરમ કરુણાપણું તે પણ પરમગુરુને જ લાગે છે તે માટે પરમ **કરુણા** અને **સાગર** બંને મળીને **કરુણાસાગર** નામ પરમગુરુનું જ છે.

# અંગ ૨
# નિજકર્તા નામ વિશેષણ નિર્ણયકો

## કર્તાના નામનો નિર્ણય

નિજકર્તાનું નામ આદ્ય, સકત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ છે.

**આદ્ય** એટલે સૌ પ્રથમ આદિમાં પોતે એકલા હતા.

**સક્રત** એટલે તેમણે પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા સર્વ અંશોને ઉત્પન્ન કર્યા. જેમાં કીટ, પતંગ, સ્થાવર, જંગમ, દેવ, દાનવ, માનવ, યક્ષ, કિન્દ્ર, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, પુરુષ અને પ્રકૃતિ આદિ સર્વ અંશોને ઉત્પન્ન કરનારા તે પોતે જ છે, બીજા કોઈ કર્તા નથી, માટે સકર્તા કહેવાય.

**સ્વરાજ** એટલે અનંત બ્રહ્માંડના ઈશના ઈશ પોતે જ છે, અને સર્વ પોતાના હુકમથી જ વર્તે છે, અને સર્વ કોઈ પોતાના કર્યા થકી પદાર્થમાં જ વર્તે છે, પરંતુ બીજા કોઈથી નવો પદાર્થ ન બને. માટે બધા પોતાના હુકમમાં જ વર્તે છે. જે પોતાના ક્રતમાં બીજા કોઈનો અમલ નથી. માટે નામ, રૂપ, ગુણની આદ્ય લઈ અનંત બ્રહ્માંડને વિષે પોતાનું જ રાજ છે. કોઈને આપ્યું થકું નથી. પોતે સ્વ થકી સ્વરાજ છે તે માટે સ્વરાજ કહીએ છીએ.

હવે **કરુણેશ** એટલે પોતાના સક્રત સંકલ્પના જીવ ઉત્પન્ન કરેલા જે અંશ તેના ઉપર કરુણા કરીને સર્વ અંશોને દેહરૂપ મહેલ રચીને વસાવ્યા, તે મહેલમાં દસ ઈન્દ્રિય અને ચાર અંતઃકરણ એમ કુલ ચૌદ રત્ન મૂક્યાં. વળી, આ ઉપરાંત ખટ અવિગત ચંતક પારસ સહ વર્તમાન પ્રકૃતિ રૂપી ભૂમિકાને આધારે પંચ ભૂતના રચેલા મહેલમાં અષ્ટ દ્વાદશ સમૃદ્ધિ ભરીને પોતાના અંશોને વસવા માટે આપ્યા છે.

હવે **ખટ અવિગત ચંતક પારસ** એટલે ત્રણ ગુણ - રજોગુણ, તમોગુણ અને સતોગુણ, અને ત્રણ ઘણ - અહંકાર ઘણ, અચંત ઘણ અને સ્વકાશ ઘણ. હવે આની કિંમત કહીએ છીએ — કોઈ સજાતિ ચૈતન પદાર્થ સાથે હેત-પ્રેમથી વાત કરવી હોય તો ચૌદ ઈન્દ્રિયોને રજોગુણ અવિગત ચંતક પારસનો સ્પર્શ કરે તો સર્વે ઈન્દ્રિય રજોગુણ રૂપ હેતુ થઈ જાય. તેને કરીને વાર્તાલાપ થાય છે. જ્યાં સુધી હેતનો વેગ પહોંચે ત્યાં સુધી પારસનો સ્પર્શ રહે અને આ પારસ સ્પર્શ ઉતરી જાય તો ઈન્દ્રિયો ઇન્દ્રિયોના પદાર્થરૂપે રહે. હવે ચૈતન પદાર્થની સાથે લડાઈ, યુદ્ધ કે વિરોધ કરવો હોય તો ચૌદેય ઈન્દ્રિયોને તમોગણ અવિગત ચંતક પારસનો સ્પર્શ કરે તો સર્વે ઈન્દ્રિયો તમોગુણ રૂપ થઈ જાય ત્યારે તે ચૌદેય ઇન્દ્રિયો લડી શકે છે. તે લડવાનો વેગ પહોંચતા સુધી અવિગત ચંતક પારસનો સ્પર્શે રહે છે. અને પાછો ઉતરી જાય તો ઈન્દ્રિયો ઈન્દ્રિયોને રૂપે રહે.

હવે શાંતિ સ્વભાવના પુરુષની સાથે સત્સંગ અથવા નમ્રતાપૂર્વક સ્તુતિની કરવી હોય તો સતોગુણ અવિગત ચંતક પારસને ચૌદેય ઈન્દ્રિયો સાથે સ્પર્શ કરવાથી ચૌદ ઈન્દ્રિયો શાંતવત્ બને ત્યારે સત્સંગ અને સ્તુતિની વાતો થાય છે.

હવે ત્રણે અવિગત ચંતક પારસ તે સજાતિ ચૈતન પદાર્થની સાથે કામ પડે ત્યારે ચૌદેય ઇન્દ્રિયોનો સ્પર્શ કરવો અને હવે જીવે વિજાતિ જડ પદાર્થોની સાથે ચૌદ ઈન્દ્રિયોને કામ પડે તો ત્રણ ઘણ અવિગત ચંતક પારસનો સ્પર્શ કરવો. તે સ્પર્શ કેવી રીતે થાય? કોઈ મશાગત, મજુરી કે ખાનપાનની આદ્ય લઈને રસ્તે ચાલવું હોય તો ચૌદ ઈન્દ્રિયો અહંકાર ઘણ અવિગત ચંતક પારસનો સ્પર્શ કરે તો સર્વ ઈન્દ્રિયોને અક્કડપણું આવે, તેનાથી ખાનપાન ધંધો અને પંથ ચલાવાય છે. જ્યાં સુધી ધંધા, પંથનો વેગ પહોંચે ત્યાં સુધી અહંકાર ઘણ પારસનો પટ ઇન્દ્રિયોને રહે છે અને વેગ સમાતાં પટ ઉતરી જાય ત્યારે ઇન્દ્રિયો પોતાના સ્વરૂપેજ રહે છે.

કોઈ સમયે ધંધાદારી વિના ઈન્દ્રિયો સજાતિ મળીને એકાંતરૂપ જડની સાથે સ્વકાશ રહેવું હોય તો સ્વકાસ ઘણ પારસનો સ્પર્શ કરે તો રહેવાય, અને જ્યાં સુધી ઈન્દ્રિયોના સ્વકાશનો વેગ પહોંચે ત્યાં સુધી સ્વકાશ ઘણ પારસનો પટ રહે અને વેગ મટ્યા પછી અવિગત ચિંતક પારસનો પટ ઉતરી જાય ત્યારે ઇન્દ્રિયો પોતાના જ સ્વરૂપે રહે.

હવે ઈન્દ્રિયોને શાંતિ સંકોચ થઈને જડ નિંદ્રા સાથે ભડવું હોયતો અચંત

ઘણ્ પારસને સ્પર્શ કરે તો ઈન્દ્રિયો અચંતરૂપવત્ થઈને નિંદ્રા સાથે ભડી શકે છે. આ જડ નિંદ્રાનો વેગ પહોંચતા સુંધી તે પારસનો સ્પર્શ રહે અને નિંદ્રાના વેગની અવધિ આવે ત્યારે અચંતઘણ પારસનો પટ ઉતરી જાય અને ઈન્દ્રિયો ઈન્દ્રિયોનેજ સ્વરૂપે રહે.

**ખટ પારસ તે અવિગત કેવી રીતે કહીએ?** અવિગત કહેતાં તે નિષ્કામ પદાર્થ છે; અને ચંતક તે જે ચિંતવન કરતાં ઈન્દ્રિયોના સ્વભાવ પલટાઈ જાય અને પથ્થરનો પારસ તો પદાર્થોને અંગોઅંગ સ્પર્શ કરાવે ત્યારે ધાતુ પલટાય છે અને બેઠેલો પટ પાછો ઉતરે નહીં. તે માટે તે ગત પારસ કહેવાય અને અવિગત તે જે ગત્યને પામેલા પદાર્થને પાછા અવિગત કરી નાંખે. હવે એ પ્રકારે ચૌદ ઈન્દ્રિયો કોઈ કાર્ય તે આચરે તો ખટ અવિગત પારસની એકતાએ કરીને આચરે, પરંતુ અવિગત ચંતક પારસની (ગુણ અને ઘણની) એકતા સિવાય એકલી ઈન્દ્રિયો એક તરણું પણ હાલી શકે નહીં.

## અંશની મતલબથી જ ઈન્દ્રિયો કર્મ કરે છે.

ઈન્દ્રિયો જે જે કાર્ય કરે છે તે અંશની મતલબથી જ કરે છે, પરંતુ તેમાં અવિગત ચંતકને ઈચ્છાથી અંશ કરાવે છે. અને તે પણ અંશની ઈચ્છાથી જ થાય છે. અવિગત ચંતક પારસની એક્તા સરખાવીને અંશ, અંશની મતલબને સાધે છે. તે માટે ઈન્દ્રિયોનાં કર્મો અંશને ભુક્તમાન કરવાં પડે છે. તે કેવી રીતે જાણી શકાય? જેવી રીતે કોઈ પુરુષ શત્રુને ગોળી મારે છે પણ અગ્નિની એકતા કરીને મારે છે. તેમાં દારુ, ગોળી, બંદૂક કે અગ્નિની કોઈ મતલબ હોતી નથી અને માર્યાનું વેર મારનારને જ ભોગવવું પડે છે. તેમ ઈન્દ્રિયોનાં કર્મો અંશને જ ભુક્તમાન કરવાં પડે છે.

હવે ખટ અવિગત ચંતક પારસની એક્તા તો કર્તાના અંશની બે વૃત્તિઓથી થાય છે. **(૧) આંતરવૃત્તિ (૨) બાહ્યવૃત્તિ.** આમાં આંતરવૃત્તિ ધ્યાનથી દેખાય અને બાહ્યવૃતિ નેત્રથી દેખી શકાય. તેમાં અવિગત ચંતક પારસની એક્તા બાહ્યવૃત્તિ સાથે થાય છે. તે કેવી રીતે જાણી શકાય? રજો, સતો અને તમો ગુણ વગેરે બાહ્યવૃત્તિથી દેખીને ઊપજે છે. સર્વ ઈન્દ્રિયો અને અહંકાર ઘણ પણ ધંધો, રોજગાર, ચાલવું કે ખાનપાન તે દેખીને ઊપજે છે. અને સર્વ ઈન્દ્રિયોને

સ્વકાશપણું પણ નિવૃત્તિ દેખીને ઊપજે છે અને અચંતપણું ઊપજે છે, તે પણ ઘણું કષ્ટ કે શ્રમ પહોંચે તે દેખીને જ ઊપજે છે. આથી ખટ ગુણ-ઘણ અવિગત ચંતક પારસની એક્તા બાહ્યવૃત્તિ સાથે છે.

## કર્તા દરેક અંશોના કર્મોને કેવી રીતે જાણે છે?

બાહ્યવૃત્તિઓ તે સર્વ જીવો, બ્રહ્મા, કીટ, પુરુષ, પ્રકૃતિ વગેરેની વૃત્તિઓની એક્તા તે નિજ કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિ જે વ્યાપક વિભુ તેની સાથે છે. અને કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિની એક્તા તે કર્તાની અલૌક્કિ બાહ્યવૃત્તિના દિવ્ય ચક્ષુને વિષે છે. તેને કરીને કર્તા સર્વ અંશોનાં કર્મ - વિકર્મ તાદ્રશ્ય જુએ છે. તે માટે કર્તાને અનંત બ્રહ્માંડના અંશોની ક્રિયાઓ અજાણી નથી. જો અજાણી હોય તો અનંત બ્રહ્માંડના અંશોને ભરણ-પોષણ અને કર્મ-વિકર્મનાં ફળ કેમ આપી શકે? અને જાણે નહીં તો ઉપજાવવાની શી મતલબ છે? જેમ કુલાલ (કુંભાર) ભંડ (પાત્ર) ને ઘડે છે. તેના નામ, રૂપ, ગુણ અને મૂલને જાણે નહીં તો તે ઘાટ શા માટે ઘડે? વળી સર્વ જીવ રોજગાર ઉદ્યમ કરે છે તેને જાણે નહી તો શું કરવા કરે? અને કર્યાનો શું આનંદ ? તે વ્રથા શ્રમ કરે ?

એ પ્રકારે કર્તા કીટ-મહુરનો પગ ચળવળે તો જાણે. તે માટે જે કીટ-મહુરનો પગ તે ખટ અવિગત પારસની એકતા વિના તો ચાલે નહીં. અને એકતાએ ચાલે તો તેનો એકતાર કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિ સાથે છે અને પ્રકાશ બ્રહ્મવૃત્તિની એકતા કર્તાના બાહ્ય દિવ્ય ચક્ષુને વિષે છે. તે માટે કર્તા સર્વ દેખે છે. વળી બીજુ એક દૃષ્ટાંત જોઈએ. કોઈ ભરવાડ ગાય, મહીષિ, બકરી વગેરેને રાખે છે; રાજા લશ્કર રાખે છે, ખેડૂત કરસણ કરે છે અને શાહુકાર લોક વેપાર કરે છે તે સર્વે પોતાની દૃષ્ટિ પહોંચી શકે અને સંભાળ રાખી શકાય તેટલો જ સંગ્રહ કરે છે પણ વધારે સંગ્રહ કરતા નથી. તેવી જ રીતે કૈવલકર્તાએ પણ પાલન, પોષણ, ઉત્પત્તિ અને પ્રલય કરી શકે એટલા જ જીવ અનંત બ્રહ્માંડમાં ઉપજાવ્યા છે. જે પોતાના જ કરેલા હોવાથી કર્તા રજ-તજ અને અણુની આદ્ય લઈને સર્વને દેખે છે.

હવે એ પ્રકારે દેખનારા કર્તા તે કેવા હશે? તે કર્તા સર્વ શરીરે દ્રીગ રૂપ જ છે. જેમ કોઈ મહા પ્રકાશિત મણિ હોય તેની એકેય દિશામાં પૂંઠ ન હોય જેથી તે સઘળે પ્રકાશ કરે છે. તેમ કર્તાનું સ્વરૂપ પણ દ્રીગ રૂપ જ છે. તે આગળ-પાછળ,

ડાબે-જમણે, ઊંચે-નીચે સઘળે જુએ છે. તે કર્તાની બાહ્ય અલૌક્કિ વૃત્તિના ચક્ષુએ દેખે છે. જે લૌકિક ચક્ષુએ તો એક દેશી દેખાય અને અલૌકિક ચક્ષુએ તો સઘળું દેખાય. તે માટે કર્તાનાં બાહ્ય અલૌકિક ચક્ષુ કહેવાય છે. હવે તે બાહ્ય અલૌકિક ચક્ષુ સર્વ અંશોનાં ઉત્તમ મધ્યમ કર્મ જોવા માટેનાં છે. અને કર્તાની અલૌકિક આંતરવૃત્તિના સંકલ્પથી તો સર્વ અંશોને ઉત્પન્ન કર્યા છે. તે અંશોને અને કર્તાને એકત્વપણું નથી અને અંશના ઉત્તમ-મધ્યમ કર્મ જોવાને કર્તાની અલૌકિક બાહ્ય દૃષ્ટિની એકતા છે. અંશોને કર્તાના શરીર સાથે એક્તા નથી. તે કેમ જાણી શકાય? આના માટે એક ઉદાહરણ જોઈએ.

કોઈ પુરુષ બુદ્ધિવંત હોય છે અને પુત્ર કુબુદ્ધિવાળો નિપજે છે. પુત્ર તે પિતાની આંતર વૃત્તિના સંકલ્પનો અંશ છે પણ તે પુત્રને અને પિતાને એક્તા નથી અને પુત્રનાં કર્મ જોવાની પિતાની બાહ્યદ્રષ્ટિની એક્તા છે, તે એકતાયે કરીને પિતા પુત્રને શિક્ષા દે છે. પણ પિતા પુત્રની એક્તા શરીરની નથી. તો કેમ જાણી શકાય? જો એકતા હોય તો પિતાને નથી ગમતું તેવું પુત્ર કેમ કરી શકે? માટે એકતા નથી. અને હવે પિતાની એકતાનું કહીએ છીએ. પિતાની એકતાતે પિતાના હાથપગની આદ્ય લઈ સર્વે ઇન્દ્રિયોને વિષે છે. તે માટે જ પિતાને જે નથી ગમતું તેવું હાથ-પગની ઇન્દ્રિયો પણ કરતી નથી. કારણકે તે તો પિતાની એકતાએ કરતી નથી. અને પુત્ર તો પિતાને નથી ગમતું તે પણ કરે છે. કારણ કે પિતાને પુત્રની સાથે એકતા નથી, માટે કરે છે. વળી બીજુ દ્રષ્ટાંત જોઈએ તો

સૂર્ય ક્રાંતિએ અગ્નિ ઉત્પન્ન થાય છે. તે સૂર્યની અંતર દ્રષ્ટિ થકી થાય છે. તે કેમ જાણી શકાય? જે સૂર્યની આંતરદૃષ્ટિ તે ચશ્માને વિશે મસુરની દાળ જેટલું નાનું પ્રતિબિંબ પડે ત્યારે અગ્નિ ઉત્પન્ન થાય છે. તે સૂર્યની આંતરદૃષ્ટિ જાણવી. તે માટે અગ્નિ સૂર્યની આંતરદૃષ્ટિનો અંશ છે. પણ તે અગ્નિને અને સૂર્યને એકતા નથી. સૂર્યની બાહ્યદ્રષ્ટિ જે સૂર્યનો વ્યાપક પ્રકાશ છે, તે પ્રકાશની એક્તા તે અગ્નિ સાથે છે. પણ સૂર્યના તનની અને અગ્નિના તનની એક્તા નથી. સૂર્યબિંબ અખંડ રહેતાં અગ્નિનું તન અખંડ રહેતું નથી તે માટે એક્તા નથી. અને સૂર્યની એકતા સૂર્યના કિરણ સાથે છે. તે સૂર્ય છતે અગ્નિને પેઠે કેમ બુઝાઈ જતો નથી? તે સૂર્યની એકતા છે તેથી તે પ્રકાશ બુઝાઈ જતો નથી. તેવી જ રીતે કર્તાને અને અંશને એકતા નથી. અને જો એક્તા હોય તો કર્તાને સર્વજ્ઞપણું છે એવું અંશને

પણ હોવું જોઈએ? અને જો એક્તાપણું હોય તો આપણને અજ્ઞાન તે કર્તાને જ જાણવું. અને વળી, જો એક્તા હોય તો જીવનાં કર્મ જીવને ભોગવવાં ન પડે, અને કહેશો કે કોણ ભોગવે છે? એવું કહેતાં તો જપ, તપ, સાધન, યોગ ક્રિયાઓ ને ખટદર્શન, ગુરુ શિષ્યની આદ્ય લઈને વેદ પુરાણ સર્વ જુઠ્ઠાં પડી જાય. અને તે જુદા પડે તો પણ તે કર્તાને ને ત્યાં અન્યાય કહેવાય. માટે કર્તાને અન્યાયી કહેવું તે કરતાં એક્તાનું કહેવું મિથ્યા કરીએ તે સારૂ. જેથી જપ, તપ, સાધન, યોગ, ધ્યાન ને ખટ દર્શન ગુરુશિષ્યની ઉપાસના સર્વે સાચી રહે અને કર્તા પણ ન્યાયવંત ઠરે. માટે જીવ અને કર્તાને ન્યાયવંત રાખતાં તો જીવ અને કર્તાને એક્તા નથી. વળી જો એક્તા હોય તો જીવ અનેક પ્રકારના કુકર્મ કરે છે તે કર્તાને તો એવો ભાવ નથી અને કર્તાને એવો ભાવ હોય તો જીવ કુકર્મી ન રહે અને જીવ કુકર્મી ન હોયતો કર્મનો ભૂક્તા પણ ન હોય અને જીવ જે કર્મ કરે છે તે કર્મ પોતે ભોગવે છે, તે દેખી શકાય છે. એ પ્રકારે કર્તાની સાથે જીવને એક્તા નથી.

## કર્તા અરુપ કે સ્વરૂપ છે?

હવે એવા અનંત બ્રહ્માંડનાં કર્તા કે જે સ્થાવર અને જંગમ જીવના કર્તા છે તે અરૂપ હશે કે સ્વરૂપ હશે? તે કર્તા રૂપ અરૂપ વિનાના છે. તે જાણવા માટે એક દ્દષ્ટાંત લઈએ, આપણે જયારે સ્વપ્ન અવસ્થામાં હોઈએ છીએ ત્યારે તીર્થ, વ્રત કે દેશ પરદેશ જઈએ છીએ, ત્યારે સર્વ ઈન્દ્રિયો સહિત મૂર્તિમાન દેખાય છે પણ જો દેખાયા પ્રમાણે પદાર્થ રૂપે મૂર્તિમાન હોઈએ તો બારણું બંધ કરીને સુતા હતા તે જો રૂપ હોય તો ઘરમાંથી કેમ નીકળાય? અને જો કોઈ વાઘ ચોર વાટપાડુઓની આદ્ય લઈ ઘાવ કરે છે તો રૂપ હોય તો તે ઘાવ લાગે નહીં? માટે રૂપ પણ ન કહેવાય અને અરૂપ કહીયે તો પ્રત્યક્ષ મૂર્તિમાન દેખાઈએ છીએ, એ પ્રકારે કર્તા પણ અરૂપ સ્વરૂપ વિનાના મૂર્તિમાન છે.

તો આવા કર્તા અરૂપ સ્વરૂપથી રહિત તે જગતનો ઉદય કેવી રીતે કરી શકતા હશે? અને પંચભુત, ગુણ, ઈન્દ્રિયો, અંતઃકરણ રૂપવાળાં ક્યાંથી લાવીને કેમ રચતા હશે? તો જેવી રીતે આપણું સ્વપ્નાનું સ્વરૂપ જ રૂપ-અરૂપ રહિત હતું તે પોતાના સંકલ્પે કરીને અનેક લહાવ લશ્કર, હસ્તી, ઘોડા વગેરે ઉપજાવે છે. સ્વરૂપ અરૂપ વિના  જ ઉપજાવે છે કે નહીં? તેવી રીતે કર્તા અરૂપ સ્વરૂપ વિના

સર્વને ઉપજાવે છે; અને તે કર્તાના ઉપજાવેલા ઘાટ નાશ પામતાં અંશ એકલો જ ઉગરે છે. તેમ આપણા સ્વપ્નના સંકલ્પના ઘાટ જાગ્રત થતાં ક્યાં વિલાઈ જઈને ક્યાં ગયા હશે? તે જોઈએ. આપણા સ્વપ્નના ઘાટ તે આપણા સંકલ્પના થયા હતા તેને વિષે આપણા અંશ તે આપણી અંશવૃત્તિના જ હતા. તે આપણી અંશવૃત્તિ અલ્પજ્ઞ જ હતી. તેના અંશ તે પણ અલ્પજ્ઞ જ હતા. અને સ્વપ્નના ઘાટના આયુષ્ય પણ અલ્પજ્ઞ જ હતા. તે જ્યારે આપણે જાગ્રતને વિષે સ્વપ્નાના ઘાટ વિલાયા ત્યારે આપણી અલ્પજ્ઞ અંશવૃત્તિના અંશ આપણે વિષે જ લીન થાય છે. તે કેવી રીતે જાણી શકાય? આપણા સ્વપ્નના વેગની અવધિ આવતાં તે ઘાટની અવધિ પણ આવે છે. તે અવધિ આવે ઘાટ લીન પામે છે, ત્યારે આપણી **અંશવૃત્તિના જે અંશ હતા તે આપણે વિષે લીન પામે છે. તે ક્યા પ્રકારે લીન પામે? અને કોની સાથે આપણા વિષે આવે છે**? તે કહીએ છીએ. સ્વપ્નના ઘાટના અંશ તે ઘાટ નાશ પામતાં અંશવૃત્તિમાં એક્તા થઈને વૃત્તિ આપણે વિષે આવે છે. તે ઘાટોના અંશોને પોતાનામાં હિરણ્યગર્ભ કરીને તે વૃત્તિ આપણે વિષે આવે છે. તે વૃત્તિમાં સર્વ ઘાટોના અંશો હિરણ્યગર્ભ થકી વૃત્તિને સંગે જાગ્રતમાં આવીને વૃત્તિમાં એકતા રાખીને રહેલા હોવાથી તે અંશો વૃત્તિની સાથે આપણે વિષે આવે છે. જે ઘાટના જે અંશ છે તે અને ઘાટની સ્મૃતિ તે વૃત્તિમાં રહી હોવાથી તે તેના (વૃત્તિનાજ) અંશ કહેવાય છે. તે માટે સ્વપ્નના ઘાટનો નાશ થતાં તેના અંશ વૃત્તિમાં સમાઈને આપણા વિષે આવ્યા છે તે જાણવા.

હવે તે સ્વપ્નના ઘાટમાં તે સમયે અંશ તે વૃત્તિ થકી ન્યારા કેમ જાણવા ? જે ઘાટ વિલાતાં પાછા વૃત્તિમાં આવ્યા તે ન્યારા હોય તો આવે? હવે તે કહીએ છીએ. જે વૃત્તિ તે શું ? અને ઘાટના અંશ તે શું? હવે જે વૃત્તિનું આપણા નિજ કર્તાના અંશમાં મળી પોતાના રચેલા ઘાટોને દેખે છે તે વૃત્તિનું રૂપ જાણવું અને અંશ તે જે વૃત્તિ થકી ભિન્ન પડીને પેલા ઘાટોને હલન ચલન કરાવે છે. એ પ્રકારે વૃત્તિ થકી વૃત્તિના અંશ ભિન્ન જાણવા. તે માટે ઘાટ વિલાતાં વૃત્તિના અંશ તે વૃત્તિમાં જ સમાય. એ જ પ્રકારે, આદ્ય, સકર્તા, સ્વરાજ, કરુણેશ, કૈવલે પણ પોતાની અંશવૃત્તિને સંકલ્પ અનંત બ્રહ્માંડની આદ્ય લઈને વિશ્વ ચરાચર ઉત્પન્ન કર્યું છે.

હવે જેવી રીતે અંશ વૃત્તિના સંકલ્પના ઘાટ વિલાતાં અંશ વૃત્તિના અંશ જે ઘાટોમાં હતા તે પાછા અંશ વૃત્તિમાં મળીને આપના આપ નિજ કર્તાના અંશમાં

મળે છે. તે પ્રકારે, આદ્ય, સકર્તા, સ્વરાજ, કરુણેશ, કૈવલની અંશવૃત્તિના અંશ સંકલ્પના ઘાટના અંશ તે પાછા નિજકર્તાને વિષે સમાય છે, તે કેવી રીતે સમાય છે? આપણા અંશવૃત્તિના સંકલ્પનો વેગ સમાતાં ઘાટ વિલાય ત્યારે ઘાટોના અંશ અંશવૃત્તિમાં મળીને આપણે વિષે આવે છે તે પ્રકારે નિજકર્તાની અંશવૃત્તિના સંકલ્પે અનંત અંશ અને અનંત ઘાટ ઉપજે છે. અને જ્યાં સુધી નિજ કર્તાના અંશવૃત્તિના સંકલ્પનો વેગ પહોંચે ત્યાં સુધી સ્થુળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહને વિષે કર્તાના અંશ કર્તાથી ભિન્ન રહે અને સર્વ અંશો પોતપોતાનાં કર્મ કરેલાં ભોગવે જાય છે. જે ઉત્તમ કર્મ કરે તે ઉત્તમ ભોગવે અને મધ્યમ કર્મ કરે તે મધ્યમ ભોગવે.

## મહાકલ્પની ગણતરી

**પ્રશ્ન :** નિજકર્તાની અંશવૃત્તિના સંકલ્પનો વેગ તે ક્યાં સુધી પહોંચે?અને અંશ પોતાનાં કર્મો કયાં સુધી ભક્તમાન કરે છે?

**ઉત્તર :** હવે સાંભળો. ઉભયે સત ને ઈઠયાસી (બસો ઈઠયાસી) યુગે એક મનુ થાય. એવા ૧૪ મનુ થાય ત્યારે વિરંચીનો એક દિવસ થાય. એવા વિરંચી સહસ્ત્ર થાય ત્યારે વિષ્ણુની એક ઘટીકા થાય, એવા સહસ્ત્ર વિષ્ણુ ચાલ્યા જાય ત્યારે શિવજીની એક રંચ થાય. એવા હજાર શિવ ચાલ્યા જાય ત્યારે ઈશ્વરની એક નિમસ થાય. એવા હજાર ઈશ્વર ચાલ્યા જાય ત્યારે શક્તિ શણગાર સજી રહે. એવી હજાર શક્તિ ચાલી જાય ત્યારે એક કલ્પ થાય. એવા હજાર કલ્પ ચાલ્યા જાય ત્યારે નિરંજનની એક નિમસ થાય. તે નિમસ પ્રમાણે નિરંજન સત વર્ષ રહીને લીન પામે ત્યારે નિજકર્તાની અંશવૃત્તિના સંકલ્પનો વેગ લીન પામે. ત્યારે સર્વ અંશોના પરમકારણ દેહ લીન પામે. ત્યાર પછી તે સર્વે અંશે કર્તાની અંશવૃત્તિમાં મળી જઈને નિજ કૈવલકર્તાને વિષે અંશવૃત્તિના સંગે લીન પામીને એક અખંડાકાર અદ્વૈત કૈવલ રૂપ જ થઈ રહે.

**પ્રશ્ન :** કોઈ જ્ઞાની પ્રતિવાદી પ્રશ્ન કરે કે પાપી કે અપાપી, ધર્મી કે અધર્મી, ભજની કે અન ભજની સર્વેનો એક સમયે કર્તાને વિષે મેલાપ થાય. ત્યારે ભજન સ્મરણ ને સુક્રિત દુક્રિતના ફળનું મહત્વ શું રહ્યું?

**ઉત્તર :** સર્વ અંશના પરમકારણ દેહનો આયુષ્યકાળ મહાકલ્પના અંત

પહોંચતા સુધી સર્વ અંશ પોતપોતાના સુક્રિત દુક્રિત (સત્કર્મ અને કુકર્મ) ભૂક્તમાન કરીને સર્વ નિર્મળ થાય છે અને નિજકર્તાની અંશવૃત્તિને ક્રિયાવૃત્તિના સંકલ્પના વેગનો અંત પણ ત્યારે આવી રહે છે.

**પ્રશ્ન :** અંશના પંચ દેહમાં કયા કયા દેહ સુધી કયાં ક્યાં સુક્રિત અને દુક્રિત થાય તે ભોગવવાં પડે છે?

**ઉત્તર :** પ્રથમ સ્થુળ દેહે કરીને તો પ્રગટ ક્રિયામણ આ સુક્રિત દુક્રિત થાય અને સૂક્ષ્મ દેહે તો મન વંછિત સુક્રિત દુક્રિત થાય અને કારણ દેહે તો અહંકારમય સુક્રિત દુક્રિત થાય અને મહાકારણ દેહે તો સુવૃત્તિ કે કુવૃત્તિએ સુક્રિત દુક્રિત થાય. એના ફળ પણ તે જ પ્રમાણે **ચારે દેહ સુધી સુક્રિત દુક્રિત થાય તે ચાર દેહ સુધી ભોગવવાં પડે.** ત્યાર પછી પરમકારણ દેહ તે સુક્રિત દુક્રિત રહિત નિરાલંબ નિર્લેપ કર્તાના અંશને લપટાયેલો હોવાથી અંશવત્ અંશના આભૂષણ (શણગાર) રૂપ રહે.

**પ્રશ્ન :** તે અંશ પરમકારણ દેહ વડે કઈ ભૂમિકાને વિષે પરમકારણ દેહ પહોંચતા સુધી કર્તાથી ભિન્ન રહે છે?

**ઉત્તર :** નિરંજન રુપ નુરની ભૂમિકા પરમ અમૃતથી ભરેલી કર્તાના **સર્વે અંશ પરમકારણ દેહ સુધી અસંખ્ય કલ્પ સુધી પરમ આનંદ સુખ લીધા કરે.** તે પરમ આનંદ તે પરમ અવિગત અમૃતનાં ભોજનની તૃપ્તિવત્ત સદાયકાળ રહેવાય. તે અસંખ્ય પરમસુખનો સ્વાદ તે પરમકારણ દેહે કરીને તે ભૂમિકામાં જઈએ ત્યારે જાણી શકીએ. તે અહીં મલિન દેહને વિષે મલિન વાણીએ શું મહિમા કહી શકાય? તે ભૂમિકાને વિષે જ્યારે અંશો જશે ત્યારે જ તેઓ જાણી શકશે.

## સુખદુઃખ કયાં સુધી ભોગવવું પડે છે?

**પ્રશ્ન :** તે એવું સુખ ક્યાં સુધી મેળવ્યા (ભોગવ્યા) બાદ અને મોજ મજા માણ્યા બાદ નિજકર્તા પાસે જઈ શકાય?

**ઉત્તર :** જ્યાં સુધી નિરંજનનો આરબલ રહે ત્યાં સુધી સર્વ અંશો તે સુખને ભોગવે. ત્યાર પછી કર્તાની અંશવૃત્તિની સાથે સર્વ અંશો નિજ કર્તાને જઈને મળે એ રીતે સર્વ અંશો કર્તાને સાથે જ પામે.

**પ્રશ્ન :** તો પછી ભજન સ્મરણ અને સુક્રિત દુક્રિતનું વધારે ફળ શું રહ્યું?

**ઉત્તર :** ભજન સ્મરણનું (સુક્રિતનું) ફળ ચાર પ્રકારના દેહની આદ્ય લઈને પરમકારણ દેહ સુધી નર્યું એકલું સુખ જ ભોગવ્યા કરે અને દુક્રિતનું ફળ તે સ્થૂળ સૂક્ષ્મની આદ્ય લઈને મહાકારણ દેહ સુધી નર્યું એકલું દુઃખ જ ભોગવ્યા કરે અને એકલા પરમકારણ દેહ સુધી સરખું સુખ ભોગવે. તે સુક્રિત અને દુક્રિતના ફળની ભિન્નતા દેખાડી. તે માટે સર્વ અંશોએ સારાં કર્મ આચરવાં જોઈએ. પોતાના કર્મના ફળ પોતે ભોગવવાનાં છે તે માટે અંશોએ સારાં કર્મ શા માટે ન આચરવાં? જે દરેક પ્રાણીને સારુ સુખ ભુક્તમાન કરવાનું ભાવે છે, પરંતુ ખરાબ કર્મો ઉપર કોઈ ને ભાવ થતો નથી. જેથી સર્વે સારા કર્મો કરો કે જેથી સારું જ સુખ ભોગવવાનું મળે. જ્યાં સુધી નિજકર્તાથી ભિન્ન રહો ત્યાં સુધી સુખનું સુખ જ ભોગવ્યા કરો અને જ્યાં સુધી ચાર પ્રકારના દેહ રહે ત્યાં સુધી પણ સુખ ભોગવ્યા કરો અને પરમકારણ શરીરે તો નિરંજન રૂપ નુરની ભૂમિકામાં તો ઘણાક કાળ સુધી સુખ જ ભોગવવાનું છે. ત્યાર પછી નિજકર્તાના પરમધામને પામી શકશો. અને ત્યાં તો અગણિત પરમસુખની અવધિ જ નથી. કે જે સુખનું વાણીથી પણ વર્ણન થઈ શકે નહી એવું પરમ સુખ ત્યાં છે. હવે એ પ્રકારે નિજકર્તાની રૂઢિ છે જ, પરંતુ તે નિજકર્તા અને નિજકર્તાની મતલબને કોઈ જાણતું નથી. કારણ કે અંશો સગુણ ઉપાસનાવાળા હોવાથી નિજકર્તાના કર્યા થકી ઈશ્વરને જાણે છે પણ મૂળ કર્તાને જાણતા નથી. નિર્ગુણના જાણનાર તો બ્રહ્મને અકર્તા જ કહે છે તેથી તે નિજ કર્તાને જાણતા નથી. કર્તાના ક્રતની જ જેને કિંમત નથી તો તે નિજ કર્તાને કેવી રીતે જાણી શકે?

## પંચ દેહો નાશ નહીં થવાનું કારણ

**પ્રશ્ન :** કર્તાના ક્રત જે ચોરાસી લાખ પ્રકારના ઘાટ રચીને તેને વિષે કલ્પ સુધીનું આયુષ્ય પોખ્યું છે તે કઈ રીતે રચ્યા છે?

**ઉત્તર :** પ્રથમ સૂક્ષ્મ દેહથી હજારો ગણું કારણ દેહનું આરબલ(આયુષ્ય) છે અને તે કારણ દેહથી હજાર ઘણું આરબલ મહાકારણ દેહનું છે. મહાકારણથી હજારો ગણું આરબલ પરમકારણ દેહનું છે. આ ચાર પ્રકારના દેહનું આરબલ નિજકર્તાની ક્રિયાવૃત્તિ અને અંશવૃત્તિના સંકલ્પનો વેગ પહોંચતા સુધી રહે અને **પાંચમો સ્થૂળ દેહ તો સુક્ષ્મની આદ્ય લઈ પરમકારણ દેહ સુધીના ચાર પ્રકારના દેહના આભૂષણ સહવર્તમાન અંશને ભાડૂતી દુકાનવત્ રહેવાનો છે.** તે પદાર્થ રૂપે સૂક્રિત દુક્રિતનાં

ફળ ભુક્તમાન કરવાનો છે. પણ અલ્પ આયુષ્ય અને પ્રમાણ વિનાનો છે. ભાડુતની પેઢી તે પોતાના શરીરથી વિલક્ષણ છે. જો કોઈ મુકાવે તોય મૂકીને જવાય અને આપોઆપ પણ મૂકીને જવાય. કે જ્યારે મુકીને જઈએ ત્યારે જવાય, પણ તેનું પ્રમાણ નહીં. આ રીતે સ્થૂળ દેહના આરબલનું પણ એક સરખું પ્રમાણ નથી. તે માટે સ્થૂળ દેહ અપ્રમાણ કહેવાય છે. જે ભાડુત સરખો જ છે. અને ચાર દેહ તો કર્તાએ વ્રજમય ઘણા આરબલનો રચીને પોતાના અંશોને માંહી પ્રવેશ કરાવ્યા છે.

જેમ કોઈ ધનવંત મનુષ્ય પોતાના પુત્રને હવેલી બનાવી આપે છે તે પણ પાંચ દસ પેઢી સુધી પહોંચે છે. જે અલ્પ આયુષ્યના પુત્રને રહેવાની એટલા લાંબા આરબલની હવેલી કરીને વસાવે છે. જ્યારે નિજકર્તા તો અનંત શક્તિમાન અને અનંત બ્રહ્માંડ રચનારા છે. તો તે પોતાના અંશોને શું અલ્પ આરબલના તન રૂપી મહેલ કરીને વસાવ્યા છે? જે અનંત શક્તિમાન અને અનંત ઐશ્વર્યના કર્તા તે અને અલ્પ આરબલના તનુની માટે પોતાના અંશોને પોતાનાથી ભિન્ન કરી કઈ મતલબ સારૂં વસાવ્યા હશે? તેથી એવા અલ્પ આરબલ માટે પોતાના અંશોને નથી ભિન્ન પાડ્યા. તે માટે અસંખ્ય કાળ આરબલના તન કરીને વસાવ્યા છે. સર્વ દેહોની રચના અજર, અમર અવ્યક્ત વિભુતિના દેહની રચીને પોતાના અંશોને પ્રવેશ કરાવ્યા છે. તેવા જ દેહની આ સર્વે રચના છે. બ્રહ્મજ્ઞાનીએ આયુષ્ય સ્થૂળ દેહને વિલસે મોક્ષ માન્યો છે અને આ વિશ્વ ચરાચરને તો ભ્રાન્તિવત્ ગણે છે. આને સમજવા એક દૃષ્ટાંત સમજીએ :

જેમ કોઈ રાજા હાથી ઘોડા વગેરે શણગારીને પોતાની પ્રજાને દેખાડવા માટે સવારી કાઢે અને મેદાનમાં ખેલ કરાવી પોતાનું ઐશ્વર્ય દેખાડે. તે સમયે એક પર્વત પર બેઠેલા બે પુરુષો આ બધું જુએ છે. ત્યારે એક પુરુષ બીજા પુરુષને પૂછે છે કે આ શું દેખાય છે? તો બીજો પુરુષ કહે છે કે આ તો મૃગતૃષ્ણાનું જળ તને ભાસે છે પણ સાચું નથી. તો એવું કહેનારા પણ મૃગતૃષ્ણાનું તોય જ જાણવા. જેથી બંને મિથ્યા ઠર્યા. જો બંને મિથ્યા હોય તો મિથ્યામિથ્યાને શું ભાસે? એ પ્રકારે દોરડાને વિષે સર્પ અને છીપને વિષે ચાંદી ભાસે તે પણ મિથ્યા છે અને તેના જોનારા પણ મિથ્યા ઠરે. તે માટે મિથ્યા તે મિથ્યાને શું જોવે? અને જે આ દોરડું પેલા દોરડાને સર્પ કેમ કરીને જોવે? અને આ છીપ પેલી છીપમાં ચાંદી કેમ કરીને જોઈ શકે? વળી તમે એવું કહેશો કે એ તો સાક્ષીને દર્શે છે. ત્યારે તમારા

કહ્યામાં તો સાક્ષી એક જ છે. એવા એકમેવ સાક્ષીને પોતાનું કર્યા વિનાનું મિથ્યા ભાષ્યમાન થયું. તો તે સાક્ષી પણ અજ્ઞાની ઠર્યો. અને જ્યારે સાક્ષી અજ્ઞાની ઠર્યો ત્યારે તે સાક્ષીને બીજો કોણ છે? તે તેને બોધ કરીને તેનું મિથ્યા ભાષણ મટાડશે? એ પ્રકારે જોતાં તો તમારું બોલવું જ મિથ્યા છે, પરંતુ નિજકર્તા સત્ય છે અને તેમણું ક્રત પણ જયાં સુધી રહે ત્યાં સુધી સાચાં જ છે. એ સર્વે ક્રત અવધિ કાળે કર્તામાં લીન પામે તો પણ સત્ય જ છે. જે સત્ છે ત્યારે જ સત્‌માં સમાય છે અને હમણાં પણ સત્ જ છે. પણ સ્થૂળદેહ નાશ પામતાં તમો અસત્ કહો છો માટે તમને નિજકર્તાની અને કર્તાના ક્રતની જાણ્ય નથી.

**પ્રશ્ન :** તો આ સમજ કોના સરખી છે?

**ઉત્તર :** જેમ શેખચલ્લી આગળ એક ઓલિયા હતા. તેમણે જોશીને પૂછ્યું કે મારું મૃત્યુ ક્યારે થશે? ત્યારે જોષીએ હાસ્ય કર્યું કે ભૂખ્યા પેટે કાચા સૂતરનો તાર બાંધીને ઉપવાસી પેટે તૃપ્ત થતાં સુધી રાબ પીજે અને રાબ પીતાં સૂતરનો તાર તૂટે ત્યારે તારું મૃત્યુ થશે. પછી એ પ્રમાણે તેણે કર્યું અને પેટ ઉપરનો તાર તૂટતાં મૃત્યુ માની જમીન પર ગબડ્યો. તો તાર તૂટ્યે શું તે મરી ગયો છે? તે પાછો નહીં ઉઠે? તો એ પ્રકારે સ્થૂળ દેહ પણ કાચા સૂતરના તારવત્ છે. તેને વિખરાયે તમે પંચભૂતના પંચભાગ પંચ મહાભૂતમાં મેળવીને છટ્ઠા ચૈતનને ભેળવીને એક્તા કરીને મોક્ષ માનો છો. માટે તમારી ગતિ પણ શેખચલ્લીના કરતાં શું વિશેષ છે? કારણકે કર્તાના ક્રતની અકળિત ગતિ પણ તમે નથી જાણતા. તેથી તમારું જ્ઞાન મુદ્દા રહિત અને શુષ્ક છે. જેને સાંભળતાં સર્વે જીવ કર્મથી વિમુખ થઈ જાય. જેથી ભજન સ્મરણ અને ગુરુ ગોવિંદ પરથી આસ્થા ઉઠી જાય અને કર્તાના સ્વરૂપને પામે નહીં. વળી ઉત્તમ કર્મનો અભાવ થાય અને મધ્યમ કર્મ તો શરીરને વિષે થયા જ જાય. તેણે કરીને જીવ નીચ યોનિને પામતો જાય તો ઉંચ કર્મને અભાવે ઉંચું કેમ થવાય? માટે તમારું જ્ઞાન તે કર્તા થકી વિમુખ થવાનું છે. જે ઉત્તમ કર્મનો અભાવ કરાવો અને એકલો સ્થૂળ દેહ છૂટે મોક્ષ માણો છો પણ સ્થૂળ દેહ છૂટે તોય મોક્ષ ન થાય.

**પ્રશ્ન :**વળી તમે કહેશો કે અમે તો સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમ કારમ દેહને જ્ઞાને એકદમ નાશ કરીને મોક્ષ માનીએ છીએ. એવું જો કહેશો તો ક્યા જ્ઞાને કરીને નાશ પમાડો છો?

**ઉત્તર :** સ્થૂળ દેહ તો અવધિકાળે નાશ પામે છે તે તો સૌ કોઈ જાણે છે. અને

સૂક્ષ્મ દેહ તો પાંચ માત્રા અને ચાર અંતઃકરણનો છે. તે ક્યા જ્ઞાને પંચમાત્રા અને ચાર અંતઃકરણનો નાશ કરશો? કારણ દેહ તો જે વિભુતિના ત્રણ ગુણ ઉપજાવ્યા છે તે જ વિભુતિનો આપણો દેહ છે અને તેનાં તત્ત્વ પણ ત્રણ જ છે. જે રજો, તમો અને સતોગુણના છે તેમાં કયા જ્ઞાને રજો, તમો અને સતોનો નાશ કરશો?

હવે મહાકારણ દેહ જે વિભુતિની પ્રકૃતિ છે તે જ વિભૂતિનો આપણો દેહ છે. તે પણ પ્રકૃતિ રૂપી એક માત્રિકાનો છે. જે સમ્યક ભાવે અંશની સત્તાથી સર્વ તત્ત્વ, ઈન્દ્રિયો, અંતઃકરણ વગેરે ચલાયમાન કરે છે. એવા જે ત્રણ પ્રકારના દેહનું કારણ મહાકારણ દેહ છે તેનો કેવી રીતે નાશ કરશો ? અને પાંચમો પરમકારણ દેહ તે જે વિભુતિના નિરંજન પુરુષ છે તે જ વિભુતિનો આપણો દેહ પણ છે.

હવે એવા અચંત અવિગત દેહને તમો કેવા પ્રકારે અને કયા જ્ઞાને ભાંગી શકશો? જે શિવ, સનકાદિકની આદ્ય લઈને સમાધિવાળા યોગી સમાધિએ કરીને તે દેહને પ્રણવનો સ્પર્શ કરાવીને પાછા સ્થૂળ દેહમાં લાવે છે. તે સ્થૂળ દેહ ઘણાંક કાળ પહોંચે છે. એટલો તો તે દેહના સ્પર્શનો પ્રતાપ છે. તો તમે તે નિજ દેહને કેમ ભાંગી શકશો? અને ભાંગશો તો ક્યાંથી ? તમોને તે દેહની ગતિ પણ શા માટે નથી? જો ગતિ હોય તો ભાંગવાની વાતેય ન કરો. જે દેહ મહાકારણ અને પરમકારણ કલ્પપર્યંત આરબલના નિજકર્તાના કર્યા થકા જે દેહની તમોને શા માટે ગતિ નથી? તે નિજકર્તાને જ તમે નથી જાણતા તો ક્રતને તમે કેવી રીતે જાણી શકો? તે માટે તમો અકળ વિભૂતિના ચાર દેહ નથી જાણતા માટે તમો અણજાણ્યે ભાંગવાની વાત કરો છો? પરંતુ કર્તાની મતલબનો ઉંડો વિચાર તમને માલુમ નથી અને જે જ્ઞાને ભાગ ત્યાગ કરીને મૂક્તપણું માન્યું છે તે તો નિજકર્તાની અંશની સત્તાએ અંતઃકરણનો ધર્મ છે. અંતઃકરણ તો સૂક્ષ્મ દેહનો નાશ થતા નાશ થાય. અને અંતઃકરણનો નાશ થતાં તો સષોપતિ થાય. ત્યાં તમારું ભાગ ત્યાગ લક્ષણાનું શું જ્ઞાન પહોંચે છે? જે ત્રણ પ્રકારના દેહનો નાશ કરશો? માટે તમો થતાં અંતરરચનાની ગતિને જાણતા નથી.

**પ્રશ્ન :** વળી અંતઃકરણ નાશ થતાં સષોપતિ થાય છે. ત્યારે એકય દેહની સ્મૃતિ રહેતી નથી, તો સર્વ પ્રકારે દેહ નાશ થયો તેમ જાણીને મોક્ષ માનો છો?

**ઉત્તર :** એવું જો કહેશો તો સષોપતિ તો કર્તાના અંશને પદાર્થના દૃષ્ટપણાના તૃપ્તની શાંતિ ગતિ છે. તે શાંતિ ગતિની તૃપ્તિને અવધિકાળે પાછું સ્વકાશ દૃષ્ટિએ

જાગ્રત થવાય તો સર્વે દેહ પાછા તેમના તેમ જ છે. તે માટે સષોપતિ અવસ્થાયે કોઈ દેહનો પરિણામે નાશ નથી. વળી આ વિષયને દૃષ્ટાંતની રીતે સમજીએ તો કોઈ પુરુષ હવેલીની બારીએ બેઠો બેઠો રાજાની જતી લાખોની ફોજ જોઈ શકે છે. ત્યારબાદ આંખ બંધ કરે તો પોતાના ભોવનને અને પોતાના શરીરને પણ ન દેખે. તે આંખ બંધ કરીને તેને ન દેખ્યું માટે શું રાજાની ફોજ, પોતાનું શરીર અને ભોવન શું નાસ્તિ થયું? જો આંખ ખોલીને જુએ તો તેમનું તેમ સર્વે દેખાય. એ પ્રકારે નિજકર્તાના અંશની દૃષ્ટિ અંતઃકરણ ઉપર શાંતિ રૂપે અભાવ ધરે છે. ત્યારે તે અંતઃકરણ લોહ ચુંબકના ન્યાયે જડતા પામે છે. તે અંતઃકરણ જડતા પામ્યે સષોપતિ થાય છે. પછી અંશની દૃષ્ટિ અંતઃકરણ ઉપર ભાવ ધરે તો સર્વ અંતઃકરણ ચૈતન થાય અને જાગ્રત સ્ફુરે તો એકેય વસ્તુનો નાશ થતો નથી. અને સર્વે છે તેમનું તેમ દેખાય છે.

**પ્રશ્ન :** વળી તમે કહેશો કે કર્તાના અંશની દૃષ્ટિના અભાવે અંતઃકરણ જડતાને પામે છે. તે પ્રકારે સર્વ દેહ પર અભાવ ધરવામાં આવે તો સર્વ દેહ નાશ જેવા જ બને ને?

**ઉત્તર :** તો **કર્તાના અંશને તો એકેય દેહ અળખામણો નથી.** જેમ કોઈ શેઠ પોતાના પુત્રને પાંચમાળની હવેલી કરીને સુખની વ્યવસ્થા કરે તો તેમાં એક પણ માળ અળખામણો નથી. એ જ રીતે કર્તાના અંશને પણ કર્તાની કરેલી પાંચ દેહની હવેલી અળખામણી નથી. વળી, છેલ્લો સ્થુળ દેહ તુચ્છ છે પણ પરમ હંસની આદ્ય લઈને તે પણ કોઈને અળખામણો નથી લાગતો અને જો કદાચ અળખામણો લાગે તો મોટા મોટા પરમહંસ, શિવ, સનકાદિક, નવયોગીની આદ્ય લઈને શરીરની તુષ્ટિ-પુષ્ટિ કરી ઘણાક કાળ કેમ રાખી શકે? અને તે કરતાં તો પેલા ચાર દેહ ઘણા ઉમદા છે. તે અળખામણા કેમ લાગે?

**પ્રશ્ન :** અને વળી કહેશો કે અમે તો જ્ઞાન પામીને અળખામણા જ કરીશું !

**ઉત્તર :** એવું કહેશો તો શિવ સુનકાદિકના મતનો અભાવ ઠરશે અને વળી તમારે અભાવે ને તમારે જ્ઞાને એ દેહ ભાગે તેવા નથી. તો તેમ થવાનું કારણ તમે તો પદાર્થના અલ્પજ્ઞ છો, જે અનેક બીજા સર્વ પદાર્થોની ગતિ શા માટે જાણતા નથી? જે પોતાના અંગિકૃત પદાર્થોને નથી જાણતા તેઓ પર પદાર્થોને શું જાણે? પ્રથમ સ્થૂળદેહને વિષે કોઈ રોગ ઉત્પન્ન થાય છે તો તેની તમને ખબર

નથી પડતી. કારણ કે ત્યાગ લક્ષણા અને જ્ઞાનના અભાવે સ્થૂળ દેહની વ્યાધિ મટતી નથી. તો સ્થૂળ દેહની ગતિ પણ તમારા હાથમાં નથી. અને તેથી સુક્ષ્મદેહ તો હજારગણો વજમય અને આરબલ વાળો છે. તો ત્યાં તમારું શું ચાલી શકે? અને વળી, તે કરતાં તો કારણદેહ સહસ્ત્ર ગણો વજમય આરબલવાળો છે. ત્યાં તમારા અભાવનું અને તમારા જ્ઞાનનું શું ચાલશે ? જે તમો તે દેહને નાશ કરી શકશો? અને વળી, ત્યારપછી તે કરતાં મહાકારણ દેહ તો સહસ્ત્રગણો વજમય અને આરબલવાળો છે ત્યાં તો તમારી ગતિ પહોંચતી નથી. તો તે દેહને તમો શું નાશ કરી શકશો? વળી, તે કરતાં છેલ્લો પરમકારણ દેહ તો સહસ્ત્ર ગણો વજમય અને આરબલવાળો છે. જે કર્તાના અંશની નિકટ રહ્યો છે. તેની તો **આદિ નારાયણ મળતાં પહેલાં બ્રહ્માદિકને ગમ ન હતી.** તો તમોને ગમ ક્યાંથી હોય? એ પ્રકારે તમોને પંચદેહનું અલ્પજ્ઞપણું છે. કર્તાને તો અનંત બ્રહ્માંડનું અને અંશ સહવર્તમાન સર્વ તત્ત્વનું સર્વજ્ઞપણું છે.

તે સર્વજ્ઞ કર્તાના કરેલા પાંચદેહ તમે અલ્પજ્ઞ અને તમારા અલ્પજ્ઞ જ્ઞાને કેમ કરીને નાશ કરી શકશો? તે માટે તમો કર્તાને પણ જાણતા નથી. અને કર્તાની મહાનવિભૂતિના ક્રતને પણ જાણતા નથી. તે પ્રકારે અમોએ કર્તાના અને કર્તાના ક્રતના વિશેષણ ન્યાયપૂર્વક બનાવ્યા. તે પ્રકારે જોતા તો તમારું બોલેલું જ્ઞાન જે પ્રકારે મોક્ષ માનો છો તે સર્વે મિથ્યા છે. તમારે તે માટે તમારો બોધ અને તમારું જ્ઞાન કર્તાના અંશોને કર્તાથી વિમુખ રાખનારું છે.

**પ્રશ્ન :** તે અમે કેવી રીતે જાણીયે?

**ઉત્તર :** એવા વૈતલજ્ઞાનને સાંભળીને તો ગુરુ, સંત અને શુભ કર્મો ઉપરથી અંતર અભાવ થઈ જાય છે. અને અશુભ કર્મો તો દેહનાં થયાં જ જાય. એહવું વૈતલજ્ઞાન સાંભળીને તમો કહેશો કે આપણે ક્યાં મરવું અને અવતરવું છે? એવું જાણીને ઉત્તમ કર્મોનો ત્યાગ થઈ જાય કે આપણે ક્યાં પામવું છે? માટે ઉત્તમ કર્મોને અભાવે મધ્યમકર્મના ફળે નીચ યોનિ પ્રાપ્ત થાય. તે નીચ યોનિ પ્રાપ્ત થતાં બુદ્ધિનો નાશ થતો જાય. જેથી બુદ્ધિ નાશ થતાં કર્તાથી ઘણોક વિયોગ થાય. એ પ્રકારે તમારું જ્ઞાન તો જીવના અકારજ કરવાનું છે માટે જો તમારે જીવનાં કલ્યાણ જ કરવા હોય તો ગુરુ, સંત અને શુભકર્મો કર્તાની ઉપાસના સંયુક્ત જ્ઞાન હોય તે કરવું. અને વૈતલજ્ઞાને તો જીવ અધોગતિ જાય. અને કર્તાના કર્તાપણાના

મહાત્મ્યને જાણે નહીં. જે અહો ! કર્તાએ આપણી સારું કેવી રચના કરી છે એવા દિવ્ય ક્રત જોઈને કર્તાને મોટા કરી નથી જાણતા. જે અલ્પજ્ઞ થઈને અહં બ્રહ્માસ્મિ કહે છે. જે કર્તાના ક્રતની પણ જાણ નથી. તો કર્તાના સરભર કેમ બોલો છો? અરે ઓ અલ્પજ્ઞ ! આવું બોલતાં તમોને લાજ નથી આવતી? તે માટે અગાધ ગુનો બક્ષીસ કરવો હોય તો કર્તા સંબંધી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની આરાધના કરો. પ્રથમ જ્ઞાન તે જે પંચદેહને વિષે આપનું આપ જાણવું અને કર્તાના ક્રત સહવર્તમાન કર્તાને જાણવા. અને બીજુ વૈરાગ્ય કહેતા જે પદાર્થ વિષેથી વૃત્તિ લઈને એક કર્તામાં જ રાખવી. અને પદાર્થ વિશે તો દેહરખા ધર્મ જેટલી જ રાખવી. અને ત્રીજી ભક્તિ કહેતા કર્તાનું ભજન-સ્મરણ અને ઉપાસના કરવી. તેથી જો કર્તા સંબંધી જ્ઞાન મેળવવું હોય તો જ્ઞાન ભક્તિ અને વૈરાગ્યનું આરાધન એ જ એક મંત્ર છે. જ્ઞાન પંચ દેહને વિષે આપનું આપ જાણવું. કર્તાના ક્રત સહવર્તમાન કર્તા જાણવા અને વૈરાગ્ય કહેતાં જે પદાર્થના વિષેથી વૃત્તિ લઈને એક કર્તામાં જ રાખવી અને ભક્તિ કહેતાં તે કર્તાનું ભજન સ્મરણ અને ઉપાસના રાખવી.

## ભજન સ્મરણ અને ઉપાસના

**પ્રશ્ન :** તો આ ભજન સ્મરણ અને ઉપાસના કેવી રીતે કરવી?

**ઉત્તર :** નિજકર્તાના ક્રતની મહદ્‌તા જોઈને અંતરને વિષે અથાહપણું માનીને ગદગદ કંઠે થવું. જે અથાહપણું કહેતાં જેમાં સ્થાવર-જંગમની આદ્ય લઈ ચોરાસી લાખ પ્રકારનાં બીજ રચીને અકેકા બીજને વિષે કલ્પ કલ્પ સુધી નીકળ્યાં જાય એટલા સંચ એક એકને વિષે પોખીને **કર્તાએ આ સૃષ્ટિની રચના એકદમ કરી છે, જે ફરી કોઈને કરવી ન પડે.** કર્તાના અંશ સિવાયના આ ઘાટો રચ્યા છે. ત્યાર પછી તે અંશ પોતા તરફથી બીબાંને પ્રેરક કરે તો તે બિબાંમાંથી તે અનંત નિકળ્યાં જ જાય. જેમ કોઠારને વિષે અનેક રકમો ભરી હોય તે આપો આપ નીકળશે નહીં. તેને કોઈ પુરુષ કાઢે તો જ નીકળે.

એ પ્રકારે સર્વ બિજક રૂપી મઠને વિષે કર્તાએ ઘણા બિબાં ભરી રાખ્યા છે. પણ કર્તાના અંશરૂપ પુરુષ બિજકમાં પ્રવેશ કરે તો અનેક ઘાટ નિકળ્યા જાય. અને એ પ્રકારે નવા નવા ઘાટ થતા જાય. તે પ્રકારે કર્તાના અંશ પણ પોતાના સુક્રિત-દુક્રિત પ્રમાણે તેમાં પ્રવેશ કરતા જાય. એ પ્રકારનો અનુભવ જોતાં કર્તા વિના બીજા અન્ય

દેવનું શું કરેલું છે? એ પ્રકારે કર્તા અદ્વૈત છે. જે નિજકર્તા વિના બીજા કોઈ કર્તા જ નથી. કારણ કે કર્તાના કર્યાથી જ બધું વિસ્તાર પામી રહ્યું છે. એવા અસંખ્ય વિભૂતિના રચનાર એક જ કર્તા છે. એવી વિભૂતિનું ડહાપણનું અથાહપણું જોઈને સ્તુતિ કરવી. કે હે કર્તા ! તમારો કોઈ પાર પામી શકે તેમ નથી. મારી અલ્પમતિએ હું તમોને કેવી રીતે જાણી શકું? આ પ્રકારની પ્રશંસા તે કર્તાની જાણીને અહોનિશ ચિંતવન કરવું, તે ચિંતવન રૂપી જ ચંદન જાણવું. ત્યારબાદ કર્તાનું ધ્યાન ધરવું તે પંચાયણ ધૂપ જાણવું. ત્યાર પછી કર્તાને વિષે અત્યંત આરતપણે રહેવું તે આરતી જાણવી. ત્યાર બાદ કર્તાના કતનાં વિશેષણ જોઈને કહેવું કે હે કર્તા ! તમારા વિવેક અને ડહાપણને ધન્ય છે. આપના ચતુરાઈપણાના અથાહપણાનું હું શું વર્ણન કરું? આવી અનંત ઉપમાનું અભિશેષણપણું કર્તાને આરોપણ કરવું. તે કર્તાનો શણગાર માનવો. અને કર્તાના અનંતપણાના અનુભવના જ્ઞાનનું ઉચ્ચારણ કરી સ્તવન કરવું તે કર્તાને અંગીકૃત અલંકાર ઘરેણું જાણવું.

**પ્રશ્ન :** હવે તે કર્તાના અનંતપણાનો અનુભવ શી રીતે થાય અને તે કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :**હવે કર્તાએ કરેલા જડ પદાર્થોનું દૃષ્ટાંત લઈએ તો જે પારસના દ્રવ્યના અંતનું જેવું વર્ણન અને ચિંતામણિના ચિંતવનના અંતનું જેવું વર્ણન અને સર્વ બીજના પ્રભાવપણાના અંતના જેવું વર્ણન અને તેજ પ્રકારે કર્તાના અનંતપણાના અનુભવનું વર્ણન જાણવું. આ ચારેય દૃષ્ટાંત તો કર્તાના બનાવેલા પદાર્થોનું અલ્પજ્ઞ એક એકદેશી છે અને કર્તાના અંશ થકી જ સ્ફૂરે, નહીં તો એક રકમે જડના જડ જ રહે અને કર્તા તો ચૈતન અને જેનું ઐશ્વર્ય સર્વદેશી છે.

## જડ પદાર્થો કરવાનું કારણ

**પ્રશ્ન :** કર્તાએ જડ પદાર્થો શા માટે બનાવ્યા છે?

**ઉત્તર :** પોતાના અંશોને આંખ ખોલવા અને મોજ કરવા સારું બનાવ્યા છે.

**પ્રશ્ન :** હવે તે મોજ કરવાનું તો જાણીએ, પરંતુ આંખ ખોલવાનું કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :** કેવલકર્તાએ જે પદાર્થોની રચના કરી છે તેને જોતાં અંત આવતો નથી, તો તે કર્તા કેવા હશે? આપણે તેમની બનાવેલા પદાર્થોની ઉપાસનામાં

શાંતિ પામી તેમને ભૂલી ગયા છીએ ત્યારે આવું ઉપજે કે અરે હાય.. હાય.. ત્રાહે...ત્રાહે... તે કર્તાને આપણે જાણતા જ નથી? એવું અંતરમાં ઉપજાવીને એવા કર્તા ઓળખાવે તેવા સતગુરુની ખોજ કરવા લાગે. એ પ્રકારે પોતાના અંશની આંખ ખોલાવીને કર્તા રે કર્તાને ઓળખવા સારુ અનંત પદાર્થો રચ્યાં છે. હવે તે પદાર્થની વિભૂતિના અંતનું અનંતપણુ જોઈને તે પ્રમાણે તેવા કર્તાને આવા સતગુરુ થકી ઓળખીને અલૌકિક પ્રેમ ઉપજાવીને રોમેરોમે અને રગેરગે ચકચૂર થઈને અમી રુંધનથી કંઠે સ્તવન કરે તે કર્તાને કંઠે અમીત મકરંદ પુષ્પની માળા આરોપણ કરી એમ માનવું. **એ પ્રકારે કર્તા પ્રમાણે આભૂષણ કર્તાને ધરાવેલાં જોતાં મોહ ઉપજાવીને સર્વ અંગે સમર્પણ થઈને રહેવું.**

તે અનંત વિશેષ મોહના અવધિ સુધી તદાકાર થઈને રહીએ અને પાછું સમરસ મોહે સચેતન થઈને સ્મરણ કરવા લાગવું. સમરસ મોહતે અતિશય પ્રેમે અચેતનપણું થયું હતું તે પાછું સાવધાન સચેતન થઈને કર્તાના સુખનું સન્મોહન કરવા લાગે.

## બે હંગની વિગત

**પ્રશ્ન :** ઉપર જણાવ્યા મુજબ અનામી અથાહપણાના કર્તાનું કેવી રીતે સ્મરણ કરવું? અને તે તેમને કેવી રીતે અંગીકૃત થાય?

**ઉત્તર :** અનંત બ્રહ્માંડ અને અનંત વિસ્તાર અણુથી પ્રકૃતિ-પુરુષની આદ્ય લઈ કર્તા સહિત સર્વને વિષે બેહંગ (જાણ) રહેલાં છે. અને ત્રીજું હંગજ નથી. તેમાં અનંત બ્રહ્માંડ ને પ્રકૃતિ-પુરુષની આદ્ય લઈને સર્વ વિસ્તારને વિષે મળીને એક જ હંગ રહ્યું છે. **તે અલ્પજ્ઞ હંગ સર્વ અંશોનું જાણવું અને બીજું સર્વજ્ઞ મહદ્ હંગ તે નિજકર્તાને વિષે રહ્યું છે.** જે હંગ વડે અનંત બ્રહ્માંડ અને સૃષ્ટિના અનંત ઘાટ અચાનક ઉપજાવે છે અને આપણા અલ્પજ્ઞ હંગે તો કર્તાનાં કરેલાં સૂક્ષ્મ કાર્ય જ વર્તાય છે. પણ આપણા અલ્પજ્ઞ હંગે અચાનક નવા પદાર્થો ના નિપજે અને કર્તાના સર્વજ્ઞ મહદ્ હંગના કરેલા પદાર્થોને વિષે તો આપણા અલ્પજ્ઞ હંગે વર્તમાન કર્યા જવાય પરંતુ નવાં ન થાય.

**પ્રશ્ન :** તે કઈ રીતે સમજી શકાય?

**ઉત્તર :** જેમ સૂર્ય ક્રાન્તિએ સૂર્યથી અગ્નિ ઉત્પન્ન થાય છે. તો તેને સૂર્યનો

અંશ જાણવો. પણ સૂર્યના જેટલી દાહશક્તિ અગ્નિમાં આવી શકતી નથી. અને વર્તમાને પણ સૂર્યના કિરણના જળથી જ પોષણ પામેલી વનસ્પતિ તેના કાષ્ટને પુરી પાડે છે. પણ કર્તાનાં કરેલાં બીજ તેને જળ સિંચીને નવાં કાષ્ટ ઉપજાવીને ભક્ષણ ન થાય? સૂર્યનો અંશ અગ્નિને વિષે અલ્પજ્ઞ દાહ શક્તિમાન છે. તેને કરીને તેથી નવીન કાંઈ નીપજે નહીં અને માલિકના સિંચેલા પદાર્થમાં વર્તમાન કર્યે જાય છે. જે રીતે સૂર્યનો અંશ અગ્નિને વિષે અલ્પજ્ઞ દાહશક્તિ આવી છે તે જ પ્રકારે કર્તાના અંશને વિષે પણ દાહશક્તિ રૂપી અલ્પજ્ઞ હંગ જ આવ્યું છે. જેથી તે હંગ અચાનક કાંઈ નવું ઉત્પન્ન ન કરી શકે અને કર્તાના સર્વજ્ઞ હંગના કરેલા પદાર્થોને વિષે તો આપણું અલ્પજ્ઞ હંગ વર્તમાન કર્યા જાય.

## અલ્પજ્ઞ હંગ કયાં સુધી જાણવું?

**પ્રશ્ન :** તે અલ્પજ્ઞ હંગ (જાણ) ક્યાં સુધી જાણવું?

**ઉત્તર :** આ અલ્પજ્ઞ અકર્તા હંગ તે સ્થાવર, જંગમ, કીટ, પતંગ, મનુષ્ય દેવની આદ્ય લઈને બ્રહ્મા, વિષ્ણુ, માહેશ્વર, પુરુષ અને પ્રકૃતિ સુધી જાણવું. પણ જે પ્રકારે કર્તાના વિશેષ અને સામાન્ય અંશ છે તે પ્રકારે હંગ પણ સર્વને વિષે સામાન્ય વિશેષ રહ્યું છે. પણ કર્તાના સર્વજ્ઞ હંગથી તો સર્વનાં અલ્પજ્ઞ અકર્તા હંગ જ છે. સ્થાવર, જંગમ, કિટ, પતંગ, પ્રકૃતિ, પુરુષની આદ્ય લઈને તે સર્વના હંગે કર્તાના કર્યા વિનાની નવીન વસ્તુ કોઈથી અણુભર પણ ન નીપજી શકે. **તે માટે નવીન પદાર્થ કરવા પક્ષે તો સર્વના અકર્તા અલ્પજ્ઞ હંગ જ સરખાં છે.**

**પ્રશ્ન :** જો કોઈ કહેશે કે પ્રકૃતિ, પુરુષ તો અનંત પ્રકારની વિભૂતિ ઉત્પન્ન કરે છે અને કીટ પતંગ શું કરી શકશે? સર્વના હંગ સામાન્ય કહો છો?

પ્રકૃતિ પુરુષને વિષે નિજકર્તા એ જે પ્રકારે વિભૂતિ પોખીને ઉત્પન્ન કર્યા છે. તે પ્રકારે તેને વિશે પદાર્થ નીકળ્યા જાય છે. તો પ્રકૃતિ પુરૂષના હંગે કીટ પતંગના હંગથી શું નવીન કર્યું છે? જેથી તેમનું હંગ વિશેષ કહેવાય. જેમ બે કોઠારને વિષે એકમાં હીરા અને એકમાં કોડી એમ ન્યારી ન્યારી રકમ ભરીને તે બે કોઠારને વિષે બે આદમી રકમ બહાર કાઢવા માટે પ્રવેશ કરાવડાવ્યા. હીરાની કોઠી વાળાએ હીરા બહાર કાઢ્યા. અને કોડીની કોઠીવાળાએ કોડી બહાર કાઢી, પરંતુ કોડી અને હીરા મજૂરના ભરેલા નથી. અને તેણે નવીન બનાવ્યા પણ નથી. તો પછી

તે હીરાના કાઢનારને મજૂર પક્ષે કોડીઓ કાઢનાર કરતાં વિશેષ કેમ જાણવો?

વળી, કોઈ કહે કે પ્રકૃતિ પુરુષની આદ્ય લઈને રજો, તમો અને સાત્વિક સુધી બીજા જે ઐશ્વર્યવાન દેવ છે તે સર્વે દેવને વિશે કોઈ દેવે નેત્રથી પ્રજા ઉત્પન્ન કરી છે, કોઈ દેવે પાદુ, પ્રાણ્ય, રોમથી પ્રજા ઉત્પન્ન કરી છે. કોઈ દેવે કર્ણ અને નાશિકા અને મુખથી પ્રજા ઉત્પન્ન કરી છે. અને પોતાની સજાતિ થકી વિજાતી પણ ઉત્પન્ન કરી છે. વળી, ઉપજવાનું સ્થાન મૂકીને પરસ્થાને (બીજા સ્થાને)થી ઉત્પન્ન કર્યા છે. એવું શાસ્ત્ર-પુરાણને વિશે કોઈ કહે છે, પરંતુ કર્તાના કર્યા વિના કેમ કરી શક્યા હશે?

**ઉત્તર :** વિશેષ ઐશ્વર્યવાળા દેવના દેહને સર્વ પ્રકારની વિભૂતિ પોખીને સૃષ્ટિની વૃદ્ધિ પામવા પ્રથમ નિજકર્તાએજ કર્યા હતા. ત્યાર પછી વિશેષ અંશને પ્રવેશ કર્યા ત્યારે તે અંશની સત્તાથી પૂર્વે કર્તાના પોખેલા પદાર્થ નીકળી આવ્યા પણ તે અંશના હંગના પદાર્થ કરેલા નથી. જેમ કોઈ વૃક્ષના બીજને વિશે શાખા, મૂળ, ફળ અને પત્ર તે નિજ કર્તાના પોખેલા હતા. પછી બીજને જળ, પૃથ્વી અને અંશનો સંયોગ થવાથી અંશની સત્તા પામી શાખા, મૂળ, ફૂલ, ફળ બીજક અને પત્ર ઉદય પામીને બહાર આવે છે. તો આમાં નવીન કરવાપણાનું જળ, પૃથ્વી અને અંશનું શું પ્રધાન્યપણું છે? અને જો તેનું પ્રધાનપણું હોય તો કાંટાળા બીજથી કાંટા કેમ ઉત્પન્ન કરે? તે માટે બીજને વિષે જે પ્રકારે નિજ કર્તાએ વિભૂતિ પોખીને ઉત્પન્ન કર્યા છે તે પ્રમાણે ઉદય થયે જાય છે. પણ સર્વ જડ બીજકને જડ વિભૂતિ પોખીને નિજ કર્તાના અંશ જે ઘાટને વિષે પ્રવેશ કરે ત્યારે તે ઘાટને ચૈતન કરીને બીજા અનેક ઘાટ કર્તાના પોખેલા બહાર કાઢે છે. તેવા અનેક ઘાટ કર્તાના પોખેલા બહાર કાઢે પણ **અંશના પ્રવેશ કર્યા વિના આપોઆપ ઘાટ થકી ઘાટ નીકળી શકે નહિં.** તેમાટે એટલું જ ઐશ્વર્યપણું અંશને વિષે રહ્યું છે જે કર્તાના કરેલા જડ ઘાટને ચૈતન કરીને બહાર કાઢે છે.

**પ્રશ્ન :** જે વિજાતિ કેમ એકને વિષે નિપજ્યું હશે? (નીકળ્યા હશે?)

**ઉત્તર :** જેમ એક કોઠારને વિષે દસ જાતિનું અન્ન ભર્યું હોય તો એક પુરુષ માંહી પેસીને બહાર કાઢે તો દસે પ્રકારનું અન્ન નીકળે પણ કાઢવાવાળાએ એક પણ કણ નવીન કર્યો નથી, વળી જે સૃષ્ટિનું ઉત્પન્ન દ્વાર છોડી અન્ય દ્વારે પ્રજા ઉત્પન્ન કરતાં જો દેવનું કર્તા, પક્ષે નવીન સામર્થ્ય જાણતા હો તો તેનું દષ્ટાંત કહીએ છીએ. જેમ અઢારભાર અનાજમાં મકાઈના છોડને મધ્ય ભાગે ડોડા થાય છે અને તેના બીજનું

ઉત્પન્ન દ્વાર ત્યાં જ છે. પણ કોઈ સમયે કોઈ મકાઈના છોડમાં મચ્છર પડે ત્યારે તેને ડોડા મૂકીને ચમરીયે કણ લાગે છે. માટે શું તે મકાઈનો છોડ, ઈશ્વર થયો? એ પ્રકારે એક નિજ કર્તાના હંગ વિના કીટપતંગ અને પુરુષ-પ્રકૃતિની આદ્ય લઈ સર્વ અંશોના હંગ થકી નવીન વસ્તુ એક અણુભર પણ ન ઉપજાવી શકે.

સર્વક્રર્તવના બીજક કર્તા પક્ષે તો એક નિજકર્તાનું જ હંગ છે. અને અન્ય સર્વે અંશના હંગ તે કર્તાના હંગના કરેલા ક્રતના બીજને સ્ફુરણ કરી શકે, પણ નવીન ઉપજાવી ના શકે. એ પ્રકારે કીટ પતંગની આદ્ય લઈ પ્રકૃતિ-પુરુષ સુધી સર્વે અંશને વિષે મળીને નવીન વસ્તુ કરવા પક્ષે તે અલ્પજ્ઞ અકર્તા એક જ હંગ રહ્યું છે. અને બીજુ મહાદ્ હંગ તે સર્વજ્ઞ સકર્તા નિજકર્તાનું છે.

**પ્રશ્ન :** હવે ઉભયે હંગમાં તે નિજકર્તાનું સર્વજ્ઞ હંગ અને અંશોનું અલ્પજ્ઞ અકર્તા હંગ કેવી રીતે જાણવું?

**ઉત્તર : નવીન સરોજ અલી હંસને વેદશિર હંગ બોલે તે આપણા અંશોનું હંગ જાણવું.** તે કિટપતંગની આદ્ય લઈને પ્રકૃતિ, પુરુષ સુધી પિંડપિંડ પ્રત્યે ભિન્ન પણ સજાતીયે એક જ હંગ જાણવું. **વળી, સ્વકાશ, સરોજ, અલીહંસ શ્વસમવેદ શિર હંગ બોલે તે નિજકર્તા નું હંગ જાણવું,** એ પ્રકારના ઉભયે હંગ કહ્યા જે એક અંશોનું અને એક નિજકર્તાનું તેમાં આપણા અંશના હંગે અહંગ અનવે થઈને નિજકર્તાના હંગનું ભજન કરવું. તો તે સ્મરણ નિજકર્તાના સક્રત સંકલ્પના બીજગને અંગિકૃત થાય. અને તે સક્રત સંકલ્પનું બીજગ તે નિજકર્તાનું અહંપણું જ છે.

**પ્રશ્ન :** તે અહંપણું તે કર્તા ક્રતને વિષે એક્તા કયાં સુધી રાખે છે?

**ઉત્તર :** જ્યાં સુધી પોતાના અંશ પોતાના સંકલ્પની સૃષ્ટિને વિષે ભિન્ન રમણ કરે ત્યાં સુધી એક્તા રાખીને રહે છે.

**પ્રશ્ન :** તે શા માટે એક્તા રાખે છે?

**ઉત્તર :** પોતાના અંશોને પાલન પોષણની દૃષ્ટિ રાખીને સુક્રિત દુક્રિત જોઈને ફળ આપવા સારું અહંપણે જ જોઈને અપાય છે. અંશોએ કર્તાથી ભિન્ન હોય ત્યાં સુધી ભજન સ્મરણ કરવું પડે છે અને ત્યાં સુધી કર્તા પોતાના કર્તાપણાને ધરી રહે છે. એ પ્રકારે કર્તાના હંગનું ભજન તે કર્તાને જ અંગિકૃત છે અને તે કર્તાના કર્તાપણાનું બાજ હંગ જાણવું.

**પ્રશ્ન :** કર્તાને અંતરહંગ છે તે કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :** કર્તાના અનંત બ્રહ્માંડોના અંશોને અસંખ્ય કલ્પે અવધિકાળે કર્તા કર્તાને વિષે લીન કરીને પછી કર્તા, **કર્તાબાજહંગને સમેટીને અંતરહંગે સ્વ સ્વરૂપે જ રહે છે.**

**પ્રશ્ન :** તો આ અંતરહંગ સ્વસ્વરૂપ તે કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :** હવે અંતરહંગ સ્વસ્વરૂપ તે સંકલ્પ રહીત શુદ્ધ સ્વ સ્વરૂપે જ રહે, અને પોતે પોતાને જ જાણે. જે પરનો તો સમેટ કર્યો છે ત્યારે બાજહંગે શું જાણવાનું રહ્યું? માટે અંતરહંગ સ્વસ્વરૂપે જ રહે છે.

**પ્રશ્ન :** વળી કોઈ અકર્તા વાદી સિદ્ધાંતવાળા કહેશે કે તમારા કર્તા પણ તે સમયે અકર્તા જ રહ્યા કે નહીં?

**ઉત્તર :** કર્તાના ક્રતપણાનું જે બાજહંગ તે અંતરહંગને વિષે બીજગ રૂપે થઈને રહે છે, પરંતુ કર્તા પોતાને સ્વ સ્વરૂપે રહેતાં પોતાના હંગને ભૂલી જતા નથી. જે પોતે આગળ કર્યું હતું અને હજુ પાછુ કરવાનું છે તે સ્મરણ સ્મૃતિ કર્તાના અંતરમાંથી વિસર્જન પામતી નથી. માટે સદાયકાળ કર્તામાં કર્તાપણું છે; છે ને છે જ. જેમ કોઈ ખેડૂત પોતાનો પાક લઈ નિવૃત્ત થઈને ઘરે બેસે તો તે ખેતીના અકર્તા ન કહેવાય; વળી, જેમ કોઈ હથિયારધારી ક્ષત્રિય પોતે હથિયાર ઉતારીને બેસે તો તે કઈ અક્ષત્રિય ન કહેવાય. વળી, મજૂરી કરીને મજૂર ઘરે આવી વિશ્રામ કરે તો મજુરના નામથી મટે નહીં. તે પ્રકારે નિજકર્તા અકર્તા પણ ન કહેવાય. વળી, કોઈ માતુશ્રીને પાંચ દશ બાળક મોટાં થઈ આયુષ્ય પ્રમાણે મરતાં મરતાં છેલ્લેવાર એકલી માતા રહે તો પણ તેને જન્મ વંઝ ન કહેવાય. એ પ્રકારે સુષ્ટિનો લય થયે કર્તાને અકર્તા ન કહેવાય. માટે અકર્તા તો કોને કહેવાય? જે આદ્ય, અંત અને મધ્યમાં કોઈ કાળે કાંઈ કર્યું ન હોય અને કરે પણ નહી, તેને અકર્તા કહીયે. અને જો કર્તામાં કરવાપણા નું વિસર્જનપનું થઈ જાય તો ફરી કરવું હોય તો શી રીતે થાય?

## કર્તાના પંચ વિશેષણ

આદ્ય, સક્રત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ એ નિજ કર્તાના પંચ વિશેષણ છે.

**આદ્ય :-** આદ્ય એટલે જે પ્રથમ પોતે જ હતા અને ત્યાર પહેલા બીજાું કોઈ ન હતું. માટે તેમને સર્વની આદ્ય કહીએ છીએ. જેમ ખગાગાર શૂન્ય પહેલા કોઈ ન હતું, શૂન્ય તે આદ્યનું ખરું, પરંતુ તે પણ જાણ્ય વગરનું જડનું જડ છે.

જ્યારે આદ્ય કર્તા તો સજાણ જાણવાળા અને સચેત છે.

**સકર્તા :-** અણુની આદ્ય લઈને વિશ્વ ચરાચરના ઘાટોમાં રહેનારા અંશોના કર્તા પોતે જ છે. જે પ્રથમ સર્વ ઘાટોનાં બીજ ના કર્તા કોઈ બીજા ન હતા. જે સર્વેના કર્તા પોતે જ હતા માટે તેમને સકર્તા વિશેષણ સંભવે છે.

**સ્વરાજઃ-** અનંત બ્રહ્માંડ ને અનંત દેવ જીવજંતુની આદ્ય લઈને પોતાના હુકમ થકી જ વર્તે છે. જે આદ્ય, અંત અને મધ્ય અને ચર-અચરને વિષે બીજો કોઈ હુકમી અને અમલી નથી. વળી, સ્વરાજ કહેતાં જે પોતે પોતાને સ્વ થકી જ હુકમી છે પણ કોઈનો આપેલો નથી. માટે તેમને સ્વરાજ કહીએ છીએ.

**કરુણેશ :-** પોતે સર્વ જીવોને મોક્ષ આપ્યા પ્રમાણે તેમનો ગુણ માનીને તેમની સન્મુખ કોઈ રહેતું નથી. તો પણ સર્વનું પાલનપોષણ અને સંભાળ તેઓ કર્યા કરે છે. વળી, સર્વ દેવોમાં, જે દેવ અધિક વિભૂતિવાળા છે તે દેવ અલ્પજ્ઞ વિભૂતિના જીવો ઉપર કરુણા કરે છે જે સૂર્ય, ચંદ્ર, ઈંદ્રાદિક, પવન વગેરેને તે કર્તાએ પોતે જ હુકમ બક્ષીસ કર્યો છે. જેથી સર્વ કરુણાઓના ઈશ પોતે જ છે. તે માટે તેમને કરુણેશ કહીએ છીએ.

**કૈવલ :-** કર્તાએ પોતાના સંકલ્પના જે જે પદાર્થો કર્યા છે તે વળ પોખીને કર્યા છે. પોતે વળ સિવાયના છે. અને તેમને વળ રહેતો નથી. જેમ કોઈ સ્ત્રી કાંતણ કામ કરીને આંટીને વળ દે છે તેમ છતાં તેને હાથે વળ ચડતો નથી. તેવી જ રીતે નિજકર્તાએ સર્વ વિશ્વને વળ વાળુ રચ્યું છે, પરંતુ પોતે વળથી રહિત રહે છે. વળી, જેમ કુંભાર (કુલાલ) ચાક (ચાકડા) ને ફેરવીને અનેક પાત્ર વળ ઘાલીને કરે છે પણ પોતાના હાથને વળ થતો નથી. તેમ કર્તા પણ પોતાના સંકલ્પ રૂપી કરે(હાથે) કરીને સર્વ વિશ્વ વળ ભરીને કરે છે, પણ પોતે વળથી રહિત રહે છે. માટે તેમને વલ નથી તેથી કૈવલ કહીએ છીએ. એટલાં વિશેષણો કર્તાને લાગુ પડે છે. માટે તેમને એક અદ્વૈત નિજકર્તા કહીએ છીએ. પુરુષ-પ્રકૃતિની આદ્ય લઈને અણુભર વસ્તુ નવીન કરે એવા બીજા કોઈ કર્તા નથી.

**પ્રશ્ન :** તે કેવી રીતે અને શા માટે?

**ઉત્તર :** જે પ્રથમ નિજકર્તાના રચેલા સંચના પદાર્થો વિસ્તાર થયે જાય છે. તે માટે કર્તાને પક્ષે તો એક અદ્વૈત, સકર્તા સ્વરાજ કરુણેશ કૈવલ જ છે.

# અંગ 3
# સકર્તા ધામ વર્ણન દર્શાવનકો

## કર્તાનું સ્થાન

**પ્રશ્ન :** કૈવલકર્તા એક અદ્વૈત, સ્વરાજ, કરુણેશ એવા સકર્તાનું સ્થાન કયાં હશે? અને તે કેવી રીતે જાણી શકાય? અને તે કર્તાના ક્રતનો વિસ્તાર ક્યાં સુધી હશે? અને કર્તાના ક્રત વિના શું રહે તે કહો. તેનો અંત ક્યા સુધી જાણવો?

**ઉત્તર :-** પંચભૂત, પ્રકૃતિ, પુરુષ અને ખટ પારસની આદ્ય લઈને કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિનો પ્રકાશ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી કર્તાના ક્રતનો ફેલાવો જાણવો. તે ઉપરાંત કર્તાના ક્રત વિનાનું નિરસત્વ શુન્ય રહે. તે જે અવિકાસ શૂન્યનો અંત જ નથી કે તે ક્યાં સુધી હશે? હવે કર્તાનું સ્થાન તે જ કર્તાના ક્રતના વિસ્તારની ચોતરફની આદ્ય લઈને તેની મધ્યે કર્તાનું સ્થાન જાણવું. અને તે જ મધ્ય સ્થાને કર્તા બિરાજમાન રહીને સર્વ સુષ્ટિના અનંત વૈરાટની નિઘા (તપાસ) રાખે છે અને જેનાં જેવાં સુક્રિત દુક્રિત જોઈને ફળ આપ્યાં જાય છે અને પોતે તો સાક્ષીરૂપે રહીને જે જેના કર્મો હોય તે તેનાં ભૂક્તમાન કરાવે. અને પોતાને તો સામાન્ય અને વિશેષ અંશ કર્યા પછી કર્મના ફળ આપવા પક્ષે કોઈ વિશેષ કે ઓછા નથી. અને વિશેષ અંશ કર્યા છે તે પણ સામાન્ય અંશોને સુખ આપવા અને નિયંતા રાખવાના હુકમ આપવા સારૂ કર્યા છે. પણ **તે વિશેષ પક્ષે કર્તાને પ્રિય-અપ્રિય નથી.** જે વિશેષ અંશો કર્યા છે તેમને સામાન્ય અંશોની બરદાશ (સેવા) કરવાનું સોંપ્યું છે. એટલે વહાલપણ પક્ષે તો વિશેષ અને સામાન્ય અંશ કર્તાને બરાબર જ છે. પણ સર્વ અંશોમાં કર્તાને અતિ પ્રિય તે સર્વ પદાર્થોનાં કર્મ

ફળ સુખનો ત્યાગ કરીને એક નિજકર્તાનું જ અનીન થઈને આરાધન કરે. **તે જ અંશ સર્વ અંશો કરતાં કર્તાને વધારે પ્રિય અંશ છે.** જે અનેક પ્રકારનાં ઐશ્વર્યવાળા દિવ્ય સુખોનો ત્યાગ કરીને નિજકર્તાને શરણે થઈને રહે ત્યારે તે કર્તાને કેમ પ્રિય ન રહે? તે માટે એક અનિન દાસ વિના સર્વ અંશ કર્તાને સામાન્ય જ છે. માટે અનીન દાસત્વ ભાવે સર્વ સુખ ત્યજીને એક કર્તાનું જ થઈ રહેવું. જેના ઉપર અનંત બ્રહ્માંડના કર્તાની રીઝ હોય તો બીજા અનેક અલ્પજ્ઞ સુખને શું કરવું છે? એ પ્રકારે સર્વ અંશોની સંભાળ રાખનારા **કૈવલકર્તા પોતાના અનંત બ્રહ્માંડની મધ્યે જ રહ્યા છે.**

**પ્રશ્ન :** કોઈ વેદ, પુરાણ કે શાસ્ત્રની સાક્ષી વિના તે અનંત બ્રહ્માંડની મધ્યે કર્તાને કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :** તેના પ્રત્યુત્તરમાં જેમ કોઈ તેજવંત મણિને આકાશમાં અદ્ધર રાખીયે તો તેનો પ્રકાશ સઘળે ચોતરફ સરખો જ થાય. પછી તે ચોતરફના પ્રકાશના અંતને માંહેલે ગાળે (કેન્દ્રમાં) જોતાં પ્રકાશની મધ્યે જ મણિ હોય. એ પ્રકારે કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિની મધ્યે જ કર્તા છે. હવે એ મણિ જાણ પક્ષે અજાણ, જડ અને એકદેશી છે જ્યારે કર્તા તો સજાણ ને સર્વદેશી છે. અને મણિ તો પ્રકાશ કરે પણ એકલો જડવત્ જ રહે. અને કર્તા તો પોતાનો પ્રકાશ હોય ત્યાં સુધી પ્રકાશને વિષે નવિન નવિન સુષ્ટિ કરી શકે. વળી, કંદમૂળ ને વેલ જાતિ વિના જેટલાં દીર્ઘ વૃક્ષનાં બીજ જળ પૃથ્વીને યોગે ઊગી નીકળીને સ્ફુરણ થયા પછી શાખાના અંતને અધો ભાગે જોતાં અને મૂળના અધો ભાગના અંતથી ઉર્ધ્વ ભાગે જોતાં અને બાજુના પુષ્ટિપણાને અંતે તહાં વૃક્ષને સ્ફુરણ કરવાનું બીજગ જેમ હોય તે જ પ્રકારે કર્તા ક્રતની સ્ફૂરણની મધ્યે જાણવા અને વળી સર્વ વનસ્પતિ અને અન્ન જાતિની આદ્ય લઈને સર્વ બીજગના અંકુર તે બીજની મધ્યે જ રહે છે. તો તે કેવી રીતે અને શા માટે રહે છે? બીજગનાં અંકુર તો કર્તાના અંશોને રહેવાનું ભોવન છે તે માટે સર્વ અંકુર બીજગની મધ્યે રહ્યાં છે.

**પ્રશ્ન :** તે કર્તાના અંશોને રહેવાનાં ભોવન જે અંકુર તે બીજની મધ્યે કેમ રહ્યાં હશે?

**ઉત્તર :** અંશોના કર્તા પોતાના ક્રતની ઉપાધિના ફેલાવાની મધ્યે રહ્યા છે. તે માટે પોતાના અંશો સારૂ પણ બીજગની મધ્યે જ ભોવન રચ્યું છે. અને અંશ

પણ પોતાના પિતાનું જોઈને બીજની મધ્યે ભાગે રહે છે. વળી, આપણા શરીરને વિષે દશ ઈન્દ્રિયોમાં જેમ રસના અને નેત્ર જ્ઞાન ઈન્દ્રિયોમાં વિશેષ છે. જે પ્રકારે પ્રથમ રસનાયે કરીને તો સર્વ શરીરની બીજી ઈન્દ્રિયો અને તત્ત્વોનું પોષણ કરે છે. અને તે પણ બત્રીસ દાંતની વચ્ચે મુખમાં રહેલી છે. અને વળી નેત્રે કરીને સર્વ વિશ્વનું દૃષ્ટાપણું થાય છે. તે માટે નેત્રની દૃષ્ટિ પણ નેત્રની મધ્યે જ રહી છે એ પ્રકારે સર્વ શરીર-ઇન્દ્રિયોનો અધિપતિ **કર્તાનો અંશ જે આપનુંઆપ તેહી પણ બ્રહ્મરંધ્રને વિષે સહસ્ત્રદલ કમળની વચ્ચે રહ્યો છે.**

**પ્રશ્ન :** હવે આપનું આપ તે સહસ્ત્ર (હજાર) દલ કમળ વચ્ચે કેવી રીતે રહ્યું છે?

**ઉત્તર :** તે સહસ્ત્ર દલ કમળ તે સૃષ્ટિના નર માદા બીજગની ભૂમિકા છે. એ પ્રકારે પિંડ પિંડ પ્રત્યે અલ્પજ્ઞ સૂક્ષ્મ પદાર્થોના બીજ જાણવાં. એમ આપનું આપ પણ અલ્પજ્ઞ જ છે. માટે અલ્પજ્ઞે અલ્પજ્ઞ બીજની સૃષ્ટિ મધ્યે રહ્યું છે. અને વળી હિરા-માણેકની આદ્ય લઈને રત્ન નીપજે છે, તે પણ પાષાણને આસપાસ રાખીને વચ્ચે જ નીપજે છે. એ પ્રકારે જે જેથી અધિક ઐશ્વર્યવાન છે તે તે પદાર્થની વચ્ચે જ રહે છે. હવે પ્રથમ રસના (જીભ) એ મુખની મધ્યે રહી છે, તે માટે સર્વ દેહ ઈન્દ્રિયોનું પોષણ કરે છે. તેવી જ રીતે કર્તા પણ મધ્યમાં રહ્યા છે. તે સૃષ્ટિનું પોષણ કરવા સારૂ અને સુરતા પણ નેત્રની વચ્ચે રહી છે તે સર્વ પદાર્થ કાર્યને જોવા સારૂં. તેમ કર્તા પણ વચ્ચે રહ્યા છે, તે સર્વ સૃષ્ટિના અંશોનાં કર્મ, ધર્મ અને પાપ-પૂણ્ય જોવા સારું.વળી અંશ કમલ દલની મધ્યે રહ્યા છે તે સર્વ દલમાં નરમાદાના બીજની સત્તાએ કરીને વૃદ્ધિ પમાડીને પક્વ કરવા સારું. તેમ કર્તા પણ સર્વની મધ્યે રહીને અનંત બ્રહ્માંડને વૃદ્ધિ પમાડીને પરિપક્વ કરવા સારૂ રહ્યા છે. વળી, સર્વના શરીરને વિષે દશ પ્રકારના વાયુમાં પ્રાણાયામ વાયુ તે શરીરમાં સર્વ નાડીઓની મધ્યે જ રહ્યો છે, તે શા માટે રહ્યો છે? જે સર્વદેહ, ઈંન્દ્રિયો, પવન, નાડીઓનું કારણ છે. માટે મધ્ય રહે છે. તેમ કર્તા પણ સર્વ સૃષ્ટિનું કારણ છે તેથી મધ્યે રહે છે.

હવે હીરા-માણેક વચ્ચે રાખ્યા છે તે પોતાની ક્રાંતિ છુપાવીને રાખવા સારુ અને જે કોઈ ખપ કરશે તે આવરણ છેદીને લેશે. તેવી જ રીતે કર્તા પણ મધ્યે જ રહ્યા છે તે પોતાની ગતિ છુપાવીને જ રહ્યા છે. પછી જે કોઈ કર્તાનો ખપ કરશે

તે નિજ ન્યાયે કરીને અતિ અધિકારી પણે અનિન થઈને અનિત્ય (નાશવંત) આવરણ છેદીને જાણશે. તે જ અંશ નિજકર્તાને પ્રિય લાગશે. પણ કર્તાને એવું નથી કે જે કોઈ મને ન જાણે તો સારું. પોતે તો અંશોને મળવા સારૂ વાટ જોઈને જ રહ્યા છે. પણ પોતાના વિશેષણ શોધી કાઢીને અંશ અંશની મેળે જઈ મળે તો પોતે દરશવા (જોવા) સાવધાન જ છે. એ પ્રકારે એટલે દૃષ્ટાંત કરીને કર્તા પણ ક્રર્તાના સ્કૂરણની મધ્યે જ રહ્યા છે. એવા કર્તા સર્વની મધ્યે રહ્યા થકી સર્વ અંશોના રગરગ ને ચગચગની જાણે છે. તે માટે જે જેની રહેણી કરણી પ્રમાણે જોઈને ફળ દેવા સારૂ નિજકર્તા મહા વિચક્ષણ છે. અને કોઈનાં સુક્રિત દુક્રિત રતિમાત્ર પણ કર્તાને અજાણ્યાં નથી તે શા માટે? જે કર્તા તો અનંત, દૃષ્ટિમાન અને અનંત અગમ ગતિવાળા છે. જે તેથી શું અજાણ્યું રહે? માટે એ પ્રકારના કર્તા અનેક વિશેષણ સહવર્તમાન કરીને દર્શાવ્યા છે. તેનો નિશ્ચય કરીને જોતાં અંતરમાં દૃઢ થઈને પછી બીજા અનેક શાસ્ત્રના સિદ્ધાંત અવિલોકીને જોતાં તેને વિષે એ પ્રકારના કર્તા ન્યાયિક અને વિશેષણ સહવર્તમાન ન વર્ણવ્યા હોય અને ન લખ્યામાં આવ્યા હોય તો તે શાસ્ત્ર અને પુરાણના સિદ્ધાંત પતિ વિના શુષ્ક જાણવાં. તૌ તે શુષ્ક સિદ્ધાંતને સાંભળતાં શું નફો મળે તે સાંભળીયે? અને જો કદાચ સર્વને લીધે દેખાદેખી સાંભળવું પડે તો કર્તા વિનાનું સિદ્ધાંત અંતરમાં સાચું કરીને ન માનીયે.

**બીજાં અનેક ભજન સ્મરણ અને સાધન કર્તા રહિત છે.** તે તો પદાર્થની ફળ પ્રાપ્તિનાં છે પણ તે થકી કર્તાનો વિયોગ ન મટે અને પરમપદ પણ ન મળે. **માટે કર્તાનો વિયોગ મટાડવા અને પરમપદ પમાડવા લાયક એક પરમગુરુ જ છે.** અને પરમપદ તે પણ કર્તાનું ધામ જ છે. તે જ્યારે કર્તા સમજાય ત્યારે જ તે ધામમાં જવાય અને બાકી તો દેવ ભજનનાં ફળ ભુક્તમાન કરવા માટે અહીંના અહીં જ રહે. તે માટે આપણા નિજકર્તાને મળવાની ઈચ્છા કરો તો પરમગુરુને મળો તે થકી કર્તા સમજાશે. પરમગુરુ તે કર્તાના પરમવિશેષ અંશ જાણવા. એ પ્રકારે કર્તાનું ધામ અનંત બ્રહ્માંડની મધ્યે જાણવું.

# અંગ ૪

# સંસ્કૃત, પ્રાકૃત વાણીનો સિદ્ધાંત દર્શાવનકો

## સંસ્કૃત અને પ્રાકૃત વિવાદ

**પ્રશ્ન :** કોઈ કહેશે કે પ્રાકૃત વાણીનું શું પ્રમાણ છે? માટે વ્યાકરણ દેવવાણી વિના કેમ માની શકાય? એવું જ કહો તો તેનો પ્રત્યુત્તર સાંભળો.

**ઉત્તર :** પ્રાકૃત તે જે સર્વ વાણીથી શ્રેષ્ઠ તે પરાવાણી જાણવી. તે પરાવાણીનું ક્રત તે પ્રાક્રત જાણવું. તે થકી વૈને (વિયાઈને) પ્રસવ થવાથી તે કારણનું વ્યાકરણ જાણવું. તે છેલ્લી વૈખરી વાણીને વિષે જાણવું. તે કેવી રીતે? તો પ્રથમ બાળક તે પરાવાણી થકી પ્રાક્રત જ બોલે છે.

**પ્રશ્ન :** તે પરાવાણીથી પ્રાકૃત કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :** પ્રાકૃત તે પરાનું ક્રત તે વૈખરી જીભ વડે ન બોલાય અને વ્યાકરણ તે જીભ, હોઠ, તાલુસ્થાન ને નાસિકાએ વાયુનું રૂંધન કરીને વાયુનું કિરણે પ્રસવ કર્યાનું વ્યાકરણ જાણવું. તે જેમ ઘાસનું તરણ તે ઘાસનું કિરણવત્ ઘાસની છેવટે જ રહે છે. તેમ વાયુનું છેવટે તે વૈખરી તે થકી કિરણ નીકળશે. તે માટે વ્યાકરણ તે વૈખરી વાણીયે જાણવું અને પ્રાકૃત તો પરા થકી ઉત્પન્ન થયેલુ તે વૈખરી વાણીના વ્યાકરણ થકીનું ન્યૂન કેમ જાણીયે? તે માટે **પ્રાકૃત તે વ્યાકરણનું બીજ જાણવું અને પરાવાણી તે મૂળ પ્રાણાયામ જાણવો.** તે પ્રાણાયામ રૂપી પરનું ક્રત તે પ્રાકૃત જાણવું.

**પ્રશ્ન :** પ્રાણાયામરૂપી પરાનું ક્રત તે પ્રાકૃત, કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :** પ્રાકૃત તે જે જીભ, હોઠના મરોડ કર્યા વિના એકલા પ્રણવથી ઉચ્ચાર થાય તે પ્રાકૃત જાણવું અને અણ સમજણાં બાળકનું બોલવું તે બીજ રૂપે મૂળ પ્રાકૃત જાણવું. ત્યાર પછી જ્યાં સુધી જીભ હોઠ તાલું અને નાસિકાએ પ્રણવના કબજા વિના બોલે તે પ્રાકૃત જાણવું. તે માટે પ્રાકૃત તે વ્યાકરણનું બીજ જાણવું. પ્રાકૃત તે નિજ ચૈતનનું અંગિકૃત કરે છે અને વ્યાકરણ તે ચૈતનથી પર અભ્યાસ કરેલું છે. તે જ્યાં સુધી અભ્યાસ રાખે ત્યાં સુધી રહે. નહીં તો તે વિસર્જન થઈ જાય. અને પ્રાકૃત તો અભ્યાસ કર્યા વિના પણ રહે છે. જે પ્રાકૃત નિજ ચૈતનનું અંગીકૃત કરે છે. અને વ્યાકરણ તે પરથકી ઈંદ્રિયોનું અંગિકૃત કરે છે. તે ઈન્દ્રિયો અલ્પજ્ઞ છે. તે અભ્યાસ રાખે ત્યાં સુધી રહે નહીંતર તો વિસર્જન થાય અને પ્રાકૃત તો શરીરના સર્વજ્ઞ ચેતનનું અંગિકૃત છે તે કેમ વિસર્જન થઈ જાય?

**પ્રશ્ન :** કોઈ કહેશે કે પ્રાકૃતમાં તો અજ્ઞાન છે અને વ્યાકરણમાં તો જ્ઞાન છે, તો જ્ઞાન અને અજ્ઞાન કોને કહી શકાય?

**ઉત્તર :** કોઈ પણ જાતની મતલબનું પદાર્થ આરોપણ કર્યા સિવાયનું બોલે તેને અજ્ઞાન કહેવાય. જ્ઞાન તે નિજ મતલબનું પદાર્થ આરોપણ કરીને બોલે. તે માટે બાળકનું પણ મૂળ પ્રાકૃત તે રોવું. તે પણ દર્દ, દુઃખ, ક્ષુધા કે માતૃશ્રી રૂપી પદાર્થનું આરોપણ કરીને જ રડે છે. તે પણ અજ્ઞાન ન જાણવું અને વ્યાકરણ પણ કશો પદાર્થ આરોપણ કરીને જે બોલે છે. હવે તે પદાર્થ બે પ્રકારના છે તે ક્યા ક્યા છે? તો એ કે પહેલો પદાર્થે તે નિજકર્તા જે સર્વનું કારણ અને બીજો પદાર્થ તે નિજ કર્તાનું ક્રત. આ બંને પદાર્થ કહ્યા તેમાં જે વાણીને વિષે નિજ કર્તારૂપી પદાર્થનું વર્ણન આવે તે વાણી વ્યાકરણ કહે કે પ્રાકૃત પણ તે વાણી બીજક સહિત સજીવન જાણવી અને **જે વાણીમાં નિજકર્તાનું વર્ણન ન આવે. અને નર્યા પદાર્થોનું જ વર્ણન હોય તો તે વાણી વ્યાક્રણ હોય કે પ્રાકૃત હોય તો પણ તે વાણી નિરબીજ (બીજક વગરની) શુષ્ક જાણવી.** તેનું ઉદાહરણ નીચે પ્રમાણે જાણી શકશે.

જેમ કોડીનું વર્ણન વ્યાકરણથી કર્યું હોય અને પારસનું વર્ણન પ્રાકૃતથી કર્યું હોય તો પણ તેનો અર્થ વિચારતાં તો પ્રાકૃતનો પારસ જ ભારે નીકળે અને વ્યાકરણની કોડી તે કોડીનો જ માલ નીકળે. તો વ્યાકરણની વિશેષતા શું રહી? જે કોડીનો પૈસો પણ ન ઊપજે અને વળી, બીજુ ઉદાહરણ વિચારીયે તો કોઈ

પતિવ્રતા સ્ત્રીનો પુરુષ પરદેશ ગયો હોય તો તે દેશના વ્યાકરણ વડે વર્ણન કરે તો તે સ્ત્રીને શું કામનું છે? અને પ્રાકૃતથી તે કોઈ પોતાના પતિની ખબર કહે તો તે કામની છે. માટે તેનું શ્રવણ કરવું. પણ પતિ વિના વ્યાકરણ હોય તે તેને કામ નહીં આવે. તે માટે કર્તાના પદના વર્ણન વિનાનું વ્યાકરણ હોય પણ પતિવ્રતા જે પરમેશ્વરના જન તેને શું કામ આવે? તે માટે જે વાણીમાં સિદ્ધાંત મોટો હોય તે મોટી વાણી જાણવી.

**પ્રશ્ન :** કોઈ એમ કહેશે કે વ્યાકરણ તો દેવવાણી છે.

**ઉત્તર :** આનો પ્રત્યુત્તર એ છે કે જે વાણીથી તો જેનામાં જેટલી સમજણ હોય તેવું જ તે બોલી શકે. તો જ્ઞાની થકી દેવમાં શી વિશેષ સમજણ છે? તે મોટું બોલ્યા હશે. જે દેવનું ચરિત્ર-ચેન અને કર્મ-ક્રિયા તો જ્ઞાનીના કરતાં ઘણાં જ નીચાં છે. માટે તે વાણી પણ તે પ્રમાણે જ બોલ્યા હશે કે નહીં? તે માટે દેવનું સમજવું અને મોટાપણું તે જ્ઞાનીથી શ્રેષ્ઠ નથી. તો તે દેવોની વાણી તે સિદ્ધાંતે શી વિશેષ હશે? તો દેવવાણીનું અધિકપણું અમને ન દેખાડશો. વળી વ્યાકરણને દેવવાણી કહો છો તે પણ દેવના લોકનું બોલવું દેવને પ્રાકૃત છે. તે પ્રકારે સર્વ દેશનું જુદું જુદું બોલવું તે પોતપોતાના દેશનું પ્રાકૃત જ છે. **તેમ વ્યાકરણ પણ દેવ લોકમાં દેવનું પ્રાકૃત જ જાણવું.** પણ સર્વ વાણીનું સિદ્ધાન્ત તે, જે બોલીમાં પદાર્થનો અર્થ સમજવો છે. તે તો જે જેના દેશનું બોલવું તે તેના દેશમાં સર્વ સમજાય છે. તો વ્યાકરણનું તે શું અધિક પણું જાણી શકાય. માટે કાર્ય પદાર્થ પક્ષે તો પ્રાકૃત જ સુર્લભ છે.

**પ્રશ્ન :** પદાર્થના અર્થ પક્ષે પ્રાકૃત સુર્લભ હોય તો વ્યાકરણ તે બહુ મંથનવાળું શાની દોસ્તીએ કર્યું હશે?

**ઉત્તર :** જેમ સર્વ દેશ દેશની બોલી ન્યારી ન્યારી હોય છે. જેમાં આ દેશનું બોલવું પેલા દેશવાળા ન સમજાય. અને પેલા દેશનું બોલવું આ દેશમાં ન સમજાય. જેના દેશનું શાસ્ત્ર તે તેના દેશથી બીજા દેશમાં ન પ્રવર્તે. ત્યારે કોઈ **વિચિક્ષણ આચાર્ય પુરુષે સર્વ દેશ દેશના પ્રાકૃતવાણીના સ્થાપેલા પદાર્થના નામ સર્વ ભેગા કરીને તેનું વ્યાકરણ બનાવ્યું છે** ત્યારે તેણે કરીને એક દેશના શાસ્ત્ર સર્વ દેશને વિષે પ્રવર્તે. પણ તે સર્વ દેશ દેશના પ્રાક્રત બોલીના નામનો આશય લઈને જ વ્યાકરણ કર્યું છે. તે માટે આદ્ય પ્રાક્રત તે વ્યાકરણનું બીજ જાણવું. તે

પણ એક દેશનું બોલવું સર્વ દેશમાં પ્રવર્તાવવા મૃત્યુલોકના આચાર્યોએ યુક્તિ કરી છે. પણ દેવતાની બોલેલી તે વાણી નથી અને જો કદાચ દેવની બોલેલી વાણી હોય તો દેવના એક દેશની જ હોય અને વ્યાકરણમાં તો સર્વ દેશની બોલીનો સમૂહ છે. અને જો વળી, દેવવાણી જ કહેશો તો સર્વ દેશનાં પ્રાકૃત જોઈને પણ દેવ બોલ્યા હોય તો પણ પ્રાકૃતનો આશય લઈને જ કરેલી જાણવી. માટે જે તે વાણીયે પદાર્થનો અર્થ સમજવો છે. તો તે પદાર્થનો અર્થ સમજ પક્ષે પ્રાકૃતથી વ્યાકરણમાં શું વિશેષતા છે! માટે જે તે વાણીયે પદાર્થના અર્થનું કામ છે તે કેવી રીતે જાણી શકાય?

કોઈ બહેડાની આદ્ય લઈને અશુદ્ધ વૃક્ષની શાખાની એંધાંણીએ (નિશાનીએ) ચંદ્રમાને દેખાડ્યો તો પણ ચંદ્રમા દેખવા સાથે કામ હતું. અને વળી ચંદન સરુતરુની આદ્ય લઈને ઉત્તમ વૃક્ષની શાખાની નિશાનીએ ચંદ્રમા દેખાડ્યો તો પણ ચંદ્રમા દેખાડ્યાની મતલબ હતી. પછી ચંદ્રમા જોતાં શુભ કે અશુભ વૃક્ષનું શું વિશેષ કે ઓછું મહત્વ છે? માટે વ્યાકરણને જો શ્રેષ્ઠ કહેશો અને પ્રાકૃતને અશુદ્ધ કહેશો તો તમે શબ્દના સિદ્ધાંતને નથી જાણતા અને ન્યરા (એકલા) શબ્દને જ સાધી જાણો છો. તે માટે તમે કેવા છો ? કે જેમ પોપટ શબ્દ જ સાધી જાણે છે પણ શબ્દના સિદ્ધાંતને ન સમજે તેમ તમે પણ એના જેવા જ છો.

તમે નિજકર્તાના અનુભવના સિદ્ધાંતને સમજી શકશો? માટે અમારું બોલવું તે સર્વ સિદ્ધાંતને શું સમજી શકશો? માટે અમારું બોલવું તે સર્વ સિદ્ધાંત અને વ્યાકરણનું નિજ બીજ કારણ છે. જે અમારા બોલવામાં ન્યાય સહિત નિજ કર્તાનું વર્ણન છે. તે માટે અમારું બોલવું તે સર્વ અખિલ બ્રહ્મ સૃષ્ટિની વાણીનું કારણ છે. જે રખે પ્રાકૃત જોઈને પાછા ભાગતા. તો તમને નિજકર્તાના ઘરનું ઠેકાણું બીજી જગ્યાએ ક્યાંય નહીં જડે. જે તમારી સર્વ વાણીઓના સિદ્ધાંત તો જોઈ લીધા છે. તેમાં એક પણ સિદ્ધાંત નિજકર્તાને અંગીકૃત લાગે તેવું નથી. તમે તો નિજકર્તાના કૃતના પદાર્થ સર્વ વાણીઓને વિષે સાધ્યા છે. પણ નિજકર્તાને નિશ્ચય કરીને વાણીમાં નથી વર્ણવ્યા. તમે જે સગુણ વર્ણવ્યું છે તે તો કર્તાના કૃતનું છે અને નિર્ગુણ અકર્તાનું વર્ણન કર્યું છે તે તો પ્રકાશવત્ કર્તાની સમશક્તિનું કર્યું છે. પણ **નિજકર્તાનું કોઈયે વર્ણન કર્યું નથી.** તે પ્રકારે તેમનાં ભજન-સ્મરણ અને સાધનાનાં કર્મ પણ નિજકર્તાને અંગીકૃત નથી થતાં. તે જયારે જે વાણીનાં

સ્થાપન કરેલાં ભજન-સ્મરણ અને કર્મ નિજકર્તાને અંગીક્રત ન થાય તો તે દેવવાણી હોય તો પણ મનુષ્યના કરતાં કનિષ્ટ જાણવી. તે માટે વ્યાકરણ હોય કે પ્રાકૃત હોય, પણ જે વાણીમાં સિદ્ધાંત મોટું હોય તે વાણી ગ્રહણ કરવી. હવે જે સિદ્ધાંત મોટું તે **જે જે વાણીમાં નિજકર્તાનું સ્થાપન હોય તે જ સિદ્ધાંત મોટો જાણવો.** તે સિદ્ધાંતનું વર્ણન પણ અમે સર્વ દેશમાં પ્રવર્તે એવું વ્યાકરણમાં પંચમવેદ સક્રત બીજ બોલ્યા છીએ. તે સર્વેને અબાલવૃદ્ધને સમજ્યામાં આવે નહીં; માટે એકદેશી તેમનો અર્થ-આશય કહી સમજાવીએ છીએ, અને તે વિના બીજી અનેક વાણીઓ ડહાપણ ચતુરાઈ અને લાવણ્યતાની ભરેલી છે. તે સર્વ ઈતિહાસ કરવાની, પણ પોતાના નિજકર્તાને અંગીક્રત કરીને હેતુ ઉપજાવે એવી નહીં. તે જેમ કોઈ નગરનાયિકા (વેશ્યા) અતિશય લાવણ્યતા, ડહાપણ અને વાણીથી વિશ્વ મોહિત કરે એવી હોય તો પણ પતિવ્રતા જેવી નહીં, અને તેની પણ તુલ્ય (સરખામણી) આવે નહીં. કેમકે જે પતિવ્રતા તો થોડાં વચન બોલે પણ પતિને અંગિકૃત થઈને પતિને રીઝવે છે ત્યારે તેને પતિ પોતાની માનીને પાલન પોષણ કરે છે. અને વેશ્યા તો અનેક પ્રકારનું ઈતિહાસ બોલીને રીઝવે છે પણ કયો પતિ પોતાની માનીને ધણીયાતું કરે?

એજ પ્રકારે નિજકર્તા પતિના સ્થાપન વિનાની વાણીના કર્તાને કોણ પોતાનો માનીને સહાય કરી મોક્ષ પમાડશે? તે માટે એવા જીવ તે સદાયકાળ નધણીયાતા સરખા ભવમાં ભટક્યા કરે પણ કોઈ કાલે પાર પામે નહીં. માટે પતિ વિનાની વાણીના શુષ્ક જ્ઞાન અને અકર્તાનાં વચન સાંભળીને તેને વિશ્વાસે ખોટી ન થશો અને જો તેમના કહ્યાના વિશ્વાસે રહેશો તો દેહને અંતે પાછા પસ્તાશો.

**પ્રશ્ન :** તે કેવી રીતે?

**ઉત્તર :** ઉદાહરણ તરીકે જેમ કોઈ ખેડૂત અષાઢ માસના પ્રથમ વરસાદે હળોતરુ કરીને રસ્તે જાય છે, ત્યારે રસ્તામાં એક કૃતઘ્ની મોચીની તૂમડી પડી હતી. તેને ઓથે તેનો જીવ અવગતિયો થઈને બેઠો હતો. તે પેલા ખેડૂતને કહેવા લાગ્યો કે હે ભાઈ, તું મારી સેવા કરીને બેસી રહે અને હવે તો વરસાદ નહીં વરસે. માટે શાની ખોટી મહેનત કરી મરે છે? પછી ખેડૂત તેના વચન ઉપર ખેતીવાડીનાં કર્મ છોડી દઈને વિશ્વાસ રાખીને તેની સેવા કરવા લાગ્યો અને પછી વરસાદ તો વરસવા લાગ્યો ત્યારે પેલો ખેડૂત કહે ; હે તૂમડી આ તો વરસાદ

વરસતો દેખાય છે. ત્યારે પેલી તૂમડી કહે જે તું વરસાદને વરસતો દેખીશ જ નહીં. આવા વરસાદે કંઈ પાકવાનું નથી માટે તું સર્વ ભ્રાન્તિ મૂકી દઈને મારા વચન ઉપર જ દ્રઢતા રાખી રહે. પછી તે ખેડૂત વરસાદની ભ્રાન્તિ મૂકી દઈને બેસી રહ્યો. પછી વરસાદ તો વરસીને પરિપૂર્ણ વર્ષ પાક્યું અને સર્વ લોક નવાં અન્ન ખાઈ ખાઈને કિલ્લોલ કરવા લાગ્યા ત્યારે પેલા ખેડૂતે પેલી તૂમડીને પૂછ્યું કે હે તૂમડી ! તું તો કહેતી હતી કે વરસાદ નહીં વરસે અને અન્ન પાકશે પણ નહીં અને આ તો વરસીને પરિપૂર્ણ વર્ષે અન્ન પાક્યું. ત્યારે પેલી તૂમડી કહે કે હું તો કૃતઘ્ની તૂમડી છું અને આવાં જ કામ કરું છું પણ સર્વ કર્મ છોડીને મારે વિશ્વાસે રહેનારના તારા જેવા જ હાલ થાય છે. પછી તૂમડીનું એવું સાંભળીને પેલા ખેડૂતને કેવો પસ્તાવો થયો હશે?

આ પ્રકારે બ્રહ્મજ્ઞાનીનું વહિતળ જ્ઞાન સાંભળીને વિશ્વાસે રહેશો અને પરમેશ્વરનું ભજન સ્મરણ છોડી દેશો તો પેલા ખેડૂતના જેવો પસ્તાવો થશે. તે માટે નિજકર્તાના સંજુક્ત જ્ઞાન વિના બીજા વહિતળ જ્ઞાનના કર્તા જે તે જીવોને કર્મથી અને કર્તાથી વિમુખ કરનારા ને કૃતઘ્ની તૂમડી સરખા જ જાણવા.

વળી, બીજું ઉદાહરણ જોઈએ તો કોઈ બે પુરુષ પરદેશ જઈને મોટા શહેરમાં ટહેલ નાખવા લાગ્યા. એક તો કોઈ ધનવંત શેઠને ઘેર ટહેલ નાખે છે અને બીજો કોઈ ભંગેરીને ત્યાં મુકામ રાખીને ભાંગ પીને બજારમાં જઈને કહેવા લાગે કે ભાઈઓ મારે કશા દ્રવ્યની ખોટ નથી અને હું તો સર્વ સમૃદ્ધિએ પરિપૂર્ણ છું. જે કોઈને દ્રવ્ય લેવું હોય તે આવો. એવા પ્રકારની ટહેલ નાખતાં વરસ વીતી ગયું ત્યારે તેઓ પોતાને ઘેર જવા તૈયાર થયા. ત્યારે તો પેલા શેઠની ટહેલવાળાને તો પેલે શેઠે દ્રવ્ય આપીને ધનવંત કરીને ઘેર મોકલ્યો પણ બીજો તો ખાલી ને ખાલી જ ઘેર ગયો. પણ ઘેર રહીને શું કમાઈને ગયો છે? કે તે ભુક્તમાન કરે? ત્યારે પાછો પરદેશમાં જ રટણ કરતો રહે અને પેટ ભરીને ખાય. હવે તેનો સિદ્ધાંત એ છે કે જે નગર શેઠને ઘેર ટહેલ નાખનારો તે તો પરમેશ્વરનો ઉપાસક જાણવો અને ભંગેરીને ઘેર ઉતર્યો હતો તે બ્રહ્મજ્ઞાની. તે બ્રહ્મજ્ઞાનરૂપી ભાંગ પીને બકે છે કે હું તો અહં બ્રહ્માસ્મિ પરિપૂર્ણ છું અને તમારે કોઈને વશ થવું હોય તો આવો. એવું કહેતાં વશ તે બધો જન્મારો જાણવો. પછી અંતે પેલા પરમેશ્વરની ઉપાસનાવાળાને તો પરમેશ્વર દ્રવ્ય રૂપી પરમપદ આપીને પોતાના ધામમાં રાખ્યો

અને પેલો તો પરમેશ્વરની ભક્તિ કર્યા વિના શાની મજુરી આપીને પોતાના ધામમાં રાખે? માટે તેને તો તુરંત ને તુરંત ચોરાસી લક્ષયોનીમાં જન્મમરણ ભુક્તમાન કરવાં પડે. તે માટે નિજકર્તાની ભક્તિ છોડીને બ્રહ્મજ્ઞાનમાં કોઈ વહિતળ વિટંડ થઈ જશો નહીં અને કર્તાની ભક્તિ અને ભજન કરશો તો તમારો ઉદ્ધાર થશે અને ધણિયાતા કહેવાશો. તે જયારે નિજકર્તાના ધણિયાતા થશો ત્યારે કાળમાયાની આદ્ય લઈને બીજાં અનેક વિઘ્ન છે તેમાં પછી તેમને કોણ આંચ દેઈ શકનારા છે? અને જયારે કાળ માયા અને વિઘ્નની આંચ રહિત થશો, ત્યારે તો અવતાર ધરશો તો પણ મુક્ત રૂપ છો.

**પ્રશ્ન :** વળી બ્રહ્મજ્ઞાની તો કહેશે કે અમે તો બ્રહ્મજ્ઞાનથી જ મુક્તરૂપ છીએ.

**ઉત્તર :** એવું જો કહેશો તો અમે અનેક ન્યાયે કરીને જોયું તો પણ બ્રહ્મજ્ઞાને અને એમને કેમે કરીને મુક્ત રૂપ થવાય એવું નથી. તે માટે તો કર્તાની બંદગી થકી કર્તા રીઝીને મુકત કરે તો જ થવાય, કે પંચ પ્રકારના દેહ ભાગીને કર્તામાં મળે તો થાય. પણ તે પંચ દેહ ભાગવાની કળ તેમના હાથમાં નથી અને તેમનાથી ભગાય એવા નથી. શાથી? જે કર્તાની અદ્રષ્ટ વિભૂતિના પદાર્થ કર્તાનાં કરેલાં કર્તા વિના કે કર્તાની કરેલી અવધિ વિના કોઈ ભાગી શકે નહીં. અને વળી કર્તાની બંદગી અને ભક્તિ વિના આપોઆપ જ્ઞાન પામીને મોક્ષ થવાય તો કર્તાના કર્યાનું અને કર્તાનું શું મહત્વ રહ્યું? તે માટે **કર્તાની ભક્તિ કરતાં કર્તા રીઝે અને કર્તાના કર્યા વિના કોઈથી તરણ પણ હાલી શકે નહીં.**

# અંગ ૫

# પરચા પ્રકરણ
# ચર્તુંવિધ જીવ નિરૂપણ કો અંગ

## ચાર પ્રકારના જીવ

**પ્રશ્ન :** કોઈ એમ કહેશે કે જે આગળ મોટા મોટા આચાર્યોની આદ્ય લઈને અવતારાદિક થઈ ગયા. તે અનેક પ્રકારના પરચા આપી ગયાં. કેટલાંકને મૂવા સજીવન કર્યા અને કેટલાંક લૂલાં પાંગળાં અને આંધળાને હાથ પગ અને આંખો આપી ગયા હશે અને તમે તે કહ્યું કે કર્તાના કર્યા વિના બીજાથી તરણ પણ ન હાલે ત્યારે તેમણે પરચા કેવી રીતે આપ્યા હશે?

**ઉત્તર :** હવે તેનો અભિપ્રાય અમે જણાવીએ છીએ. અમે પણ એહેવું તો ગ્રંથને વિષે કહી ગયા છીએ પણ તેનો અભિપ્રાય કહીએ તે સાંભળો. આ જગતને વિષે ચાર પ્રકારના જીવ છે. તે ક્યા ક્યા છે? (૧) જીજ્ઞાસુ જીવ, (૨) મુમુક્ષુ જીવ, (૩) અર્થાઅર્થી જીવ અને (૪) વિષયી જીવ. આ ચાર પ્રકારના જીવ તે એક કર્તા થકી છે તે સમજવા માટે એક દૃષ્ટાંત કહીએ છીએ. જેમ એક જળથી ચાર વસ્તુ નિપજે છે જે (૧) પરપોટો, (૨) મીઠું, (૩) કરો, (૪) મોતી. આ ચાર વસ્તુમાં **પરપોટો - જિજ્ઞાસુ જીવ જાણવો; મીઠું તે મુમુક્ષુ જીવ જાણવો, કરો તે અર્થાઅર્થી જીવ જાણવો અને મોતી તે વિષયી જીવ જાણવો.** તેમાં જીજ્ઞાસુ જીવ તો ન્યાય સહિત કર્તા સબંધી જ્ઞાન સુણતામાં જ ચેતીને શરણે આવ્યો. પછી તેને કર્તાની ભક્તિ જે રીતે કહી તે રીતે કરવા લાગ્યો. અને મુમુક્ષુ જીવને તો દોસ્તી

કરીને તેની સાથે એક્તા થઈને ધીરે ધીરે પ્રબોધ કરતાં ગળીને શરણે આવ્યો. તેને પણ કર્તા સંબંધી ભક્તિમાં વળગાડ્યો. અને અર્થાઅર્થી જીવ ને તો જન્મમરણને ચોર્યાસીનો અને નર્કનો ભય દેખાડીને ગળવ્યો ત્યારે તે ગળીને ચરણે આવ્યો. તેને પણ કર્તા સંબંધી ભક્તિ આપીને વળગાડ્યો. પછી પેલા વિષયી જીવને તો એ ત્રણ પ્રકારના જ્ઞાનની આદ્ય લઈને બીજા અનેક પ્રકારે સમજાવ્યા. પણ કોઈ એ કે ઈ પ્રકારે ન સમજ્યા અને અમારી પાસે પણ ન આવ્યા અને અળગા ને અળગા રહ્યા. ત્યારે અમે પેલા ત્રણ પ્રકારના હરિજનોને કહ્યું કે અમારી પાસે તો એ લોક આવતા નથી. ત્યારે તે લોકોને તમે સમજાવીને અમારી પાસે લાવો તો તેઓને અમે દરેક પ્રકારે સમજાવીને પશુ સરખા જંગલીને માણસની હારમાં આણીને પછી ન્યાય સહિત નિજકર્તા ઓળખાવીને તેમની ભક્તિ કરાવીએ. ત્યારે તે સમજેલા લોક જે હરિજન તે જઈને તેઓને બોધ કરવા લાગ્યા. ત્યારે તે જંગલી સાકુટ એવું બોલ્યા જે તમારા ગુરુ તે શું કોઈનાં મૂવાં જીવતાં કરે છે? કોઈ લૂલાં પાંગળાં - આંધળાંને હાથ પગ કે આંખો આપે છે? જેથી અમે તેમને માનીયે અને તેમને શરણે આવીયે? અને વળી તમારા ગુરુ તે પણ ખાય છે? પીવે છે? અને આપણા સરખા જ છે કે નહી? માટે કશો પરચો દેખાડે તો અમે માનીયે એવું બોલનારા તે સર્વે લોક હતા. તે શા માટે? તેમને અંતર જ્ઞાન નથી. એટલે તે ઉપલે દેહે તે શું  વિશેષતા દેખીને માને? એવું પેલે હરિજને અમોને આવીને કહ્યું. ત્યારે અમે નિજકર્તાની સ્તુતિ કરીને કર્તાની આજ્ઞા માંગતા કે હે કર્તા! પેલા ચાર પ્રકારના જીવ તો તમારા સ્વરૂપને અને તમારી મહાનતાને જાણતા કર્યા પણ એ પ્રકારના જીવ તો અમારી પાસે પણ આવ્યા નહીં. તો તેઓને કેમ કરીને સમજાવીએ અને ઓળખાવીએ? અને ખાન-પાન તો તેમને તમારે સરખું આપવું પડે છે. અને તમને તો ઓળખતાય નથી. તો તેણે તમારે ઉપજાવીને પાલનપોષણ કર્યાની શી મતલબ પહોંચી? અને તમારે મોટપણાની અને મહાનતા પ્રમાણે તેની તો તમારે ગણત્રી કે ઘણના પણ નથી. પણ હું તમારો નિજ અંગીકૃત મહાદ્ અંશ છું તો મારે તમોને ઓળખાવ્યા વિના કેમ ચાલે? અને મને પણ તમે આજ્ઞા કરીને ભવને વિષે  પાઠવ્યો છે તે એ પણ તમારી શી મતલબ સાધી? તે માટે તે જીવને તમને ઓળખાવવા અને ઓળખ્યા પછી ચાહે તેમ કરો. પણ તમારી મહાનતાને તો  જાણે ખરા. તે માટે આજ્ઞા માંગીને એજ

કહું છું જે એ લોક તો પરચા થકી જ માને છે પણ તે પરચા આપણા હુકમ વિના બીજા તરણુંય કેમ હાલી શકે? એ પ્રકારે અમે પણ સ્તુતિ કરીને કર્તાની આજ્ઞા માગીને તે પ્રમાણે કર્તાના કરાવ્યા થકા પરચા અંતે ગ્રંથો મેં લખીને પેલા સમજેલા હરિજનોને મેં આપ્યા હતા. પણ તે પરચાનું આંન અમારે માથે લીધું નથી. શા માટે? જે પરચા આપ્યા તે કર્તાની પાસે જ કરાવ્યા છે તો આપણે માથે શીદ લેવા જોઈએ? પછી તે ગ્રંથ પેલા સાકુટ લોકોને સંભળાવ્યા. ત્યારે તે સાકુટ લોકોને સાંભળીને ભાવ ઉપજ્યો. અને અમારી પાસે આવવા લાગ્યા. પછી તે જીવને હેત કરીને પાસે બેસાડીને થોડો થોડો બોધ કરવા માંડ્યો. તેમ તેમ તે જીવોને અમારી ઉપર હેત ઉપજવા લાગ્યું. શા માટે? એતો જડ હતા. પણ પેલા પરચા જાણીને ઉરમાં ભાવ ઉપજાવે છે. પછી અમારી સાથે તે જીવોની દ્રઢતા સાચી બેઠી. પછી તે જીવ અમારી સાથે અંતર ખોલીને વાતો કરવા લાગ્યા. કે હે સ્વામી તમે તો કોઈ અકળ અવિનાશી પુરુષ છો. ત્યારે અમે કહ્યું કે હે ભાઈઓ! એવા અમને તમે કેવી રીતે જાણ્યા? ત્યારે તે કહેવા લાગ્યા કે **હે મહારાજ! તમે તો ઘણાંનાં કાર્ય કર્યા જે મુવા મનુષ્ય હતા તેમને જીવાડ્યા અને ઘણાંકને હાથ પગ અને આંખો આપી, અને એવાં બહુ જણાનાં કાર્યો કર્યા છે. માટે એવાં કામ તે મહાપુરુષ વિના કેમ થાય?** પછી તે સર્વ લોકોને અમે એવું કહ્યું કે એમાંનું અમે તો કંઈ કર્યું નથી. અને એ તો પેલા હરિજનોએ અમારી ઉપમા કરીને તમોને કહ્યું હશે. પણ એવું અમે નથી કર્યું. અને જો પરચા કર્યા હશે તો નિજકર્તાએ અમારી સહાય કરવાને કર્યા હશે. ત્યારે સર્વે હરિજન કહેવા લાગ્યા. જે મોટા પુરુષ હોય તે મુખે કેમ કહે જે અમે કર્યું છે માટે મોટા પુરુષ પોતાની કીર્તિ પોતાને મુખે ન કરે પણ અમે કેમ જુઠું માનીયે. એ પ્રકારે અમે ના ના કહેતા જઈએ તેમ તેમ તેમને વિશેષ દ્રઢતા થતી જાય.

અને જયારે અમારે વિષે જીવ વિશ્વાસ લાવીને દ્રઢ થયા. ત્યાર પછી તે જીવોને અમારે બોધ કરતાં ફાવ્યું. પછી અમે જે જે જ્ઞાન કરીએ તે તે સાચું જ માની લે અને ચિંતવન કરીને સમજવા લાગ્યા. હવે તે જાણવા લાગ્યા તે જે સાર, અસાર, સાચ અને જૂઠ. વળી નિત્યાનિત્ય વિવેક જે આ તે નિત્ય વસ્તુ, અને આ તે અનિત્ય વસ્તુ, જે આ તે કર્તા થકી જ નીપજે અને બીજા થકી ન નીપજે. અને કર્તા આપે જ (પોતે જ) જેને હાથે કરાવે તો તે વડે નિપજી શકે.

પણ કોઈ બીજાથી આપોઆપ ન નિપજી શકે. એવું જયારે સમજવા લાગ્યા ત્યારે અમને નિજ જ્ઞાને કરીને સત માન્યા અને એ પ્રકારે જયારે સત માન્યા ત્યારે અમે તેઓને કર્તા સંબંધી કર્મ કરાવીને માણસની હારમાં આણ્યા. અને જયારે એ લોક માણસની હારમાં આવ્યા ત્યારપછી તે લોકોને અમે નિજકર્તા સંબંધી ઉપદેશ કરીને સુખીયા કર્યા. પછી તે લોક કર્તાને જાણવાથી સુખીયા થઈને પેલા પરચા પરચીના વહેમ ભૂલી ગયા અને મહાત્મ થકી અમને પણ ઘણાક મોટા કરી જાણ્યા. તે એ કેવી રીતે જાણી શકાય?

જો પરચાનો વહેમ એમના અંતરમાં રહ્યો હોય તો કોઈ હરિજનને એકનો એક પુત્ર હોય અને અમે ત્યાં બેઠા હોઈએ ને તે પુત્રનું મૃત્યુ થાય પણ તે અમને કોઈ ન કહે કે આ બાળક જીવતું કરો ! કારણ કે તેઓ જે પરચાની હાંણી; નહાંણી સમજી ગયા છે તે માટે નથી કહેતા કે આટલું કામ કરો. એ પ્રકારે તે જંગલી જડ જીવોને ચેતાવીને પરમેશ્વરના પદને પમાડ્યા.

આ વસ્તુને ઉદાહરણથી સમજવા માટે ચોપગા પ્રાણીને વિષે મદોન્મત્ત હાથીને ઝાલીને વશ કરવો હોય તો તેને ખાઈ ખોદીને તેની ઉપર કાગળની હાથિણી ઊભી રાખીને ખાઈમાં પાડે છે માટે તે શું સાચી હાથિણી છે? પણ જૂઠી હાથિણી થકી પડ્યો. પછી તેને મહાત્ત કરીને રાજાની સવારી યોગ્ય કર્યો. વળી બીજુ દ્દષ્ટાંત તે એ જે વનને વિષે સિંહ રહે છે, તે કોઈને હાથ નથી આવતો. તેને પણ ખાઈ કે પાંજરામાં છેતરીને પકડે છે. પછી તેને વસ્તીમાં લાવીને ભણાવે છે. અને રાજાને કામ આવે છે. એ પ્રકારે પેલા સાકુટ જંગલી જીવ એવા જ હતા, પણ તેમને પરચા રૂપી પાંજરાની ખાઈમાં પાડીને પરમેશ્વરને ખપ લગાડ્યા. તે આચાર્યે સારું કર્યું કે ખોટું કર્યુ? વળી બીજુ દ્દષ્ટાંત લઈએ તો જે કોઈ બાળકને રોગ થયો હોય તો તેને ઔષધ પાવાની દોસ્તી તેની માતા હાથની ખાલી મુઠી વાળીને કહેજે - બેટા આટલું ઓસડ પીવું તો આ મારી મુઠીમાં લાડવો છે તે તને આપું. એ પ્રકારે માતાએ પણ જુઠું બોલીને બાળકને ઔષધ પાઈને રોગ મટાડ્યો. તે જ રીતે આચાર્યે જગતરૂપી બાળકને જ્ઞાનરૂપી ઔષધિ પાઈને મોક્ષ પમાડે છે.

## અંગ ૬

# રાજનીતિ દેખાવ-પરમગુરુ પ્રતિપાદન કો

વળી કોઈ નરાધિપતિ રાજાને મહાવિકટ વાંકો દેશ જીતવો હોય તો અનેક પ્રકારનાં છળ કરીને જ જીતે છે. પછી તે વંકા દેશને અનેક પ્રકારના અન્યાયી કૌભાંડ છોડાવીને રાજા ન્યાય નીતિમાં વર્તાવે છે ત્યારે સર્વ લોક સુખ પામે છે. તે સુખ પામીને સર્વ લોક સરકારને આશીર્વાદ દે છે. પછી તે આશીર્વાદે કરીને પેલા છળછિદ્રનો (છળકપટનો) દોષ નરાધિપતિને એકે પણ નવ રહે. પછી પોતાની જય થઈને અમલની વૃદ્ધિ પામતી જાય. પણ ન્યાયે ચાલીને જગતને સુખ વર્તાવે તો તેનું રાજ ઘણાક કાળ પહોંચે. વળી, **ન્યાયે ચાલ્યા થકી અને રૈયતને સુખ પમાડવાથી રાજાની કીર્તિ અને શોભા ઘણી વધે. અને શોભા અને સુકીર્તિ એ જ રાજ કર્યાનું ફળ જાણવું.**

જે રાજાનો આલોક અને પરલોકમાં યશ રહે, તે યશ થકી જે લોકમાં જાય તે લોકમાં તેનું આદરમાન અને સુખ જ આપે. તે જ માટે રાજાનું તાત્પર્ય એ જ છે, જે તાડન સહિત ન્યાયે ચાલવું અને રૈયતને પાળવી. તો રાજ કર્યાનો દોષ ન લાગે. અને પરમેશ્વર રાજી રહે. અને જ્યારે પરમેશ્વર રાજી રહ્યા ત્યારે એને બીજુ શું જોઈએ છીએ? તે માટે રાજાએ પ્રજાને દુઃખ ન દેવું અને જો પ્રજા અતિશય દુઃખ પામે તો તે દુઃખને લીધે પ્રજાનો એકો થઈ જાય. તો રાજ્ય ભંગ કરે. અને જ્યારે રાજ ભંગ થાય તો જગત બહુ જ દુઃખી થાય અને એકબીજાને

લૂંટી ખાઈને ઉજ્જડ કરી નાખે. માટે રાજાને જગતનો એકો ન થવા દેવો. તે શા માટે? જો એકો થાય તો જગત લુંટાઈને ઉજ્જડ થાય. અને જ્યારે જગતનો ભંગ થાય ત્યારે પરમેશ્વરને પોતાના મહદ્ અંશ મોકલીને નિયમમાં રખાવતાં ઘણો જ પ્રયત્ન કરવો પડે. ત્યારે તે કરતાં જે રાજાનું રાજ્ય હમણાં ચાલતું હોય અને તેને નિયમમાં રાખી શકે તો ઘણું સારું. જેથી પરમેશ્વરને શ્રમ ન પડે. હવે એટલા પ્રકારના ન્યાયે જોતાં રાજપદવીની ઐશ્વર્યતા ઘણી જ મોટી છે પણ જો અમે કહ્યું તે પ્રકારે કરી જાણે તો રાજા રાજ કરે. અને પરમેશ્વરને પણ પામે. માટે એ પ્રકારે ન્યાય ચલાવીને જગતને પાલન કરીને સુખી રાખવા યોગ્ય તો એક રાજ પદવી જ છે.

(દોહા)

તબતે શિખ સક્ત વિધિ, રાજ રીતનકી સોય;
ભિન્ન ભિન્ન કરી ભાખેહું, અર્થ સહિત ગતિ મોય. ૧
જક્ત કબજ કરનન જીનું, પાલન કરન તગાજ;
છલ બલકી કળ કહી તમ; લહે સો રાજ ધિરાજ. ૨
શ્રીપતિને મુખ યૌ કહ્યો, હે નરપત મમ તુલ્ય;
જબતે રાજ કર ન જીનું, કિનેહું અર્થ અમૂલ્ય. ૩
કુલ રાજન જેહી અવન્ય કે, ઔરુ ઈશ્વર અવતાર;
પરમગુરુ શિર સબનકે, શિખ દેવન અધિકાર. ૪
તદપિ તાય જુગ જાહેર, સકલ મરમ ગતિ સાર;
રાજ રીત રજતજ સબે, કીનેહુ કુવેર પોકાર. ૫

# સકર્તા અદ્વૈત લક્ષબોધ પંચીકરણ

**પ્રકરણ ૧: પરમ એકદેશી પદનું નામ નિરૂપણ ........................................ ૪૮**
કૈવલકર્તાનું સ્વરૂપ ........................................ ૪૮
એકદેશી અને સર્વદેશી પદ ........................................ ૪૯

**પ્રકરણ ૨: શ્વસંવેદ નામ નિરૂપણ ........................................ ૫૧**
પંચમશ્વસંવેદનું નિરૂપણ ........................................ ૫૧
પંચમવેદ લોપ થવાનું કારણ ........................................ ૫૧

**પ્રકરણ ૩: શ્વસંવેદની ગમગતિ વિશેષ વિસર્જન નામ નિરૂપણ ........................................ ૫૫**

**પ્રકરણ ૪: પરમવિશેષ આગમ નામ નિરૂપણ ........................................ ૬૩**

**પ્રકરણ ૫: સત્ સંકલ્પ તત્ત્વ સર્જનક્ત નામ નિરૂપણ ........................................ ૬૮**

**પ્રકરણ ૬: માનવદેહ અંશ પ્રવેશ તત્વ ચેતન ક્ત નામ નિરૂપણ ........................................ ૭૪**
ઈચ્છાવૃત્તિ ........................................ ૭૫

**પ્રકરણ ૭: ખટવૃત્તિ આદી ચોરાસીતત્ત્વ ભાગની સાધારણ પ્રવૃત્તિ નામ નિરૂપણ ........ ૭૬**
કૈવલકર્તાનું સ્વરૂપ ........................................ ૪૮
રજો ગુણ ........................................ ૭૬
અહંકાર ઘણ ........................................ ૭૭
સતો ગુણ ........................................ ૭૭
સ્વકાશ ઘણ ........................................ ૭૯
તમો ગુણ ........................................ ૮૦
અચંત ઘણ ........................................ ૮૧
ગુણ અને ઘણ ........................................ ૮૨
ચતુર તત્વકારણ ........................................ ૮૨
નિરંજન અને અવ્યાક્ત ........................................ ૮૨
પ્રકાશ બ્રહ્મવૃત્તિ ........................................ ૮૩
સંજમ ભોગ વૃત્તિ ........................................ ૮૪
ક્રિયા વૃત્તિ, સજીવન વૃત્તિ અને અંશ વૃત્તિ ........................................ ૮૫

**પ્રકરણ ૮: શાસ્ત્ર ગતિ બ્રહ્મ પર કૈવલ દેશ નામ નિરૂપણ ........................................ ૮૬**

**પ્રકરણ ૯: ઈચ્છાવૃત્તિ આદિ નિજ અંશ લક્ષણા સત્ કૈવલ પરમ યજન પરમાર્થ સાધન ઊલટક્રિયા નામ નિરૂપણ ........................................ ૯૦**
**ઉપ પ્રકરણ ૧:** રજોગુણની દશ આકાંક્ષાની ઊલટક્રિયા ........................................ ૯૦
ઊલટક્રિયાવિભાગ પ્રારંભ ........................................ ૯૦
રજો ગુણ ........................................ ૯૦

**ઉપ પ્રકરણ ૨:** અહંકાર ગણના પંચમાત્રા અને પંચભૂતની ઊલટક્રિયા ...૯૮
અહંકારઘણ....૯૮
**ઉપ પ્રકરણ ૩:** સત્વગુણનાં પંચ અવસ્થા અને પંચ અંતઃકરણ
મળી દશ તત્વની ઊલટક્રિયા .... ૧૦૦
સતો ગુણ.... ૧૦૦
**ઉપપ્રકરણ ૪:** સ્વકાસ ઘણના પંચ સભસકરણ અને
પંચ વિવસ્તાએ દશ તત્ત્વ ઊલટક્રિયા .... ૧૦૬
સ્વકાશ ઘણ.... ૧૦૬
**ઉપ પ્રકરણ ૫:** તમોગુણના દશકાળની ઊલટક્રિયા .... ૧૧૦
તમો ગુણ.... ૧૧૦
**ઉપ પ્રકરણ ૬:** અચંતઘણની દશભાવનાની ઊલટક્રિયા .... ૧૧૨
અચંત ઘણ.... ૧૧૨
**ઉપ પ્રકરણ ૭:** ખટ ગુણ-ઘણની મુખ્ય ઊલટક્રિયા.... ૧૧૭
ગુણ અને ઘણ .... ૧૧૭
**ઉપ પ્રકરણ ૮:** ચતુર તત્વ કારણની ઊલટક્રિયા.... ૧૨૦
ચતુર તત્ત્વ કારણ .... ૧૨૦
**ઉપ પ્રકરણ ૯:** નિરંજન અને અવ્યાક્રત તત્વની ઊલટક્રિયા.... ૧૨૧
નિરંજન અને અવ્યાક્રત.... ૧૨૧
**ઉપ પ્રકરણ ૧૦:** પ્રકાશ બ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્વની ઊલટક્રિયા .... ૧૨૨
પ્રકાશ બ્રહ્મવૃત્તિ .... ૧૨૨
**ઉપ પ્રકરણ ૧૧:** સંજમ ભોગ વૃત્તિનાં ત્રણ ચક્ષસત્વની ઊલટક્રિયા .... ૧૨૩
સંજમ ભોગવૃત્તિ.... ૧૨૩
સજીવન વૃત્તિ .... ૧૨૪
અંશ વૃત્તિ .... ૧૨૪

**પ્રકરણ ૧૦: ખટવૃતિ આદિ પરમવિશેષ પરમગુરુની મહત્તાનું નિરૂપણ....૧૨૬**

**પ્રકરણ ૧૧: ચતુર્પુટીયુક્ત પંચદેહનાં તત્વોનો નિર્ણય તથા તેની અહંતા નિરૂપણ....૧૩૬**
પંચદેહની પ્રવૃત્તિ.... ૧૩૭
પંચદેહની અહંતા .... ૧૩૯

**પ્રકરણ ૧૨: પરમગુરુની લક્ષબોધ ગતિ વડે સપ્તભૂમિકાનો નિર્ણય....૧૪૧**
સપ્ત ભૂમિકા .... ૧૪૨

**પ્રકરણ ૧૩: દેહના અલંકાર તથા પરમગુરુ સાથેની અખંડ યોગ....૧૪૮**
ત્રણ પ્રકારના અંશ .... ૧૫૫

**પ્રકરણ ૧૪: સુર નિરાશ કૈવલ અદ્વૈત યોગ વડે મોક્ષયોગ નિરૂપણ....૧૫૭**
પંચ તત્ત્વ .... ૧૬૦
ગ્રંથનું મહાત્મ્ય .... ૧૬૫

# પ્રકરણ ૧

# પરમ એકદેશી પદનું નામ નિરૂપણ

## કૈવલકર્તાનું સ્વરૂપ

ૐ પ્રથમ સકર્તા સર્જનહારને નમસ્કાર કરું છું.

**પ્રશ્ન :** તે સકર્તા સત્‌કૈવલ પ્રભુ કેવા છે?

**ઉત્તર :** તે તો અખંડ, અજર, અમર, અચ્યુત, અનાદિ, સિદ્ધ, અક્ષય, દિવ્ય, દ્રિગરૂપ, સોહમ પદ, એકદેશી અને નિર્મળ છે. અને તેમનું ધામ અચલ સર્વની આદ્યે પુરાતન છે. જય જય અવ્યય લક્ષ વડે નમસ્કાર કરું છું. તે તમો સત્‌કૈવલ હરિ (કર્તા) એક દેશી પરમ, ઉત્કૃષ્ટ, અલૌકિક રૂપે છો. જે કાળે જમીન, આસમાન, પાણી, પવન, ચંદ્રમા, સૂર્ય, વિરંચી, વિષ્ણુ, માહેશ્વર(મહાદેવજી - શંકર) પ્રકૃતિ અને પુરુષની આદ્યે કોઈ પણ ન હતું અને તત્ત્વ તથા અંશ પણ ઊપજેલા ન હતા. અને કર્તાને સૃષ્ટિ રચવાનો સંકલ્પ પણ થયો ન હતો, તે કાળના એક દેશી અપરમપાર શૂન્યને વિષે બિરાજમાન હોઈ એક ઠામને વિષે અચળ રહેલા હતા. જ્યારે તેમને પોતાને આપોઆપ ઉપજણ ઉપજી ત્યાર પછી સંકલ્પ વડે અપાર ખેલ નાના વિધિ વિભૂતિ, ચરાચર દેવ, બ્રહ્માંડ સમેત તત્ત્વ તથા અંશ ઉપજાવીને રચના કરી છે. તેનું વિલોકનપૂર્વક જોતાં અનુમાન ગતિ પહોંચતી નથી. જેને જોઈને ચતુર્વેદ નેતિ... નેતિ... નો પોકાર કરીને અદ્યાપિ સુધી ગાય છે.

**પ્રશ્ન :** કારણ શું છે, જે તે કર્તાની કૃત લીલાનું સંપૂર્ણ વર્ણન બ્રહ્મદેવના વેદ વચનમાં ન થઈ શક્યું ?

**ઉત્તર :** તે ક્રતનો વિવેક 'પંચમ શ્વસં વેદ' ને વિષે અતિ સૂક્ષ્મ ગમ રહી છે. તે ક્રતના કર્તા હે સત્ કૈવલ ! તમો તો એકદેશી છો.

## એકદેશી અને સર્વદેશી પદ

**પ્રશ્ન :** ત્યારે શ્રોતાજનો કહે છે જે એક દેશી પદ તો લઘુ (અલ્પ) હોય અને સર્વ દેશી પદ તો મહા મોટું હોય તે સર્વને માથે શ્રેષ્ઠ કેવી રીતે જાણવું ?.

**ઉત્તર :** એક દેશી અને સર્વ દેશી, લઘુ-દીર્ઘ પદનો નિર્ણય પરમગુરુ સંત સજ્જન લોકને કહે છે. પ્રથમ ચતુર્વેદનો વિચાર તો એકદેશી, સગુણ, પ્રકૃતિ અને પુરુષની આદ્યે ઈશ્વરને સ્થાપન કરેલા છે. તેના ઉપર સર્વદેશી પદ અકર્તા બ્રહ્મને ઠરાવ્યું છે. એ બંને પ્રકારનું પ્રતિપાદન વિધિ સંમત શ્રુતિનું છે પણ એ બંને સ્થાપન જે કરેલાં તે તો એકદેશી સકર્તાના અનુક્રમેથી થયેલા પદ જાણવાં. એ બંને પદ જે દેખાડ્યાં તે નવિન ક્રત કરવા પક્ષે તો અકર્તા જ જાણવાં. સર્વ દેશીને વિષે ક્રતવ શક્તિ નથી. માટે તેને અકર્તા કહ્યા તે સત્ય છે. પણ તેને શું જોઈને મોટું પદ કહ્યું ? જે શૂન્યતમ કાળ પ્રભાવત્ જડ જ છે અને એકદેશી ઈશ્વર, ગુણ, પુરુષ સુધીનું કહ્યું તે તો એના થકી ક્રતની પરંપરા ચરાચરની ચાલે છે તે દેખીને એક દેશી લઘુ પદ કહ્યું. બ્રહ્મ તો વ્યાપક અવિનાશ, શૂન્ય સરખું અલિપ્ત ને અચળ છે. એ બંને સિદ્ધાંતના વિધાતા (બ્રહ્મા) વેદને વિષે કહે છે પણ તે વિધાતાને તો એકદેશી અને સર્વદેશી ગ્યમ (સમજ) માલુમ પડી નથી.

**પ્રશ્ન :** હવે તે એકદેશી અનાદિ સિદ્ધ પદ કેવા પ્રકારે વસે છે?

**ઉત્તર :** તેનો મર્મ આતુર સંત સજ્જન ને કહે છે અહો ! જે ''પંચમ શ્વસં વેદ''નું પરમગુરુએ વર્ણન કર્યું છે, તેને વિષે એકદેશી પદ પરમ અનોપમ અનુભવે બોલ્યા છે.

**પ્રશ્ન :** ત્યારે તમે એમ કહેશો કે એકદેશી અને સર્વદેશી પદ તો લધુ-દિર્ઘ છે.

**ઉત્તર :** તો સાંભળજો. જે બોલ્યા તે પદતો આદી એકદેશી પદથી ઓરલ્યાં એટલે કે આ બાજુનાં જાણવાં. તે બંને પદ જેના વડે વસેલાં છે તે એકદેશી પદ પરમ ઉત્કૃષ્ટ સકર્તા કૈવલ કરુણેશ અજન્મા રહે છે. જે ભાસ્કર (સૂર્ય) સમોવડ પ્રકાશીક અખંડ અજન્મા રહેલા છે. જેમ રવિ અને નૃપ (રાજા) એક દેશમાં રહીને રવિ બ્રહ્માંડમાં પ્રકાશ કરે છે અને રાજા પણ એક ઠામ (સ્થાન) માં રહીને

પોતાના રાજ્ય સુધી અમલ કરે છે. તે તથા પ્રકાશ બંને વ્યાપક મોટા અમલી ખરા પણ એકદેશી રાજા તથા સૂર્ય વડે થાય છે. **તેમ નિજ કૈવલકર્તા એકદેશી છે.** તેમનો પરમ પ્રકાશ (તેજ) સનાતન અદ્વૈત બ્રહ્મ, શુન્યને વિષે અકર્તા રૂપે રહ્યું છે. અને ક્રત પણ પ્રકૃતિ પુરુષ સુધી જેને એકદેશી કહે છે તે સંપૂર્ણ તત્ત્વ અને અંશ સમેત કર્તા અને અકર્તા એ ઉભય પદ જેના આધારે વસેલા છે. તેમાં તત્ત્વ અને અંશ એ તો અવધિ સુધી અને પ્રકાશ બ્રહ્મ તો અવધિ કાળ રહિત સમજવું. રવિનો પ્રકાશ વ્યાપક, સર્વદેશી અને અગ્નિ સૂર્યથી ઊપજે તે એકદેશી કહેવાય. પણ પ્રકાશ તથા અગ્નિ એ બે એકદેશી ભાનુ (સૂર્ય) થકી જ જેમ હોય છે. તે જ પ્રકારે ક્રત, બ્રહ્માંડ, તત્ત્વ, અંશ સમેત અગ્નિવત્ નિજકર્તા થકી જાણવું અને બ્રહ્મ પણ સનાતન નિજકર્તાનો જ પ્રકાશ છે. એ પ્રકારે એકદેશી પરમપદ અતિ શ્રેષ્ઠ દિવ્યવપુ રૂપે અનંત તત્ત્વ પદાર્થોથી તિત છે.

**પ્રશ્ન :** આ વર્ણન સાંભળીને શ્રોતા કહે છે કે તમે શ્વસંવેદ શ્રુતિની સંમતે કરીને સકર્તા એકદેશી પદ વર્ણન કર્યું પણ ચાર વેદ તથા છ શાસ્ત્રના કર્તા તો એમ કહે છે કે 'પંચમવેદ' જે કહો છો તે તો તર્કવાદ જાણવો. બ્રહ્માએ પંચમો વેદ (કઈ પ્રકારે ઉત્પન્ન કર્યા-ઉચ્ચાર્યો છે?) અને એક દેશી સકર્તા પદ વડે ઓરલ્યાં (આ બાજુનાં) પદ કહો છો. તે હેતુ પણ ચારવેદની શ્રુતિમાં નથી. ત્યારે હવે વેદમાં નથી ને કહો છો તો. તેનું નિરુપણ કૃપા કરીને હે પરમગુરુ ! શ્રી મુખે કરો. એટલે તેનું શ્રવણ કરીને અમારી ભ્રાન્તિ નાશ પામે. એ પ્રકારે પ્રશ્ન સાંભળીને 'પરમગુરુ' પંચમવેદનું નિરૂપણ કરે છે.

# પ્રકરણ ૨
# શ્વસંવેદ નામ નિરૂપણ

## પંચમશ્વસંવેદનું નિરૂપણ

**ઉત્તર :** હવે તે પંચમ શ્વસંવેદનું નિરૂપણ સાંભળો. જે પાંચમો વેદ તો અનાદિ સિધ્ધ મહાશ્રેષ્ઠ છે. જે કલ્પે બ્રહ્મા ઉત્પન્ન થાય છે. તે કલ્પને વિષે પાંચમો વેદ પ્રગટ થાય છે. તે એકેય કલ્પ 'પંચમવેદ' વિના ખાલી નથી રહ્યો. કલ્પ કલ્પમાં બ્રહ્મા ખરા તેમ વેદ પણ પાંચ ખરા. જ્યારે નિજકર્તા ક્રત ઉપજાવે છે તે ક્રતનું નિરાકરણ અલ્પ જીવોને દેખાડ્યા વિના કેમ કરી માલુમ પડે? એટલા માટે તે વેદ કરવાનું કારણ મૂળ દિવસથી જ છે, પરંતુ આ કલ્પને વિષે બ્રહ્મા પાંચ મુખે કરીને પાંચ વેદનું ઉચ્ચારણ કરતા હતા. તેમાં ચતુર્વેદના વર્ણનમાં તો ઓરલ્યા ક્રતનું પ્રપંચ વ્યવહારનું તથા ક્રત માંહીના ગુણ ઈશ્વર આદિ કર્તા અને અકર્તા બ્રહ્મનું નિરૂપણ કરતા હતા. અને પાંચમાં વેદના ઉચ્ચારમાં પાંચમે મુખે સકર્તાનું ક્રત પરમ ઉત્કૃષ્ટ સંકલ્પ વડે કરેલું જે અનુપમ તત્ત્વ તથા અંશ સર્જેલા તેની કળાનો ભેદ વર્ણન કરતા હતા.

## પંચમવેદ લોપ થવાનું કારણ

પ્રશ્નઃ પછી તે લોપ થવાનું કારણ શું?

**ઉત્તર :** તે સાંભળો. પ્રથમ કર્તાએ પુરુષ-પ્રકૃતિ (શક્તિ) ઉપજાવ્યાં. તેમનાથી ત્રિગુણ દેવ-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર તથા ત્રણ કન્યાઓ-સાવિત્રી લક્ષ્મી અને ઉમિયા થયાં. તેમના સંયોગ વડે આગળ સૃષ્ટિનો વિસ્તાર થયો.

શિવને બે બાળક થયાં, વિષ્ણુ વાંઝિયા રહ્યા. એક બ્રહ્મા ને વિષે પ્રજા ઉત્પન્ન થવાનું રહ્યું. તે બ્રહ્માને પ્રથમ ચાર સનકાદિક થયા. ત્યાર પછી બ્રહ્માને દશ હજાર પુત્રો થયા, પણ જે ઉત્પન્ન થાય તે બ્રહ્માની પાસે રહીને, મોટા વૃધ્ધિ થતાં જાય તે ચાર વર્ષના થાય ત્યારે, ચતુર્વેદનો ઉચ્ચાર સાંભળીને તેનું જ્ઞાન થાય અને પાંચમું વર્ષ બેસે ત્યારે બ્રહ્મ દેવના પાંચમા મુખની શ્વસંવેદનો ઉચ્ચાર સાંભળીને તેનું જ્ઞાન થાય, પછી તે વાણીથી વૈરાગ્ય ઉત્પન્ન થતો.

**પ્રશ્ન :** બ્રહ્માને તો ચાર જ મુખ છે તેમ સાંભળવામાં આવ્યું છે. અને પાંચમુ તો સાંભળ્યામાં આવ્યું નથી ?

**ઉત્તર :** બ્રહ્મદેવે આ કલ્પને વિષે પ્રથમ પંચમુખ કર્યા હતાં. તેનું કારણ જીવ ચતુર્વેદ વડે પ્રપંચ યુક્ત રાહ જાણશે અને પંચમા વેદ વડે પરમાર્થ લક્ષ કર્તાના ક્રત સહિત જાણીને કર્તાનું ભજન કરશે. એ પ્રકારે રુઢી ચાલવાને સારૂ પાંચમુખનું નિર્માણ કર્યું હતું. પણ, તે આશય ન ચાલ્યો. રજો ગુણ વિશેષ ભાગ હોવાને કારણે એકલા બ્રહ્માને વિષે ઉત્પત્તિ થવાની રહી. અને શિવ અને વિષ્ણુથી થઈ નહી. તે સમયે વિધિપુત્ર પંચમા મુખનું જ્ઞાન સાંભળીને જ્ઞાની થવા લાગ્યા. જે આપણે તો જીવ છીએ અને અલ્પજ્ઞ છીએ,અને આપણા કર્તા તો સર્વજ્ઞ સજાણ અચળ નિજધામને વિષે રહ્યા છે. તે કર્તાને સારૂ આપણા કાકા શિવજી તથા વડુવા નિરંજન પુરુષ તિવ્ર વૈરાગ્ય ધારણ કરીને પરમપિતાને શોધવા સારૂ ઉપાધિ છોડીને ગયા છે. ત્યારે હવે આપણે પણ તેની શોધ કરીએ. એવું જાણીને પ્રથમ ચાર સનકાદિક તપ કરવાને તત્કાળ નીકળી ગયા. તે દેખીને બીજા પણ વિધિપુત્ર એક પછવાડે એક એમ દશ હજાર તપ કરવા માટે ચાલ્યા ગયા. કોઈપણ તત્ત્વ પ્રવૃત્તિવાળો સંસાર ભૂક્તમાન કરવા રહ્યા નહી. એક પરમેશ્વર ભજવાને વિષે વૃત્તિ અખંડ લાગી રહી. તે અનુમાન પ્રત્યક્ષ પ્રમાણે કરીને નિજ ધ્યાન હજુ સુધી કરે છે. એવી દૃઢતા અખંડ બ્રહ્મપુત્રોની પ્રથમથી રહી છે.

હવે આગળ સૃષ્ટિ ન ચાલી એ પ્રકારની નવાઈ નિયંતા નિરંજન પુરુષ દેખતા હતા. જે ઉત્પન્ન થાય તે તપ કરવા જાય, ત્યાર પછી પ્રપંચ યુક્ત વહિવટ કે જે સૃષ્ટિ વૃધ્ધિનો હતો તે બંધ થયો. હવે **નિજકર્તા એ પંચવેદ સમેત અનુગ્રહની કળા એકદમ કરી મૂકી હતી. જેથી ફરીથી લક્ષ ભજન દેખાડવા સારૂ પોતાના સ્થાનમાંથી કોઈને અવતાર લેવડાવવો પડે નહિ.** પણ તે ઠેકાણે ગૂંચવણી આવી,

જે સૃષ્ટિની ધારા અભંગ પણે આગળ ચાલતી ન રહી. તે પંચમા મુખ વડે એમ થાય છે; એવું સર્વજ્ઞે જાહેર દેખીને આકાશવાણી કરાવી. જે સૃષ્ટિ ક્રમ વિસ્તારે કરીને હજુ સુધી કેમ ચાલતી નથી? આદિ નારાયણની તે પરમ ગંભીર વાણી વિષ્ણુએ સાંભળીને વિચાર કર્યો. વિષ્ણુએ પોતે બ્રહ્મદેવની પાસે આવીને સર્વ ચરિત્ર જોયું. ત્યારે પંચમુ મુખ બોલે તે શ્રવણ કરીને વિષ્ણુ કહે છે કે, આ ઠેકાણે જ સર્વે કળા છે. માટે એ મુખનો નાશ થયા વિના સૃષ્ટિની પરંપરા ચાલવાની નથી. અને ત્યાં સુધી નિજકર્તાનો સૃષ્ટિ વધવાનો આશય પૂર્ણ ન થાય. પછી તે કાળે વિષ્ણુ શિવ પાસે આવ્યા, અને શિવનાં દર્શન કરીને સર્વે વર્તમાન સૃષ્ટિનો ક્રમ બંધ પડેલાનું કહીને વળી બોલે છે, કે બ્રહ્મદેવને પંચમુ મુખ કર્તાએ જે કર્યું છે, તે અકારણ કરેલું જણાય છે. અને તેમને શોભતું નથી.એ મુખનું બોલવું જાણે ખરના સમાન લાગે છે. એનું છેદન હમણાં કરી નાખશો તો, વિધિનું મુખ શોભાયમાન દેખાશે. ત્યાં સુધી બ્રહ્માનું સ્વરૂપ સારૂ નથી દેખાતું. એ પ્રકારે વિષ્ણુનું વચન સાંભળીને શિવજી કહે છે કે એ કામ અમે કરનારા નથી. ત્યારે વિષ્ણુએ કહ્યું કે, એ તો કર્યા વિના નહી ચાલે. ફરીથી શિવજી બોલ્યા, જે એ તમોને શું દુઃખ દે છે? તે કાળે વિષ્ણુએ સકલ વૃતાન્ત સંક્ષેપમાં શિવને કહ્યો. વળી કહ્યું કે તમારા તરફે સંહાર કરવાનું કામ સોંપેલું છે. માટે મુખ છેદન કરવા માટે ચિત્તમાં ભ્રાન્તિ કેમ છે? ત્યારે શિવ કહે છે કે જે કાળે પ્રજા અનંત થશે તે કાળે આગળ સંહાર કરવામાં આવશે. ત્યારે વિષ્ણુ બોલ્યાઃ હે શિવ ! આ મુખ બ્રહ્માને ગધેડા જેવું શોભતું નથી. અહો ! શંકર આ તો પરંપરા સૃષ્ટિ વિસ્તાર થવાને વાસ્તે હમણાં છેદન કરો. અમે એ મુખનું છેદન કર્યું હોત, પણ સંહારનું કામ અમારા તરફે નથી. એ તો તમને સોંપેલું છે. અને અમારે શિર તો બ્રહ્માની પ્રજાનું પાલન કરવાનું કામ છે. એટલા માટે આજથી વિધિનું મસ્તકનું રૂપ ગુણપતિનું પૂજન કરીને છેદનનો પ્રારંભ કરજો. કારણ કે આગળ જેમ જેમ સૃષ્ટિ વધતી જાય, તેમ તેમ સંહાર કરવાનું થતું જાય. એવું શિવે સાંભળીને તુરંત બ્રહ્મ - દેવના ચતુર મુખ ઉપર જે પંચમુ મુખ હતુ તે સંહાર કરી નાખ્યું. **ત્યારે તે બ્રહ્મ મુખ તો કૈવલવેત્તા હતું.** તેનું બ્રહ્મ કપાળ થઈને શિવની પછવાડે લાગ્યું. આથી તેનું દુઃખ શિવને ભારે થવા માંડયું. કારણ કે, તે મુખ તો શિવના બરોબરિયા હતું. માટે બ્રહ્મહત્યા થઈ. તે સ્મશાન આદ્યે ત્રણ લોકમાં શિવ જયાં જયાં જાય, ત્યાં

ત્યાં સુખ પડવા દે નહિ. તે કાળે શિવજીએ જાણ્યું, કે આ મુખ આપણને છોડતું નથી. પછી તેના કંઠને વિષે રુદ્રમાળા કરીને ગળામાં રાખ્યું. ત્યારે સર્વે પીડા નિવારણ થઈ. હવે એવું શ્રોતાઓ સાંભળીને વક્તાજનને કહે છે -

**પ્રશ્ન :** જે બ્રહ્મા પંચમે મુખે બોલતા હતા, તે પોતાનું બોલેલું પોતાને માલુમ પડતું ન હતું કે શું? અને માલુમ પડતું હતું ત્યારે, શા સારૂ ઉચ્ચાર કર્યો ? ન બોલ્યા હોત તો ? બ્રહ્માના સર્વ પુત્ર તપ કરવા સારૂ ગયા ન હોત. અને પ્રપંચ વહેવાર કરીને પરમેશ્વરનું પણ ભજન કરતા હોત. પણ બ્રહ્મા તેવું જાણતા ન હતા કે શું? તેટલા વાસ્તે એમ થયું હશે?

**ઉત્તર :** એ પ્રકારે શ્રોતાનો પ્રશ્ન સાંભળીને પરમગુરુ પરમ પાવન સર્વજ્ઞ ગતિવંત પોતે શ્રોતાનો અંદેશો (શંકા) નિવારણ કરવા માટે આદિભેદ, લક્ષ, ગુણ, વિવેક, દૃષ્ટિએ કરીને કહે છે. તે આગળ પ્રકરણને વિષે નિરૂપણ થશે. તેને સાંભળતાં સર્વ ભ્રાન્તિ નષ્ટ થઈને પરમગતિ જાણવામાં આવશે.

# પ્રકરણ ૩

# શ્વસંવેદની ગમગતિ વિશેષ વિસર્જન નામ નિરૂપણ

જેમ વિધાતાને જે પંચમુખ હતાં તે જ નિજ પરંપરા માનવ દેહેને વિષે જાણવી. તેનો નમુનો આપણા વિષે આવેલો છે, તે જુઓ. હવે એક મુખ તો પ્રગટ જ છે. બીજાં ચાર મુખ તેમાં જીહ્વા, નયન (નેત્ર), કાન અને પંચમું નાક જાણવું. હવે મુખ જીહ્વાએ બોલીએ ત્યારે, કાન શબ્દ સાંભળીને જણાય. અને નેત્રેથી અવલોકન કરતાં પદાર્થ જણાય. પણ નાકનું બોલવું જે છીંક થાય તે વેળા છીંકનું શુભાશુભ થવાનું કે થયાનું માલુમ ના પડે. પરંતુ તેનો ભેદ ફલાણી દિશાએ છીંક ખાતાં મુખ હોય તો શુભાશુભ થવાનું માલુમ પડે, એવું જાણકાર પુરુષો બોલી ગયા છે. એ પ્રકારે બ્રહ્મા પણ પાંચમાં મુખે પોતાનું બોલેલું જાણે, અને ન જાણે તે તમોને કહીયે. અહો ! પ્રથમ સતગુરુના બોધ વડે કરીને બ્રહ્મદેવ પંચમ વેદની વાર્તા સર્વે જાણતા હતા. ઘણાક કાળે બ્રહ્માને વિસર્જનપણું થયું. ત્યારે બોલે ખરા પણ જેમ સષોપતિમાં કોઈ બરલે (બોલે) કે છીંક ખાય છે. તે પોતાના જાણવામાં આવતું નથી.

એ જ પ્રકારે ભુલી જવાને કારણે બ્રહ્માના જાણવામાં આવ્યું નહીં. બીજું બધું બ્રહ્મા જાણતા હતા તેનું કહીયે. જો બ્રહ્મા ન જાણે તો વિવિધ પ્રકારનાં ઉચ્ચાર કેમ કરીને કરે? સહેજાકાર જો બોલે તોપણ જાણ્યપણું ત્યાં સંભવે છે. પ્રથમ સતગુરુરૂપ આદિ નારાયણે બ્રહ્માને બોધ કર્યો હતો. તે જાગૃત અવસ્થામાં

બહ્માએ લીધો, અને તેને કરીને બ્રહ્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રિકાળ જ્ઞાનગતિ જાણનાર થયા. તે પોતાનું બોલેલું પોતે કેમ ન જાણે? માટે સદાય કાળ શ્વસંવેદની આદ્યે પાંચેય વેદની ગતિને જાણીને બોલતા હતા. ત્યાર પછી ઘણા સમયે મસ્તક છેદન કર્યું ત્યારે અભ્યાસ વિના પંચમ વેદનો લક્ષ બ્રહ્મા ભૂલી ગયા. અને ચતુર્વેદના અભ્યાસમાં આગળ વૃત્તિ લાગી. એટલે વિસર્જનપણું થયું. નાના પ્રકાર તત્ત્વ ભાગનો વર્તારો નીતિ અનીતિ કરવા લાગ્યા. તેને કરીને પરમાર્થ દૂર રહ્યો, એથી કરીને નીચ કર્મગતિ પામતા હતા. હવે પંચમુ મુખ જ્યારે છેદન કર્યુ ત્યાર પછી બ્રહ્માને સ્વયં મનુ પુત્ર તથા સત્યરૂપા કન્યા પ્રગટ થયાં. તે ઉભયનું લગ્ન કરી દીધું. તેના સંજમની સૃષ્ટિ પરંપરાગત્ ચાલી. તે દેવ, દાનવ અને માનવની આદ્ય લઈને આજ સુધી વરત્યા જાય છે. **પંચમવેદનો લક્ષ જ્યારે અસ્તાંગત થયો, ત્યારે ચતુર્વેદનું જ્ઞાન શેષ રહ્યું.** તેને વિષે પણ લક્ષ ઊલટાવીને લખ્યું. જેથી પ્રણવ અક્ષરોનો અને ઓહંગ અને સોહંગ પંચમવેદનો જે ઉભય ભેદ હતો તે ગુપ્ત થઈ ગયો, અને જીવ પ્રપંચમાં રહે, એવા ઉદેશથી હું બ્રહ્મરૂપ છું ; એવો લક્ષ બતાવીને ફંદમાં નાખ્યા. તે લક્ષ શ્રુતિનો લઈને તે દિવસથી જે જ્ઞાની થાય છે, તે અહંબ્રહ્મ કહે છે. તેટલા માટે નિજકર્તાની ગતિ પંચમવેદ લોપ થયે કરીને જગતમાં રહી નહી. આગળ, શિવ, વિષ્ણુ પણ તે જ પ્રકારે પાલન અને સંહારના કાર્ય કરવાના કામમાં લાગ્યા. તે અભ્યાસે કરીને આદિ પંચમવેદનો લક્ષને પણ ભૂલી ગયા. પંચમા વેદનો લક્ષ તો એક નિરંજન પુરુષ જાણે અને બ્રહ્માના પુત્ર સનકાદિક શ્રવણ કરેલું માટે જાણે. તે વિના નિજકર્તાના ધામમાં રહેલા પરમવિશેષ અંશ પ્રથમ ઉત્પન્ન કરેલા જાણે. પછી તે વિના શ્વસંવેદની ક્રત કળા અન્ય ચતુર્વેદની ગતિ જાણનારાને માલુમ પડી નહિ. તેથી તેના વિષે તો પ્રપંચ બોધ જ આવે. ચતુર્વેદમાં આદ્યથી તે અંત સુધી પ્રપંચ બોધને જ વર્ણવેલા છે. પણ તે ચતુર્વેદ કારણિક જ છે, કારણ કે તેની અંદર જીવને ધર્મ-કર્મ વર્તવા લાયકની નીતિ બતાવેલી છે. અને પાંચમો વેદ તો આદિ પરમાર્થ ગતિ જણાવનાર છે. હવે તે પંચમ વેદનો ભેદ ભવ (જગત) ન જાણે તે વાસ્તે શિવજીએ વિધિનું (બ્રહ્માનું) પંચમુ શિર છેદન કર્યું હતું. તે સંહાર પણ ક્રતરૂપ જગતનો વિસ્તાર થવા સારૂ સમજીને જ આદિ નારાયણની આજ્ઞા વડે કર્યુ. તે પંચમાં વેદનો ભેદ પરમ લક્ષ જો સંસારના સર્વ જીવ જાણે

તો સર્વે આંધળા ન રહે, અને જ્ઞાની જ થાય. અને જીવ જો અજ્ઞાની ન રહે તો પ્રપંચ સ્વાદમાં પડીને તત્ત્વરૂપ અભિમાન ધરીને અહંપણામાં રહે. જો અખિલ જીવ પારંગત થઈ જાય તો પછી ભોગ, વૈભવ ભોગવીને દેહને વિષે આંધળા ન રહે. જે જે જીવ દેહ ધારણ કરે, તે પંચમ વેદના લક્ષની ગતિએ થઈ પરમપદને જ પામે અને સર્વનો મોક્ષ એકદમ થઈ જાય. ત્યારપછી વૃદ્ધિ, ઉત્પન્ન કેવા પ્રકારે થઈને બ્રહ્માંડને વિષે સૃષ્ટિના ઘાટની પરંપરા કર્તાના ધારેલા પ્રમાણે કેમ ચાલી શકે? અને પરંપરા ચાલ્યા વિના તો પદાર્થનો આનંદ કોણ ભોગવે? અને જે ખેલ કર્તાએ કર્યો તે અનંત કલ્પ વીતી જતા સુધી અખંડ ચાલવાની મતલબે કર્યો છે. તે કારણ સારૂ નિજ ગમ "પંચમવેદ" જે અતિ સૂક્ષ્મ અનંત વૈરાટને વિષે પૂર્વે દેખાડેલો, તે ઈશ્વરે ગુપ્ત સંતાડી મૂકવા સારૂ વિધિનું શિર મર્દન કર્યું. તે પણ પોતાના સ્વાર્થ માટે પ્રથમથી જ સર્વજ્ઞ દૃષ્ટિએ કરાવ્યું, અને જીવને ચતુર્વેદના ફંદમાં નાખ્યા, અને સામાન્ય અંશ, વિશેષ અંશને હવાલે સોંપી દીધા. કેટલાક કાળ જીવ અજ્ઞાન ફંદમાં અઘોર પડી રહ્યા, પરંતુ તેની પૂર્વે તો કેટલાક કાળ સુધી સૃષ્ટિ સજાણરૂપ ચલાવી હતી.

**પ્રશ્ન :** કેટલાક કહે છે કે, બ્રહ્માનું શિર છેદયું તે શું ઋણ (બંધન) નથી? એ તો અન્ય કાર્યને માટે શિવજીયે છેદન કરેલું સાંભળીયે છીએ.

**ઉત્તર :** પ્રથમ કારણ તો હું જે કહું છું એ જ છે. પણ શંકરે માન્યું ન હતું. તેટલા વાસ્તે સમય વિતાવી શંકરને વિસ્મૃતિ પડાવીને શિર છેદન કરાવ્યુ. વચમાં સૃષ્ટિની પરંપરા ચલાવવા સારૂ વિષ્ણુએ એવી કળા કરી કે, જે બ્રહ્મદેવને કહ્યું કે તમો પંચમા મુખે ઉચ્ચાર કરો છો તે બોલવું ખર (ગર્દભ)ના જેવું છે, સારૂ નથી બોલતા. અને તેણે કરીને તમારી પ્રજા નીકળી જાય છે. માટે પ્રજાનો પ્રભાવ સમજીને જો વિસ્તાર થવા દેવો હોય તો આજ પછી પંચમે મુખે બોલશો નહીં. એવું કહ્યું ત્યારે બ્રહ્મા પંચમે મુખે બોલતા બંધ થઈ ગયા.

પછી બીજુ નિમિત્ત દક્ષ પ્રજાપતિના યજ્ઞનું ઊભું કરીને શિવને ક્રોધ ઉપજાવીને શિર છેદન કરાવ્યું.

**પ્રશ્ન :** ત્યારે શ્રોતાજન એમ કહે છે, જે તે કાળથી આજ સુધી શ્વસંવેદનો લોપ થયો. તેનું જાણ્યપણું - જ્ઞાન એક નિરંજન પુરુષને અને સનકાદિકને હતું. જેથી તેઓ અભ્યાસે કરીને હજુ સુધી તપ કરે છે. જ્યારે સનકાદિકે મુમુક્ષુ પ્રત્યે

જ્ઞાન કર્યું, તે વખતે તેઓ શ્વસંવેદનો બોધ કેમ કરતા ન હતા? અને અકર્તા બ્રહ્મ વ્યાપક કથ્યું અને નિરંજને પણ હંસ રૂપ ધરીને સનકાદિક પ્રત્યે પણ અકર્તા બ્રહ્મનો જ બોધ વચન બોલ્યા.

એવું આગળ કહેશો, તે જાણીને સર્વજ્ઞ પરમગુરુ ઉત્તર કહે છે.

**ઉત્તર :** જેવો નિજકર્તા સર્વજ્ઞે ગતિનો આશય છે, તે પ્રમાણે કહું છું. હવે સનકાદિક તો આકાશવાણી થયેલી તેની મતલબ જાણીને પાંચમાં વેદનો લક્ષ ગુપ્ત રાખીને ચતુર્વેદનું અકર્તા બ્રહ્મ સિદ્ધાન્તને વિષે ગાતા હતા. જે ચતુર્વેદ અકર્તા પદનું વર્ણન કરીને ઓરલ્યાનું (આ બાજુનાનું) જ પ્રતિપાદન કરતા હતા. એ પ્રકારે તો અનાદિ સિધ્ધ જાણવા. સનકાદિકને ભ્રાન્તિ થઈ તે કાળે પોતાના પિતા જે બ્રહ્મદેવ પ્રત્યે પ્રશ્ન કરતા હતા. તે સમયે વિધાતાને પણ શ્વસંવેદનું વિસર્જનપણું થયું ત્યાર પછી ચતુર્વેદનું જ્ઞાન બ્રહ્માને પણ રહ્યું છે, તેને કરીને બ્રહ્માને કશું સૂઝયું નહીં. પછી બ્રહ્માએ પરમેશ્વરની અતિ પ્રાર્થના કરી. ત્યારે તેમની સહાયતાને માટે પિતા નિરંજન પુરૂષે હંસ રૂપ ધારણ કર્યુ. જે બ્રહ્મદેવનું વાહન રૂપ ધરીને સનકાદિકના પ્રશ્નના ઉત્તર એક વચનમાં આપ્યો. કે, એક અદ્વૈતને વિષે પ્રશ્ન કેવો? એમ કહીને સનકાદિકનું બોલવું બંધ કરી દીધું. પછી સનકાદિક તે હંસની વાણી સાંભળીને અદ્વૈત અહંબ્રહ્મ વ્યાપકને જ દૃઢ કરીને પકડી રહ્યા. અને તે જ અભ્યાસ આગળ કરવા લાગ્યા. તેને કરીને શ્વસંવેદનો લક્ષ વિસારે પડી ગયો. અને શિવ, વિષ્ણુ પણ પોતાના કામમાં વળગી ગયા.

હવે એક પરમવિશેષ અંશ વિના અન્ય વિશેષ અને સામાન્ય અંશ તો અલ્પજ્ઞ જ છે. જેને સદાકાળ સર્વજ્ઞ જ્ઞાન ગતિ સાંભળે છતાં તેની સ્મૃતિ રહેતી નથી. તે માટે વિધિ, વિષ્ણુ, માહેશ્વર, સનકાદિકની આદ્ય લઈને સર્વને નિજ કૈવલકર્તાના અવિનાશી પદની વિસ્મૃતિ થઈ ગઈ. અને જયોતિ, નારાયણ અને અકર્તા બ્રહ્મના લક્ષનું ધ્યાન-ધારણ અભ્યાસ વડે દૃઢ રાખી રહ્યા. અને જ્યારે પ્રણવનો સમાસ થાય ત્યારે જે પદ રહ્યું તે, એકમેક અદ્વૈત માનીને બેઠા. આ સિવાય તો પોતે અલ્પજ્ઞ છે અને આપણા કર્તા સર્વજ્ઞ છે. તે લક્ષ તો અભાવે કરીને, જ્ઞાન અભ્યાસ રાખવાની પ્રવૃતિ લીન થઈ. આથી કરીને સનાતન પતિ શોધવાને સારૂ જે અંતરવૃત્તિ જોઈએ તે રહી નહિં.

એ પ્રકારે એવા મોટા મોટાને પણ ઓરલ્યા અભ્યાસમાં પડવાથી વિસર્જનપણું

થયું. અન્ય જીવ તો છેક સામાન્ય જ છે તો પછી તેને કેમ સ્મરણ રહે? માટે કોઈને સ્મરણ રહ્યું નહિ. અને તેથી તો એક અદ્વૈત બ્રહ્મને સત્ પતિ માનીને સર્વે ચિંતવન કરે છે, પરંતુ બ્રહ્મ તો અકર્તા છે. તેના થકી આપણ જીવ-અંશ ઉત્પન્ન ન થાય. જે પુરુષાતનહીન નપુંસક હિજડા સરખું છે, તેને વિષે સંતતિ ક્યાંથી હોય? એમ છતાં આપણે તેના અંશ છીએ, એવું વેદવેત્તા અને જ્ઞાનીજનો કહે છે. પણ છેલ્લે વારે નથી જાણતા કે આપણે તો સર્વજ્ઞ કર્તાના ઉપજાવેલા ભિન્ન ભિન્ન અંશ છીએ.

એ પ્રકારે સામાન્ય અને વિશેષ ઉભયે જીવ તત્ત્વ પદાર્થ સ્વાદમાં પોતાના બાપને (પિતા) સમેત ભૂલીને ફંદમાં પડ્યા. આ જીવ ગુરુગમ લક્ષ શ્રવણ કરે તોય ઊલટા વળીને પાછું જોતા નથી. એવા જીવ અસારના ગ્રહીત થઈ ગયા. હવે તે તત્ત્વ સ્વાદમાં પડીને ગુંચવાઈ રહ્યા અને બ્રહ્મના અંશ પોતે કહીને જ્ઞાન કર્યું. તે કેવું કર્યું? તેનું દૃષ્ટાંત આપીયે છીએ.

જેમ કોઈ શાહુકાર એક નગરને વિષે મહા ધનવંત અરબો-ખરબોની સમૃદ્ધિવાળો હતો. તે સદા (સર્વકાળ) ન્યાય નીતિ વિધિપૂર્વક વર્તે, કોઈ દિવસ અન્યાયનું ડગલું ભરે નહીં. હવે તે નગરને વિષે એક નરપતિ (રાજા) પોતાના દેશ અમલ સુધી રાજ કરતો હતો. તેની દૃષ્ટિ પેલા શાહુકારના ધન ઉપર ગઈ. જો કોઈ ગુનામાં તે શાહુકાર આવે તો દંડ કરીને એક અરબનું દ્રવ્ય એની પાસેથી લઈયે. પણ શાહુકાર તો કોઈ દિવસ અન્યાય વર્તે નહિ. એટલે રાજાનો પણ દાવ ફાવે નહીં. અને તેને સંતતિ પુત્ર પરિવાર હતો, તે સર્વે ન્યાયે જ ચાલે. એમ કરતાં કરતાં એક દિવસ શાહુકાર મરી ગયો. ત્યારે રાજાએ શાહુકારના પુત્રને બોલાવીને કહ્યું કે તારો બાપ પરદારા વ્યભિચારી હતો, અને જેટલું ધન છે એટલું બધું તેનું મેળવેલું હોઈ તમે વાપરો છો. માટે તે દ્રવ્યમાંથી એક અરબ ધન અમને આપો. અને બાકીનું પછી તમે ભોગવો. જો નહી આપો તો બધુંય લૂંટી લઈશું. આ પ્રમાણે લાગ જોઈને રાજાએ પુત્રને કહ્યું, ત્યારે પુત્ર તો સાંભળીને સ્તબ્ધ બની બેઠો. ઘડીક રહીને બોલવા લાગ્યો, કે વિચાર કરીને કહીશું. એમ કહી ઘેર આવી પોતાની માતુશ્રીને પૂછવા લાગ્યો. ત્યારે તે કહે છે કે અમારો બાપ તો અવતર્યો તે દિવસનો વ્યંઢળ(હિજડો) હતો, એવું રાજાને કહેજે. પછી તે પુત્રને રાજાએ બોલાવીને પૂછ્યું. ત્યારે અભાગી પુત્ર રાજા પ્રત્યે તેવું કહીને બોલે છે કે, એવો અમારો પિતા હતો. ત્યારે પરદારા કેમ કરી હશે? એવું વચન

રાજાએ સાંભળીને પ્રધાનને હુકમ કરીને શાહુકારની સમૃદ્ધિ લુંટી મંગાવી. રાજાએ કહ્યું કે, એમનો પિતા (શાહુકાર) વ્યંઢળ હતો, ત્યારે એ છોકરા બીજાના પેટના છે, હવે એમનો શો દાવો છે.? એમની તથા શાહુકારની સ્ત્રીને ખાવા જેટલું રાખીને સર્વે ધન-માલ લૂંટી લાવો. સર્વે ધન-માલ તો આપણું જ છે. જે એનો દાવો કરનારો કોઈ રહ્યો નહીં, ત્યારે તે માલનો ધણી સરકાર ઠર્યો. એ પ્રકારે જાણીને સર્વેઈ લૂંટી લાવ્યા. એમ અવિચારી પુત્ર સર્વેઈ ગુમાવી બેઠા.

તે જ પ્રકારે બ્રહ્મજ્ઞાની અકર્તા બ્રહ્મમાં ભાવ રાખીને કહે છે કે, આપણે સર્વ બ્રહ્મના અંશ છીએ. અને છેલ્લેવારે નથી થયા એવું પણ કહે છે. પણ આદ્ય વિચાર કરતાં તો આપણે સર્વે અનાદિ સકર્તાની જ પ્રજા છીએ. સતગુરુ એવું જો જીવને પૂછે તો પ્રતિ ઉત્તર જ કોઈ આપે નહીં. શા માટે? કારણકે અંતરને વિષે કોઈએ વિચાર કર્યો નથી. કે અરે! આપણે કોણ છીએ? અને આપણને ઉપજાવનાર નિજકર્તા ક્યાં રહે છે? તે વિવેક નથી જોતા. એક અદ્વૈત સિદ્ધાંતનો બોધ અંતરમાં પ્રતીતિ કરીને અકર્તા આત્મરૂપ પોતે જ છીએ, એવી ભાવના રાખીને તદવત્ થઈને રહ્યા છે. પણ આપણો આત્મા કંઈ નિજકર્તા નથી. તે તો નિજકર્તાનો અલ્પ અંશ છે. એ પ્રકારે અજ્ઞાન વડે પદાર્થને વિષે અટકી રહીને ઈશ્વર આદ્યે મોટા મોટા પણ પરમગુરુને શરણે જઈને જાણતા નથી. એટલા સારૂ પદાર્થ સમેત બ્રહ્મ લક્ષ સહિતની અખિલ સમૃદ્ધિ સર્વે જે અનાદિ સગુણ નિર્ગુણ બોધરૂપ છે તે બધું જ પરમગુરુના સકર્તા લક્ષ ગતિમાં આવી જાય છે. આ ન્યાયે પરમગુરુનો લક્ષ જેણે પ્રાપ્ત કર્યો તેણે પરમગુરુની સંપૂર્ણ સર્વજ્ઞ ગતિ લૂંટી લીધી છે એમ જાણવું. **માત્ર પરમગુરુ જ રાજગતિમાં ચક્રવર્તી છે તેમ જાણજો.**

હવે નિજકર્તા તો સ્વરાજ, કરુણેશ, કૈવલ આદિ અવિનાશી છે. તે પોતે સત્ શુદ્ધ સંકલ્પે કરીને અનંત બ્રહ્માંડને રચનારા છે. તેમની ગતિ દિવ્ય અને અપાર છે. જે સત્વ જ્ઞાનવાન અનંત નિરાધાર સકર્તાત્મક ભાવના જેને વિષે અખંડ રહી છે, તે ગતિની પાર કોઈની પણ ગતિ જાય એવું નથી. સકલ લઘુ, દિર્ઘ અંશ તેની ગતિમાં વર્ત્યા જાય છે. એ પ્રકારે ''પંચમવેદ'' સમેતનું એકદેશી પરમપદ સત્ય છે.

**પ્રશ્ન :** હવે જેટલા અકર્તાપદના અધિકારી છે તે તો સર્વ સકર્તાપદની ગતિના પેટામાં આવી ગયા તે કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર :** સર્વદેશી અકર્તાપદ પ્રકાશરૂપે વ્યાપક છે. તે બ્રહ્મ પ્રકાશ તો સકર્તા

એકદેશીનો છે. અને બીજા સગુણ ઉપાસી જે, નામ, રૂપ, ગુણ, તત્ત્વ અને અંશને ભજે છે. તેમના ચમત્કાર પ્રગટ થઈને સહાયતા જયારે કરે છે, ત્યારે તે જણાય. તે વિના પ્રત્યક્ષ શું દેખાય? જે અવતાર લઈને કામ કરવું હતું, તે કરીને પોતાના ધામ વૈકુંઠાદિક લોકને વિષે ગયા.તે અહીં દેખાતા નથી. તો પણ જીવ તેમના નામનું રટણ (ભજન) કરે છે. તે હવે ક્યાં આવીને પ્રગટ સહાય કરવાના હતા ?

દૃષ્ટાંત : જેમ બે છોકરાં રમત રમતાં હતાં, તે ખેલતાં ખેલતાં વઢવા લાગ્યાં. એટલામાં એક છોકરાની માતા હાથમાં ઝરડું લઈને આવી અને બીજાને મારીને પોતાના છોકરાને છોડાવીને ઘેર લઈ ગઈ. અને હાથમાં ઝરડું લીધેલું ત્યાં નાખી દીધું. પછી બીજે દિવસે તે છોકરા દરરોજ રમે તેવા રમતાં રમતાં ફરી વઢવા માંડ્યાં, ત્યારે પેલો છોકરો કહે છે કે હે ઝરડા કાલે મને છોડાવ્યો હતો, તેમ આજ આવીને છોડાવ. પણ હવે તે ઝરડું નર્યું માતા વિના એકલું જ રહ્યું, તે આવીને કેમ છોડાવશે? તેજ પ્રકારે અવતાર પ્રગટ થયા ત્યારે, સહાયતા કરીને જેની ભક્તિ સાચી દીઠી તેનું રક્ષણ કરતા હતા. તે સદેહી હતા ત્યાં સુધી સંકટ નિવારણ કર્યું. તે ગયા પછી તેમની મૂર્તિ તત્ત્વ ઝરડા જેવી પડી રહી. તે ચેતન વિના નરી પ્રતિમાની જ ભક્તિ જીવ કરે છે. પરંતુ કયા પ્રકારે સહાય થઈને નિવારણ કરશે? અને ગુણાદીક દેવ ઈશ્વર જે છે, તે તો પ્રોક્ષ વૈરાટમાં પોતપોતાના ધામમાં અદૃષ્ટ અવધિ કાળ સુધી રહે છે. તે ઈશ્વર અને અવતારી અંશ સદેહી જીવને જે કાળે મળે તો, જ્યાં સુધી જેની ગમ ત્યાં સુધી લક્ષ બતાવીને તે જીવને દર્શાવે.

એ પ્રકારે **સગુણ નિર્ગુણ ઉપાસી આ પાર જ રહ્યા છે, પરંતુ પેલી પાર રૂપ અરૂપથી ઓળંગીને કોઈ ગયું નહીં;** અને સકર્તાપદ તો રૂપ અરૂપ રહીત એકદેશી અમાપ સ્વરૂપવંત જ છે. તેની ગતિ બ્રહ્માંડને વિષે આદિ લોપ (અંત) થઈ છે, તે જુઓ. જેને ગુણ, ઈશ્વર, સનકાદિક અવતારની આદ્ય લઈને કોઈ જાણતું નથી. અને કોઈને આદિ ગતિનું સ્મરણ રહ્યું નથી. સનકાદિકને જો ફામ (સ્મરણ-ભાન) હોત, તો અવતાર ધારીને કહ્યું હોત, તો પછી બીજા કોઈનું કામ ન પડત. પણ તેમને સ્મરણ ન રહ્યું. અને ઈશ્વર, ગુણ, સનકાદિક વિના પંચમવેદનું શ્રવણ બીજા કોઈએ કરેલું નહી, અને તે તો સકલ ગતિ અનાદિ વેદ સમેતના પદને ભૂલી ગયા, ત્યારે જે કાળથી જગત ઉત્પન્ન થયું ત્યારથી પદાર્થ તત્ત્વ સ્વાદ પ્રભાવમાં જીવ પડેલા હોઈ તેવાને તેવા જ ખદબદ ખદબદ કર્યા જાય છે.

# પ્રકરણ ૪

# પરમવિશેષ આગમ નામ નિરૂપણ

એવી અનાદિ ભૂલ વડે કરીને સર્વ અંશ પરમ સકર્તાની જાણ્ય વિના અનંત જીવ કર્મ ભૂક્તમાન કર્યા જાય છે. તેમનામાં એક શ્વસંવેદની તર્કવાદ રહિતની લક્ષ ગતિ નથી. માટે અપાવન થઈ રહ્યા છે. એ પ્રકારે નિજધામને વિષે સર્વજ્ઞ આદિ કર્તાએ સર્વે એક કાળે જાણી લીધું અને **શ્વસંવેદ પ્રગટ કરવા તથા અનંત અંશ તારવા માટે પોતાની સમીપ પરમવિશેષ પાટવી અંશ જે પ્રથમ ઉપજાવેલા હતા, તેમને સત્વરે આજ્ઞા કરી.**

**પ્રશ્ન :** તેનું શું કારણ?

**ઉત્તર :** અતિશય તોફાન જગતમાં જાગે (થાય) ત્યારે, રાજા હજૂરમાંથી કામદાર મોકલી બંદોબસ્ત કરે છે. તે પ્રકારે કૈવલકર્તાએ સર્વજ્ઞ દ્રષ્ટિએ જોઈને વિચાર કરતા હતા. આપ પોતાના પાસેથી ભરોસાનો અંશ કોઈની વગ ન રાખે એવો મોકલ્યા વિના બ્રહ્માંડમાં સામાન્ય, વિશેષ અંશને અમારા તરફનો સાચો દેશ માલુમ પડે નહિ. અને નિર્વાણ ગતિનો અનુભવ પણ બીજા કોઈ બોલશે નહીં. જે જે આજ સુધી અવતાર મોકલ્યા, પણ તે સર્વ પંચમવેદની ગતિ વિનાના હતા. તે તો ચતુર્વેદની મરજાદા (આમન્યા) લોપીને અધિક શું બોલ્યા? માટે એવા પરમ અંશને મોકલું કે જેઓ નિર્ભયપણા વડે કરીને સકર્તાની નિશાની અને પરમાર્થ દર્શાવે. એવો વિચાર કરીને મહાદ્ અંશ જે પોતાની સન્મુખ હતા, તેમને પઠવાવ્યા હતા. તેમને બ્રહ્માંડને વિષે આવીને ‘‘શ્વસંવેદ’’ની દિવ્ય ગતિ પ્રગટ કરી છે.

જે ગતિનો લોપ બહુ જ આદિ કાળથી થઈ ગયો હતો, તે જ ગતિ ''પરમગુરુ'' શ્રીમુખે અંશોના ઉધ્ધાર કરવા માટે સર્વજ્ઞ કૃપા વડે કરીને બોલ્યા. તે પરમપતિનો પાર (અથાહ પણું) જોતાં મારા મુખથી વર્ણન કરી શકાય તેમ નથી. અહો ! જેણે આ સર્વ રચના કરી છે. તે સર્વજ્ઞની સામર્થ્યના તથા તેમનાં વખાણ કરે એવો ક્રતમાં કોણ છે? જેમ આકાશની ઉપમા શશિ ભાનુને, અને ગાર કાંકરાની ઉપમા હીરા કે ચિંતામણિને સંભવે નહિ. તે એક એકની બરાબર કહેતાં ઘણો દોષ લાગે. અને પરીક્ષા રહિત તેની ગતિ કહેવાય. તે પ્રકારે તેની પ્રશંસા ન કરી. અને અનુરાગના શ્રીમુખે તેમનાં વચન અને અનુભવની આદ્ય જોઈને તેમના કૃપામય વચનો જે શ્રવણ થયેલાં. તે વચનોનો આશય - સારાંશ આદી મધ્યાંત કહું છું. તે હે સર્વે અંશ ! અતિ આરત સૂક્ષ્મદષ્ટિ રાખીને શ્રવણ કરજો. જે શ્વસંવેદની ગમગતિ મહા અદ્‌ભૂત એકદેશી પ્રભુની સાક્ષાત્ પ્રતીતિ છે. જે, પરમ તિવ્ર ગતિવાળા મુમુક્ષુ જગતમાં હોય તે ચિત્ત એકાગ્ર કરીને શ્રવણ કરવા પરમ હુલ્લાસે બેસજો. જેને પોતાના જ કલ્યાણ કરવા માટેની જરૂર હોય, તેને અહીં અનુભવ લેતાં ફાવશે. અને તે પ્રતીતિ લેશે ત્યારે જ આ પરમપદને જાણશે. વળી, આ પ્રમાણે શ્રવણ કરતાં અન્ય જીવને પણ પોતાના કલ્યાણરૂપ સુખ થશે, એવો એના શ્રવણ કર્યાનો અપાર મહિમા છે.

જેમ કોઈ જીવને સર્પ, વૃશ્ચિક (વીછી) ડંખ કરે છે, અને તેનું વિષ મંત્ર વડે કરીને મંત્રજ્ઞ ઉતારે છે. પણ તે મંત્ર પેલા આદમીને કંઈ શ્રવણ કરાવતો નથી અને ઝેર ઉતરી જાય છે. તે પ્રમાણે શ્વસંવેદના અક્ષર શ્રવણમાં પડે અને તેનો અર્થ સમજ્યામાં આવે કે ન આવે તો પણ તે જીવને પરમપદની ગતિ પ્રાપ્ત થાય. અને જેને પ્રગટ અર્થ સારની ગમ ગતિ વિષેની પ્રતીતિ જાણવામાં આવશે. તેને તો આજ દેહને વિષે તાદશ્ય નિજ પરમ પતિનો અને પોતાના સ્વરૂપનો અનુભવ થઈને કરેલું ભજન તો કર્તાને અંગો અંગ પહોંચે. એ પ્રકારે જે જાણે અને ના જાણે તે બંને ને એક જ ફળ મળતું હોઈ અંતે પ્રપંચ વિષ ઉતરી જઈને બ્રહ્માંડને વિષે અંશ પરમ ધામને પામે. એવો અપાર મહીમા શ્રવણ કર્યાનો જાણીને તેમાં સકલ જીવ - અંશ સંત સજ્જન સમેત શ્રવણ કરવાનો પ્રેમ અતિશય પ્રીતિ સહિત રાખજો.

અને હવે આ તર્કવાદ નથી કે અન્ય અનેક મતામતનો સંવાદ પણ નથી.

એ તો એક કર્તા અને કૃતનો ભેદ દેખાડવાનો છે. તેની અપાર ગતિ ઉત્કૃષ્ટ હોઈ "પરમગુરુ" સકર્તાની આજ્ઞામાં રહીને પરમપદથી સાથે લઈને આવ્યા છે. તે જે કાળે નિજકર્તાની આજ્ઞા પરમવિશેષ પાટવી અંશ ઉપર બ્રહ્માંડમાં જવાની થઈ. તે સમયે પ્રથમ કૈવલકર્તાને નમસ્કાર કરતા હતા. એટલે કે તેઓ પોતાના નિજ સજાણ બાજદષ્ટિએ કરીને અંશરૂપે સજાતિ સનાતન સોહં કટાક્ષે દિવ્ય નેત્રે નમીને પરમ ગદગદ થયા. તે પરમવિશેષ પાટવી અંશની દષ્ટિ તે અતિ સૂક્ષ્મ સ્વરૂપાકાર અનુપમ જાણવી. જે દષ્ટિ અનંત વૈરાટને વિષે ફરી વળી. અને સકર્તાની નિકટ સર્વદા રહે છે. **તે પરમહંસને આજ્ઞા થતાં જ તે જ વેળાયે હંસ ગતિરૂપે નિર્મળ પોતે શુન્ય માર્ગે ગવન કરતા હતા. કર્તાના નિજધામ સહિત દ્વાદશ ધામ ઓળંગીને તેઓ આ મહિમંડ ઈંડને વિષે આવ્યા હતા.** પ્રથમ તેઓ જે ઠેકાણે નિરંજન પુરુષ નિજકર્તાને પ્રાપ્ત કરવા માટે અખંડ તિવ્ર વૈરાગ્ય ધારણ કરી મહદ્ શુન્યમાં જઈને તપ કરે છે ત્યાં આવ્યા. નિરંજન પુરૂષને તપ કરતાં ઘણા કલ્પ વીતી ગયા છે. હવે નિરંજન ઉપરનાં જે સર્વ ધામ કહ્યાં તે તો એક એકથી અધિક ગતિવંત છે. તેના વિષે જે અંશો વસે છે, તે પરમભેદની જ્ઞાનગતિ જાણે એવા જ સર્વે છે. પોતાનું નિજરૂપ અને નિજપતિની તે અંશને અક્ષયે ગમગતિ છે. માટે તે ધામને વિષે નિજ નાથ પ્રભુએ વિશ્રામ કર્યો નહિ. અને નિરંજન લોકને વિષે અંતરિક્ષના માર્ગે અચાનક આવીને બિરાજમાન ઉભા રહ્યા. તે પરમઅંશે પાંચ પ્રકારના દેહ ઓરલેથી ધારણ કર્યો. **તેનો લક્ષ "અગાધબોધ ગ્રંથમાં" હંસકળા બોધના અંગ-૪૦ ને વિષે કહ્યો છે.** તે પ્રકારે તન ધારણ કરીને રુપ - અરુપ તત્ત્વનું આવરણ લઈને પરમહંસ પ્રગટ દેહધારી થયા હતા.

હવે નિરંજન પુરુષ તે કાળે પરમહંસને વિલોકન કરતાં સમયે હંસરૂપ કટાક્ષે નમન કરીને વિનંતિ કરે છે જે અહો ! પરમ દૈદીપ્યમાન સાક્ષાત્ સર્વજ્ઞ ગતિરૂપ મૂર્તિ, તમોએ આ સ્થાનને વિષે ક્યાંથી આગમન કર્યું? કયા ધામ લોકથી આવ્યા? કે, કયા પરમ ગતિવંત નિજ સનાતન કર્તા પાસેથી આવ્યા? કે પછી નિજ કર્તા પ્રભુ પોતે જ સર્વજ્ઞ ગતિ રૂપ ધારણ કરીને અખિલ અંશ તારવા માટે પ્રગટ થયા છો? તે અમને કંઈ ગમ-માલુમ પડતી નથી. જે તમારો આશય અપાર હશે, તેની ગતિ તે તમો તમારી મેળે નિજ અંતરમાં જાણતા હશો, તે નિમિત્તે કરી આજ અમારા ઉપર દિવ્ય રૂપે પ્રગટ થઈને કૃપા કરીને દર્શન દીધાં. અહો

! કેટલાક કાળથી હું તમારો દાસ આ મહા શુન્યમાં પરમ આશાએ તપ કરું છું. તેથી મારા તપનું ફળ આજે હે અનંત પ્રભુ ! તમારાં દર્શન કરવાથી પ્રાપ્ત થયું, એવું મને ભાસે છે. એ પ્રકારે નિરંજન પુરુષની વિનંતી શ્રવણ કરીને પરમઅંશ તેમના પ્રત્યે વદે છે. અહો હે પુરુષ ! ભજન સત્‌સંગનો આદ્યભેદ તમે જાણો છો. અને ફરી તમને તેનું સ્મરણ આપું છું. જે આપણા કર્તા તો એકદેશી અને સર્વજ્ઞ એક ઠામને વિષે અચળ વસે છે. અને આપણે તેમનાં સજાતિ અંશ હોઈ લઘુ દીર્ઘ ગતિવાળા સરજાયેલા છીએ. તે અનંત બ્રહ્માંડ, તત્ત્વ તથા અંશોના કર્તાનું આપણી સજાણદૃષ્ટિ રૂપી ચિત્ત વડે કરીને અહોરાત્રિ ચિંતવન કરવું. એ પ્રકારે નિરંજન પુરુષને લક્ષ ગતિ દર્શાવી ત્યારે તે પુરુષ તો પ્રથમ જ અતિ વિચિક્ષણ પોતે પોતાની મેળે એક કર્તાને પ્રાપ્ત કરવાને માટે વૈરાગ્ય ધારણ કરીને ભજન કરવા બેઠા જ છે. વળી, ઉપર દર્શાવ્યા મુજબની પરમ લક્ષણા પરમગુરુએ દર્શાવી, તેને કરીને વૃત્તિ સમાધ્યાંન પામીને કર્તાના ભજનને વિષે એકાગ્રતા થઈ. અહો ! જે નિરંજન પુરુષ તો શ્વસંવેદના જાણનારા જ છે. પછી તેમના ઉપર ફરીને તેજ ગતિનો સંગ થયો. તેને કરીને અક્ષય અખંડ નિજકર્તાને પોતાના થડમાં (પાસમાં) યોગ વડે કરી લીધા. પરમગુરુએ એ પ્રકારે જોયા પછી ત્યાંથી અહીંયાં ગવન કરીને શક્તિ આદ્યે સર્વ લોકમાં અપાર અંશોને લક્ષ બોધ આપતા હતા. તેનો સારાંશ તે જે નિજકર્તા બાપ અને આપનું આપ સ્વરૂપ પ્રગટ તદવત્ તદાકાર પ્રતીતિ કરાવીને સર્વને દર્શાવી દીધી. અહો ! જેને એક જ આદિ અદ્વૈત સકર્તા કૈવલનો સિદ્ધાન્ત જાણવો. તેનું દૃષ્ટાંત સાંભળો. જેમ વાલ્મિકીએ રામાયણ બહુ પ્રકારનાં કર્યા છે, પણ તે સર્વ ભિન્ન ભિન્ન ગ્રંથને વિષે એક આદી રામનું વર્ણન કર્યું. જેમ કોઈ પતિવ્રતા પોતાના પતિ વિના બીજાનું ધ્યાન ન કરે. **તેજ પ્રકારે પરમગુરુએ પણ જે જે લોકમાં જેવા જીવનો જેવો ભાવ દીઠો તેવો જ તે જીવ પ્રત્યે પરમ દયાળુએ વર્ણનપૂર્વક બોલીને લક્ષ આપ્યો. તે એક " સત કૈવલ" હેતુનો બોધ જ જાણજો.** એ પ્રકારે સર્વલોકને વિષે અને પુષ્કર આદિ સર્વ દ્વિપમાં અયોનિ પુરૂષ સંભવે છે. તેઓએ ઠેકાણે ઠેકાણે પ્રગટીને આદિ ગમ નિજકર્તાના ભજનની નવાઈ દર્શાવીને અનંત અંશોને પારંગત કર્યા છે. અને છેલ્લા આ જમ્બુદ્વિપ ને વિષે બદ્રિકાશ્રમ આદ્યે આવીને નરનારાયણની આદ્યે અપાર અંશોને અનેક પ્રકારે લક્ષબોધ તથા નિજકર્તાનું ભજન બતાવીને પારંગત

કર્યા હતા. તે ''શ્વસંવેદનો''સકર્તા સિદ્ધાન્ત અને એકદેશી બ્રહ્મ પ્રકાશની ઉપર રહેલા પ્રકાશક જે કૈવલ પદ અચળ રહેલું છે. તે કર્તાએ શુદ્ધ સંકલ્પ વડે તત્ત્વ અને અંશ ઉપજાવીને અનંત પ્રકારના ખેલની રચના કરી. હવે તે કંઈ પ્રકારે પ્રથમ કેટલાં તત્ત્વ ઉપજાવ્યાં, અને કેટલા પ્રકારના અંશ સર્જીને ખેલ રચ્યો છે, તેનો દેશ અને વેશ દેખાડીએ છીએ. સર્વે સંત સજ્જન અંતર પ્રીતિએ કરીને સકલ ઉત્પતિ સાંભળજો.

# પ્રકરણ ૫
# સત્ સંકલ્પ તત્ત્વ સર્જનક્ત નામ નિરૂપણ

આદિ અનાદિ જે નિજકર્તા અપરંપાર શૂન્યને વિષે અદ્વૈત, અખંડ, અમર, અચલ પોતે એકાકી દ્વૈત ઉપજાણ ભાવ વિના બિરાજમાન થઈને અભિરામ કરતા હતા. તે કૈવલકર્તાને પ્રથમ ઉપજાણ ઉપજી. તે જેમ કોઈ પુરુષ નિદ્રામાંથી અચાનક જાગૃત થાય, એ પ્રકારે આ ફેરે (વખતે) ઉપજાણ ઉપજી. એના પહેલાં કર્તાને  જ્યારે ઉપજાણ ઉપજી હતી અને અલૌકિક સંકલ્પથી કેટલાક કાળ ચાલે તેવી સૃષ્ટિ રચી અને તેનો સંહાર કરીને ઉપજાણના અંશ અને સંકલ્પ સમેત લીન કરીને પોતે અભિન્ન ગતિરૂપ એકાકી અદ્વૈતરૂપે અસંખ્ય કાળ સુધી અભિરામ કરતા હતા. જેમ કોઈ નર પોતાના હથિયાર મૂકીને નિશ્ચિતપણે આરામ કરે છે, તે ફરી પોતાની મેળે જાગૃત થાય છે.


તેમ કર્તાને પણ અચાનક ઉપજાણ ઉપજી. તે રૂપી જાગૃત થયા. ઉપજાણને સંકલ્પ કહેવાય નહિ. સંકલ્પનું રૂપ તો હજુ હવે થશે. હવે જે ઉપજાણ ઉપજી તે ઉપજાણને પોતે જાણી કે આ મને અચાનક થયું, એમ જાણવું તે પોતાના સ્વરૂપથી જાણ્ય સ્ફૂરણ થઈ. અને તે ઉપજાણને સજાણ નેત્રે દીઠી. તે બાજવૃત્તિ જાણવી, અને તે બાજદ્રષ્ટિને તથા ઉપજાણને જાણી, તે કર્તાની અંતરદૃષ્ટિ જાણવી. ઉભયે પ્રકારે સજાણ દૃષ્ટિને વિષે હેતુ ધારણ કર્યું. તે બે પ્રકારનો હેતુ રૂપી અંતર  અને બાજ એમ બે વૃત્તિઓ જાણવી. એટલા પ્રકારે અલૌકિક તત્ત્વ ઉત્પન્ન થયાં.

તે સર્વને જોઈને ધારણા ઉપજી. તે ધારણા તે જ શુદ્ધ અભિમાન જાણવું. તે અભિમાને સકલ તત્ત્વ ઊપજેલાનો પોતે નિર્ણય કરીને જોયું. તે અકળ વિચાર સજાણપણું જાણવું. હવે તેના વિષે દેખવાની તથા જાણવાની ભાવનારૂપી આરત જાણવી. એટલા પ્રકારે એક ઉપજણ ઉપજાવી છે. તેવું સ્ફૂરણ થયું ત્યારે પોતાના સજાણપણે કરીને વિચાર કરતા હતા.

આપણે એકાકી અમસ્થા કેમ બેસી રહ્યા છીયે? કશુંક ખેલ-રમણ કર્યું હોય તો સારું. એવી ઈચ્છા થઈ ત્યારે એકલા મળીને ભાવ ઉપજ્યો તે નિજકર્તાએ શક્તિ સંકલ્પ ઉત્પન્ન કર્યો જાણવો. પછી તે સંકલ્પને જાણીને પોતે અતિ વિશેષ અભિમાન ધારણ કરીને એક હું અદ્વૈત છું. જે ધારીશું તે કરીશું. એવો સંકલ્પ ખુદ માલિકને જ્યારે થયો ત્યારે પોતાની સજાણદ્રષ્ટિ પોતાના દિવ્ય તનુ ઉપર જોવાને ભાવના કરી. તે પોતાના પરમ પ્રકાશ આદિ ખગને વિષે જ્યાં સુધી ક્રાંતિ વ્યાપક થઈ હતી ત્યાં સુધી દીઠી. ત્યારે જાણ્યું જે આપણો પ્રકાશ પણ ઘણો જ છે. એવું દેખીને ભાવના થઈ. તેજ નિજકર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિ જાણવી. તે સજાણ દષ્ટિરૂપી ભાવના બ્રહ્મ પ્રકાશને વિષે સમશક્તિ રૂપે વ્યાપક થઈ તેને જ **(૧) પ્રકાશ બ્રહ્મવૃત્તિ કહીએ છીએ.** તે જેમ સૂર્ય પ્રકાશ એક દેશમાં રહીને તેના ભાસ-પ્રકાશને વિષે શીત, ઉષ્ણ, વૃષ્ટિ સહિતનો ધંધો ગુણ વડે થયા જાય છે. તે પ્રકારે સકર્તાનો પ્રકાશ તેજ બ્રહ્મ બ્રહદ્ પરમતત્ત્વ અકર્તા એવું શ્રુતિ પ્રતિપાદન કરે છે, તે એકદેશી સકર્તા થકી નભને વિષે વ્યાપક મહાદ્ આકૃતિ વિનાનું છે. તે સહેજ જેમનું તેમ પ્રકાશ રૂપ જાણવું. હવે તેને જે સમયે અલૌકિક બાજ દષ્ટિ વડે કર્તાએ જોયું, ત્યારે તેને વિષે જેમ સૂર્યના પ્રકાશમાં ગુણ વ્યાપીને આકૃતિ જણાય છે. તે પ્રકારે પ્રકાશ બ્રહ્મને વિષે કર્તાની સત્તા વ્યાપક થઈને આકૃતિવાળું થયું. તેનું નામ પ્રકાશ બ્રહ્મવૃત્તિ જાણવી. તે વૃત્તિ થકી ત્રણ મહાતત્ત્વ ઉત્પન્ન કર્યા. તે

૧. અવિકાસ ૨. વિકાસ, ૩. કુંભસ્થ આ ત્રણ મહાતત્વો પ્રકાશ બ્રહ્મવૃત્તિ થકી થયા તે જાણવા. ત્યારપછી **(૨) સંજમભોગ વૃત્તિ** તે પ્રણવની સંગાથે સંજમ રાખી પ્રવૃત્તિ થવા સારૂ ઉત્પન્ન કરી. તે સંજમભોગ વૃત્તિ થકી ત્રણ ચક્ષસત્ત્વ ઉપજ્યાં. તે (૧) અનંગ ૨. વગ્રજ્ઞાન ૩. કાલ એ ત્રણ જાણવાં. ત્યાર પછી કર્તાએ વિચાર કર્યો કે, એટલા તત્ત્વ વડે પ્રગટ ખેલ બને નહિ. તેના માટે તો બીજી સામગ્રી ઉપજાવવી પડશે, એવી ઈચ્છા થઈ તે. **(૩) ઈચ્છાવૃત્તિ જાણવી.**

# ૮૪ તત્ત્વોનો અને પંચદેહના તત્ત્વોનો વિસ્તાર



હવે ઈચ્છાવૃત્તિ થકી બહોતેર તત્ત્વ ઉત્પન્ન કર્યા. તે જે પ્રકારે ઉત્પન્ન કર્યાં છે, તે પ્રકારે ભિન્ન ભિન્ન કહું છું. પ્રથમ ઈચ્છાવૃત્તિ થકી નિરંજન તત્ત્વ નિર્માણ કર્યું. નિરંજનથી અવ્યાક્રત તત્ત્વ ઉત્પન્ન કર્યું, તે અવ્યાક્રતથી ચતુરતત્ત્વ કારણ થયાં. (૧) આનંદ તત્ત્વકારણ થયું, (૨) મહાતત્ત્વકારણ એ બે તત્ત્વકારણ અવ્યાક્રતથી થયાં. હવે એ બે તત્ત્વકારણથી બીજાં તત્ત્વકારણ થયાં. તે એક આનંદ તત્ત્વથી પ્રકૃતિતત્ત્વ થયું. અને મહા તત્ત્વથી બીજું ધનંજેતત્ત્વ થયું. હવે પ્રકૃતિ અને ધનંજે એ આનંદ તથા મહાતત્ત્વ કારણથી થયાં.

હવે એ પ્રકૃતિ તથા ધનંજે તત્ત્વથી તેત્રીસ તેત્રીસ તત્ત્વ એક એકથી થયાં. તે અનુક્રમે કહીએ છીયે.

પ્રથમ પ્રકૃતિ તત્ત્વનો વિસ્તાર કહું. એ થકી ત્રણ ગુણ થયા. ૧. રજો, ૨. સતો ૩. તમો.

(૧) રજોગુણની દશ આકાંક્ષા થઈ. ૧.શ્રવણ ૨. ગંધ ૩. નીરિક્ષણ ૪. ક્ષુધા-તુષા ૫. ઉચ્ચાર ૬. શીત-ઉષ્ણ ૭. ગ્રાહાજ ૮. વિષય ૯. મળવિસર્જન ૧૦. ગવન એ દશ આકાંક્ષાઓ રજોગુણથી થઈ.

(૨) સતોગુણથી દશ તત્ત્વ ઉપજ્યાં. પંચ અવસ્થા અને પંચ અંતઃકરણ એ દશ જાણવાં. પ્રથમ પંચ અંતઃકરણ. ૧. મન ૨. બુદ્ધિ ૩. અહંકાર ૪. ચિત્ત ૫. નચિત્ત એ પંચ અંતઃકર્ણ. હવે પંચ અવસ્થા ૧. જાગ્રત ૨. સ્વપ્ન ૩. સષોપતિ ૪. તુરિયા ૫. ઉનમુનિ એ પંચ અંતઃકરણ અને પંચ અવસ્થાઓ એ દશતત્ત્વ સતોગુણથી થયાં.

(૩) તમોગુણથી દશ કાળ થયા ૧. સ્વભાવ ૨. કામના ૩. આક્રંતી ૪. આશ્ચર્ય ૫. પ્રથક ૬ વિપરીત ૭. અજ્ઞાન ૮. રાગસ ૯. દ્વૈષ ૧૦. વૃદ્ધિ અંત એ દશકાળ તમોગુણથી થયા. એ પ્રકારે ત્રણગુણ સહિત પ્રકૃતિ થકી તેત્રીસ તત્વ થયાં. અને પ્રકૃતિ ચોત્રીસમી. એમ કુલ આનંદતત્ત્વ કારણથી ચોત્રીસ તત્ત્વ થયાં.

ધનંજે તત્ત્વ કારણથી તેત્રીસ તત્ત્વ થયાં તે કહીયે છીયે. ધનંજેથી ત્રણ ઘણ થયા. તે (૧) અહંકાર ઘણ (૨) સ્વકાશ ઘણ (૩) અચંત ઘણ એ ત્રણ ઘણથી એક એકથી દશદશ તત્વ થયા.

(૧) અહંકાર ઘણથી પંચભૂત અને પંચમાત્રા એ દશ તત્ત્વ થયાં તેમાં પંચભૂત તે, ૧. પૃથ્વી, ૨. જળ, ૩. અગ્નિ ૪. વાયુ ૫. આકાશ હવે પંચમાત્રા તે,

૧. શબ્દ ૨. સ્પર્શ ૩. રુપ ૪. રસ ૫. ગંધ એ દશ તત્ત્વ અહંકાર ઘણથી થયાં.

(૨) જે સ્વકાસઘણથી દશતત્ત્વ તે, પંચ સંભસકર્ણ અને પંચ વિવસ્તા થયાં.

પ્રથમ પંચ સંભસકર્ણ તે, ૧. શાન્તિ ૨. સહેજ ૩. શીલ ૪. સંતોષ ૫. સમતા એ પંચ થયાં. હવે પંચ વિવસ્તા તે, ૧. સ્થિતિ ૨. ઉદાર ૩. ગલીત ૪. કુંભસ્થ ૫. સામાન્ય એ પંચ વિવસ્તા થઈ. એ દશ તત્ત્વ સ્વકાસ ઘણથી થયાં.

(૩) અચંત ઘણથી દશ તત્ત્વ ભાવનાઓ થઈ. ૧. અહમ ૨. સમ ૩. વિસર્જન ૪. નિંદ્રા ૫. અંધતમ ૬. અચેત ૭ ઉચાટ ૮. અભાવ ૯. મૂન્ય ૧૦. અસામ્રથ એ અચંત ઘણથી દશ તત્ત્વ થયાં. એ પ્રકારે ધનંજે તત્ત્વ કારણથી તેત્રીસ તત્ત્વ થયાં. અને મહાતત્ત્વ કારણથી ધનંજે થયું, તે મળીને ચોત્રીસ તત્ત્વ થયાં.

એ પ્રકારે ઈચ્છાવૃત્તિથી બોંતેર તત્વ નિરંજન, અવ્યાક્રત, આનંદ અને મહાતત્ત્વ એ ચાર મળીને થયાં. એ પ્રકારે ઈચ્છાવૃત્તિ તથા પ્રકાશ બ્રહ્મવૃત્તિ અને સંજમ ભોગવૃત્તિ એ ત્રણ થકી તત્ત્વ નિરમાણ કર્યા તે કહ્યાં.

હવે તે તત્ત્વ એટલાં ઉપજાવ્યાં પણ તેની ક્રિયા ન દેખાઈ. ત્યારે કર્તાએ (૪) **ક્રિયાવૃત્તિ** ઉત્પન્ન કરીને સર્વ તત્ત્વ ઉપર ક્રિયા રૂપી ભાવના કરી, ત્યારે ક્રિયાથી થાય એવાં તત્ત્વ થયાં. જેટલો ખેલ - રચના કરવી હોય, ત્યાં સુધી એકદમ ઊપજેલાં તત્ત્વ પહોંચી શકે, અને ફરી કરવાં ન પડે. તે પ્રમાણે તત્ત્વનું માપ ચાલે તે રીતે ઉત્પન્ન કર્યા. પછી કારણ સારૂ **(૫) સજીવનવૃત્તિ** ઉત્પન્ન કરી. તે સર્વ તત્ત્વ અનંત ઈંડ ચરાચરની રચના કરવા માટે પોતે એટલા માપ સુધી ચાલે તેવાં વૃદ્ધિ કરીને તૈયાર કર્યા. એ પ્રકારે ક્રિયાવૃત્તિ અને સજીવન વૃત્તિની ક્રિયા જાણવી.

હવે વૈરાટ દેવ ચરાચર અનંત પ્રકારના અલંકાર તત્ત્વ સામગ્રી પહેલી કરી મૂકી હતી. તે તત્ત્વના વૈરાટ સમેત ચોરાસી લક્ષ પ્રકારના ઘાટ કરવા સારૂ પ્રથમ નિજકર્તાએ નિજગતિ વડે પોતાના અંતરમાં જે પ્રકારે રચના કરવી હતી, તે પ્રકારે અનેક વિધિ ધારણા કરી. પછી તે અલંકારના માપસ પ્રમાણે અધિક-ન્યૂન, લઘુ - દિર્ઘ ઘાટ પ્રમાણે તત્ત્વ ઉત્પન્ન કરેલામાંથી સંભવે તેવા ભાગ લઈને ક્રિયા વૃત્તિ પાસેથી વહેચણ-વિવેચના કરાવીને સ્થાવર, જંગમ, દેવ, વૈરાટ સહિત સર્વના અલંકાર ધારણામાં પોખીત કર્યા. પછી સજીવન વૃત્તિ વડે જેનો જેવો ઘાટ (દેહ) તે માપ પ્રમાણે વૃદ્ધિ પમાડીને નાની કીડીથી તે મોટા કુંજર સુધીના ઘાટ તૈયાર કરીને રચના કરી. પણ તત્ત્વ પોખ્યા પ્રમાણે ભિન્ન ભિન્ન તનુના અલંકારને વિષે

વર્તમાન પ્રગટ ક્રિયા થવા ન લાગી. તેમજ ચરાચર વૈરાટ અને દેવને વિષે નર્યાં તત્ત્વ વડે કોઈ ક્રિયા ન થઈ, ત્યારે નિજકર્તાએ સર્વજ્ઞ સજાણપણે જોયું, જે સર્વ ઘાટ કર્યા પણ ક્રિયા કેમ નથી થતી ? પછી અંતરમાં વિચાર કરીને વિવેક કરે છે. જે પરભાર્યો ખેલ વર્તે એવું દેખાતું નથી. વિના આંગળી કાપે લોહી કેમ નીકળી શકે? માટે આપણા સજાતિ અંશ ઉત્પન્ન કરીને દેહ (ઘાટ) ને વિષે પ્રેરક કર્યા વિના ખેલ ચૈતન થઈને પરંપરા સહિત આપણા સંકલ્પની ધારણા છે ત્યાં સુધી ન ચાલે એવું અંતરમાં આણીને પોતાના અંતરમાં, સજાણ અંશ ઉત્પન્ન કરવાની વૃત્તિ ભાવના કરી તે, **(૬) કર્તા અંશવૃત્તિ જાણવી.**

કર્તા એ અંશવૃત્તિ થકી અલ્પ સજાણ અંશ ત્રણ પ્રકારના લઘુ-દિર્ઘ ગતિવાળા અનંત ઉપજાવીને જે પહેલા ચરાચર વૈરાટ દેવ સમેત અલંકાર (ઘાટ) કરી મૂકેલા તેમાં પ્રેરક કર્યા. જ્યારે અંશ ઘાટને વિષે બિરાજમાન થયા ત્યારે, જેટલા જે તનુને વિષે વિશેષ ન્યૂન તત્ત્વ પોખ્યાં હતાં, તે અંશની ભાસ ભાવનાએ ચૈતન થઈને અંકુર ભાગ સર્વ વર્તવા લાગ્યાં.

એ પ્રકારે કર્તાએ પોતાના શુદ્ધ સંકલ્પ વડે ખટવૃત્તિ ઉપજાવીને નાના વિધિ રચના કરી છે. હવે ખટવૃત્તિ સમેત ચોરાસી તત્ત્વ સત્ સંકલ્પે નિજકર્તાએ કર્યો. તે થકી જ આ વૈરાટ સહિત અનંત વૈરાટ ખડાં કરીને ચરાચર દેવ સમેત સર્વના બીજ અંકુર પડનાલીકા પોતાના સંકલ્પમાં વેગ પહોંચતા સુધી ચાલે એવું ક્રત કરીને પોતે સર્વજ્ઞ દૃષ્ટિ વડે અનંત અંશો અને અનંત ઘાટોનું પાલન પોષણ કર્યે જાય છે. હવે તે સકલ ક્રતનો પ્રકાર શ્વસંવેદમાં પરમગુરુએ પ્રતીતિ વર્ણન કર્યો છે. તેનો પાર ચાર વેદને વિષે વર્ણન નથી. માટે કર્તાએ પરમવિશેષ પાટવી અંશ મોકલીને ગતિ દર્શાવી દીધી છે, જેનું શ્રવણ કરે ત્યારે તે ગતિ ચરાચર દેવ વૈરાટ સમેત આ બ્રહ્માંડનું ક્રત કર્તાનું માલુમ પડ્યામાં આવે.

# પ્રકરણ ૬

# માનવદેહ અંશ પ્રવેશ તત્વ ચેતન કૃત નામ નિરૂપણ

હવે તેમાંથી કિંચિત ગતિ પંચ પ્રકારની જંગમ જાતિ પૈકી આપણ જે માનવી અલંકાર તનુને વિષે તત્ત્વ ભાગ પોખેલાનું પંચીકરણ કહીયે છીએ. તે પોતાને સ્વ પ્રતીતિ લેવા સારૂ વિભાગની ક્રિયા દેખાડીયે.શા માટે? જે આપણ આ તનુ અલંકારને વિષે વસ્યા છીયે, એના તત્ત્વ ભાગ વર્તમાન જાણ્યા વિના ક્યા પ્રકારે ઉત્તમ આચરણ કરીને પરમપદ પામીશું? માટે પ્રથમ આપણે તો આપણા તનુનાં પંચીકરણ જાણવાની જરૂર છે. જેને જાણવાની ઈચ્છા હોય તે આરતવંત સર્વ અંશ સાંભળો. આ તો ઊલટ માર્ગ હોઈ નિર્વાણ અનુભવ છે.

જે પ્રથમ સ્થૂળ દેહથી તે નિજરૂપ અંશ સુધી જડ ચૈતનની નીતિ કહીયે છીયે. હવે તે પ્રથમ પુરુષ અને નારીના પિંડ ભાગ ક્રિયાવૃત્તિએ  કર્યા, તે કાળે તેની પ્રગટ પ્રવૃત્તિ તત્ત્વ પોખ્યા પ્રમાણે થવા લાગી નહિ. ત્યારે કર્તાએ પોતાના અંશ નિર્માણ કરીને ઘાટોને વિષે પ્રેર્યા, તે વખતે તત્ત્વ ભાગ સર્વ ચેતન થઈને વર્તવા લાગ્યા.

**પ્રશ્ન :** તે અંશની ઈચ્છાએ કયા પ્રકારે ચેતન થયાં?

**ઉત્તર :** તેનો અનુક્રમ કહીએ છીએ. જે કાળે અંશ આવીને પિંડમાં બ્રહ્મરંધ્રના સહસ્ત્ર કમળને વિશે આવીને બિરાજમાન થયો. તેની સાથે શી શી સામગ્રી કર્તાએ આપી તે સાંભળો. અંશ સાથે ઉપજણનો અંશ તથા સુરત, નુરત, અક્કલ અને

આરત સમેત અલ્પ વિભૂતિની ઈશ્વર્યતા આપીને પિંડને વિષે વસાવ્યો. તે અંશની સંચિત સજાણ ભાસ દૃષ્ટિ પ્રથમ પ્રણવ ઉપર પડી. તેણે કરીને પ્રણવે ત્રણેય મહાતત્ત્વને ચૈતન કર્યા પછી સંજમભોગવૃત્તિનાં ત્રણ ચક્ષસત્ત્વ ચેતન કર્યા. હવે બહોતેર તત્ત્વ ઈચ્છા વૃત્તિનાં કઈ રીતે ચેતન કર્યા તે કહીએ છીએ.

## ઈચ્છાવૃત્તિ

પ્રથમ ઈચ્છા વૃત્તિએ નિરંજન તત્ત્વ જ્યોતિ સ્વરુપ અભિમાનને ચેતન કર્યા. તે નિરંજને અવ્યાકૃતને ચેતાવી. અવ્યાકૃતે બે તત્ત્વકારણ જેમાં એક આનંદતત્ત્વ અને એક મહાતત્ત્વ ચેતન કર્યા. પછી આનંદે પ્રકૃતિને ચેતન કરી. અને મહાતત્ત્વે ધનંજે તત્ત્વને ચેતન કર્યું. પછી પ્રકૃતિએ ત્રણ ગુણ ચેતન કર્યા. રજોગુણે દશ આકાંક્ષાઓ ચેતાવી. તમોગુણે દશકાળને ચેતાવ્યા. સત્ત્વગુણે પંચ અંતઃકરણ તથા પંચ અવસ્થા એ દશને ચેતાવ્યા. એ પ્રમાણે ત્રણ ગુણનાં ત્રીસ તત્ત્વ ચેતન થયાં. પછી ધનંજે તત્ત્વે પોતાના ત્રણ ઘણને ચેતન કર્યા. તે ઘણે પોતપોતાના તત્ત્વ ચેતાવ્યા. અહંકાર ઘણે પંચભૂત અને પંચમાત્રા એ દશ ચેતન કર્યા. સ્વકાશ ઘણે પંચ વિવસ્તા અને પંચ સંભસકર્ણ ચેતન કર્યા. અચંતઘણે દશ ભાવના ચેતન કરી. એ ત્રણ ઘણનાં ત્રીસ તત્ત્વ ચેતન થયાં. એ પ્રકારે અન્યોઅન્ય ચેતન તત્ત્વ ભાગ સર્વ ઈક્ષોતેર તથા ખટ વૃત્તિ આદ્યે અંશે પોતાની સંચિત દૃષ્ટિએ ચેતન કર્યા હતાં.

જેમ કોઈ એક નરપતિની આજ્ઞા વડે સર્વે કામદારો અને લશ્કર હુકમ થતાં જ પળ વારમાં પોતપોતાનાં કામ કરવા માટે ચેતન થઈને બેસે છે. તે પ્રકારે એક અંશની સજાણ સંચિત ચેતન દૃષ્ટિ રૂપ હુકમ વડે સર્વ તનુ તત્ત્વભાગને વિષે ક્રિયા રહિત હતા તેમાં એક ચેતનપણુ જ આવ્યું. તે ચેતનતા સર્વ તત્ત્વની થઈ રહી જાણવી. જેમ આપણે જાગૃત થઈને હોંશિયારી અને અભિમાન સહિતની કશી ક્રિયા કર્યા વિનાની ચેતનતા ધારણ કરીએ છીએ એ પ્રકારે એ જ ચેતનતાનું રૂપ જાણવું. એમ અંશની ઈચ્છા થકી ચેતન થઈને પંચદેહના તત્ત્વની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન તત્ત્વના સામર્થ્ય પ્રમાણે થવા લાગી.

# પ્રકરણ ૭

# ખટવૃત્તિ આદી ચોરાસીતત્ત્વ ભાગની સાધારણ પ્રવૃત્તિ નામ નિરુપણ

હવે તે અંશની સજાણ ઈચ્છા પ્રમાણે સકલ તત્ત્વની ક્રિયા થવા માંડી. તે વિષે કહીએ છીએ.

## રજો ગુણ

પ્રથમ રજોગુણની આકાંક્ષાની દશ પ્રકારની ક્રિયા કહીએ છીએ. તે સ્થૂળને વિષે પૃથક પ્રથક આકાંક્ષાઓની ઈન્દ્રિયો થઈ. ક્રિયાવૃત્તિએ પોખેલા પ્રમાણે તે ઈન્દ્રિયો કેવી ક્રિયા વર્તે છે, તે સાંભળો.

(૧) શ્રવણ આકાંક્ષાના શ્રવણ (કાન) થયા. તેની ક્રિયા નાના વિધ પ્રકારના નાદ (શબ્દ) શ્રવણ કરે છે. તે સર્વ સુષ્ટ (અદુષ્ટ) હોય કે દુષ્ટ હોય, પણ જેમ ઉચ્ચાર કરે તેમ સાંભળે.(૨) સુગંધ આકાંક્ષાની નાસિકાઈન્દ્રિય થઈ. જેના વડે સર્વ દેવ, માનવની આદ્ય લઈ સર્વનું શરીર શોભીતું દેખાય તે નાસિકાએ સુગંધ ઉત્તમ મધ્યમ ગ્રહણ કરવામાં આવે છે.(૩) નિરીક્ષણ આકાંક્ષાનાં ચક્ષુ થયાં છે. તે નેત્રે કરી ચરાચર વિરાટ અણું રેણુની આદ્યે સર્વે દેખાય છે. (૪) ક્ષુધા-તૃષા આકાંક્ષાની તો મુખઈન્દ્રિય થઈ છે. તે મુખે કરીને અન્ન ભક્ષણ - ખાનપાન કરાય છે. (૫) ઉચ્ચાર આકાંક્ષાની જીભ્યા ઈન્દ્રિય થઈ. તે રસના રસ સ્વાદ જાણીને શબ્દનો ઉચ્ચાર પણ બહુ પ્રકારે વારંવાર ઉચ્ચારે છે. (૬) શીત - ઉષ્ણ આકાંક્ષાની

ત્વચા ઈન્દ્રિય થઈ, તે તનુની અંદર તેમજ બહાર વીંટાઈને (લપેટાઈને) રહી છે. તેથી શીત - ઉષ્ણ કર્મ જે કાળે સ્પર્શે તે જણાય છે. (૭) ગ્રાહાજ આકાંક્ષાની તો હાથ ઈન્દ્રિય થઈ. તેણે કરીને હાથેથી પદાર્થ લેવા આપવાની ક્રિયા થાય છે. (૮) વિષય આકાંક્ષાની ઉપસ્થ ઈન્દ્રિય થઈ તેણે કરીને મૂત્ર ધાતુ અને મૈથુનાદિક ક્રિયા થાય છે. (૯) મળ વિસર્જન આકાંક્ષાની ગુદા ઈન્દ્રિય થઈ તે નિરવિત્ મળનો ત્યાગ કરીને સુખદાયી કરે છે.(૧૦) ગવન આકાંક્ષાના પગ થયા, તેની હલન - ચલન ક્રિયા ગતિ એ કરીને દેશ-પરદેશ જવાય છે. એ પ્રકારે દશ આકાંક્ષાની ઈન્દ્રિઓએ કરીને તેના વિષે જે ક્રિયા થાય તે કહી.

## અહંકાર ઘણ

હવે અહંકાર ઘણથી દશ તત્ત્વ થયાં. તેનું રૂપ, ક્રિયા સહિત બતાવીએ છીએ. (૧) પૃથ્વી તત્ત્વ તો જડવત્ તનુને વિષે વજનરૂપે જાણવું. (૨) તેજ તત્ત્વનો ભાગ શરીરને વિષે જઠરાગ્નિની આદ્ય લઈને ઉષ્ણપણું રહ્યું છે. (૩) જળ તત્ત્વ તે તનુને વિષે રૂધિર જાણવું. (૪) વાયુ તત્ત્વની તો નાડીઓ થઈને ધડક્યા કરે છે. (૫) વ્યોમ તત્ત્વ, તે દેહને વિષે સર્વ ઈન્દ્રિયો તથા રોમ રોમને વિષે વિકાસ પામીને રહ્યો છે. તેના પેટામાં શબ્દ વ્યાપક નાદ ધુનકાર વર્તે છે. તે આકાશનું રૂપ પંચભૂત મધ્યેનું જાણવું. એ પ્રકારે પંચભૂતના અંશ દેખાડ્યા. જેથી સ્થૂળ રૂપ શરીર દેખાય છે. હવે પંચ માત્રાનું લક્ષણ કહીયે છીએ. (૧) શબ્દ માત્રાનો ધ્વનિ તે શ્રવણ જે કાને સાંભળીયે છે. તે શબ્દ ગુણ, નભનો વાસ કાનને વિષે સદોદિત છે, માટે શબ્દને ગ્રહણ કરે છે. (૨) રૂપ માત્રા, તે નેત્રને વિષે નિરખવાપણું જે તત્ત્વ પદાર્થ દેખે છે. (૩) ગંધ માત્રા, તે નાકને વિષે બહુ વિધીની સુગંધ લેવાય છે. (૪) રસ માત્રા, તે રસનાયે કરીને રસ સ્વાદ જણાય છે. (૫) સ્પર્શ માત્રા, તે ત્વચાને વિષે શીત - ઉષ્ણપણુ જણાય છે. એ પ્રકારે પંચમાત્રા તે પંચ જ્ઞાનેન્દ્રિયને વિષે અંતર બાજ સંધિમાં રહેલી જાણવી, એ પંચભૂત અને પંચમાત્રા અહંકાર ઘણથી થઈ તેની ક્રિયા દેખાડી.

## સતો ગુણ

હવે સતો ગુણથી પંચ અવસ્થા અને પંચ અંતઃકરણની ઉત્પત્તિ થઈ તેના

વિભાગની ક્રિયા ભિન્ન ભિન્ન કહીયે છીએ. (૧) મન અંતઃકરણની ક્રિયા નાના વિવિધ પદાર્થોના સંકલ્પ - વિકલ્પ કર્યે જાય છે, અને (૨) બુદ્ધિ અંતઃકરણ મનના સંકલ્પનો નિશ્ચય કરીને ઘાટ ઘડે છે. તે પ્રમાણે વારંવાર ઈન્દ્રિય દ્વારા આગળ પ્રગટ પ્રવૃત્તિ થતી જાય છે. (૩) અહંકાર અંતઃકરણ, તે પદાર્થના ઘડેલા ઘાટનું તોલ (વજન) કરીને જુએ છે. (૪) ચિત્ત અંતઃકરણ, તે જે ચિંતવન કરીને ત્રણે અંતઃકરણને સદાય સહાય કરે છે. ત્યારે તમે એમ કહેશો કે –

**પ્રશ્ન :** ચિંતવન વિના સંકલ્પ, ઘાટ તથા તોલ કરવાનું એ ક્રિયા કેમ થશે?

**ઉત્તર :** ત્યારે સાંભળો. પોતે ચૈતન - અંશની જે સત્તા છે તે ચૈતનનો ભાસ જ્યારે અંતઃકરણ ગ્રહે ત્યારે સંકલ્પ આદ્યે ક્રિયા પંચ દેહને વિષે થાય, તે માટે તેની ચૈતનતા વડે અંતઃકરણ આદ્યે સર્વ તત્ત્વ ચેતન થાય છે. પણ તે અંશ જે સમયે જે જે તત્ત્વ ઉપર દૃષ્ટિ કરે છે તે તે તત્ત્વના ભાગ ચેતન થઈને વર્તે છે. જો કદાપિ વૃત્તિ અભિમાન ઉપર પ્રથમ ભાસ પડે તો તેની જ ક્રિયા શરીરને વિષે અરૂપ વર્તે છે. તેજ પ્રકારે મન આદિ પ્રથમ જાગૃત કરે તો તેજ અંતઃકરણ વર્ત્યાં જાય. અને સ્થૂળદેહની પ્રવૃત્તિને તો મન અંતઃકરણ સન્મુખ નેત્રને વિષે છે. એ પ્રકારે જાણવું.

હવે (૫) નચીત અંતઃકરણ, સર્વનું ચાર અંતઃકરણનું મૂળ છે. તેની ક્રિયા નિશ્ચિંતપણાની વર્તે છે. જે સમયે ચતુર અંતઃકરણની કિયા થઈ જાય અને વૃત્તિ સમેત થાકીને બેસે છે. તે સમયે નચિંતપણું સ્ફુરે છે. તે વખતે કોઈ પૂછે, છે કે ભાઈ ! શું કરો છો? ત્યારે તેને ઉત્તર આપે કે નચિંત બેસી રહ્યો છું એવું પોતાને જ્યારે નચિંતપણું નજરે આવે ત્યારે આવું કહે છે. તે ચિંત અંતઃકરણની પ્રવૃત્તિ જાણવી. એ પ્રકારે પંચ અંતઃકરણની ક્રિયા કહી. હવે પંચ અવસ્થાની ક્રિયા કહીએ છીએ. **(૧) જાગૃત અવસ્થા** તે ચરાચર, સર્વ દૃષ્ટ પદાર્થ દેખાય છે, તે અને આપણને કશા પદાર્થ અગર કામની જ્યારે વિસ્મૃતિ પડે છે ત્યારે તેનું ફરી સ્મરણ આવી જાય છે, તેને જાગૃત અવસ્થા કહીયે છીએ. **(૨) સ્વપ્ન અવસ્થા** છે. જેમાં એક તો વૃથા ભાષણ કરે, અને બીજુ જે નિદ્રામાં અનેક ચિત્ર-વિચિત્ર ચરિત્ર ઉપજાવે તે દેખાય છે. એ બંને પ્રકારે સ્વપ્ન જાણવું. **(૩) સષોપતિ** જે અલ્પ પદાર્થ સ્વપ્ન જેવા નજરે પડે અને વારંવાર લય થાય, અને ફરી નજરે પડે. જે સ્વપ્નનો પૂર્ણ ઘાટ થવા દે નહિ, એવું વર્તે. અને જાગૃત થયા પછી પોતે કહે કે મને સ્વપ્ન આવ્યું હતું, પણ પુરી જાણ રહી નહિં, એ પ્રકારે વર્તમાન થાય તે

સષોપતિ જાણવી. (૪) **તુરિયા** ને ઉનમુનિ.એ બે અવસ્થા તો પ્રાણાયામ અને દેહને વિષે વર્તે છે, તે ૐકાર પ્રણવ મહાકારણ વૃત્તિરૂપ દેહને વિષે વર્તે છે, તે પ્રણવને ભીતર ખેંચી લે છે. નાભીને વિષે રહીને તે પ્રણવને વિષે એકલો લેતો ૐકાર ઘોર કરતો ચાલે તે જ તુરિયા અવસ્થાની ક્રિયા જાણવી. (૫) **ઉનમુનિ** અવસ્થા તે પરમકારણ દેહને વિષે વર્તે છે, તે દેહ સમેત પ્રવૃત્તિ કહું છે. જે પંચમો પરમકારણ દેહ તે સ્થૂળ આદ્યે મહાકારણ સુધીના ચતુરદેહ ધારણ કરી રહ્યો છે, તે જ્યોતિરૂપ નિરંજન અભિમાન જાણવો. તે અભિમાન જ્યોતિ ચાર દેહની સ્થિતિ રાખે છે. હવે તે અભિમાનની બે પ્રકારની પ્રવૃત્તિ થાય છે. તે ૐકાર અને સોહંકાર બેઉ પ્રાણાયામને વિષે થાય છે. જેમાં એક તો પ્રણવના યોગ વડે વૃત્તિ અને અભિમાન સ્થૂળ દેહના અવધિકાળ આવતા સુધી રહ્યો છે. બીજું જે વૃત્તિ અને અભિમાન એ તો પ્રણવનું પણ કારણ થઈને રહ્યો છે.

**પ્રશ્ન :** તે કેમ જાણીયે?

**ઉત્તર :** ત્યારે પ્રણવની ક્રિયા લેતા-મુકતાની થાય છે. તે આદિ, મધ્ય અને અંત સુધી વૃત્તિ અને અભિમાન વડે થાય છે. એ પ્રકારે ૐકાર અને સોહમ્ પ્રણવ તેમજ વૃત્તિ અને અભિમાન, એમનો ઊલટા-સૂલટી સંબંધ વડે બંનેની ક્રિયા થાય. પણ પ્રણવનું કારણ વૃત્તિ અને અભિમાન એ બે જણાય છે. તે અભિમાન જે છે તે બુધ્ધિ સંયુક્ત રહેલો છે. જે વૃત્તિ સંયુક્ત અભિમાન છે તે પ્રણવને ખેંચી લીધેલો બહાર મૂકે છે. ત્યારે નાસિકાને દ્વારે છૂટતો પ્રણવ સોહંકાર વર્તતો ઘોર કરતો નીકળે.તે ઉનમૂનિ અવસ્થા મુખ્ય જાણવી. હવે એ પ્રકારે પંચ અવસ્થાની મુખ્ય ક્રિયા થાય તે કહી.

એ પંચ અવસ્થા પંચદેહને વિષે વર્તે છે. તેમાં જાગ્રત સ્થૂળ દેહને વિષે, સ્વપ્ન સૂક્ષ્મદેહને વિષે, સષોપતિ કારણ દેહને વિષે, તુરીયા મહાકારણ દેહને વિષે અને ઉનમુનિ પરમકારણ દેહને વિષે વર્તે છે. એ પ્રકારે અંતઃકરણ તથા અવસ્થા એ દશ તત્ત્વ સત્વગુણથી થયેલાં તેની ક્રિયા કહી.

## સ્વકાશ ઘણ

સ્વકાશ ઘણથી પંચ વિવસ્તા અને પંચ સંભસકરણ એ દશ તત્ત્વ થયાં.તેની ક્રિયા પંચ અવસ્થાની સંધિમાં થાય છે તે સાંભળો. તેમાં પ્રથમ સંભસકરણની ક્રિયા

કહું. (૧) સ્વાંત્ય સંભસકરણ, તે વારંવાર શાંતિ ઊપજે તે જાણવું. (૨) શિલપણું ઊપજે તે શિલ સંભસકરણ જાણવું. (૩)સહજપણું ઊપજે તે સહેજ સંભસકરણ જાણવું. (૪) સંતોષ ઊપજે તે સંતોષ સંભસકરણ જાણવું. (૫) સમતાભાવના ઉપજે તે સમતા સંભસકરણ જાણવું. એ પ્રકારે પંચ સંભસકરણની ક્રિયા પંચ અવસ્થાને વિષે વર્તે તે જાણવી. હવે પંચ વિવસ્તા કહીએ. (૧) સ્થિતિ વિવસ્તા, તે સર્વદા પાંચેય અવસ્થાને વિષે સ્થિત વર્તે છે.જે અવસ્થાની જેટલી અવધિ ત્યાં સુધી તે વર્તે છે. હવે (૨) ઉદાર વિવસ્તા, તે ઉદાસતા નિઃસપૃહાપણું પાંચેય અવસ્થાને વિષે વર્તે અને એક એક અવસ્થાની સ્થિતિ બેસે, તે વખતે ઉદાસીનતા આવે તે. (૩) ગલીત વિવસ્તા, તે ધંધાની નિવૃત્તિ પ્રતિ (પ્રત્યે) અવસ્થાની પ્રવૃત્તિ વર્તે અને વચમાં સંધિને વિષે ગલીતપણું આવે તે. (૪) કુંભ વિવસ્તા, તે દૃષ્ટિ અને સ્મૃતિને એકમેક અવસ્થાને વિષે બંધકોશ કરી નાખે. ને એક બીજી અવસ્થા ઊપજે તે માલુમ ન પડે, તે કુંભપણે થાય. (૫) સામાન્ય વિવસ્તા, તે સમાનપણું પંચ અવસ્થાનું રૂપ વર્તતાં વૃત્તિ અવસ્થામાં વિષમ ભાવના ઊપજે તે. એ પંચ વિવસ્તા અને પંચ સંભસક્રણની ક્રિયા અવસ્થા પલટે તે સંધિમાં થાય છે, તે કહી.

## તમો ગુણ

હવે તમો ગુણના દશ કાળની ક્રિયા કહીએ. (૧) સ્વભાવ કાળ તે જેનો જેવો સ્વભાવ તત્ત્વ પ્રવૃતિ સમેત હોય તે, તેવું જ જીવ ભાવ સમેત વર્ત્યે જાય. (૨) કામના કાળ સર્વ ઈન્દ્રિયો સહિતની કામના ભિન્ન ભિન્ન વર્તે છે તે. (૩) આક્રંતકાળ તે અંતઃકરણ, ઈદ્રિયો અને તત્ત્વ આદ્યે પોત પોતાના સામર્થ્ય પ્રમાણે રહે છે, તે આક્રંતિ વડે જાણવાં. (૪) આશ્ચર્યકાળ તે કોઈ પોતાનું નિજ સ્વરૂપ કેવું છે, ને કયાં રહે છે, તેને ના જાણે તે. (૫) પ્રથક કાળ, સકલ અવસ્થા તત્ત્વ સમેત આદ્ય ઠેકાણા બંધ સ્થિતિએ વર્તે અને સંકલ્પને ભાગી નાખે તે જાણવો. (૬) વિપરીતકાળ તે જે અકાળે વિનાશ. તેવા વખતે તેને અહંકાર ઘણનું ઉત્તેજન મળવાથી બધાંય તત્ત્વ ઈન્દ્રિઓ આદ્યે સર્વ સાજ વિપત્તિમાં પડશે કે નહીં, તેનો કોઈ જાતનો વિચાર નથી રહેતો. અને અચાનક ધાર્યા વગર, વિના જાણ્યપણાનું અને બીન સંકલ્પનું કાર્ય ઊભું થાય, તેવા વખતને વિષે કંઈ સ્મૃતિ રહેતી નથી. કે પહેલાં કંઈપણ ખબર પડતી નથી એ વિપરીત કાળ જાણવો. (૭) અજ્ઞાન

કાળ, તે પોતાનો વર્ણાશ્રમ, ધર્મ અને જ્ઞાતિના અભિમાનની માનંતાપણામાં પચે છે. પણ આગળ શું થશે? તે ન જાણે. ને તેની ચિંતા ન મળે તે અજ્ઞાનકાળ જાણવો. (૮) રાગસકાળ, તે સર્વ પદાર્થને વિષે સમભાવે પ્રિત્તિ ઉપજાવે છે તે રાગસકાળ જાણવો. (૯) દ્વેષ કાળ તે અનેક જીવ તથા પદાર્થ ઉપર દ્વેષ ઊપજે તે દ્વેષ કાળ જાણવો. (૧૦) વૃદ્ધિ-અંતકાળ તે જે જેના તત્ત્વનું માપ હોય તેટલું વૃદ્ધિ પામીને અંત આવે તે વૃધ્ધિ અંત કાળ જાણવો. એ પ્રકારે દશ કાળ તમોગુણથી થયેલા તેની ક્રિયા કહી.

## અચંત ઘણ

અચંત ઘણથી દશ ભાવનાઓ થઈ, તેની ક્રિયા કહીએ છીએ. (૧) અહમ ભાવના તે એક એકની ક્રિયા એકબીજાને ન આવડે. જેણે જેવું સોંપ્યું હોય, તેટલું જ કરે. (૨) સમભાવના તે અંતઃકરણને મંદ કરી નાખે છે. કદાપિ પ્રવૃતિ ચાલે તો તે પણ ધીરે મંદ ભાવે જ વર્તે. (૩) વિસર્જન ભાવના તે નાના પ્રકારે સુખ દુઃખ જીવ ભૂક્તમાન કર્યા જાય, પણ સુખ આવે ત્યારે દુઃખનું ભાન રહે નહીં. અને સુખની વેળાયે દુઃખ પડેલું ભૂલી જાય. (૪) નિદ્રા ભાવના, નાના (વિવિધ) પ્રકારે કાજ (કાર્ય) કરે તેને શ્રમ પહોંચે ત્યારે કશી સૂઝ પડે નહી, તે જાણવી. (૫) અંધતમ ભાવના, તે નિદ્રા આવે ત્યારે કશો શ્રમ કર્યા વિના નિદ્રામાં બરલે છે. અને જાગૃતમાં પણ અમથો બડબડાટ વાચારી (લાવરી) કરે તે અંધતમ ભાવના જાણવી. (૬) અચેત ભાવના, તે ચરાચર બ્રહ્માદિક માનવ સહિત કોઈએ પોતાના અંતની ખબર જાણતું નથી, તે અચેત ભાવના જાણવી. (૭) ઉચ્ચાટ ભાવના, તે કોઈ કાર્યનો પ્રારંભ કરે તેને વચમાં વિઘ્ન આવી પડે, ત્યારે ઉદાસી પ્રાપ્ત થાય તે ઉચ્ચાટ ભાવના જાણવી. (૮) અભાવ ભાવના, તો કોઈ કોઈની સાથે સ્નેહ બંધાય છે, તે પછી કોઈક દિવસે એકેકની પ્રીતિ રહેતી નથી. ને અચાનક તૂટી જાય, તે અભાવ ભાવના જાણવી. (૯) મુન્ય ભાવના, તે વારંવાર બોલી બોલીને વચમાં મુન્ય રહી જાય તે મુન્યભાવના જાણવી. (૧૦) અસામૃથ ભાવના, તે અનેક પદાર્થને કિંવા (યાતો, કે) કામકાજમાં હરખાઈને રહે છે, તે અસામૃથ ભાવના જાણવી. એ પ્રકારે અચંત ઘણની દશભાવના, તેની ક્રિયા વર્તે તે કહી .

## ગુણ અને ઘણ

ત્રણ ગુણ અને ત્રણ ઘણ એ છ તત્ત્વની મુખ્ય ક્રિયા થાય તે કહીએ છીએ. (૧) રજોગુણ, જ્યારે ઊપજે ત્યારે ઈંદ્રિયો આદ્યે પદાર્થને વિષેનો લેવા અને ઝાલવાનો મોહ ઊપજે છે. તે જાણવો. (૨) તમોગુણ, તે ક્રોધરૂપ સર્વ પદાર્થ થઈ જાય તે જાણવો. (૩) સતોગુણ, તે શાંતિ નમણતા દેહતત્ત્વને વિષે વર્તે તે જાણવો. એ ત્રણ ગુણની ક્રિયા કહી.

હવે ત્રણ ઘણની પ્રવૃત્તિ અવસ્થાની સંધિને વિષે થાય છે. તે સૂક્ષ્મ કહીએ છીએ. (૧)અચંતઘણ, તે અવસ્થાની પંચવિધિ ક્રિયા થાય, તે અવસ્થા ઉપજી ને વારંવાર લય પામે, ને ઉત્પન્ન પણ થાય. તેમાં કઈ વેળાયે ઉપજી ને કઈ વેળાયે લીન પામી, તે પ્રવૃત્તિ માલુમ પડે નહિ. તે અચંત ઘણ વડે જાણવી. (૨) સ્વકાશઘણ, સર્વ તનુને વિષે સંધિમાં રહ્યો છે. તેને લીધે તનુના સાંધા એક એકની સંઘાથે આથડે છતાં ઘસાતા નથી. તે સ્વકાશ ઘણ વડે જાણવું. (૩) અહંકાર ઘણ, તે પંચભૂત ભિન્ન ભિન્ન પોત પોતાને સ્વરૂપે રહે છે. નિજ ક્રાંતિ પલટાઈને કોઈ કોઈના જેવાં નથી થતાં. એ પ્રકારે ગુણ ઘણ ખટ તત્ત્વની ક્રિયા કહી.

## ચતુર તત્વકારણ

ચતુર તત્વકારણની ક્રિયા ભિન્ન ભિન્ન દેખાડીએ છીએ (૧) આનંદ તત્ત્વ કારણ, જે નાના વિધિ વૈભવ વિષયાદિક પ્રાપ્ત થાય, તે ભૂક્તમાન કરતાં ઈન્દ્રિ, અંતઃકરણને વિષે આનંદ ઊપજે તે આનંદ તત્વ કારણ જાણવું. (૨) મહાતત્ત્વ કારણ, જે દેહ અને અંતઃકરણને વિષે મહાદ્‌તાપણુ રહ્યું છે તે મહાતત્વ કારણ જાણવું. (૩) પ્રકૃતિતત્ત્વ કારણ, જે ઈંદ્રિ, અંતઃકરણ, ગુણ, ઘણ, પદાર્થ અને તત્ત્વ સકલ કર્મને વિષે ચંચળ કરે છે, તે પ્રકૃતિ તત્વકારણ જાણવું. (૪) ધનંજે તત્ત્વકારણ, જે કર્મ કરીને તેનું ફળ ભૂક્તમાન કરે, તેનો આનંદ જે સુખ પ્રાપ્તિનો ઊપજે તે વિષયાદિક આનંદને મંદ પાડી દે છે. તે ધનંજે તત્ત્વકારણ જાણવું. એ પ્રકારે ચતુર તત્ત્વ કારણની ક્રિયા નર-નારી ઉભયતાને વિષે ભિન્ન કહી.

## નિરંજન અને અવ્યાક્ત

ચર્તુદેહ સુધી તો એક સરખા ભાગ પુરુષ અને સ્ત્રીને વિષે રહ્યા છે. પણ

પંચમા દેહને વિષે બંનેનું ભિન્નપણુ છે. તે અધિક ન્યૂન ભાગની ક્રિયા કહીએ છીએ. હવે અષ્ટ ભાગ નિરંજનના, અને બે ભાગ અવ્યાક્રતના એ દશ ભાગનો તો પુરુષ થયો. તેમાં અષ્ટભાગમાંથી સપ્ત ધાતુને વિષે સાત ભાગ મેળવ્યા. તેને કરીને પુરુષ દેહ થયો. અને એક ભાગ પિંગલા નાડીમાં મૂક્યો તેણે કરીને તે નાડી પુરુષ રૂપ થઈ રહી. હવે બે ભાગ અવ્યાક્રતમાંથી એક ભાગ ઈંગલા નાડીમાં મેળવ્યો. તેને કરીને તે નાડી સ્ત્રી રૂપ થઈ રહી. અને પછી એક ભાગ જે રહ્યો તેમાંથી અર્ધ અર્ધ ભાગ ઉપસ્થ અને નેત્રને વિષે મુક્યો. તેને કરીને પુરુષ, સ્ત્રીનો ભોગ કરવાની ભાવના તથા જોવાની ભાવના કરે છે. એ પ્રકારે દશ ભાગ - મેળવીને પુરુષ તનુ કર્યું.

હવે સ્ત્રીના દેહની ક્રિયા કહીએ. એ અષ્ટભાગ અવ્યાક્રત અને બે ભાગ નિરંજનના એ દશ ભાગ મેળવીને નારીનું તનુ નિર્માણ કર્યું. એ અષ્ટ ભાગમાંથી સાત ભાગ સપ્ત ધાતુમાં મેળવ્યા. તેનું તો નારીનું તનું થયું અને એક ભાગ વામ નાડીમાં મેળવ્યો. તેને કરીને તે નાડી નારીરૂપ થઈ. હવે બે ભાગ નિરંજનમાંથી એક ભાગ પિંગલા નાડીમાં મેળવ્યો તેને કરીને તો તે નાડી પુરુષ રૂપ થઈ અને એક ભાગ રહ્યો તેમાંથી અર્ધ અર્ધ ભાગ નેત્ર અને ભગ ઈદ્રિને વિષે મૂક્યો. તેને કરીને સ્ત્રીને પુરુષ ઉપર જોવાનો મોહ તથા ભોગ કરવાનો ભાવ થાય છે. એ પ્રકારે અવ્યાક્રત અને નિરંજનના ભાગની ક્રિયા નારી અને પુરુષને વિષે થાય તે કહી.

હવે એ પ્રકારે ઈચ્છાવૃત્તિના બહોતેર તત્ત્વ ભાગની ક્રિયા લઘુ-દિર્ઘ ભાગ પ્રમાણે વર્તે છે.

## પ્રકાશ બ્રહ્મવૃત્તિ

હવે પ્રકાશ બ્રહ્મવૃત્તિ વડે ત્રણ મહાતત્ત્વ અને તેના ભાગની ક્રિયા થાય તે કહીએ છીએ. (૧) અવિકાસ મહાતત્ત્વ, (૨) વિકાસ મહાતત્ત્વ, (૩) કુંભસ્થ મહાતત્ત્વ, તેમાં અવિકાસ તે ઓહંકાર પ્રેરક, વિકાસ તે સોહંગ રેચક અને કુંભસ્થ તે પ્રણવ કુંભક, એ ત્રાણ પ્રકારે મહાતત્ત્વની પ્રવૃત્તિ જાણવી. એ ત્રિવિધિ મહાતત્ત્વને વિષે વિભાગ એક એકના પોખેલા છે. તેની ક્રિયા ભિન્ન ભિન્ન દેખાડીએ છીએ. પ્રથમ પ્રેરક તે લેતો શ્વાસ, એના વિષે કુંભક અને રેચકનો

ભાગ રહ્યો છે. રેચકનો ભાગ પ્રેરકને અગ્ર ભાગે રહ્યો છે. અને કુંભક વ્યાપક પ્રેરકમાં રહ્યો છે. હવે તે રેચકનો ભાગ આગળ વિકાસ કરતો જાય, તેમ પ્રેરક પાછળ સ્થિર થઈ ચાલે.એ પ્રકારે પ્રેરકને વિષે પ્રવૃત્તિ રેચક કુંભકની થાય તે કહી. હવે રેચકને વિષે અવિકાસ પ્રેરકનો ભાગ સોહંકારના અગ્રભાગે રહ્યો છે. અને કુંભકનો ભાગ સોહંકારમાં વ્યાપક થઈ રહ્યો છે. તેને કરીને રેચકની પ્રવૃત્તિ સ્થિરપણે બહાર નિકળે છે. અને અવિકાસનો ભાગ અગ્રને વિશે રહ્યો તેણે તો પ્રણવ સોહંકારને પાછો ઊલટાવીને પ્રેરક ભણી વાળે છે. પણ આગળ નીકળી જવા દેતો નથી. એ પ્રકારે રેચકને વિષે પ્રેરક અને કુંભક ભાગની ક્રિયા કહી. હવે કુંભકને વિષે પ્રેરક અને રેચકના ભાગ રહ્યા છે. તેની ક્રિયા કહીએ છીએ. અવિકાસનો ભાગ તે જે કુંભક કરીને રોકી રાખે છે. પ્રેરક અંદર પ્રવેશ કરે, તેને અને વિકાસ તે કુંભક થાય તેનો રેચક બહાર કાઢી નાખવાનું કાર્ય કરે છે. એ ત્રણ પ્રકારે મહાતત્ત્વની પ્રવૃત્તિને વિષે એકબીજાના ભાગની ક્રિયા થાય તે દેખાડી.

## સંજમ ભોગ વૃત્તિ

સંજમ ભોગવૃત્તિનાં ત્રણ ચક્ષસત્વ થયાં, તેની સર્વ તત્ત્વને વિષે આદ્ય અંત થાય. પણ મુખ્ય તો ત્રણ મહાતત્ત્વને વિષે ક્રિયા વર્તે તે કહીયે છીએ. (૧) અનંગ ચક્ષસત્વ, કુંભકને વિષે વસ્યું છે, તે પ્રેરકને લઈને રોકી રાખે છે. અને (૨) વ્રગજ્ઞાન ચક્ષસત્વ, પ્રેરકને વિષે રહેલું છે, તેનો વ્યાપાર (કાર્ય) પ્રેરકને માંહી પ્રવેશ કરાવે છે. અને (૩) કાળચક્ષ સત્વ, સોહંકાર પ્રણવને બહાર કાઢી સંહાર કરે છે. તે પ્રકારે પ્રણવને વિષે ત્રણ ચક્ષસત્વ છે તેની ક્રિયા કહી. હવે કાળચક્ષસત્વનો ભાગ વિશેષ સોહંકારને વિષે પોખેલો છે. તે અંતકાળને વિષે ક્રિયા વધારે કરાવે છે. તેની ક્રિયા વૃદ્ધિ પામે તે કાળે કુંભક થતો જાય, ને પ્રેરકની શક્તિ પણ ઓછી થતી જાય. એ બેઉની ક્રિયા નિરશક્ત થઈ. એટલે રેચક વિશેષ ચાલે. તે સમયે કાળચક્ષસત્વનો ભાગ વધારે છે, તે પ્રણવને એક દંડી કરીને નાશ પમાડે છે.

હવે એકબીજા પ્રકારની ચક્ષતત્ત્વની પ્રવૃત્તિ થાય તે કહીએ છીએ. (૧) વગ્રજ્ઞાન ચક્ષસત્વ તે વિષય, પદાર્થ, દ્રષ્ટિ અને કર્મના ભિન્ન ભિન્ન વિકાર ઊપજે તે જાણવું. (૨) અનંગ ચક્ષસત્વ તે નાના પ્રકારના કામકાજને વિષે તત્ત્વને કામના

ઉપજીને કામાતુર થાય તે જાણવું.(૩) કાળચક્ષસત્વ તે જે જે કર્મની કામના ઉપજીને તે તે કામના કર્મનો સંહાર કરતું જાય તે જાણવું. અખિલ તત્ત્વ પ્રણવ સમેત ક્રિયાને સંહારી નાખે છે. એ પ્રકારે ચક્ષસત્વની ક્રિયા કહી. તે અંશેની ભાવનાએ કરીને વર્તે છે. તે આદ્ય, મધ્યાંત પમાર્થ અર્થે દેખાડી દીધું.

## ક્રિયા વૃત્તિ, સજીવન વૃત્તિ અને અંશ વૃત્તિ

અંશ આવ્યા વિના ક્રિયાવૃત્તિ ચેતન ન થાય. અને ક્રિયાવૃત્તિના વેગ વિના પ્રવૃત્તિ ન થાય. એટલા માટે તે અંશ આવીને જે તત્ત્વની જેવી સાધારણ ક્રિયા વર્તે તે નારી-પુરુષ માનવ દેહધારીને વિષે પ્રવૃત્તિ કહી. તે સર્વ ક્રિયાવૃત્તિએ વિભાગ મેળવીને પરંપરા ચલાવે છે. અને સજીવનવૃત્તિ સર્વદા તત્ત્વાદી કર્મને માપ પ્રમાણે વદ્ધિ પમાડીને સામાન્ય ભાવે રહીને વહીવટ કરાવે છે. પણ અંશની વૃત્તિનો ભાસ જે સજાણ ચેતન ગતિ રૂપ જે વેળા એ કિયાવૃત્તિ ઉપર પડે છે. ત્યાર પછી ચક્ષસત્વને ચેતાવીને તેની ક્રિયા વર્તે, તે ત્રણ ચક્ષસત્વ અને મહાતત્ત્વની ક્રિયા તથા સર્વ તત્ત્વ ભાગની પ્રવૃત્તિ કરાવે છે. એ પ્રકારે મૂળ અને સર્વ તત્ત્વ ભાગની પ્રવૃત્તિ નાના પ્રકારની થાય છે, તે ભિન્ન ભિન્ન સંત સજ્જન અધિકારી આતુર હોય તેને કહી.

# પ્રકરણ ૮

# શાસ્ત્ર ગતિ બ્રહ્મ પર કૈવલ દેશ નામ નિરૂપણ

એ પ્રકારે કર્તાએ ક્રિયાવૃત્તિ નિર્માણ કરીને ચરાચર રચના દેવ આદ્યે બ્રહ્માંડ સમેત રચીને ભિન્ન ભિન્ન અસંખ્ય ભાતિનો ખેલ કર્યો છે. હવે એવો ખેલ કર્યો છે, કે તેને જોતાં વેદાંત બ્રહ્મજ્ઞાની એમ કહે છે કે આ તો સર્વ નિર્ગુણને વિષે ભ્રાન્તિ જ છે. અને વસ્તુ એક અદ્વૈત છે. તે અદ્વૈતની પ્રતીતિ જ્યારે આપણને થાય, ત્યાર પછી કર્મ શું કરવું છે? એવી અકર્તાત્મ ભાવના અંતરમાં રાખે છે. અને નિશ્ચયપણે કહે છે કે, અહં બ્રહ્માસ્મિદ-આપણે અદ્વૈત એક જ છીએ, તે ઉપરાંત જે ક્રિયા દેહને વિષે થાય તે સહેજ દશાયે થાય. તેનું દૃષ્ટાંત સમેત બોલીને કહે છે, તે કહીએ છીએ.

જેમ કોઈ એક પુરુષ બજારમાં કશું કામ ધારીને કે, કોઈને મળવા સારૂ જતો હતો. તે રસ્તે જતાં જતાં મનમાં કશા સંકલ્પ કે વિચારમાં પડી જાય ત્યારે જેને મળવું હતું તેનું ઘર પાછળ રહી ગયું. અને પુરુષ પોતાના વિચારમાં આગળ ગયો. અને પેલા કામને વિસર્જન થઈ ગયો. હવે તે પુરૂષ ઘર ભૂલીને આગળ ગયો, તેને સહેજ પ્રવૃત્તિ થાય એવું કહે છે. એ દૃષ્ટાંત અકર્તા ભાવને વદે છે. એ પ્રકારે સહેજ જેટલાં કર્મ થઈ આવે તે સર્વ તે પુરૂષ કરતો નથી, એમ જાણવું, એવું બ્રહ્મજ્ઞાની કહે છે.

પણ એ તો સકલ બાજ દૃષ્ટિની જ પ્રતિતિ એ બોલ બોલે છે. જેને તત્ત્વ ભાગની ક્રિયા કયાંથી અને કેવી નીતિ વર્તે છે, તેનો ભેદ અણુમાત્ર માલુમ નથી.

જે અંશની ભાવનાએ સર્વ તત્ત્વ વિભાગ પ્રવૃત્તિ બહુ વિધિ થાય છે. તે અંશ પોતાના સંકલ્પે કરીને તત્ત્વને વર્તાવે તેવાં જડ તત્ત્વ વર્ત્યા જાય છે. મૂળ આદ્ય સકર્તાને વિષે પણ સત્ સંકલ્પ વડે કરીને અનંત ભાતિ રચના તત્ત્વ અને અંશ ઉપજાવીને કરી છે. એ પ્રકારે કારણ કર્તા અને તેનું કાર્ય અંશ એ ઉભયે તો પણ કર્તા જ કહેવાય. તે પોત પોતાના સામ્રથ પ્રમાણેએ કર્તા ખરા પણ રચનાએ કરીને કર્તા કહેવાય. અને અંશ તો નિર્માણ કરેલામાં વર્તે, તે પણ કર્તા. એમ નિજકર્તા સર્વજ્ઞ છે, અને અંશ તે સકર્તાથી અલ્પજ્ઞ છે. એ પ્રકારે બંને સજાતિને કર્તવ પક્ષે સામૃથ આદ્યથી જ છે. હવે જે પુરૂષ, ઘર ભૂલીને આગળ ગયો, તેને વિષે સહેજ ભાવ કહ્યો. પણ નિજકર્તાનું ક્રત તે જાણવામાં ન આવ્યું. જે તત્ત્વનો વરતારો અંશ વડે થાય છે. તે અહો ! પ્રત્યક્ષ જયાં માલુમ પડ્યું નહિ. તો પછી પરોક્ષ સકર્તા અને તેના કરેલા ખેલને કેમ જાણે? ન જણાય તે વિસર્જનપણા વડે ભ્રાન્તિ થઈને કર્મ સ્વાદમાં અને તત્ત્વરૂચીમાં કેમ બંધાઈ ગયા ?. તેને અનંતકાળ વીતી ગયો, પણ ઉલ્ટી દૃષ્ટિએ કોઈ પણ નિરખતા નથી. અને સર્વ ચરાચરને ભ્રાન્તિરૂપ માની બેઠા છે. એવા અનુભવરૂપી ભોજન કરનારા, તે અતી અવિવેકી જાણવા. એવા જે જીવ તે પરમેશ્વરને કેવા મળેલા જાણવા. તેનું દૃષ્ટાંત કહું છું.

જેમ કોઈ એક કુળવંત નારી ચતુર હતી. તેનું લગ્ન એક મૂઢ પુરુષ સાથે પોતાની જ્ઞાતિમાં તેનાં માબાપે કર્યું. તે નર તે નારીના ચતુરપણાને ન જાણે. ત્યારે તે સ્ત્રી પોતાના પિયરથી સાસરે આવી તે દિવસે તેનો પતિ ખેતરમાં ખેતીનું કામ કરવા ગયો હતો.ત્યારે તે બાઈ જે પોતાના પિયરમાંથી કંઈ નવાઈની સેવો લાવી હતી, તે સેવો ઓસાવીને દૂધ, ઘી, ખાંડ સહિત વાડકો ભરીને પાપડ સાથે મૂકીને પતિ આવ્યો ત્યારે સ્નાન કરાવીને તેના આગળ ભાણું મૂકતી હતી. પણ તે નર તો કસાય (કોઈપણ) પદાર્થના સ્વાદને જાણે નહિ. તે પ્રથમ સેવો ખાવા લાગ્યો. ત્યારે ખાતાં ખાતાં છેલ્લીવારે કહે છે કે, તું આ કીયા સમડાની સમડીઓ લાવી છું? તારા પિયરમાં એવા સમડા છે કે શું? તેના બીજ મંગાવજે, એટલે આપણા ખેતરમાં ઉછેરીશું ! એવા સમડા આપણે અહીં થતા નથી. એવું તે પુરુષનું વચન સાંભળીને કુળવંતી નાર કહે છે કે, હે સ્વામી! આ સમડાની સમડીઓ નથી રાંધી ! પણ એ તો હું મારા પિયરમાંથી સેવો લાવી હતી. તે ખાંડ, દુધ અંદર ભેળવીને મૂકી છે, ત્યારે તે નર કહે છે કે, હે રાંડ ! મને પહેલું

કહ્યું હોત તો હું સ્વાદે ન ખાત? હવે એ દૃષ્ટાંત કહ્યું.

એ પ્રકારના બ્રહ્મજ્ઞાની નર જેટલા છે તે અહંબહ્મ ભાવે સહેજ દશા શ્રેષ્ઠ માનીને પોતે તેની ઢબ રાખીને વિચરે છે. પણ છેક (અંતિમ) પદના અજાણ્યા છે. જેને કર્તાના ક્રતની ચતુરાઈની કિંમત અને તત્ત્વની ઓળખાણ પડી નથી. જે કર્તાએ સર્વ રચના તત્વરૂપ અમૂલ્ય સામગ્રી ઉપજાવીને કરી છે, તે સર્જનહાર અને તેની અલૌકિક પોક્ષણ કળાની ક્રિયા તેમજ આદ્ય, અંત કળ્યામાં આવે તેમ નથી.

**પ્રશ્ન :** શા માટે?

**ઉત્તર :** જે સર્વ જીવ દૃષ્ટ પદાર્થ તત્ત્વની ઉપાસનામાં પોતાને તથા નિજ કર્તાને ભૂલી ગયા. પોતે અહંબ્રહ્મ નથી, અને તે કુળના પણ નથી છતાં અભાવ ભાવનાની પ્રવૃતિ વિશેષ ચલાવીને તેનામાં ગુંચાઈ ગયા. પણ પદાર્થનો કર્તા કોણ? તેનું ભજન કોઈ પણ કરતું નથી. પોતાનું નિજ રૂપ અંશના સજાતિને મેળવીને વિવેક પણ કરતા નથી, અને તત્ત્વ જજન (ભજન) પ્રવૃત્તિમાં પડ્યા તેને લીધે સર્વને વિસર્જનપણું થઈ ગયું.

**પ્રશ્ન :** હવે તે નિજકર્તાના ભજનને વિષે સકલ તત્ત્વ ભાગ લગાવવા, તે કયા પ્રકારે પદાર્થની ક્રિયા અંગોઅંગ પહોંચે?

**ઉત્તર :** હવે તે પરમગુરુ વિવેક પરમ તિવ્ર વૈરાગ્યનો અદ્‌ભૂત જે અભંગ દેશ છે, તેનો મર્મ દેખાડવાની જે પ્રતીતિ ઉત્તમ પ્રકારની આગળ પ્રકરણ નવમામાં કહીશું. પૂર્વે નિરંજન, આદિ સર્વે ઈશ્વર, સુનકાદિક સમેત અખિલ તત્ત્વ પ્રવૃત્તિનો વિચાર જાણતા હતા. અને જે કાળે જેવું જોઈએ તેવી યુક્તિ કરીને વિભાગ ક્રિયા કરતા હતા. તે જ્યાં સુધી વિસર્જનપણું નહોતું થયું ત્યાં સુધી તેમને પણ કેટલાક તત્ત્વ ભાગની ક્રિયા કળ્યામાં ન આવી શકી. જે વખતે જે તત્ત્વની ક્રિયા થઈ જાય, તે પંચદેહને વિષે તે પ્રવૃત્તિ પૂર્ણપણે જડી નહિં. માટે તત્ત્વના સ્વરૂપને તથા પોતાના કર્તાને પણ વીસરી ગયાં.

**પ્રશ્ન :** તે શા પ્રકારે ક્રિયા ન જણાઈ? જેમાં ચૈતન અંશ કર્તાનો સજાણ હતો, પણ તેના કળ્યામાં કેમ ન આવી?

**ઉત્તર :** જેમ ઘડીયાળમાં કળની સંચ ભરેલી છે. તથા આગગાડીના ઍન્જીનમાં બહુ પ્રકારના સંચ કરેલા છે. કુંચી દે છે. અને કળ ફેરવે છે, એટલે સૂક્ષ્મ દીર્ઘ કળો ફરવાની ક્રિયા ચાલે. પણ જેણે કરેલું હોય તેને જ કળાની માલુમ

પડે. અને બીજાને પણ દેખાડી હોય તે જ જાણે. તે પ્રકારે તત્ત્વ ભાગ ક્રિયા સહિતના પોક્ષણહાર તો નિજપતિ પોતે છે, અને અંશોને તો માંહી વસાવ્યા છે. તે કળરૂપ કુંચી અંશની સજાણ ચૈતન દૃષ્ટિ જાણવી. તેને કરીને સર્વ ભાગ ચેતન થઈને પંચદેહની શી ક્રિયા થઈ, તે માલુમ પડે નહિ.

હવે પરમવિશેષ અંશને કર્તાએ ભાગ ક્રિયા સમેત કેટલીક કળ દેખાડી છે. તે મોટાઅંશ સર્વથી પહેલા ઉપજાવીને તેમના આગળ સૃષ્ટિની રચના કરી, અને સમજણ પણ પાડી. માટે ક્રતની ગતિ તે જાણે અને બીજા અંશ તો તેમના પછી લઘુ દીર્ઘ કરેલા, તે જીવને તો પરમવિશેષ પાટવી અંશ જે, તે વિવેક તત્ત્વ પોખેલા તેની ક્રિયા સમેત દેખાડે તો જણાય. તે માટે તેમનો અનુભવ જાણવા સારુ તત્ત્વની સાધારણ ક્રિયા પરમગુરુએ નિરૂપણ કરી. હવે તે જ સમયે જે કાર્યમાં જેવાં તત્વ વર્તે તે ન જાણીને અધિક ન્યૂન તત્ત્વની પ્રવૃત્તિ કરે તેથી લઘુ દીર્ઘ જીવો સાધારણ ભાવે વર્તે છે એથી જ તો દુઃખ સુખ વાળાં કર્મો થયાં જાય. તેને કરીને પરમપદ જાણીને પામવાનું આદ્ય અંત સુધી મહા મુશ્કેલ અને અપ્રાપ્ત જાણવું. તેજ માટે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય, દ્વારા પોતાના સ્વરૂપને અને નિજકર્તાને જાણીને આરાધન સર્વ તત્ત્વ ભાગ સહિત કરવા માટે ઊલટ સૂલટ નિજ મર્મ પરમગુરુ કહે છે. તે પોતાની વૃત્તિ સાવધાન રાખીને ઉતમ અધિકારી સંત સજ્જન સાંભળજો. જેની પ્રવૃત્તિ વડે નિજ રૂપ જે આપનું આપ અને કૈવલકર્તાનું દિવ્ય સ્વરૂપ-અરૂપ તત્ત્વથી તીત કે જે આપણા માલિક છે તેવું જાણવામાં આવે.તે માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરની કૃપા દૃષ્ટિ વડે તાદૃશ્ય થાય. અને જેટલાં તત્ત્વ ભાગ કર્તાએ આપણને આપ્યાં છે, તે પણ કામમાં આવેલાં ત્યારે જ જાણાય. સકલ તત્ત્વ કર્તાએ કરેલાં તે પ્રપંચ અને પરમાર્થના કામમાં આવે એટલા સારું જ કર્યાં છે.

# પ્રકરણ ૯

# ઇચ્છાવૃત્તિ આદિ નિજ અંશ લક્ષણા સત્ કૈવલ પરમ યજન પરમાર્થ સાધન ઊલટક્રિયા નામ નિરૂપણ

## ઉપ પ્રકરણ ૧

## રજોગુણની દશ આકાંક્ષાની ઊલટક્રિયા

### ઊલટક્રિયા વિભાગ પ્રારંભ

દિવ્ય ''પરમગુરુ'' શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી શ્રોતાજન સંત, સજ્જન નર, નારી આતુર પ્રત્યે હવે ઊલટક્રિયા તત્ત્વભાગનું નિરૂપણ કરે છે, તે સાંભળો. જે પ્રકરણ સાંભળતામાં પરમાર્થ પ્રાપ્ત થાય એવી પ્રકારની પ્રવૃત્તિ કરવાનો ભાવ ઊપજે, તે માટે સાવધાન થઈને શ્રવણ કરવું. જેને કરીને તે માર્ગે જવાથી નિજ ''કૈવલ પતિ'' અને ''અંશ''નો ભેદ લક્ષ વડે અનુમાન પ્રત્યક્ષ પ્રમાણે દર્શન થાય.

### રજો ગુણ

પ્રથમ રજોગુણની આકાંક્ષાનીઓની ક્રિયા ઈંદ્રિયોને વિષે સાધારણ પ્રવૃત્તિ દેખાડી છે. હવે સ્વરૂપ પ્રતિ જ્ઞાનની પ્રાપ્તિ થાય એવી ક્રિયા કહીએ છીએ. તે સાંભળજો.

(૧) કાને બહુ પ્રકારના શબ્દ સાંભળીએ છીએ. અને તે જ પ્રકારે વ્યવહારમાં પણ સર્વ જન આચરણ કરીએ છીએ. પરંતુ જે શબ્દ સાંભળવાથી પોતાનો લાગ નિદાન નિજપદ કર્તાને વિષે પહોંચે, એવા વચન હોય તેને વિષે સદાયકાળ અંતઃકરણની યોજના કરવી. તો શું શ્રવણ કરવું? ત્યારે સત્ શાસ્ત્ર, સારા વિચાર આવે અને તેવું શ્રવણ કરવા સારૂ અત્યંત અક્ષય પ્રીતિ રાખીને સાંભળવું. અને તે વચન વિના જે અકારણ હોય તેનો મનથી ત્યાગ અને કાને પણ શ્રવણ કરવું નહીં. પરમગુરુ ઉપાસના, ધર્મ, નીતિ રાખવી. અને તે સદ્કર્મને વિષે ખૂબ નિષ્ઠા પણ રાખવી. વર્ણાશ્રમની યુક્તિ અને પ્રીતિ વડે સેવન કરવું. જે જે કર્મ જીવે દેહના આદ્ય અંત સુધી કરવું, તેનું શ્રવણ વારંવાર કરે તો જ કળ્યામાં આવે, પણ શ્રવણ કર્યા વિના, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય તેમજ નિર્વાણપદ પામવાની પ્રતીતિ જાણ્યા વિના સજાણ વૃત્તિની જાણ ન પહોંચે. માટે અંશ જે પોતે પોતાની (આપણી) જ બાજદષ્ટિ તે જ્યાં સુધી જે જે ભજન સ્મરણ કરીએ તે તે ઓરલ્યા પદાર્થના અનુરાગનું થાય. માટે સત્ય અગાધ પરમગુરુનાં વચન દિવ્ય બોધ જે છે, તે જ ત્રિવિધ અર્થે પ્રસિધ્ધ, પ્રત્યક્ષ ઉનમાને કરીને શ્રવણ કરવો. ત્રિવિધ અર્થ તે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય હોઈ જે વચનમાં નિજકર્તા પતિ અદ્વૈત કળ્યામાં આવે, તે ત્રિવિધાર્થ વચન છે તે શ્રવણ કરવાં જેથી તે અંતે વ્રેહે હેતુએ અતિશય પતિવ્રતાની ભાવના સમાન કર્તાને વિષે જ એક પ્રેમ રહે. એ પ્રકારે વચન શ્રવણ કરવાનો પ્રતાપ અદ્ભૂત હોઈ અમાપ જાણવો. જેના યોગ વડે પરમપદ સુલૅભ થાય. અને આતુરજન હોય તેને પ્રગટ પ્રાપ્તિ માલુમ પડે

(૨) નાક દ્વારે, નાના પ્રકારના પુષ્પાદિકની સુગંધ ગ્રહણ કરીએ તે પદાર્થની સુગંધ લેવાની ભાવના નિજ અંતરમાં થાય, ત્યારે સત્ પરમગુરુ ભોગ મૂર્તિને જે સુગંધી પુષ્પાદિક પ્રેમ, ભક્તિ વડે તેની ઉપર સમર્પણ કરેલું અને પૂજા થયા પછી પ્રસાદિક જે શરીરને સ્પર્શેલું હોય તેનું સેવન માથે ધારણ કરીને કરવું.

જે પ્રકારે વિષયી જીવ નર-નારી પુષ્પાદિકની સુગંધનો વિલાસ કરે છે.તે પ્રકારે પરમગુરુના ચરણાબિંદુ ઉપર પુષ્પાદિકની સુંગધનો વિલાસ કરવો. અને જેમ ભમરો કમળની સુગંધી લે છે, તે પ્રકારે વિરહ ભાવે સુગંધ ગ્રહણ કરવી. જેના ભક્તિ પ્રેમ વડે પ્રસાદ પ્રાપ્ત થાય.પ્રસાદી તે નિજરૂપ સકર્તા અમોઘ રૂપ પરમ પદાર્થ અનાદિ પદની સુગંધ પામીએ. પછી તેને ચરાચર વ્યય (નાશવંત)

સકલ ક્રત કર્તાનું સુગંધરૂપ જણાય. એ પ્રકારે જે પણ અનુભવ દ્વારા ઉપાસનાની શુદ્ધ સુગંધ લેશે તેને સઘળું ક્રત સુગંધરૂપ જોવામાં આવે ત્યારે જાણવું કે તેને દુર્ગંધ નજરે ન આવે.

(૩) નેત્રે કરીને નિરીક્ષણ કરવાને સર્વ જીવ પ્રવૃત્તિમાન થાય છે. કોઈ કામનાએ કરીને, અને કોઈ સહેજ સ્વભાવે, એમ, સર્વ નર-નારી જન બાજદષ્ટિ એ જોતાં હોય છે, પરંતુ તેમાં વિષયભાવ બુદ્ધિથી જોવાનું હોય તે ત્યાગ કરીને જોવું.વળી તત્ત્વ પ્રવૃત્તિ સમૂળ જોઈને તેમાં જે જે ક્રિયા વિષય ભાગે વર્તે છે. તે તે વિષયાદિ ક્રિયાનો ત્યાગ કરીને પરમાર્થને વિષે લગાવવો. પછી બંનેને એકઠાં કરીને અંતરભાવ વૃત્તિ પાસે લાવીને પદાર્થ ઉપરની ભાવના પોતે સમેટીને પછી તે દૃષ્ટિ જે શેષ રહે તે પોતાનો અંશ તે આપના આપ નિજબાજ દૃષ્ટિ જાણીને તે સજાણ, નયન (નેત્ર) પરમ અલૌકિક, પોતાને દેખવા લાગે. અને કર્તાને પણ તે જ દૃષ્ટિએ જોઈને ઓળખવાનું છે. માટે દિવ્ય નિજરૂપ, અને તેના પતિ એમ બન્નેનું વિલોકન કરવું. એજ નિરીક્ષણપણું અતિ ઉત્તમ અભ્યાસે પ્રેમ સહિત કરવું. અહો ! અંશ તમે પરમગુરુ લક્ષ વડે ઊલટીને દેખશો તો સનાતન પ્રભુ દેખવામાં આવશે. એટલા સારૂ "પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર" નું રૂપ અખંડ ગતિ રૂપ જોતા રહેવું. સંત તે સમર્થ પરમગુરુ તેમની દેહાંતર આકૃતિ પરમ અતિ હુલ્લાસે પ્રથમ જોવી. તેને કરીને પૂર્વે નિરૂપણ જોવાનું જે કહ્યું છે, તે પુષ્ટિ પામશે. અહો ! સકલ તત્ત્વની ક્રિયા સહિત જાણીને સ્વરૂપને જોવાનું તે મહા અદભુત અપૂર્વ જાણજો અને તે પ્રકારે જોયા વિના તો પદાર્થ અને પરમપદ જોવામાં આવે નહિ.

હવે પદાર્થ ઉભય પ્રકારનાં છે. જેમાં એક તો તત્ત્વ અને અંશ સમેત સકલ ક્રત જાણવું. અને બીજું તે ખુદ કૈવલકર્તાનું સજાણ સ્વરૂપ જે અનાદિ ભાસક (પ્રકાશક). એ ઉભય પદાર્થ જોયા વિના તોલ-મોલનું (તો મૂળ કંઈ સાચું) પ્રમાણ જણાય નહીં. ને અવધિ રહિત સીમા આદિ મધ્યાંત જાણવામાં આવે નહિ. તે માટે પરમ ભેદ લક્ષનો આદર રાખી સર્વે નરનારી જીવ જોજો, જે જોયાના પ્રતાપ થકી અનંત કલ્પનું જીવન કાજ સરે છે.

હવે પ્રથમ તો એ જ જોવું કે જે ચરાચર વૈરાટ, દેવ, સામાન્ય અને વિશેષ અંશની આદ્યે ક્રત અને પછી એ ક્રતના પરમ કર્તાની વિશેષ ગમ લઈને તે ગતિએ

જોવું. જેથી હવે તે ઉપરાંત, વેદ, શ્રુતિ, સ્મૃતિ વિષે પ્રમાણ યુક્ત જોવાનું કશું રહ્યું નહીં. એ પ્રકારે "શ્વસંવેદ" ગતિ જોવાનું દર્શાવ્યું. જેણે એ પ્રકારે જોયું તેનું તો અનંત કલ્પનું કાજ (કાર્ય) સર્યું. જે કર્તા સાથે વિયોગ હતો, તેની સાથે સંયોગ થઈને અક્ષય પદ મળ્યું. અહો ! આપણે તો દ્રિગ નેત્ર રૂપ છીએ, અને આપણા કર્તા કૈવલ તે પણ દિવ્ય, દ્રિગ સ્વરૂપે જ છે. તે માટે એક એકને જોઈએ તો જોવાનું બહુ સુર્લભ થશે. દિવ્ય દેહ રૂપ દ્રિગ આકૃતિ જેમની છે તે પરમ અવ્યય વ્યક્તિ છે. પોતે સજાણ, સર્વજ્ઞ, અખંડ વિભૂતિ, અમર અને અચળ છે. અંશનું અને નિજ કર્તા પ્રભુનું જોવાનું સંચિક્ત અતિ સચેતન હોઈ પરમ સુરેખ છે, તે વિષેની આ પ્રતીતિ કહી. એણે કરીને વિવેકે જણાય. તેમાં અંશની દૃષ્ટિ વડે જોવાથી તત્ત્વનું વર્તમાન થાય છે અને કૈવલકર્તાને જોયે કરીને અંશ સચેતન થાય છે. જેમ સૂર્યના ભાસ વડે નેત્રનું તેજ પુષ્ટિ થઈને પદાર્થ દેખીએ છીએ, તે વિના નેત્રની પુષ્ટિએ કંઈ સૂર્ય સર્વને દેખાતો નથી.તે તો સ્વયં પ્રકાશક છે. તેનું કામ તો જીવને પદાર્થ દેખવા સારૂ પ્રકાશ કરે છે. એ પ્રકારે અલ્પજ્ઞ, સર્વજ્ઞ અને નિરખવાનું દેખાડી દીધું. હવે એ પ્રકારે જોઈને પરમ પુરાતન પ્રભુ અચળ છે. તેમનું ભજન કરવું.

હવે (૪) ક્ષુધા પિપાસા આકાંક્ષા તે સર્વ અન્નોમય દેહના કોશનું પાલન કરવા જે મુખે કરીને ખટરસપદાર્થનું ખાવું અને પીવું છે. હવે ખટરસ તે કયા કયા? તે નીચે પ્રમાણે છે.

૧. જીભ્યાએ મધની આદ્ય લઈને ચાટીને ખાઈએ તે લેહ નામે રસ જાણવો.

૨. પેહ નામે રસ તે દૂધ અને રસની આદ્યે ઘટ ઘટ પી જઈએ, તે જાણવો.

૩. ચોખરસ તે અંબાફળ (કેરી), મીઠાં-લીંબુની આદ્યે ચૂસી લઈને કૂંચો થૂંકી નાખીએ તે જાણવો.

૪. અતિ, ઉદક, લવણ વિનાનાં ફળ જાંબુ આદ્યે તથા બીજી ૨કમ બદામ, પિસ્તા, સાકર વિગેરે ખાઈએ તે ખાદ્ય નામે રસ જાણવો.

૫. ખીર, ભાત આદ્યે અન્નભોજ્ય નામે રસ જાણવો.

૬. રોટી, પોળી, અને પકવાન ખાઈએ તે ભક્ષ્ય નામે રસ જાણવો. આ ખટરસ દેહના ભરણ પોષણને સારુ પ્રવૃત્તિ કરીએ છે માટે તે નર્યા દેહને સારૂ જ પ્રયત્ન કરીને ભોગ લેવો નહિ.

**પ્રશ્ન :** ત્યારે શું કરીએ? તે વિના તો દેહ નિર્વાહ ન ચાલે.

**ઉત્તર :** હવે તેનું કહીયે, જે જે પદાર્થ ફળ રસાદી આવી મળે તો પ્રથમ પરમગુરુ સત્ અવતાર પ્રત્યક્ષ મૂર્તિ પ્રતિમાદિકને સમર્પણ કરવી. પછી શેષ ઉચ્છિષ્ટ સ્પર્શેલું મુખમાં મૂકીને અથવા નજરે કે કાને સંભળાવીને તેનું સેવન પ્રીતિથી નિયમ, નિષ્ઠા રાખીને અલમસ્ત ન થવાય એ રીતે ખાવું. પછી તે પ્રસાદ રસ પ્રતાપ વડે તત્ત્વ ભાગનાં મુખ વિકાસ પામીને પોતાના પતિ તરફ ભક્ષણ કરવા સારૂ દોડે. અંશ રૂપનું દ્રિગ અંતર બાજ દૃષ્ટિ રૂપ મુખ તેજ ત્વચા હોઈ તે નિષ્કલંક જાણવી. જે રૂપ અરૂપથી રહિત અલૌક્કિ સ્વરૂપ દિવ્ય દેહ રૂપી પતિના તેના સન્મુખ સકલ તત્ત્વનાં મુખ ચોતરફથી એકઠાં થાય, તે ત્યારે જ થાય જ્યારે પોતે નિર્મળ પ્રતીતિએ કરીયે ત્યારે થાય. પછી જ એકમુખી ક્રિયા સુર્લભ થવા માંડે.

**પ્રશ્ન :** હવે અંશની દૃષ્ટિનું ખાવું પીવું તે શું છે?

**ઉત્તર :** હવે અંશની દૃષ્ટિનું ખાનપાન તે જે સકર્તાનું પરમપદ છે, તેનું જ ભૂક્તમાન કરે. જેમ કોઈ પતિવ્રતા નારી હોય તે કાયા, મન, જીવ, પ્રાણ સમેત પોતાના મુખનો યોગ પતિના મુખ સાથે મેળવે છે. તે પ્રકારે જે સજાણ દૃષ્ટિરૂપ અંશનું મુખ કર્તા ભણી સન્મુખ થાય, એટલું ફળ, ક્ષુધા-તૃષાનું મહા અદભૂત ફળ પ્રાપ્ત થાય છે. પણ જે ખાનપાનના પદાર્થ આવી મળે તે સમર્પણ કરીને ભૂક્તમાન કરજો. "પરમગુરુ" ઉપાસનામાં તો નિજ દૃષ્ટિરૂપ મુખનો સનાતનને વિષે સંયોગ કરવો. ત્યારે તો જે પ્રકારે કામિની વ્રેહેવંતિ પુરુષની સાથે જે રીતે અનુસરે એ પ્રકારે પોતે જ અર્પણ (સમર્પિત) થાય ત્યારે જ એ સંયોગ થયો જાણવો.

(૫) ઉચ્ચાર આકાંક્ષા તે રસના (જીભ) દ્વારા નાના વિધિ વચનનો ઉચ્ચાર સુષ્ટ, (સારું) દુષ્ટ, (નરસું) કે સાચુ, જૂઠું, બોલવાની પ્રવૃત્તિ ચાલે છે. તેમાં જે વૃથા બોલવું હોય તેની ગમ જોઈને ત્યાગ કરવું અને સત્ય જે આપણા કામનું હોય તેટલું જ બોલવું. અકારણ વચન બોલવા વિષે ભાવના ન ધરવી. હવે, મન અને પ્રણવના યોગ વડે ઉચ્ચાર થાય તે પણ, પોતે અંશની ઈચ્છાએ શબ્દ ઘાટ ઘડીને બોલે છે. તે જ ઉચ્ચાર પ્રથમ "પરમગુરુ" બોધ વડે ઓળખી લેવો.

**પ્રશ્ન :** અને લાગલું (અચાનક) જો બોલવું પડે તો શું ઉચ્ચાર કરવો?

**ઉત્તર :** શ્વસંવેદની આદ્ય લઈને પાંચે વેદનો અભ્યાસ કરવો. જેના યોગે રસના રંગીને અખંડ કર્તાના ચિંતવનમાં સુરતા લાગી જાય. જેથી કૈવલ અને પરમગુરુના યશ ગાઈને કૃતાર્થ રૂપ થાય, પછી સકલ પદાર્થના ઉચ્ચાર સકલ પ્રતીતિ સર્વકાળ સત્સંગ વડે જેને ઘડે, તેને કરીને પરમ અભ્યાસે વાચા જે છે તેજ પરમપદની વેત્તા થઈ રહે છે, પછી એક સકર્તા વિના અન્ય ઉચ્ચાર કદાપિ કરે નહિ. અને ક્રત પદાર્થ પ્રવૃત્તિ આદ્યે બોલવાનું તે પણ નિયમે જ બોલે. એ પ્રકારે નીતિએ વાણી વદે તો, ક્રત અને કર્તા એમ ઉભય પદાર્થ ભાવને દર્શાવતી તેતે વાણી પછી અનર્થ વાચાળપણા તરફથી મૂક્ત થઈને પવિત્ર થઈ જાણવી.

અને (૬) શીત-ઉષ્ણ આકાંક્ષા, તે જે અંતર બાજ સંતોષપણે વૃત્તિ થાય છે. તે એક એક તત્ત્વના સ્પર્શે કરીને નાના પ્રકારે વર્તમાન થાય છે, એવું સકલ તત્ત્વ ભાગનું વર્તમાન તે ચૈતન અંશના સ્પર્શે કરીને ચાલે છે. હવે શીતનો સ્પર્શ થતાં શાંતિ થાય છે. અને ઉષ્ણ ત્રિવિધ તાપને સ્પર્શે તો તાપ જ ઊપજે છે. પણ જ્યાં સુધી નિજકર્તાના સ્વરૂપ સુખની શાંતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તત્ત્વની સંગતિએ દાહપણું સદાયકાળ રહે છે જ. હવે વિષયને વિષે વર્તે તેને કરીને શાંતિ ઊપજે છે, પણ તે શાંતિ સ્વરૂપના સુખની નથી એમ જાણવી. તે શાંતિએ કરીને તો વિષયની પ્રાપ્તિ જે વેળા ન થાય, તે વેળાએ કામના હેતુ રૂપ અગ્નિ અતિશય અધિક તાપ ઉપજાવે છે. માટે તે તાપ સમાવવા સારૂ સંતરૂપ પરમગુરુને સર્વાંગે પ્રેમ ભાવે મળવું. તે અંગોઅંગ ભેટ થયે કરીને, જેમ પતિવ્રતા પોતાના પતિને ભેટે તે પ્રકારે વૃત્તિ, અભિમાન, ગુણ, ભાવના સહિત સંત પદને વિષે અખંડ રત થઈ જવું. તે પરમગુરુનું જ ભજન ક્રિયા અનંત પ્રકારે કરીને તેમને સર્વ ભાવે પ્રેમ સહિત સ્પર્શવું. પછી તેમના સ્પર્શના પ્રતાપે પરમપદનો દિવ્ય અનુભવ બોધ જાણવામાં આવશે. તે લક્ષ બોધ તો નિજકર્તા અનાદિ સિધ્ધ જે છે તે, દ્વિગરૂપ અંશને માલુમ પડે, તો જ તે અંશની દ્રષ્ટિ સજાણ હેતુ જે છે તે ભેદ વડે કરીને સજાતિ કર્તા પદને વિષે પહોંચે. તેજ સ્પર્શ, અવિનાશી પ્રભુ સાથે યોગ થયો જાણવો. પછી તે ઉપરાંત સ્પર્શ થવાનું નિજ આપણા આપ રૂપ અંશને કંઈ પણ રહ્યું નહીં, અને એ જ

સ્પર્શે કરીને અંશના દિવ્ય સજાણ તનુને વિષે સંપૂર્ણ શાંતિ થાય છે. એવી શાંતિ પ્રાપ્ત થયા વિના, અને અહી સુધીનો અનુભવ લક્ષ જાણ્યા વિના જીવને વિયોગ દુઃખ (તાપ) તે અખંડ રહે. એ પ્રકારે તાપ અને શાંતિ જાણીને અતિ ઉજાગૃતપણે શાંતિ સુખ મળે તે પ્રમાણેનો વિવેક સંત સજ્જને ગ્રહીને તાપને ગ્રહણ ન કરતાં શાંતિ જ સર્વકાળ ભોગવતાં રહેવું.

(૭) ગ્રાહાજ આકાંક્ષા, તે આપવા લેવાની પ્રવૃત્તિ તે પોતાના હાથ વડે પદાર્થ વિષયના કર્મની બહુ પ્રકારની થાય છે, હવે હાથે ઉપચાર-સેવન સંતરૂપ પરમગુરુનું ભજન કરવું. તથા દાન, ધર્મ, પૂણ્ય, નીતિ આદિકર્મમાં વર્તવું. હિંસાદિક આચરણને નિયમમાં રાખવું. પછી સર્વ તત્ત્વ ભાગની પ્રવૃત્તિ અંશના સજાણ ઘરને વિષે આવશે.

**પ્રશ્ન :** તે ઠેકાણે સર્વ પદાર્થો અને અંશ જે છે, તે શું આપે?

**ઉત્તર :** ત્યારે, તે તો નિજ ન્યાય નીતિનું દાન આપે છે.

**પ્રશ્ન :** અને લે છે શું?

**ઉત્તર :** તે લેવાનું તો વૃત્તિ રૂપી હાથે પરમગુરુનું યજન-ભજન, ભક્તિનો સ્વાદ લે છે, પછી તે ચાસમીનો સ્વાદ લઈને અંશની ભાવના સનાતન થાય છે.

એની આગળ પણ હજુ અંશના હાથનું નિશાન વર્તે છે તે વિષે કહું છું.

હવે જે અંશની અલૌકિક બાજ દ્રષ્ટિ હેતુ જે છે, તે જ વૃત્તિરૂપ તેનો જ હાથ જાણવો. તે હાથે કરીને નિજ પ્રભુને સ્પર્શે તે સદાય સર્વકાળ સજાણપણા વડે કરી હાથ ધરીને રાખે, એટલે તે સકર્તા પાસેથી કર્તા આપે એટલી અનંત ગતિ અંશને પ્રાપ્ત થાય. પણ જ્યારે અંશ પોતે સ્વ સ્વરૂપે થઈને રહે ત્યારે જ સર્વજ્ઞ ગતિ આપે છે. હવે તે કર્તા થકી આપણે જે લેવાનું તે ગતિ જ જાણવી.

**પ્રશ્ન :** અને આપણે આપણા તરફનું કર્તાને આપવું તે શું?

**ઉત્તર :** તે નિજ આપનપુનો સર્વ ભાવ સમર્પણ કરીને રહેવું -

એ આપવું અને અનાદિ સત્વ જોવું તે હાથનું લેવું જાણવું.

હવે (૮) વિષય આકાંક્ષાતે ઉપસ્થને વિષે વિષય તથા મૂત્રકર્મ છે. (૯) મળ-વિસર્જન આકાંક્ષાતે ગુદાને વિષે અપવિત્ર મળ ત્યાગ થાય છે. હવે તે ભક્ષણ ખાનપાન કર્યા વિના ક્યાંથી હોય તે માટે કહીએ છીએ, જે નાના વિધિ મત પંથના બોધ ઘણાક કાળથી ખાધામાં આવેલા છે

**પ્રશ્ન :** તે બોધ કયા?

**ઉત્તર :** ત્યારે અંશની વૃત્તિયે સગુણ નિર્ગુણ આદિ અનેક પદાર્થ ખાધેલા છે, અને તે સર્વ પદાર્થને વિષે જ પ્રેમ રાખ્યો છે. તે રૂપી નિર્મળ રસ પ્રાસન કરેલો હોઈ તે નિજ તૃપ્તિ અંતરમાં ભાવ લાવીને અંશ સદાય સુખાકારી થઈને રહ્યો છે. હવે તે અંશના ઉદર વૃત્તિમાંથી મળ, મૂત્ર રૂપ ઓરલ્યાં સિદ્ધાંત સર્વે ત્યાગ કરવાં. તેણે કરીને અંશની વૃત્તિ પક્ષાપક્ષ રહિત થઈને નિર્મળ થશે. પછી, પરમામૃતરૂપી નિર્મળ રસનું પાન કરવું. નિજ સકર્તાપતિ જે સુરસ હોઈ તેનો લક્ષ વિવેકપૂર્વક ક્ષુધા તૃષાની આકાંક્ષાને વિષે કહ્યું છે. તેજ પ્રકારે સત્વર વિમળ રસ રૂપી પરમ ગ્યમ ગતિનું અંશે નિર્મળ ભોજન કર્યું હોય તો, તે ખાનપાને કરીને અમર અખંડ પદવી પ્રાપ્ત થાય, તેને પછી કોઈ ખંડિત દેશમાં આવવું ન પડે અને મળ ત્યાગ કરવાનું પણ તેને ન રહ્યું.

અહો ! જે અંશ તત્ત્વ ભાગ સમેત અમર થયો, જે પોતાની સજાણ બાજદૃષ્ટિએ સકર્તાનું ભજનરૂપી પરમામૃતપાનનું જેને ખાન-પાન મળ્યું પછી તે પરમામૃતપાન કરનારને મળ ત્યાગ શાનો રહ્યો? જે નિર્મળ સ્વરૂપ છે, તેના વિષે સર્વ કંઈ રજ માત્ર મળ દૃષ્ટિ નથી, માટે જ્યાં રજ માત્ર મળ દૃષ્ટિ નથી, તેથી વિમળ સકર્તા જ જોજો. એક સત્ય સ્વરૂપ ભજન જ નિત્ય તે અંશ કર્યા જાય. એ પ્રકારે મળ મૂત્ર, વિષય આકાંક્ષાનો આદી ભેદ સંતજન પ્રત્યે કહ્યો.

(૯) ગવન આકાંક્ષાનો અનુભવ સાંભળો. સુષ્ટ-દુષ્ટ કાર્ય માટે સર્વ નરનારી જીવ ગવન કરે છે. તે સ્વધર્મની જે પ્રવૃત્તિ તે પૂર્વે વિધિ વચન પ્રમાણે કરવી. ક્રિયા, ભક્તિ, તીર્થ, યાત્રા, સંત દર્શન, સંત પ્રદક્ષિણા આદ્યે વિચરવું, તથા નાના પ્રકારનાં ઉત્તમ કર્મમાં અતિ ઉતાવળું ચાલવું. તે શા સારૂ? કે ફરી આવો મનુષ્ય દેહનો દાવ હાથમાં આવતાં વાર લાગે, તે માટે નિશદિન નવરું ન બેસી રહેવું. સાધન અભ્યાસમાં જ વખત કાઢવો. એટલે કે તીર્થ યાત્રા સંત દર્શન અને પરમગુરુનો કૈવલ લક્ષ ખુદ આપણા પિતા તરફનું પૂર્ણ સાધન સંપાદન કરી આપણા પતિને મળવા પ્રયત્ન કરવો.

હવે પ્રથમ સર્વ તત્ત્વભાગની પ્રવૃત્તિ નિજ સજાણ ગતિએ કરવી. એ ગવન કરવામાં કિંચિત માત્ર અનુમાન કરવું નહિ. અહીં ઉપાસના, જ્ઞાન, વૈરાગ્ય એ જ પરમગુરુ કૃપાનું સૌભાગ્ય જાણવું. તેને કરીને આપણે આદી ભજન કરવા

જોગ (યોગ્ય) થવું. માટે ગવન કરવાની ગતિની ચાલે ચાલવું. તે પોતાની ઈચ્છા એટલે કે ગતિમાં બિરાજમાન થવું.

પછી નીતિએ જન્મમરણનો અને અનીતિ ક્રિયાનો કંઈ ભાર બોજ હશે તે સર્વે માથેથી ઉતરી જશે.પણ કહ્યું તે પ્રમાણે ચાલતાં ચાલતાં પોતાના સ્વરૂપને પહોંચે, અને તેની ઓળખાણ પડે, એટલે કે આ માપક દેહને વિષે નિજરૂપ અલ્પજ્ઞ માપ ગતિ બહુ વિધિ જાણવામાં આવે. પછી અનાદી નિજપતિ અંશના આપણા પિતા જે તેના ભણી ચાલવાનું, તેનીજ સજાણ વૃત્તિયે ઉતાવળું ચાલવું. તે અપાર ગતિ કર્તાની જાણીને, જેમ પોતાની માતાની આગળ અજ્ઞાન બાળક દોડીને ભાવથી ગળે ભેટે છે. તે પ્રકારે નિજ આપનો હેતુ પતિ તરફ અંગોઅંગ આપવો. એ પ્રકારે ચાલ્યા વિના વાટ ખૂટે નહીં, જે નિજકર્તા પદને વિષે પહોંચીએ તે માટે ગતિએ કરીને, અતુટ પ્રતીતિ ધારણા વડે ચાલજો. પછી એ ઉપરાંત કલ્પાંત સુધી જીવને ફરી અન્ય ચાલવાનું રહ્યું નહિ. એટલા માટે એક એક ગવન ગતિ અને પરમાર્થની દોસ્તી સર્વે કરજો.અને અહીં સુધી ચાલતાં વચમાં ખોટી થઈને વિશ્રામ વિરામ લેવો નહિં.એ પ્રકારે પરમગુરુએ સકર્તા ઉપાસના ગતિ અનુભવ પ્રભાવનું રૂપ કહ્યું.

એ દશ રજોગુણની આકંક્ષાઓની ઊલટ પ્રવૃત્તિ રૂપ પ્રતીતિ જાણીને વિચારવા સારું કહી.

## ઉપ પ્રકરણ ૨

# અહંકાર ગણના પંચમાત્રા અને પંચભૂતની ઊલટક્રિયા

### અહંકારઘણ

એ પ્રકારે જાણીને દુષ્ટ પ્રવૃત્તિનો ત્યાગ કરવો. અને સુધર્મ પ્રવૃત્તિ હાલ પ્રગટ કહી, તે પ્રમાણે પોતાની દૃષ્ટિ રાખીને વર્તવું. એને જ તિવ્ર વૈરાગ્ય ધારવાની નીતિ કહી છે. જે સનકાદિક આદ્યે ઘણાંક આચરણ કરતા હતા.

હવે આકાંક્ષાઓની દશ ઈન્દ્રિયો થઈ. તે પંચતત્ત્વની જ આકાર કરેલી જાણવી. જે અહંકાર ઘણથી પંચભૂત ઉપજાવ્યા, તે નિજ નરનારી રૂપ મૂર્તિ અલંકાર ભરીને કરી જાણજો. તે વિના સ્થૂળ દેહ પંચભૂત વિના કોઈ બીજા તત્ત્વના કરેલા નથી. એક તો પૃથ્વી, જળ, તેજ, સમીર (વાયુ) અને આકાશ એ પંચતત્ત્વના સર્વ છે. પંચતત્વના સ્થૂલ કર્મ ક્રિયા આકાંક્ષાઓની જે કહી, તે શામાં રહીને કરે ? તે સ્થૂળ ક્રિયા પંચભૂતના દેહને વિષે રહીને થાય છે. અને તે પ્રગટ દૃશ્યમાન પડે છે.

હવે એના વિષે પંચમાત્રા રહી છે તેની સાધારણ પ્રવૃત્તિ સર્વમાં સમાનપણાએ થાય છે. તે માત્રા તો પંચ જ્ઞાનેંદ્રિયને વિષે વસીને ક્રિયાનું આલંબન કરે છે. તેનું સ્થાનક તે શ્રોત, ચક્ષુ, ત્વચા, રસના અને નાસિકા. તે પંચ સ્થાનને વિષે રહીને વર્તમાન ચાલે છે. હવે તેની ઊલટક્રિયા સાંભળજો. હમણાં સંત સજ્જન પ્રત્યે કહીએ છીએ. જેના યોગ વડે નિજ પરમાર્થ જે ભૂલી ગયેલા છો તે પ્રાપ્ત થાય.

હવે શબ્દ જે સાંભળવો તે આદિ સત્ય પદનો હોય તેને શ્રવણ કરવું અને પદાર્થ જોવા. આદિ ‘‘કર્તા’’ અને ‘‘ક્રત’’ જે નિત્યનું હોય તેને સ્પર્શ કરવો. તે અનાદિ પદને સ્પર્શવું. અનિત્ય સ્પર્શનો ત્યાગ કરીને પરમરસનું જ પાન કરવું. સ્વાદ જાણીને અને પરમ સુગંધ નાકે ગ્રહણ કરવી.

એ પ્રકારે માત્રાના યોગે એ સકલ ગ્રહણ કર્યામાં આવે છે. માત્રા વિના ગ્રહણ થાય નહિં. સકલ ઈંદ્રિયો સહિત આકાંક્ષાઓ શ્રેષ્ઠ છે. પણ વિવેક કરીને જુવો તો. સર્વ લૂલાં સરખાં જ છે. માત્રા વડે જ તે ઈંદ્રિઓને વિષે ક્રિયા કરવાનું સબળપણું આવ્યું છે. પંચ વિષય અંતર બાજ વસે છે. તે એકએક પોતાની સજાતિને ગ્રહણ કરે છે. તે જેમ સૂર્યના તેજે (પ્રકાશે) નેત્રનું તેજ પુષ્ટ થઈને પદાર્થને દેખે છે. તે વિષય પરમાર્થ વિચાર તરફ વળવાની ક્રિયા (ધારા) કહી. એ પ્રમાણે ઉપાસના, ત્યાગ અને જ્ઞાન એ ત્રણેયનું રૂપ દેખાડયું છે.

એવાં અહંકાર ઘણનાં દશ તત્ત્વ જે પંચભૂત અને પંચ માત્રા તેમજ રજોગુણની દશ આકાંક્ષાઓ એ ત્રણ મળીને ત્રિકુટિએ ક્રિયા સંપૂર્ણ સ્થૂળને વિષે પ્રગટ થાય છે. પણ તેના માથા ઉપર અંતઃકરણ ઈષ્ટરૂપે રહ્યાં છે, તે જેમ તત્ત્વને આજ્ઞા કરે છે, તેવી ક્રિયા કર્યે જાય છે.

## ઉપ પ્રકરણ ૩

# સત્વગુણનાં પંચ અવસ્થા અને પંચ અંતઃકરણ મળી દશ તત્વની ઊલટક્રિયા

### સતો ગુણ

હવે તે પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા એ દશતત્ત્વ સતોગુણથી થયાં. તેનું સાધારણ વર્તમાન પ્રથમ દેખાડી દીધું છે. તેમાં પ્રથમ ઊલટક્રિયા અંતઃકરણની કહીએ છીએ. જેથી તે ક્રિયા વડે "પરમપદ" ની પ્રાપ્તિ થાય.

હવે (૧) મન અંતઃકરણને વિષે સંકલ્પ-વિકલ્પ થાય છે. તેમાં પરમાર્થ કાજને સારૂ સંકલ્પ કરવો. અને વિષય કામનાનો સંકલ્પ જે ઊપજે તેને વિકલ્પે કરીને ભાગી નાખવો. એટલે મન સંકલ્પ કરે તે જોઈને વિષયની વૃત્તિએ વર્તવું નહીં. જે પ્રથમ આકાંક્ષાની ક્રિયા માત્રા સહિત વર્તમાન કહી છે. તે પ્રમાણે તે ક્રિયા મનનો સંકલ્પ થયા વિના થાય નહિં. માટે કહ્યું છે તેવો જ સંકલ્પ કરીને પછી ઈન્દ્રિયોને આજ્ઞા કરવી. તે ક્રિયાના પ્રતાપે નિજરૂપ જાણીને સકર્તા પિતા એકમેકની ભેટ થાય. અને જો ઈંન્દ્રિયોનો હેતુ રાખવા મન વિષયનો સંકલ્પ કરશે તો તે વખતે મનનો ધર્મ દેખીને વિચાર જે કર્યો તે કુશળમતિ સ્થિર રાખવા પણાનું કામ (૨) બુદ્ધિ અંતઃકરણનું છે. આમ સ્વાભાવિક નિશ્ચય થાય છે. તે નિશ્ચય સંકલ્પ ઉઠતા વારમાં ન કરવો જોઈએ. અને પરમાર્થનો સંકલ્પ કરે તો, તે ક્રિયા વિષે નિશ્ચય અનુકૂળ રાખવો. આ પ્રમાણે નિશ્ચય કર્યા વિના વર્તવું નહિં.

હવે તે સંકલ્પ નિશ્ચયનો તોલ કરવો તે કામ (૩) અહંકાર અંતઃકરણને સોપેલું છે. હવે તે તોલ કરવો તે અહંકારને હાથે પરમઅર્થ વિના બીજો તોલ કરવા દેવો નહિ.

(૪) હવે ચિત્ત અંતઃકરણ સૂક્ષ્મ ચિંતવન કરે છે, તેને ચિંતવને પરમાર્થ પ્રાપ્ત થાય એવું પરમગુરુના યજનમાં અને કૈવલના ભજનમાં સત્ ક્રિયા ધારણ રાખીને લગાવવું.

હવે વિષય પ્રવૃત્તિના વડે (૫) નચિંત અંતઃકરણતે નચિંતપણું સ્ફૂરે છે. અને

તેમાં જીવનનો હેતુ સમાધાન પામે છે. હવે તે નચિંતપણું વિષય ભોગવ્યામાં અંતર બાજ કોઈ કાળે રાખવું નહિં. સત્ ધર્મ, ભક્તિ, જ્ઞાન, બોધ, વૈરાગ્યાદિક પરમ અગાધ લક્ષ બોધ સ્કૂરણને વિષે વૃત્તિનું ચિંતવન કરીને નચિંત રહેવું.

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો જે, નચિંત થયા પછી કેવી રીતે પરમાર્થ ક્રિયાની પ્રવૃત્તિ થાય?

**ઉત્તર :** તેનું સાંભળો, જે તે પ્રતીતિરૂપ દેખાડીએ છીએ. વિષયી જીવ પદાર્થને ભૂક્તમાન કરીને તેને જે કાળે નચિંત વર્તતી સર્વ ઈંદ્રિયો અને તત્ત્વનું વર્તમાન વર્તાવીને સમાધાન પામે છે. તે જ પ્રકારે પરમાર્થ યોગની પ્રવૃત્તિ પોતે હેતુ પ્રીતિએ કરી લઈને તત્ત્વ ભાગ નીતિની પ્રતીતિ નિજ અંતરમાં લેવી. પછી તે અનુભવ જ્યારે આપણને આવે ત્યારે સમાધાન થાય. તે વારંવાર જે નિજ વૃત્તિને વિષે પ્રાપ્ત થાય, તે નચિંતપણું સર્વકાળ પૂર્ણ અભ્યાસ કરીને ભોગવવું. તે નચિંતપણું કિંચિત ભોગ જાણીને પછી તત્ત્વ ભાગ સદાયકાળ ભજનને વિષે વર્તાવવાં.નહીંતર તો નિજ લક્ષ વિના અમસ્તુ નચિંત ન થવું. જ્યાં સુધી સ્વરૂપનો નિશ્ચય થાય નહિં, અને નિજ "કર્તા" સર્વજ્ઞનું પણ તાદશ્ય થાય નહિં, ત્યાં સુધી નચિંત કદાપિ થવું નહીં, અને પરમગુરુનું ભજન કરીને અભ્યાસને વિષે સદાય આદિથી લઈ મધ્યાંત સુધી વર્તવું.

એ પ્રકારે અનુક્રમે કરીને પંચ અંતઃકરણ સ્ફુરણાની પ્રવૃત્તિ કરવી. અને સત ક્રિયા વિના તેને પોતે (અંશ રૂપે) કોઈ કાળે અનુકૂળ થવું નહિં. સત્ધર્મ વિના પદાર્થ ભાવનાએ વૃત્તિ અનુકૂળ થાય, તે કાળે તે જોઈને વિચાર કર્યા વિના કદાપિ સહાય થવું નહિ. એ વખતે વૃત્તિ સમેટીને પદાર્થ વિષય તરફ જવા દેવી નહિ.

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો કે અંતઃકરણ વિના વિચાર કદાપિ થાય નહિ.

**ઉત્તર :** તેનું સાંભળો, જે નિજ અંશે (આપણે) આપણી સજાણ દષ્ટિનો લક્ષ પ્રથમ "પરમગુરુ" બોધ વડે જાણવો. પછી પદાર્થ ઓળખીને જ્યાં જેવું સંભવે તેવી યોજના કરીને વિવેચન કરવું. તે જાણ્યપણું અંતઃકરણ વિનાનું જ્ઞાન જાણવું. જે અંતઃકરણ સમેત જાણવાનું જાણ્યપણું પોતાને સ્વાધિન સર્વકાળ વસે છે. તે સજાણ વૃત્તિ નિજ અંતરમાં વિચાર કરીને જુઓ.

હવે પ્રથમ પંચ અવસ્થાનું અધિષ્ઠાનપણું તે પંચ અંતઃકરણને વિષે છે. તે અંતઃકરણ પંચ અવસ્થાનું વર્તમાન ભિન્ન ભિન્ન વસીને કરાવે છે. તે પંચનો પ્રકાર

મુખ્ય અવસ્થા દેખાડી ત્યાં તેનો ભેદ દેખાડ્યો છે. હવે બીજો તેનો અંતર ભેદ સંત સજ્જનને દર્શાવીએ છીએ.

જે ચક્ષસત્વ અવસ્થાને ચંચળ કરીને વર્તાવે છે. તે પ્રકારે પાંચેય અવસ્થાએ પ્રવૃત્તિ સદાય ચાલે છે. હવે તે ચક્ષસત્વની પ્રવૃત્તિઓ એક અવસ્થાને વિષે દેખાડીએ છીએ. તેજ પ્રમાણે સર્વ અવસ્થાને વિષે જોવું.

પ્રથમ **(૧) જાગૃતને** વિષે હલન-ચલન કરવા લાગે તે અનંગ ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી. તે ક્રિયા કશું કાર્ય કારણ વિનાનું વર્તમાન થાય છે.ત્યાર પછી કાર્ય, કારણ, ક્રિયા વર્તવા લાગે તે પ્રગજ્ઞાન ચક્ષસત્ત્વ જાણવું, જે પોતાની ભાવના સંયુક્ત વર્તે છે. ત્યાર પછી મન અને શરીરનો વિરોધ કરીને જાગૃત અવસ્થાનો લય કરીને નિંદ્રા વશ થઈ રહે, તે કાળ ચક્ષસત્ત્વની ક્રિયા જાણવી. એ પ્રકારે ઉત્પત્તિ, સ્થિતિ અને અંત પાંચ અવસ્થામાં ચક્ષસત્વ અને અંતઃકરણ વડે થાય છે. તેનો અનુભવ ‘‘પંચમ વેદમાં’’માં ‘‘પરમગુરુ’’ એ વિસ્તારપૂર્વક કહ્યો છે.

હવે તે એક અવસ્થાના ઉદરમાં બીજી ચાર અવસ્થા અંકુરવત્ સૂક્ષ્મ વર્તે છે. તેનું રૂપ દેખાડીએ છીએ.

તે પ્રથમ જાગૃતમાં સષોપતિ જે દરેક કામકાજનું વિસર્જન થાય છે. અને જાગ્રતમાં સ્વપ્ન અવસ્થા વર્તે ત્યારે વૃથા વિચાર જે ન થવાનું ઊપજે તે જાણવું. ત્યાર પછી સર્વ વિચાર લીન હોય, ત્યારે વૃત્તિને નચિંતપણુ આવે, તે જાગ્રતમાં તુરિયા અવસ્થાની પ્રવૃત્તિ જાણવી.તે વખતે એક પ્રાણાયામ શ્વાસને વિષે જ લક્ષ રહે. હવે જાગૃતની આદ્ય અને નિદ્રાના અંત સમયે સંધિની પ્રવૃત્તિ વર્તે તે ઉનમૂનિ અવસ્થા. તે વખતે નથી પુરી જાગૃત, અને નથી નિદ્રા પણ પ્રવેશ થઈ. સર્વ ધંધાની નિવૃત્તિ થઈ છે. અને શૂન્ય-શૂન્યકાર સરખો કંઈક જાગૃત પણ છે. તે કાળે પ્રણવની પાર ભાવના થઈ જાય તેને જાગ્રતમાં ઉનમુનિ ઓળખવી. એ પ્રકારે શુદ્ધ જાગૃતમાં ચાર અવસ્થા અંકુરવત્ વર્તે છે. તે વિચાર કરવા સારૂ કહી.

**(૨) સ્વપ્નને વિષે** જાગૃત તે જે પદાર્થ ઘાટ દેખવામાં આવે છે તે. અને મુખ્ય સ્વપ્ન તે કોઈ દિવસે પદાર્થ ન જોયો હોય તેવા દ્રવ્ય, ઘાટ, વ્યાઘ્ર, ચોરનાં પગલાંની આદ્યે સ્વપ્નમાં આવે. જ્યારે જાગૃત થઈને જોઈયે ત્યારે આમાંનું કાંઈપણ ન હોય, તે શુદ્ધ સ્વપ્ન જાણવું. હવે સ્વપ્નમાં પદાર્થ વિસર્જન પામે તે સષોપતિ જાણવી. ત્યાર પછી તુરીયા તે પદાર્થ દેખીયે. તેના વિષે હેતુની નિવૃત્તિ

થઈ જાય. અને શાંતિ પામે તે વિસર્જનપણું જો થઈ જાય તો પણ પદાર્થ ઉપરનો હેતુ સષોપતિમાં રહે છે. તે લય પામે તે સમયે સ્વપ્નમાં તુરિયા જાણવી. હવે સ્વપ્નનો અંત અને સષોપતિની આદ્ય પ્રવેશ સમયે સંધિને વિષે ઉનમૂનિ જાણવી.

(૩) **સષોપતિ તે** વખતે સ્વપ્ન નહી અને સષોપતિ પણનહીં તે કાળે અલ્પ પદાર્થ દશ્ય થાય, ને નિદ્રામાં લય પણ થઈ જાય, એનું નામ મૂળ સષોપતિ. તે સષોપતિમાં સ્વપ્ન જે અર્ધ માત્રિકા સ્વપ્ન દ્રશ્યમાન થયું તે જ સ્વપ્ન સષોપતિમાં ચિંતવન વિનાનું દશ્યમાન થાય. હવે કોઈ નિદ્રામાં બરલી ઊઠે ને તેને પૂછીયે, તો મને માલુમ નથી એમ કહે છે, એવી પ્રવૃત્તિ સષોપતિમાં થાય તે જાગૃત જાણવી. અર્ધ માત્રિકા સ્વપ્ન તો છે, ને તેના વિષયની નિવૃત્તિ થઈ જાય તે સષોપતિમાં તુરીયા જાણવી, અર્ધ માત્રિકા સ્વપ્ન થઈ ગયું છે, અને તુરીયા અવસ્થાની આદ્ય પ્રવેશ સંધિ છે, તે સંધિને વિષે ઉનમૂનિ થઈ જવાય તે સષોપતિમાં ઉનમૂનિ જાણવી. તે સમયે મૂક્તો પ્રણવ ઘોર કરતો બહાર નીકળે, એ પ્રકારે સષોપતિ સહ પંચ અવસ્થાની પ્રવૃત્તિ કહી.

(૪) **તુરિયા ને વિષે** પંચ અવસ્થા વર્તે તે કહીએ છીએ. તુરિયા અને ઉનમૂનિ એ બંને અવસ્થામાં પ્રાણાયામની ક્રિયા જે વર્તે તે કહીયે છીએ. જાગૃતમાં અવ્યક્ત સરખો પ્રણવ ચાલે, અને સ્વપ્નમાં જાગૃતમાં ચાલે તેથી વિશેષ લવમાત્ર વ્યક્ત પ્રણવ વર્તે, અને સષોપતિમાં લેતો પ્રણવ ઘોર કરતો પ્રવેશ કરે છે. તે વખતે અહંકાર અંતઃકરણ જાગૃત છે, તે માટે ઘોર કરે છે. અને તુરિયાની વેળાએ લેતો મૂકતો બંને ઘોર કરતો ચાલે, કારણ કે ત્રણ અવસ્થા અને ત્રણ અંતઃકરણ એ ખટની ક્રિયા લીન પામી છે. અને અર્ધ ઉર્ધ્વ નાડી પણ રૂંધન પામી ગઈ છે. તે સ્થાને કબંધ નિયંતાવાન વ્રગજ્ઞાન ચક્ષસત્વ વસે છે, તે લેતા અને મૂકતા બંને પ્રાણાયામને સામાન્ય (બરાબર) ચલાવીને (કબજે) રાખે છે.

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો કે, પાછળ બંને અવસ્થાનું નિરૂપણ કર્યું ત્યારે લેતો પ્રણવ જ ઘોર થાય એમ તુરિયાનું વર્તમાન કહ્યું, અને હવે બંને ઘોર કરે, એ ક્યા કારણને લીધે છે ?

**ઉત્તર :** અનંગ ચક્ષસત્વ પ્રધાન તુરિયાની ક્રિયા નિરૂપણ કરી છે. એ પ્રકારે દ્વિવિધ મુખ્ય તુરિયાનું વર્તમાન જાણવું. અને હવે યાંહાં તો એજ પ્રવૃત્તિ જે બંને પ્રણવ ઘોર થાય છે. તેના ઉદરમાં અન્ય અવસ્થા વર્તે તે કહીએ છીએ, જે વિશેષ

ઘોર કરીને પ્રણવ ચાલતો હતો તે થોડી ગર્જના ત્યાગ કરીને પ્રણવ સૂક્ષ્મ ઘોર કરીને ચાલવા લાગે. લેતા અને મૂકતા બંનેના વિષે તે ઘોર કરવાવાળો વર્તમાન થાય તે સમયે તુરિયામાં સ્વપ્ન અવસ્થા વર્તે તેમ જાણવી. જે પ્રણવનો ઘોર સૂક્ષ્મ ઘોરવાળો કરી દીધો તે કેમ થયો? ત્યારે તુરિયાના સ્વપ્નમાં પ્રાણાયામ દેહને વિશે ચેતનપણું અલ્પ આવે છે. તેણે કરીને શરીરની નાડીઓ વિકાસ પામી જાય છે. માટે સૂક્ષ્મ ઘોર કરતો ચાલે છે. તે વેળા તુરિયાના ઉદરની સ્વપ્ન અવસ્થા જાણવી. હવે લેવાતો પ્રણવ ઘોર કરે નહિં અને મુક્તો પ્રણવ ઘોર કરીને ચાલે તે વેળા તુરિયામાં જાગૃત વર્તે છે. તેનું કારણ જાગૃત અવસ્થા તો નાડીઓને ઉર્ધ્વ મુખે રહી છે, તેણે કરીને નાડીઓ ઉર્ધ્વ ભાગની વિકાસ પામી છે, માટે મુકતો પ્રણવ ઘોર થાય. એ પ્રકારે તુરિયામાં જાગૃત વર્તતી જાણવી. હવે જે સમયે લેતો પ્રણવ ઘોર કરે, અને મૂકતો બિનઘોર (ઘોર કર્યા વગર) વર્તે, તે સમયે તુરિયામાં સષોપતિ વર્તતી જાણવી. તેનું કારણ અહંકાર અંતઃકરણ અને સષોપતિ એ બંને નાડીના અધોભાગે વસેલા છે. તેને કરીને ઉર્ધ્વ ભાગે ખેંચી લેતાં ઘોર થાય છે તે સષોપતિ જાણવી. હવે તુરિયાનો અંત અને ઉનમૂનિની આદ્ય શુદ્ધ ઉનમુની વર્તવાની વેળાએ ઉભય પ્રાણાયામની સંધિમાં તુરિયામાં ઉનમુની વર્તતી જાણવી. તે સમયે પ્રણવ સૂક્ષ્મ શ્વાસવત્ બરાબર (એક સમાન) ઘોર કરતો ચાલે તેનું કારણ અર્ધ ઉર્ધ્વ બંને નાડીઓ અતિ અલ્પ જાગ્રત થઈ છે, તે માટે સૂક્ષ્મ વર્તે છે. એ પ્રકારે પંચ અવસ્થા તુરિયા સહિત કહી.

**(૫) ઉનમૂનિ વિષે** પાંચેય અવસ્થા સહિત વર્તે તે કહીએ છીએ. જે બંને પ્રણવની પ્રવૃત્તિ જાગૃતમાં બરાબર ચાલતી હોય, તે સમવત્ સામાન્ય પ્રણવ તે સમયે વર્તે તે એકલી ઉનમૂનિ અવસ્થા વર્તે તેમ જાણવી. હવે પહેલાં સાધારણ પ્રવૃત્તિમાં મૂકતો ઘોર કરે એ ઉનમૂનિ કહી. અને હમણાં બન્ને લેતા મૂકતા સામાન્ય ઘોર કરતા ચાલે એવું કહ્યું. ત્યારે તેનું સાંભળજો. જે ઉનમૂનિ અવસ્થાની મૂળ ક્રિયાને અંતે બંને બરાબર ચાલતા પ્રણવનો ભેદ હમણા દેખાડી દીધો છે. અને પાછળનું જે પૂછ્યું તેનું હવે કહું છું. સોહંકાર બહાર નીકળે છે તે ઠેકાણે કાળ ચક્ષતત્ત્વ પ્રધાન પણે વસે છે. તેથી તેની ક્રિયાને લઈને નિરૂપણ કર્યું. તે બહાર કાઢવાની ભાવના કાળ ચક્ષસત્વની છે. માટે કાળ ચક્ષસત્વ અને સોહંગપ્રણવ એમ ઉભય સંબંધે ધડકીને પ્રણવને વિષે શબ્દ થાય છે. અને જે અવસ્થા જે દેહને વિષે વર્તે, તે દેહ તે વખતે જાગૃત રહે છે. માટે તે ઠેકાણે પ્રવૃત્તિ અને ઈશ્વર્યતા જાગૃતની

જ જાણવી. અધો નાડી રૂંધન પામી છે અને ઉર્ધ્વ નાડી વિકાસમાન થઈ છે. તેને કરીને મૂકતો શરણાઈ, વાજિંત્ર સમાન ઘોર કરે. એ ઉભય ભેદ પ્રકારે ઉનમૂનિનું નિરૂપણ કર્યું. હવે ઉનમૂનિના ઉદરમાં અન્ય ચાર અવસ્થા વર્તે તે કહીએ છીએ, હવે એક બે શ્વાસ ઘોર કર્યા વિના વર્તે, અને પછી એક ઘોર કરતો નીકળે. એ માપ પ્રમાણે લેતા અને મૂક્તા શ્વાસ રહી રહીને (અટકી-અટકીને) વર્તમાન થાય, તે સમયે ઉનમૂનિમાં તુરિયા વર્તતી જાણવી. ત્યાર પછી સર્વ તનું ડાબા-જમણા અંગ ઉપર ફરવું થાય, તે પ્રવૃત્તિ રૂપી ઉનમૃનિમાં સષોપતિ જાણવી, જેથી પ્રણવ સંયોગે અલ્પ ઘાટની પ્રવૃત્તિને લીધે દેહ ભાગ ચલાયમાન થવા માંડ્યા તેટલો જ વ્યાપાર તે સષોપતિનો છે. ત્યાર પછી હાથ પગ પસરણ સંકિરણ જ્યારે કરે, તે સ્વપ્ન અવસ્થા ઉનમૃનિમાં જાણવી. જેથી ઉનમૂનિમાં વિશેષ ઘાટ પ્રવૃત્તિ થાય છે. ત્યાર પછી નિદ્રામાં અંત સમયે અને જાગૃતની આદ્ય પ્રવેશ વેળા હોય તે સમયે નેત્ર તો બંધ હોય અને હાથ શરીર ઉપર ફેરવે, અને જ્યાં ખંજવાળ આવે ત્યાં ખંજવાળે, તો પણ અમસ્થો દેહને ચંચળ વર્તાવે, તે ઉનમૂનિમાં જાગૃત જાણવી. કારણ કે સર્વ દેહ પ્રણવ સંયોગે અલ્પ કાર્ય કરવા પ્રવર્તમાન થયો છે. અને નચિંત અંતઃકરણની પ્રવૃત્તિ પણ તે સમયે વર્તે છે. અને કોઈ મનાદિક અંતઃકરણની પ્રવેશ સંધિ આવી છે. તેને કરીને ઉનમૂનિ વર્તે છે. એ પંચ અવસ્થા પંચીકરણ પચીસ પ્રકારે નિરુપણ સંત સજ્જન પ્રત્યે પ્રત્યક્ષ પ્રમાણ કરીને દૃશ્યમાન કરાવ્યું. હવે એ પંચ અવસ્થા પંચ શરીરને વિશે જે પ્રમાણે પોખી છે તે પ્રમાણે વર્તમાન થયાં જાય છે. પણ એની પ્રવૃત્તિ (સમજણ) જે લેવાની તે જાગૃત વિના માલુમ પડે નહીં. જેવું નિરૂપણ દરેક અવસ્થાનું કર્યું છે, તેવું જાગૃતમાં અતિ ઉજાગૃતપણે જે કોઈ દેખે તેને સજાણ અનુભવ દૃષ્ટિએ કળ્યામાં આવે. એવી એ અવસ્થાની પ્રવૃત્તિ અકળ હોઈ તે કળવાની છે. પણ એ ઠેકાણે તો જાગૃત વિશેષ વર્તવાને સારૂ ક્રિયા પંચ અવસ્થાની દેખાડી. તે પોતે સચેતન થવા સારૂ આતુર જીવ પ્રત્યે કહી.

હવે જાગૃતમાં સકલ વર્તમાન તત્ત્વ ભાગ સહિતનું સર્વ જણાય. જે નિજ સજાણ સ્વરૂપ આપણે છીએ, તે તે સમેત જાણવામાં આવે અને વળી **“ આદ્ય, સકર્તા, સ્વરાજ, કરુણેશ, કૈવલ” એ પંચ વિશેષણ લક્ષણા સમેત “પરમગુરુ” ” લક્ષબોધ વડે જાગૃતમાં જણાય. અને તેનું કૃત અનંત બ્રહ્માંડ ચરાચર દેવાદી સમેત જાગૃતમાં ઓળખાય.** જાગૃત વિના અન્ય અવસ્થામાં એમાંની એકેય

ગતિ માલુમ પડે નહિં. કારણ કે, અન્ય અવસ્થામાં વર્તમાન થાય તે તો પોતાની ઈચ્છા વડે સૂક્ષ્મ અલ્પ થાય છે. અને જાગૃતમાં તો જાગૃત રૂપ સર્વ પંચદેહના તત્ત્વ ભાગ પ્રણવ સમેત જાગૃત વર્તે, અને અન્ય અવસ્થામાં તો તે પ્રમાણે તત્ત્વ ભાગ થઈને રહે છે. માટે આપણ અંશ રૂપ નિજ સજાણ દૃષ્ટિ જાગૃત ઉપર વિશેષ રાખવી. તે અતિ ઉજાગૃતપણે રાખે તો જેની ક્રિયા ભાસ યોગ વડે અખંડ સુખ પ્રાપ્ત થાય. તે જ સારૂ અન્ય અવસ્થા પ્રવૃત્તિ ઉપરથી હળવે હળવે નિજ ઈચ્છા નિરોધીને (નિગ્રહ કરીને) જાગૃતમાં ભાવના ચેતનપણે પોતે અભ્યાસ કરવો.

**પ્રશ્ન :** ત્યારે કહેશો કે, આન્ય અવસ્થાની પ્રવૃત્તિ સહેજ સહેજા-સહેજ કરીને થાય છે. અને જાગૃતમાં પ્રવૃત્તિ ઊલટાવીએ તો ઊલટી શકે છે. તેમ સર્વ અવસ્થાની પ્રવૃત્તિ ક્રિયા પણ અન્ય અવસ્થામાં સચેતનપણે કેમ ઊલટે છે?

**ઉત્તર :** જેમ જેમ દેહનાં તત્ત્વ અને અવસ્થાની ભૂમિકા સહ પંચદેહનો ઉત્તમ ખેલ જે કર્યો છે, તેમ તેમ કાર્ય ભાગની જ ઈચ્છાએ વર્તે છે. પણ જાગૃતપણું સજાણ અંશનું સર્વમાં તત્ત્વ ભાગ જેટલા જે દેહમાં છે, તે પ્રમાણે આદી મધ્યાન્ત વર્તે છે. તે મધ્યે અતિ વિશેષ જાગૃતમાં અંશ, ઈચ્છાવૃત્તિની ક્રિયા સર્વજ્ઞપણે વર્તે છે. માટે જાગૃતમાં વિશેષ ઉજાગૃત રહીને સજાણ દૃષ્ટિ વર્તાવવી.

એ પ્રકારે દશ તત્ત્વ સત્વગુણથી ઊપજેલાંની ક્રિયા ઊલટ સૂલટપણાની જાગૃતમાં સર્વ દેખાડી. એ પંચદેહને વિષે અવસ્થા સહિત અંકુર વર્તમાન કરે છે, તેનું યથાર્થ નિરૂપણ કર્યું.

## ઉપ પ્રકરણ ૪

# સ્વકાસ ઘણના પંચ સભસકરણ અને પંચ વિવસ્તાએ દશ તત્ત્વ ઊલટક્રિયા

### સ્વકાશ ઘણ

સ્વકાશ ઘણની પંચ વિવસ્તા અને પંચ સંભસક્રણ એ દશ તત્ત્વ ભાગની ક્રિયા પંચ અવસ્થાની સંધિમાં જડપણે સૂક્ષ્મ થાય છે, તેનું કારણ શું? જે ગુણ અને

અંતઃકરણથી જેના ભાગ કિંચિત છે. માટે ક્રિયા પણ તેવી જ વર્તે.

પ્રથમ પંચ સંભસક્રણ વર્તમાન ઊલટક્રિયા કહું છું તે શ્રવણ કરજો. (૧) સર્વ અવસ્થામાં **શાંતિ**નું વર્તમાન સમાનપણે થાય છે. તેના વિષે જાગૃતની પ્રવૃત્તિ વિશેષ રાખવી. જે વખતે દુઃખ આવી પડે ત્યારે અંતરબાજ શાંતિ રાખવી. અને પદાર્થનું સુખ મળે ત્યારે સત્ ક્રિયા આચરવાની નિત્ય નિર્મળતા રાખવી કે, અરે ! મારા હાથથી ઉત્તમ ક્રિયામણ હજુ સુધી થયું નહીં. એવું અંતરમાં લાવીને સ્વરૂપ લક્ષમાં વર્તવું.

(૨) **સહેજ**પણે નાનાવિધ પ્રયત્ન કરીને જેટલી ભક્તિ, સંત સેવન ક્રિયા થઈ આવે તેટલી પ્રતીતિ આદરે સર્વે કરીને લેવી. તે પ્રયત્ન કર્યા સિવાય થાય નહિં, એવી સેવા, ભક્તિ જે જે હોય તેની તૃપ્તિ થવાની ઈચ્છાને વિષે સહેજતા રાખવી. એ વિના સહેજપણુ અમસ્તુ વધવા દેવું નહિં. જેને કરીને પોતાના સ્વરૂપ અને પતિપદનો અંતરાય થાય તે કરવું નહિં.

(૩) **શીલ**પણું પણ સેવા-ભક્તિ વિષે સદા સર્વદા રાખવું. વિષયાદીક ભાવના ત્યાગીને આદિ કર્તાના ભજનમાં રહેવું

(૪) **વિષય**ને વિષે સંતોષ રાખવો નહિ. અને પરમેશ્વર ક્તના (પરમ સક્તના) યશની પ્રતીતિ લઈને વારંવાર આનંદ હુલ્લાસ અંતરમાં થાય, એવો પ્રેમ હેતુ પોતે રાખવો. અને જગતને દેખાડવા પુરતી જ સંતોષની ઢબ રાખવી. અમસ્તુ શબ્દ જ્ઞાન બકીને અંતરની બળતરા નિદાને (નક્કીપણે, પરિણામે) જાય નહિ. અને તેને કરીને તો નિજ પરમ રસની પ્રાપ્તિનો કલ્પ પર્યંત સુધી અંતરાય પડશે.

(૫) **સમતા** તે જે ચરાચરને વિષે વ્યાપક અંશ તનુ તનુ પ્રત્યે ભિન્ન ભિન્ન વસ્યા છે. તે નિજ ચૈતન સ્વરૂપના સજાતિ સમાન કોઈ એક વખત પ્રથમ જોયા, પછી તેના વિષે ચિત્તમાં ન્યુનતા રાખવી નહિં. ચિત્તમાં અને અખિલ તત્ત્વ ભાગ પ્રવર્તમાન થાય ત્યાં પોતાનો વિવેક કરવો. એ પ્રકારે અનેક ક્રિયા સંબંધનું વર્તમાન જોઈને જાગૃતની સંધિને વિશે વર્તવું. જેણે કરીને અનાદી સ્વરૂપ પદની ગતિ આપણને જડે. અહો ! અવસ્થા વિના અનેક કર્મ પંચદેહને વિષે ઉત્તમ મધ્યમ થાય નહિ, તે માટે અવસ્થાની સંધિમાં સંભરકરણનું વર્તમાન દેખાડી દીધું.

જે પ્રકારે અવસ્થાનાં અધિષ્ઠાન અંતઃકરણ છે. તે જ પ્રકારે વિવસ્તાનાં અધિષ્ઠાન સંભસક્રણ છે. તેની ભિન્ન ભિન્ન ક્રિયા કહું છું. તે પણ અવસ્થાની

સંધિમાં જ વર્તે છે, તે પૃથક પૃથક દેખાડીએ છીએ.

(૧) **સ્થિતિ વિવસ્તા** તે સ્થિતિ સદા સર્વકાળ પ્રભુ ભજન સંવાદને વિશે રાખવી. જેણે કરીને સર્વ તત્ત્વનો ધંધો સફળ થાય.

(૨) **ઉદાર વિવસ્તા** તે જે ઉદાસ નિસ્પૃહાપણું છે. જ્યારે વિષય હેતુ માટે ઉત્પન્ન થાય, ત્યારે તેને વિષે ઉદાસી રાખવી. વિષયમાં સ્થિતિ રાખવી નહિં. પરંતુ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને વિષે અત્યન્ત સ્થિતિ રાખવી જોઈએ. જેને કરીને પરમ દિવ્ય વૈભવને વિષે ગતિ પહોંચે તેમ કરવું.

(૩) **ગલીત વિવસ્તા** તે વિષય પ્રવૃત્તિ થકી મનને અતિ હળવે નિરોધ કરી લેવું. અને પરમાર્થ સાધન કરવા વિષે ગલીતપણું રાખવું નહિ. તથા અંતરમાં પણ ધારવું નહીં. જે કાળે પદાર્થ ધંધાની નિવૃત્તિ કરતાં અંત થાય, તે કાળે આદિ અંત સંધિમાં શુદ્ધ વિચાર કરવો. મન અંતઃકરણ તો વિષય ક્રિયામાં બહુ બળવાન છે. સર્વ ઈંદ્રિયોની ધારણાએ પુષ્ટિ પામીને પણ એ ઠેકાણેથી ગળવીને (ઓગાળીને) પરમ ભજન કરવાની ક્રિયા તેને દેખાડીએ. પછી તેને જેમ જેમ રૂચિ લાગતી જાય, તેમ તેમ વિષય આકાંક્ષામાં જશે નહિં. પછી તે તો નિજ "કૈવલ" અચ્યૂતપદને વિષે રત થઈને રહે છે.

(૪) **કુંભ વિવસ્તા** તે દૃષ્ટિ અને સ્મૃતિનો પ્રત્યેક અવસ્થામાં અવરોધ કર્યા જાય છે, જેની પ્રવૃત્તિ વડે કશી સૂઝ પડે નહિં. અને કળ્યામાં આવે નહિં, તેમજ દેખાય પણ નહીં, એવી ગુપ્ત ઘાત કરનારી હોઈ તે આપણું ચેતનપણું જે ઉજાગૃત છે, તેનું સ્મરણ થવા દેતી નથી. એવી સ્થિતિ અને તત્ત્વની પ્રવૃત્તિ જે કાળે થવા લાગે તે કાળે તે ક્રિયા દેખીને ચેતન થવું. જે આ વખતે કુંભસ્થની જો પ્રવૃત્તિ થાય છે. એવું જાણનારા તો પોતાને અંશ રૂપ જાણશે. તે માટે જોવું તે કે તત્ત્વની પ્રવૃત્તિ મટી ગયા વિના પ્રત્યક્ષ આપણે જ છીએ તે જો જો. એ **કુંભસ્થ વિવસ્તા ઘણાંક જનને નડી છે. જેથી તેમણે તેની ઉપાસના અને સિદ્ધાંતથી અલગ થવા દીધા નથી અને કર્તાનું રૂપ અને ક્રતને જાણવા દીધા નથી કારણે કોઈની પણ દૃષ્ટિ તથા સ્મૃતિની પ્રવૃત્તિ આગળ ચાલવા દીધી નથી.** વળી તેણે સગુણ, નિર્ગુણ અને વેદાંતની પાર જોવાની ગતિ રોકી રાખી. હવે, જાગ્રતમાં અનુભવ બોલ્યા તે કેવું? કે, આ તત્ત્વ સંસાર ભ્રાંતિ રૂપ જ ભવ છે, એવા ભાવે બોલ્યા છે અને અંતર બાજ વ્યાપક વૈભવ માનીને બેઠા છે. પણ "કૈવલકર્તા"નું ક્રત અને

અંશ અંશીના લક્ષ ગતિએ આગળ ચાલીને જોયું નહિં. તેઓએ કુંભ વિવસ્તાની પ્રવૃત્તિ વિશેષ વધારી, તે માટે જોવા દીધું નહિં. અહો ! જાગ્રતમાં તે જેની પ્રવૃત્તિ વધારીએ તે ભાગની વધે, પણે જે સંભવે નહી, તેનો વિચાર કરીને ન્યુનાધિક ઘટે વધે એવા તત્ત્વ ભાગ વર્તાવવા.

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો કે, જે પ્રકારે તત્ત્વ ભાગ પોખ્યા છે, તેવું વર્તમાન નિરંતર ચાલે છે. હવે ત્યાં પોતાનું ડહાપણ કરવા જાય તે કંઈ એ ચાલવાનું નથી?

**ઉત્તર :** ત્યારે શ્રવણ કરજો. ઘરમાં જેવી જેવી સામગ્રી અને ઉત્તમ મધ્યમ ઔષધિ આદ્યે ભરેલી હોય, તે તો સુખદુઃખ આવી પડે ત્યારે સર્વે કામ આવે એટલા માટે છે. હવે તે રકમમાં જે ખાવા ઘટે, તે જ ખાવી, અને ન ઘટે તે મુખે સ્પર્શ પણ કરવી નહિં, અને ઔષધિ જે લગાવવાની હોય તે વ્યાધિના સ્વાર્થ માટે ચોપડવી, નહીંતર તો ઝેર સંગ્રહીને ભક્ષણ કરીએ તો તેનું કોઈ કાળે અમૃતનું પાન કર્યા જેવું ફળ મળશે? જે ન મળે, અને તેનો ત્યાગ ન કરીએ તો અનંત વિઘ્ન ઉત્પન્ન થાય. માટે જે પ્રવૃત્તિ ટાળી નાખવી છે તેનો તો ત્યાગ જ કરવો. જો કોઈ તે પ્રવૃત્તિનો આદર કરે તો તેવા જીવની સદ્‌ગતિ અસંખ્ય જન્મ સુધી થાય નહિં. એ પ્રકારે જે જાણવાનું તે નહી જાણીને વિશ્વમાં આવી ઘણાક લધુ-દિર્ઘ અંશ પોતાની ઈચ્છા થઈ તે પ્રકારની પ્રવૃત્તિ વધારતા ગયા. અને તે સર્વે કારણ છોડીને અકારણ વર્તતા ગયા. જ્યાં જેવી જોઈએ ત્યાં તેવી યોજના કરી નહિં. અને તે શા માટે પણ ન કરી? કારણકે દેહમાં તે તત્ત્વની પ્રવૃત્તિ જે થાય છે, તે જીવ-અંશ સર્વને અકળ (કળી ન શકાય તેવી) છે. (૫) સામાન્ય વિવસ્તા તે શુન્ય સરખા થઈને સમાનપણું વધારી ને બેઠા, તે વિવસ્તાને વિષે પોતે જ રૂંધન પામી જઈને બેઠા, પરંતુ કર્તાના ક્રત ભાગ સર્વ તનુને વિષે સજાતિ સમદ્રષ્ટિએ જોયા નહિં.

પ્રશ્ન :ત્યારે એમ કહેશો કે ભાગ તો અધિક ન્યૂન પ્રથમ કહી ગયા છો, અને હવે ના કેમ કહો છો?

**ઉત્તર :** હવે તેનું સાંભળો. જે તત્ત્વ ભાગ પક્ષે તો સજાતિ સર્વને વિષે વિભાગ સમાન દેખાયા. પછી તત્વભાગની પ્રવૃત્તિને વિષે ન્યુનાધિક પોખ્યા પ્રમાણે વિચાર રાખવો. જે તત્ત્વની જે પ્રવૃત્તિ છે, તે તેના માપ પ્રમાણે સર્વને વિષે થાય છે. મનનો ધર્મ સંકલ્પ વિકલ્પનો છે, તે કંઈ બુદ્ધિ ન કરે. બુદ્ધિ તો નિશ્ચયપૂર્વક ઘાટ ઘડ્યે જાય. એ દરેક તત્વની પ્રવૃત્તિ તે પ્રકારે ભિન્ન ભિન્ન

જાણીને ક્તને વિષે સમતાપણું રાખવું, અને તત્ત્વ વિવેકમાં એવું રાખીને સર્વ ભાવે નિજકર્તાનું ભજન કરવું.

આ રીતે પંચ વિવસ્તા અને પંચ સંભસકરણ એ દશ તત્ત્વની ક્રિયા કહી. એ ઊલટક્રિયા તો જે જીવ તત્ત્વના પ્રભાવમાં જ વહ્યા જાય છે, તે અંશને તરવાને સારૂ ‘‘પરમગુરુ’’એ કહી છે. હવે એ પંચ અવસ્થામાંથી જાગ્રત અવસ્થામાં એ દશ તત્ત્વોની ઉલટક્રિયાને જાણીને જે લક્ષણા કહી તે પ્રમાણે વર્તાવવી.

## ઉપ પ્રકરણ ૫

# તમોગુણના દશકાળની ઊલટક્રિયા

### તમો ગુણ

હવે તમોગુણના દશકાળનું વર્તમાન કહીએ છીએ. (૧) **સ્વભાવ કાળ** જે તત્ત્વના સ્વભાવ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ એમ ત્રિવિધ છે. તે પ્રમાણે સર્વ અંશ વર્તમાન કરે છે. તેમાં કનિષ્ટ અને મધ્યમ વર્તમાનનો ત્યાગ કરવો. તે મન આદિ તત્ત્વભાગને પોતે હાથે (તાબે) કરવો. ત્યાર પછી શ્રેષ્ઠ સ્વભાવને વિષે તત્ત્વની પ્રીતિ બેસાડવી. મૂળ ચૈતન અંશનો સ્વભાવ તે જ ચેતનપણું. તે ચેતનપણું અન્ય કર્મને વિષે નિશાન રાખીને વર્તવા દેવું નહિ. અને ‘‘પરમગુરુ’’ કૃપા લક્ષ વડે અક્ષય દિવ્ય યજનને વિષે ચાલવું. પછી ઈન્દ્રિયો અને તત્ત્વના સ્વભાવ જે હોય તે પલટાઈ જશે, તો કેવા? તો કે જેવી પોતાની પ્રભાવના હોય તેવા પલટીને વર્તે. જેમ લોખંડનો સ્વભાવ શ્યામતા તે પારસને સ્પર્શે કંચન થાય, તે પ્રકારે તત્ત્વભાગ પ્રભાવ પરમાર્થ થઈ જાય.

(૨) **આક્રંત કાળ**ની પ્રવૃત્તિ તે વિષયોના વિષમભાવને વિષે આક્રતિવંત સર્વ તત્ત્વ રહે છે. તેની આકૃતિ અકારણ છોડાવીને સત્ ધર્મને વિષે વાળવાં.

(૩) **કામના કાળ** તે કામના નીજ અંશભાવનાએ સર્વને વિષે કામની કામના વસે છે, તે આપણી દૃષ્ટિ રૂપ કામનાને પાછી વાળીને આદિ પરમપદને વિષે લગાવવી, પછી જે કામનાએ સાંગોપાંગ ‘‘પરમગુરુ’’પદ અભંગ પ્રાપ્ત થાય છે, અને નિજ રૂપ લક્ષ યોગે સકર્તાનું ભજન પતિવ્રતાધર્મ સમાન થાય,

તેવી કામના રાખવી.

(૪) **આશ્ચર્ય કાળ** તે પોતાના આદિ સ્વરૂપને કોઈ જાણતું નથી, માટે તે આશ્ચર્ય ભાગ અતિ ઊંડો છે. તેને જોઈને જેનાથી આશ્ચર્ય વૃદ્ધિ પામે તે કરવું. જે કર્તાએ આશ્ચર્યાત્મક ક્રત રચના સોળ પ્રકારે કરીને કરી (રચી) છે. તે રચના અચાનક અનાદિ પ્રભુએ કઈ પ્રકારે કરી છે? તે જોવું. જે કર્તાનો ભેદ **અચરત સાગર ગ્રંથ**ને વિષે સ્પષ્ટ કરીને વર્ણન કર્યું છે. તેજ આશ્ચર્ય ભાવ અથાહ લઈને અગાધ દ્રષ્ટિએ અંતરમાં વસાવવો.

(૫) **પ્રથક કાલ** - ચરાચરને વિષે જે ક્રત કર્યું છે તે ઘડવું-ભાંગવું તે તત્ત્વ અંશ સમેત સંકલ્પની ગતિ દેખાડી. જે તત્ત્વના વિભાગે કરીને આ પૃથક પૃથક રચના અનંત દેખાય છે. અને અંશ પણ અનંત દેખાય છે અને જેણે કર્યું છે તે ''કર્તા'' ની ગતિ પણ અનંત દેખાય છે, નહીં તો એ કેમ બને? એ પ્રકારે પ્રથક લક્ષે સર્વ દેખવું.

(૬) **વિપરીત કાળ** - અકાળ મૃત્યુ અનેક પ્રકારે થાય છે. હવે તે વિપરીતકાળનો છેડો જોઈએ તો પંચદેહ સુધી છે. તે દેહ અનિત્યનો સમવત્ (નાશવંત સમાન) જાણીને ભજનમાં સર્વ ભાગ કામ આવે એવું કરવું.

(૭) **અજ્ઞાન કાળ** - જે વર્ણાશ્રમની માનીનતા સર્વને છે, તે માટે વારંવાર અલ્પકાજ જેટલી રાખીને આગળ પોતાના અંતરમાં ચિંતા રાખવી. પછી તે યજન-ભજન પ્રતાપે અજ્ઞાન કાળ જે છે તે પરમ સુજ્ઞાન (સાચું જ્ઞાન) થશે, અને ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની ગતિ કરવા માંડશે. જેમ લોહચુંબક વડે લોઢું ચેતન થાય, તેમ જ્ઞાન વડે અજ્ઞાનનું અલ્પપણું છે તે સુજ્ઞાન થશે, સર્વ તત્ત્વ ભાગ ઊલટીને સન્મુખ થશે. પછી તેને જોઈને અંગીકાર કરવો. તે કેમ? ત્યારે અજ્ઞાન કાળ જે છે, તે ઠેઠ પહોંચાડવો. તે કઈ પ્રકારે? અહો પ્રભુ ! આપનું કરેલું જે આ ક્રત વિભૂતિને કોઈ જાણતા નથી, એમ વદવું. કેમકે જે અપાર ક્રતની ગતિ કઈ રીતે તમે કરી તે અમોને ન જણાય. એ પ્રકારે અજ્ઞાન કાળ સદગતિને પહોંચે. એજ અજ્ઞાન કાળની માનીનતા અખંડ "કેવલ" પરમપદ રત થવાને માટે રાખવી.

(૮) **રાગસ કાળ** - વિષયાદિક ભાવના તે આદિ સકર્તા પરમ ધામને વિષે સર્વ ભાવે રાખવી. પ્રથમ તો ઉપાસના સત્સંગને વિષે પ્રીતિ અચળ રાખવી

જોઈએ. પછી તેને લઈને નિજ ''કૈવલ પતિ''નાં દર્શન થતા સુધી અક્ષય પ્રીતિ સંતરૂપ પરમગુરુ સાથે રાખવી. અને સર્વ જીવો પ્રત્યે નિજગમ લક્ષ ઉપર તેના અનુરાગપણે તે જીવનાં હેત જાણી કૃપા દાન આપવું. જેમ મેઘ વર્ષા કરે છે, તેને કરીને બીજગનાં અંકુર ઉદય પામી પત્ર, ફૂલ અને ફળાદિક થાય છે. તે પ્રકારે સંત સજ્જનોએ અખિલ જીવ ઉપર દયા કરવી.

**(૯) દ્વેષ કાળ** - સકલ તત્ત્વના દ્વેષ માંહોમાંહે એકેક સાથે જે વેર ભાવ છે. તે સમય વર્તીને આદિ, અંત દેખવો. પછી તે દ્વેષ અને સંકલ્પને પોતાની ભાવનાને વિષે વૈરાગ્ય વર્તે તેમ વાપરીને અંતરમાં કોઈ પદાર્થ કીમ્ વા (અથવા તો) અલ્પ જીવની આશા ન કરીને અનાદી પુરુષને ત્યાં પોતાની સચેતન સજાણવૃત્તિ વડે પહોંચાડવો. નહીંતર તો દ્રેષ ઘાતક થઈ આપણને મારનારો નિપજે તેથી તે જેમ અનેક ઘણો વધારેલો છે તેવા દ્વેષનો અંગિકાર ન કરવો.

**(૧૦) વૃદ્ધિઅંત કાળ** - જે જે તત્ત્વભાગની ક્રિયા ભરી છે, તે માપ પ્રમાણે વૃદ્ધિ પમાડીને તેનો અંત આણે છે.

હવે જે જે ઊલટક્રિયા કહી છે, તે તે અંશ નિજ માપ પ્રમાણે એકાએકી સ્વ ઈચ્છા સંકલ્પ હોય તેણે સજાણ વૃદ્ધિ સુધી પહોંચાડે છે. જે જે તત્ત્વ ભાગના નિરાલા ધર્મ તે વર્તે તેનું માપ પણ અંત આવી રહે. છેલ્લે વારે અંશનો હેતુ વ્રેહ (વિરહ) ભાવના દિવ્ય પદ સુધી વધે. ત્યાં સુધી વધીને તત્વ વિભાગ પ્રવૃત્તિ ભાનનો કળસ (નાશ) કરીને નિજકર્તા કૈવલના સનાતન પદ સુધી પહોંચાડે. એ ઉપરાંત તત્ત્વ ભાગને વૃદ્ધિ થવાનું બીજું કંઈ રહ્યું નથી. એ જે ઠેકાણે સર્વની ક્રિયાનો અંત આવે છે. એ પ્રકારે વૃદ્ધિ અંત કાળના ભાવની પ્રતીતિ સંત સજ્જનને દેખાડી. એ રીતે તમો ગુણના દશ કાળનું જે પ્રકારે વર્તમાન કરાવવું તે જણાવ્યું.

## ઉપ પ્રકરણ ૬

# અચંતઘણની દશભાવનાની ઊલટક્રિયા

### અચંત ઘણ

હવે અચંતઘણને વિષે દશ ભાવના ઉપજી તેની ઊલટક્રિયા પરમ પાવન

કારક છે તે સંત સજ્જનને કહીએ છીએ.

(૧) **અહમ્ ભાવના** તે મૂઢ ભાવના રૂપે હોઈ કોઈની કળા કોઈને આવડે નહિં. તે પોતાના મૂઢપણાને જાણીને ક્રિયા વડે ખંડન કરવું.

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો કે, ન કરેલું કેમ આવડશે?

**ઉત્તર :** તો તે સાંભળો, જે આપણને ન આવડે તે પણ પ્રયત્ન કરીને કરવું અને તેનો અભ્યાસ કરીને સત્સંગ કરે તો જ તે જાણવામાં આવે. તે જાણ્ય પ્રમાણે થોડું ઘણું પણ કરતા જાય, તે અંશ પ્રત્યે ધીમે ધીમે કળા આવડે.જે જે દેહમાં જેણે જે કળા સાધી, તે અભ્યાસે કરીને સર્વને આવડી છે. તે પોતે સ્વ ચૈતન સામર્થ વડે આદી અંત સુલર્ભ થઈ છે. તે ક્રતવશક્તિ તે અંશને આદિ, મધ્ય અને અંત સુધી જ છે. પણ વચમાં કેટલાક કાળ જે ન કર્યું, તે માટે તે કળા અંશ ભૂલીને મૂઢ થઈ ગયા છે. અહમ્ ભાવનાની ક્રિયા અતિ કાયરપણા વડે કરીને વધારી છે. તે ઊલટાવીને વર્તે તો સ્વ ક્રતવશક્તિ તત્ત્વ ભાગને વિષે પ્રગટ થાય. પણ તે પોતે અંશ આદર કરે, ત્યારે જ જણાશે. તે પ્રકારે સામાન્ય અંશનો આ પ્રકાર કહ્યો. હવે વિશેષ અંશની કળાનું ભિન્ન અંકુર તે અલ્પજ્ઞ અંશને કોઈ કાળે ન આવડે. જો પ્રયત્ન કરીને કરે તો પણ ન આવડે. પરમવિશેષ અંશ આદિ અનુભવ ક્રત જે વચન બોલે છે. તેનું સ્મરણ સામાન્ય અને વિશેષ અંશને નથી. તેમની ગતિ અન્ય જીવમાં આવે નહીં. તેમના કરેલા ગ્રંથાદી પ્રતીતિ વચન હોય તે સમેત જોઈને તેના આધારે નાના વિધિ વાણી ગાય ખરા, પણ પોતે પોતાની મેળે બ્રહ્માદીક સુધી અનુભવ કરવાની શક્તિ કોઈને નથી. સારાંશ એ કે, જે સામાન્ય અને વિશેષ સર્વે અંશને સર્વ કળાથી શ્રેષ્ઠ એક કળા છે, તે કઈ? ત્યારે સર્વ પ્રકારે પ્રીતિ ભાવની જ અવિનાશી સ્વરૂપ સકર્તાના સાધન વિષે હેતુ જોઈએ, અને તે પ્રકારે વર્તે. ત્યાર પછી તે ઉપરાંત બીજી કળા એકેય શ્રેષ્ઠ નથી, અહો ! જેના અંગે સર્વ કળાનું મૂળ જ વસી રહ્યું છે. અને તે કળા જેનામાં આવી તેને મૂઢ એમ કેમ કહેવાય?

(૨) **સંભ ભાવના** વૃદ્ધિ પામે ત્યારે મન આદિ તત્ત્વને અંધાધૂંધ કરી નાખે, તે કાળે સચેતન નિવૃત્તિની સૂઝ પડવા દે નહિં, અને પ્રવૃત્તિ મંદ કરાવે. તે પ્રવૃત્તિ થતી વેળા પોતે જોઈને તેને તુરંત સાવધાન થાય તે સારૂ ઔષધ આપવું. તે જે સંભવૃત્તિ મંદ પમાડીને "પરમગુરુ" લક્ષ ગતિ તરફ વાળવી. જે પરમ સુખ

અપાર ઉપાસનાને વિષે નિજ વિવેક પ્રવૃત્તિ કરાવવી. તેણે કરીને અંતઃકરણ આદિ તત્ત્વ ભાગ સચેતન થઈને પ્રભુ સન્મુખ વર્તવા લાગશે.

(૩) **વિસર્જન ભાવના**, તે સુખ દુઃખ થાય તેનું ભાન એકેય વેળાએ રહે નહિં અને પોતાના સ્વરૂપને પણ જાણે નહિં. અહમ દેહોસ્મિ ભાવે સુખ રૂપ હોવા છતાં દુઃખરૂપ માનીને પોતે પોતાની મેળે વિસર્જનપણું લીધું છે. તેનું દૃષ્ટાંત : જેમ કોઈ એક દેશમાં બે ડાકણી નારીઓ રહેતી હતી. તે બંને એક દિવસ અન્ય ગામે બજારમાં ફરવા જાય ત્યારે તે જતી વેળા પોતાના પુત્રોને કહે છે કે, અમો પોતાને ભૂલી જઈએ ત્યારે તમે અમોને કેવી રીતે ઓળખશો? તે માટે અમો નાકમાં કોડીઓ બાંધીને જઈએ છીએ. એ નિશાનીએ ઓળખજો. પછી તે બંને નારીઓ બજારમાં એકઠી થઈ. તેમણે સામાસામી નાકમાં કોડીઓ દેખીને કહે છે કે હું તે તું, અને તું તે હું. એવું બેભાનપણે સામાસામી બોલીને લઢવાડ કરતાં કરતાં રાજદરબારમાં ગઈ. રાજા તે સાંભળીને ન્યાય કરે છે. અને તેમના પુત્રોને બોલાવીને કહ્યું કે, તમારી માતાઓ ઓળખીને તમારે ઘેર લઈ જાઓ. અમોએ એમને કહ્યું કે, એમ કંઈ શરીર બદલાતું નથી પણ એ માનતી નથી, માટે તમોને તેડાવ્યા. ત્યારે પેલા પુત્રો પોતપોતાની માતાને ઓળખી હાથ ઝાલીને લઈ જવા મંડ્યા. ત્યારે પેલી માતાઓ પોતાના પુત્રોને કહે છે કે, જો હું તારી માતા હોય તો લઈ જા, નહીંતર તો પછી બદલાવવા આવશો તો રાજા નહીં બદલી આપે. હવે એ પ્રકારે જે ભૂલી ગયા છે, તેનો અંત કયાં આવે? જેને પોતાના શરીર, પુત્ર સમેત ભાન નથી.

હવે તે નારી સમાન અનેક જીવ નરનારી હું દેહ કે આત્મા છું તેનું ભાન જ નથી. એ પ્રકારે " કૈવલકર્તા" એ સૃષ્ટિ સરજ્યા પછી તે આજ સુધી સર્વે ભૂલી ગયા. હું કોણ? કયાંથી આવ્યો? અને ક્યાં જઈશ? એ વિસર્જનપણુ સર્વેને થયું છે. એવું વિસર્જનપણું પ્રથમ દિવ્ય સૃષ્ટિ કરી તે વખતને વિષે સામાન્ય કે વિશેષ કોઈ અંશને હતું નહિં. જેમકે એક માતાને એકને પછવાડે એક એમ ત્રણ પુત્ર જન્મેલા તે સર્વ પોતાની માતાને કેટલાક કાળ સુધી જાણે. પછી કાળ વીતી ગયે નાના હતા ત્યારે બે પુત્રો માતુશ્રીથી ભિન્ન થઈ અન્ય દેશમાં જતા રહ્યા. તે પોતાની માતાને ભૂલી ગયા, અને ઓળખાણ રહી નહિં. જ્યારે શ્રેષ્ઠ પુત્ર તે માતાને ઓળખે, અને પોતાને પણ જાણે. તેમ ત્રિવિધિ અંશમાં એક પોતાના

સમેત કર્તા ધણીને જાણે. અને બીજા બંનેને તો વિયોગને કારણે અજ્ઞાન થયું. તે વિસર્જનપણાની નિવૃત્તિએ કરીને ભૂલી ગયા. તત્ત્વભાગની પ્રવૃત્તિ વધારી, તેણે કરીને તેજ સ્વાદ રૂચિમાં પચી રહ્યા. માટે હું દેહ કે ચૈતન છું.? તે અર્ધ કલ્પ સ્થૂળ તનુંનું ગયું, તો પણ તે જાણવામાં ન આવ્યું, માટે તે પરમવિશેષ "પરમગુરુ" ને અનિન પ્રેમ અનુસરીએ તો તત્ત્વ ભાગની ઓળખાણ કરી આપશે. પછી વિસર્જનપણું નષ્ટ થઈને સ્મૃતિ સજાણ આદ્ય અંત વિવેકનું ભાન આવશે. **એજ ઉપાય પરમ ઉત્કૃષ્ટ છે. અને અંશ સ્મૃતિવંતને સ્મરણ કરવાનો છે. એ વિના કોઈ અન્ય ઉપાયે ન જણાય.** માટે જન્માંતરનું વિસર્જનપણુ છોડાવીને સ્મૃતિ આપે. પછી અનંત કલ્પ સુધી અખંડ ભજનને વિષે તે અંશ નિવાસ કરીને રહે. પરંતુ **"પરમ ગુરુ" એ સ્મૃતિ જીવને આપ્યા વિના ન આવે અને ટકે પણ નહીં. માટે તેમના લક્ષ ઉપદેશ અને ઉપાસના વિષે સર્વદા રહેવું.**

**(૪) નિદ્રા ભાવના**નું રૂપ જે તત્ત્વ અને વિષયના આશ્રમને વિષે જે પ્રભાવમાં જીવ વહી જાય છે. પેલી ડાકણી નારી સમાન કોઈને સૂઝે નહિં. જે જે આદી, મધ્ય અને અંત જે તત્ત્વ પ્રવૃત્તિ કઈ અને કેવી રીતે થાય તે ન જણાય. માટે તેનું સૂઝેલું દૃષ્ટિએ જોઈને સર્વ પ્રકારે સાવધાન થઈને નિજ સ્વરૂપે "કૈવલકર્તાનું" યજન અતિ ઊત્કૃટતાવાળું અભ્યાસે કરવું અને આહાર આદિ ભક્ષણ યુક્ત હોય તે જ કરવો અને તત્ત્વ વિભાગમાં નીતિએ વિચરવું. પછી તેણે પ્રવૃત્તિ સચેતન દિવ્ય બોધને વિષે રહે છે. તે વિના તત્ત્વ પ્રવૃત્તિનો જ વ્યવહાર સારો નરસો હમણાં જે કરતા છીએ તેવો જ કરતા રહીયે તો પાર ન પામીયે. માટે કૈવલકર્તાના ભજન વિના કલ્પ સુધી બીજો શ્રમ જ ન કરવો પડે. તે માટે કહું છું કે એ ઉપાય કરીને પોતાના સામૃથ વડે સુખ લેશો તો જ લેવાશે.

**(૫) અંધતમ ભાવના** - નિદ્રામાં બરલે અને અનર્થ બોલે તે વાણી નિર્વાણ વિષે નિયમમાં રાખવી. સત્ ભાષણ વિના અન્ય બોલવું નહીં. પછી તત્ત્વ ભાગને વિષે તે સત્ય વચને કરીને સત્ય વર્તમાન કરવું. જેથી અખંડ ભજનમાં નિજવૃત્તિ ઉત્તમ પ્રકારે રહેશે.

**(૬) અચેત ભાવના** તે અચેતન વડે સનાતન "કેવલ કર્તા" અને તેના ક્રતને કદી તેના અંશ સહિત જાણતા નથી. તે પંચદેહની તથા પોતે અંશ સમેતની અવધિ જે કાળે થવાની છે. અને જે તે વખતે શક્તિ, પુરુષ, સર્વ તત્ત્વ "ખટવૃત્તિ"

આદ્ય, અંતે કોઈ ન રહે. તે નિજ અંતની શોધ પરમ અગાધ લક્ષ વડે કરવી. પછી તેની અંતરમાં ધારણા રાખીને અખંડ, અભય પદ અંતે જે રહેવાનું છે, તેનું જ ચિંતવન કરવું. એ પ્રકારે અચેતને ચેતાવીને ભજનને વિષે ભાવના રાખવી.

**(૭) ઉચ્ચાટ ભાવના** તે પરમાર્થ કાર્ય કરવાનું કહીએ ત્યારે તેમાં કંઈ વિઘ્ન આવે તો તે વખતે ઉદાસી રાખવી કે, અરે ! મારું સંચિત ક્રિયામણ કેવું? જન્મ જન્માંતરને વિષે પોતે કરેલું નથી. માટે કશાં પર્માર્થ સાધન બની આવતુ નથી. એ પ્રકારે અંતરમાં ઉદાસી માનીને જે તે પ્રકારે સર્વ કાળ નીતિમાં વર્તાય એવું કરવું. તેને માટે સંતની સંગતમાં રહેવાય તે જ આરત રાખવી.

**(૮) અભાવ ભાવના** તે વિષય વૈભવ જોઈને અભાવ રાખવો. ને પરમગુરુના શ્રેષ્ઠ પદને વિષે પ્રેમ હેતુ અખંડ રાખવો. જે જે તત્ત્વ ક્રિયા પરમાર્થ કાર્યમાં આવે તેટલી ગ્રહણ કરીને વર્તાવવી. અને જે પરમાર્થમાં અનાડ કરે, તેવા તત્ત્વની ક્રિયા વર્તવા ન દેવી અને  દાબી રાખવી, જે જે ઠેકાણે ખપ લાગે તેટલો જ તત્ત્વ ત્યાં માપ પ્રમાણે વર્તાવવાં. જેથી વિષયક ક્રિયા માપમાં અને અમાપ ક્રિયા નિજ ''કૈવલ'' ભજનમાં રહે. તે નિજ પોતાની દૃષ્ટિ ઊલટાવીને જોઈએ ત્યારે દેખાય.માટે તે દૃષ્ટિએ અન્યને માટે અભાવ રાખીને જોવું.

**(૯) મુન્ય ભાવના**-બોલીને છાના રહીયે તે વૃથા અનર્થ બોલવા પક્ષે મૌન ગ્રહણ કરવું. અને ''પરમગુરુ'' તથા ''કૈવલકર્તા'' ના યશ ગાવામાં મૌન (ચૂપ) ન રહેવું. એ પ્રકારે મુન્ય ભાવનાનો સાર અસાર પ્રવૃત્તિ જાણીને વર્તવું. એક અનુભવ વિના ચતુર વાણી આગળ મુન્ય રાખીને રહેવું અને કદાચ બોલવું પડે તો દૃઢ ધારણા વડે પ્રામાણિક વચન બોલવું.

**(૧૦) અસામૃથ ભાવના**, તે તો વિષય રસપાન કરવા વિષે અચુક વર્તાવવી. વિષયપ્રવૃત્તિ વેળાયે અસામૃથપણું ધારણ કરવું. પોતે હારપણુ લઈને રહે, તે જ જીતે. અને પરમાર્થ પ્રાપ્તિની ક્રિયા હોય, તે વેળા સામૃથ પોતાનું નામે કરવું. ત્યાં તો દ્રઢ ધારણા રાખવી. ધૈર્ય વિના વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિની પ્રતીતિ કેમ લેવાય? માટે તત્ત્વની પ્રવૃત્તિ હેતુ પ્રીતિએ સાચા અર્થમાં રાખીને જે ધર્મે પરમેશ્વરનું ભજન થાય તે જ સત્ય. તે વિના અન્ય ધર્મ જે અંતે પોતાનું કાર્ય ન થાય તેટલી સર્વ અનિત્ય. **પ્રકૃતિ, પુરુષ, બ્રહ્મ આદિ એ સર્વે ઉપાસના આ બાજુની જાણવી. એ ઉપરાંત નિજકર્તા, આદિ દિવ્ય પદ પામવાની જે નીતિ છે.**

**તેના દાતા "પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર" અવતાર ગતિ રૂપ પ્રગટ મૂર્તિ છે, તેમનું સેવન કરવું.** જેના યોગ વડે નિજ નિરાધાર પદ આદરે તો પામીયે. માટે તે આદરને વિષે અક્ષય સામૃથપણું રાખવું. એ પ્રકારે અસામૃથ ભાવનાનો ત્યાગ કરીને પરમાર્થ પ્રાપ્તિ અર્થે સામૃથ વધારીને સર્વ કાળ વર્તવું.

એ પ્રકારે દશ ભાવના અચંતઘણની છે. તેની ઊલટક્રિયા સનાતન પદને મળવા યોગ્ય કહી. એ પ્રકારે ત્રણ ગુણ અને ત્રણ ઘણથી જે દશ દશ પ્રકારનાં મળીને એકંદર સાઈઠ તત્ત્વ થયાં. એ સાઈઠ સર્વ તત્ત્વ ભાગ લઘુ-દીર્ઘની ક્રિયા પરમાર્થ સંતજનને અભ્યાસે કરીને નિજ સ્વરૂપને ઓળખવા માટે કહી. અને સકર્તા "કૈવલપદ" ની જાણ થઈને અચળ ભજન પ્રતાપના યોગે નિજ ધામ પામવા માટે કહી દેખાડી. એ પ્રકારે ઊલટક્રિયા જાણીને વર્તે તે પરમ સુખ પામે છે.

## ઉપ પ્રકરણ ૭

# ખટ ગુણ-ઘણની મુખ્ય ઊલટક્રિયા

### ગુણ અને ઘણ

હવે મુખ્ય ત્રણ ગુણ અને ત્રણ ઘણની પ્રવૃત્તિ પ્રથમ **સક્રત પરમ પ્રકાશમણિ ભાષ્ય**માં વિસ્તાર કરીને કહી છે. તે ખટ સ્પર્શ યોગે તત્ત્વભાગ ક્રિયા ઉત્તમ મધ્યમ થાય છે. તેનો પ્રભાવ પરમાર્થ પ્રાપ્ત થવા માટે ઊલટ પ્રવૃત્તિનો કહીએ છીએ. પણ જેમ સર્પ અને વાઘના દાંત અને નખ ખંડન કર્યા હોય ત્યારે તે બળહીન થાય છે. પછી તે કોઈના જીવને ઘાત કરી શકે નહિં. તેવી જ રીતે રજોગુણ આદી ઘણ સહિતના અવયવ જે સાઈઠ તત્ત્વ ભાગ છે તેની ઊલટક્રિયા કહી. તે પ્રમાણે પ્રવૃત્તિ જો કરાવે તો તેના નખ અને દાંત તે દુષ્ટ કર્મ અનીતિ રૂપ પીડાને ખોદી (નિકંદન કરી) નાખ્યા જાણવા.તે શા વડે? ત્યારે સદ્ ક્રિયા અને નિયમરૂપી શસ્ત્ર વડે જાણવાં.પછી તે વિષયાદિક અધર્મ પ્રવૃત્તમાન શું કરવા થશે? અહો ! પરમાર્થ કામને વિષે ભાગ વર્તે ત્યારે ગુણ, ઘણ પણ તેને અનુકૂળ થાય. અને એકમેક વિચાર કરીને સર્વ વર્તમાન કરે.

(૧) **રજોગુણ**ની તો મોહ દૃષ્ટિ છે. પછી તે આદિ મધ્યાન્ત "પરમગુરુ"

ના લક્ષ વિચારમાં મોહ રાખીને અહોરાત્રિ વર્તે ત્યારે, તે અનિતિવત્ વૃતિને તાબે થઈ. સરપંજરી (શરીરરૂપી પિંજર પ્રત્યે) કોઈ કાળે પાછી પડે નહિં. સર્વ સમૂહ સહિત તત્ત્વના ભાગ અંશની સન્મુખ મોહ રૂપ થાય. પછી અંશવૃત્તિ ''કર્તા''પદને વિષે પ્રચંડ મોહરૂપ જઈ લાગે. અહો ! મોહ વિના કોઈ કાળે ભક્તિ થાય નહિં, અને ભક્તિ વિના દિવ્ય સ્વરૂપ પ્રત્યે પ્રતીતિ આવે નહિં. પ્રતીતિ વિના જેટલી યુક્તિ કરે તે સર્વે ખાલી જાણવી. માટે રજોગુણના મોહનો વેગ જે છે, તે એ પ્રકારે નિજ અવિનાશી ''કર્તા'' તરફ મોહ વાળી રાખવો. તે મોહ પરમેશ્વર તરફ ક્યારે વળે? જ્યારે વિષય ભાવના તથા આશાનો ત્યાગ મનથી પોતે કરે ત્યારે જ જાણજો.

(૨) **તમોગુણ** અને ક્રોધ વૃત્તિ અનેક પ્રકારે કર્મ વિષે બહુ ઘાતક ઊપજે છે. તેની અકારણ પ્રવૃત્તિ જે હોય તે પ્રથમ જોવી. પછી વિષયથી તત્વોનું વર્તમાન થાય તેને ખંડન કરવા સંધિમાં તમોગુણ ધારણ કરવો. આમ તાડન શિક્ષા કરાવ્યા વિના તત્ત્વભાગ પરમાર્થ સંધિને વિષે કોઈ કાળે વર્તે નહિં. માટે તે કાર્ય માટે પ્રથમ તમોગુણને ગ્રહણ કરવો.અને તે વિના અમસ્થો તમોગુણનું સામ્રથ હોય નહિં, અને તેથી વિશેષ તમોગુણ ધારણ કરીએ તો બગાડ કરે. માટે વિશેષ અંશ હોય તેણે પોતાની વિભૂતિ પ્રમાણે રાખવો, અને લઘુ જીવને લઘુ રાખવો. એ પ્રકારે તમોગુણની પ્રવૃત્તિ સામ્રથ વિના તે કાર્યથી વિશેષ ન રાખવી.

(૩) **સત્વગુણ**થી શાંતિ અને નમ્રતા સદાયકાળ વર્તે છે. તે નાના વિધિ કાર્યમાં નમ્રતાના તથા વિષયને સારૂં દીનપણું સર્વ પ્રાણી માત્રે રાજપ્રાપ્તિની આશાએ ધારણ કરેલું છે, હવે તે સંબંધી આર્જવ છોડીને પરમગુરુ રૂપ પરમ સંતપુરુષનો આર્જવ ''પરમપદ''પ્રાપ્તિ સારુ કરવો અને તેનું સેવન, અર્ચન અખંડ કરવું. જે સત્વગુણની આજ્ઞા વિશેષ કરીને અંતઃકરણ ઉપર છે,તે આજ્ઞા સદ્ ક્રિયાને વિષે વાળવી. સત્વગુણનું સામ્રથ પરમ અદ્ભૂત છે.જે પોતાને સ્પર્શ કરીને સકળ તત્વભાગો પોતાના જેવા જ કરી મૂકે છે. પછી નિજ સ્વરૂપ અને કર્તા પ્રાપ્તિ થવામાં વાર લાગે નહિં. પણ જો ઉપાસના એ પોતાનું અંતર સર્વકાળ ''પરમગુરુ'' પાસે રહે તો, તેમની ક્રિયા અનુરાગ વડે અનાદિ ભજન આપણાથી સુર્લભ થઈને થાય.એ પ્રકારે ત્રણ ગુણની ઊલટ પ્રવૃત્તિ કહી. તે જ

પ્રકારે પ્રેમ અને વ્રેહ ધારણ કરીને અહોરાત્રિ વર્તવું. જેના વડે નિજ ભાન ભૂલેલા જીવો નીતિયે ચાલી શકે છે.

હવે ત્રણ ઘણનું વર્તમાન અવસ્થાની સંધિમાં વર્તે છે. તે તત્ત્વ ભાગના વિષયની ક્રિયા ઊલટાવવા સારું કહીએ છીએ.

(૧) **અચંતઘણ**ની પ્રવૃત્તિ અવસ્થાની ઉત્પત્તિ અને લય જાણવા દે નહિં. તેમ છતાં તે અજાણપણાને ઓળખીને ભજનમાં સ્થિતિ રાખવી.ભજન સુધર્મ વેળા જાગૃત અવસ્થાની આગળ અચંતપણું આવે, તે જાણીને અંશે તત્ત્વ સમોહને વિષે પોતે સજાણ ચેતન રૂપ સાવધાન થવું. તે સકલ તત્ત્વ સમોહ ચેતન રાખીને પરમેશ્વરના ભજન વિષે વર્તાવવું. તે વખતે મંદપણુ આવે, તે અકાર્ય જાણીને ત્યાગ કરવું. એ વિધિ જે કાળે સચેતન થાય, તે વેળા સ્વકાશ ઘણ તત્ત્વ વિકાસ કરવાના કાર્યમાં સદા ચેતન રહે છે. પછી તે સર્વ લાગ સંધિને વિકાસ પમાડીને એક એક સંધિને છૂટી કરી નાંખે.તેને કરીને ઉત્તમ વર્તમાન કરવાની ઉપાસના પ્રાપ્ત થાય. જેમ ભાનુના ઉદયથી વિકાસ પામેલી કમળની પાંખડી જે પ્રકારે ચંદ્રમાના ઉદયકાળે બીડાઈ જાય છે, તેમ વિભાગ તત્ત્વની પ્રવૃત્તિ અચંત ઘણ વર્તે, ત્યારે મંદ કરી નાખે છે.

(૨) **સ્વકાશઘણ**ની પ્રવૃત્તિ વર્તે તે વખતે જેમ ભાનુ ઉદયે કમળ વિકાસ પામે, તેમ તત્ત્વ ભાગ વિકાસ પામીને નીતિમાં છૂટા વર્તે. તે વિના વિષય પ્રવૃત્તિની સંધિ આવે ત્યારે અચંત ઘણની પ્રવૃત્તિ રાખવી, અને પરમેશ્વરના ભજન સમયે સ્વકાશ ઘણને ચેતન રાખીને છોડવો નહીં. એ વિધિ પ્રમાણે સ્વકાશ ઘણ અને અચંત ઘણ સચેતન થાય તો પણ

(૩) **અહંકારઘણ** વિના ધારણાએ તે નિત્ય કયો ભાગ એકલો વેગળો રાખશે ? સર્વ તત્ત્વનું અક્કડપણું અહંકાર વિના કોણ રાખે? અને અક્કડપણા વિના સુધર્મને વિષે ચાલવું કેમ થાય? માટે અહંકાર ઘણની ચેતનતા પંચભૂતની આદ્યે સર્વ તત્ત્વની પ્રવૃત્તિ અક્કડપણે કરવા સારૂ કાર્ય જેટલી અચુક રાખવી. તેને કરીને અનેક તીર્થ યાત્રાની આદ્ય લઈને શ્રેષ્ઠ ઉપાસના કરવાથી ફળ પ્રાપ્તિ થશે. અને ખાન-પાન, ચાલવું-બોલવું અખિલ વર્તમાન ધંધો કરાય. હવે મોહ ત્યાગ કરીને શાંતિ સચેતન સ્વકાસ આદ્યે વર્તાવીયે. પણ અહંકાર વિના સામૃથવંત થઈને ન વર્તે. માટે સર્વ નિયમ પ્રવૃત્તિને તો અહંકાર ઘણ પ્રધાન છે, પણ જે અહંકાર ઘણ

નિજપદમાં પહોંચાડે તે જ ધારણ કરી રાખવો. તે વિના બીન કારણિક અહંકાર ધરીને વિષયની પ્રવૃત્તિનું ચિંતવન ન કરવું. જો વિષયનો અહંકાર ધારણ કર્યામાં આવે તો તે અનેક જન્મને વિષે આપણને હાનિ કરી છે અને કરશે. તે માટે નિજ કલ્યાણ પરમાર્થ સાધન કરવાને માટે અહંકાર ધારણ કરવો.એ પ્રકારે ખટ ગુણ ઘણની ઊલટક્રિયા દેખાડી.

## ઉપ પ્રકરણ ૮

# ચતુર તત્વ કારણની ઊલટક્રિયા

### ચતુર તત્ત્વ કારણ

હવે ત્રણ ગુણ ઘણને માથે ચતુર (ચાર) તત્ત્વકારણ શ્રેષ્ઠ રહેલા છે. તે (૧) આનંદ, (૨) મહા, (૩) પ્રકૃત્તિ, (૪) ધનંજે એ ચતુર તત્ત્વ કારણની ઊલટક્રિયા પરમાર્થની કહું છું.

**(૧) આનંદતત્વકારણ** તે વિષય પ્રવૃત્તિ કરતાં મોહ મદ વડે કરીને જે આનંદ ઊપજે. તે આનંદ દ્વંદ ઉપાધિનો જાણીને પરમ હુલ્લાસે પરમાર્થ સાધન ક્રિયા ભજનને વિષે અંતર પ્રીતિ સદા રાખવી. તે આનંદે કરીને નિજ ‘‘સ્વરૂપ’’ અને ‘‘સકર્તા’’ની પ્રતીતિ (અલ્હાદ) રૂપે પ્રાપ્તિ થાય. એ વિધિ પ્રમાણે આનંદ તત્ત્વનું વર્તમાન ચાલે, તો સર્વ ભાગ તત્ત્વ હુલ્લાસ પામીને પાવન-કૃતાર્થ થઈ જાય.

**(૨) મહાતત્ત્વકારણ,** તે દેહને વિષે મહદ્‌તાપણું જે તત્ત્વ ક્રિયાને વિષે રહ્યું છે, તે મહદ્‌તા ‘‘પરમગુરુ’’ તથા ‘‘કૈવલની’’ ઉપાસનાને વિષે રાખવી. તે વિના વગર કારણે મહદ્‌તાનું અભિમાન લઈને રહેવું નહિં. પછી સુધર્મની મહદ્‌તાએ અખંડ દેહને વિષે ઉત્તમ વ્રત ચાલશે. અને જેના પ્રતાપે ‘‘કૈવલ અદ્વૈત’’ ની ભેટ (મેળાપ) થાય.

**(૩) પ્રકૃતિતત્ત્વકારણ,** તે તત્ત્વભાગ સર્વને ચંચળ કરે છે. તે પરમ ભજનના કામમાં આવે, એવું ચંચળપણું રાખવું. અખિલ ભાગ પ્રકૃતિ વિના પાંખો આવીને ક્રિયાનું ઉડવાપણું ન થાય. માટે પ્રકૃતિનો ભાગ જે પ્રવૃત્તિ કરનાર વૃત્તિ, તે વૃત્તિ જ સર્વ તત્ત્વ ભાગને વિષે નીતિયે વર્તાવવી, જેને કરીને નિજ સ્વરૂપ જાણી

કર્તાનો સંયોગ થાય.

જે જે પ્રકારે પાછળ ઊલટક્રિયા કહી છે, તે ગુણ ઘણ આદિ છાસઠ તત્ત્વને માથે ચતુર કારણતત્ત્વ શ્રેષ્ઠ છે. એને આધિન સર્વની ક્રિયા ભિન્ન ભિન્ન સ્પષ્ટ થાય છે. તે અનુભવથી જુઓ. એ પ્રકારે છાસઠ અને ચતુર મળીને સિત્તેર તત્ત્વ ભાગની ઊલટક્રિયા પરમાર્થે પ્રાપ્ત થાય, એવું નિરૂપણ કર્યું છે.

## ઉપ પ્રકરણ ૯

# નિરંજન અને અવ્યાક્ત તત્વની ઊલટક્રિયા

### નિરંજન અને અવ્યાક્ત

હવે એ સિત્તેર તત્ત્વને માથે કારણરૂપે બે પરમતત્ત્વ છે. તે (૧)અવ્યાક્ત અને (૨) નિરંજન. તેની સાધારણ ક્રિયા નરનારીને વિષે પોખેલા પ્રમાણે વર્તે છે, તેનું પૂર્વે નિરૂપણ કર્યું છે. જે તે પ્રમાણે વર્તમાન જગતમાં સર્વ કાળ ચાલે છે. તે ભાગ એકેકના એકેક તરફ તણાઈને પ્રવૃત્તિ જે નરનારીના શરીરમાં થાય છે, તે સાધારણ ક્રમ દર્શાવેલો છે. હવે તે ભાગ વિષયમાં તણાઈને પ્રવૃત્તિ ન કરે, એવી વૈરાગ્ય પ્રાપ્ત થવાની યુક્તિ અમૂલ્ય રૂપે કરીને સંત સજ્જનને કહીએ છીએ.

જેમ રૂપાના વીસ રૂપિયામાં બે ત્રાંબાના રૂપિયા મેળવીને પછી ગાળીને એક રસ ધાતુ કરે ત્યારે રૂપામાં સર્વ એક રૂપ થઈને જણાય. પછી તાંબાને જુદું કરવા જઈએ તો ન થાય. તે જ પ્રકારે સ્ત્રી પુરુષને વિષે ભાગ અરસપરસ રહ્યા છે. તે તિવ્ર વૈરાગ્ય ધારણ કરીને સર્વ એકાકાર થઈ જાય છે. વૈરાગ્ય ધારણ કરીને સુનકાદિક અને ગાર્ગી આદ્યે ઘણાં પુરુષ સ્ત્રીઓ પણ શ્રેષ્ઠ પણે વર્તી ગયા. પછી તેઓની વિષય વાસના નરનારીના ભોગ પ્રત્યે રહી નહિં. અને એકેકને સામું અરસપરસ દેખતાં પણ દૃષ્ટિ ત્યાગીને તત્ત્વને જ જોતાં હતાં.

હવે એથી જે વિશેષ અંશ નરનારી અવતારાદિકને જવાળા અગ્નિવત્ હોવાથી તેમને વિષય પ્રવૃત્તિ નડે નહિ. જેમ જીભ્યાને ચિકટ સ્પર્શે તો તેની મેળે જ સાફ થઈ જાય, પરંતુ હાથ પગને સ્પર્શે તો છાણ કે માટીથી ધોવું પડે. તે પ્રકારે વિશેષ અંશ તો રસનાવત્ હોઈ પ્રપંચ નીતિમાં વર્તે છે. જનક, રામ, કૃષ્ણ આદિ

નિયમમાં વર્તી પોતે નિજપદ સહિત લક્ષને ભૂલ્યા ન હતા. હવે સારાંશ તો એ છે કે વૈરાગ્ય વિના સામાન્ય અંશને તો બંધન જ થાય. તે માટે તિવ્ર વૈરાગ્ય ધારણ કરીને તત્ત્વ ભાગ એકરસ કરી દેવા. જે જે જગ્યાએ જે ભાગ રહ્યા છે તે તે ભાગ ત્યાં રહીને ઇંદ્રિયોને તાણીને લઈ જાય છે. માટે તે તે ભાગને વર્તાવીને નિરોધ કરી રાખવાં. અને વિશેષ ભાગ જેમાં જે રહ્યા છે, તેમાં મેળવી દેવા. એટલે નર્યા વિશેષ ભાગનું જ અહંપણુ રાખવું. એવા અભ્યાસમાં વૃત્તિ ચઢે ત્યારે તે તેના ભાગ તણાવ ન કરે. પછી તે નિજરૂપ અવ્યયના સન્મુખે થાય. અને અભ્યાસ જો ન કરે તો સનમુખ ન થાય. તો ક્યારેય કરીને પણ તત્ત્વ ભાગની ક્રિયા મટે નહિં. અને તે ક્રિયાએ જીવ મોક્ષ પામે નહિં. પછી તેનો છૂટકારો અનંત કલ્પે થાય નહિં. તે સારુ **જેને પરમાર્થ કરવો હોય, તેને માટે આ સાધન કહ્યું છે. જે સાધનના પ્રતાપ વડે અનાદિ અભંગ ‘‘સકર્તા કૈવલ’’નું ભજન થાય. માટે એવી પ્રવૃતિ કરતાં ભૂલચક રાખવી નહિં.**

એ પ્રકારે ઈચ્છાવૃત્તિનાં બહોતેર તત્ત્વની ઊલટક્રિયા એક સકર્તાનું ભજન કરવા સારૂ કહી. એવી ઈચ્છાવૃત્તિ અંશની સંકલ્પ ભાવનામાં રહી છે, તે નિરંજન આદી સર્વ તત્ત્વ ભાગનું વર્તમાન ક્રિયાવૃત્તિની આજ્ઞા વડે કરે છે. ઈચ્છા વિના તત્ત્વ પદાર્થોને કોણ હાથમાં ઝાલીને ભિન્ન ભિન્ન ભાગ પ્રમાણે પ્રવૃત્તિ કરાવે? તે માટે ‘‘ખટવૃત્તિ’’ મધ્યે ઈચ્છાવૃત્તિનાં તત્વ સામગ્રીનો પસારો ઘણો છે. માટે તે ઈચ્છાવૃતિની પોતાની આજ્ઞામાં હુકમ પ્રમાણે કાર્ય કારણ વર્તાવે તેવું વર્ત્યા જાય છે. માટે તે જ નીતિયે વર્તવું.

## ઉપ પ્રકરણ ૧૦

# પ્રકાશ બ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્વની ઊલટક્રિયા

### પ્રકાશ બ્રહ્મવૃત્તિ

પ્રકાશ બહ્મવૃત્તિ થકી ત્રણ મહાતત્ત્વ થયાં છે. (૧) વિકાસ, (૨) અવિકાસ (૩) કુંભસ્થ. એ ત્રણ જાણવાં. એની ક્રિયા પોખી છે, તે પ્રમાણે સાધારણ સર્વ પ્રવૃત્તિ મેં પ્રથમ કહી છે. તેજ ક્રિયામાં કુંભસ્થ જે છે તે કરવો.રેચક પ્રેરક શ્વાસ

સ્થિર લેઈ લેઈને જે કુભંકને પ્રતાપે દેહ સર્વદા સચેતન રહ્યો છે. અહો, પ્રણવ તો સકલ તત્વનું જીવન છે. નીરંજન આદ્યે બહોતેર તત્વનું જેહેના વડે તત્વભાગનો સમુહ જૂથબંધ બંધાઈને રહ્યો છે તે તત્વ ભાગની ક્રિયા મનાદીક સંકલ્પે અતિ પ્રબલ વર્ત્યા જ જાય છે. ઈચ્છાવૃત્તિ ઉપર અંશના ભાસ પડેલો હોઈ તે ક્રિયાઓ અતિ ચંચળ થઈ જાય. જે એક પળ માત્ર પ્રવૃત્તિ સ્થિર ન રહે. કોઈ વખત કઈ પ્રકારે થઈ જાય તે, આપણને માલુમ પણ પડે નહિં. તે સર્વ ક્રિયાઓ પ્રણવના વેગને ઉતાવળો ચલાવે છે. જેથી પૂર્વે પોખેલું વર્તમાન વર્તવા દે નહિં. હવે એકત્વ તત્ત્વની ક્રિયા કળે (જાણે) નહિં. અને એક પ્રણવ પણ વિશેષ ચાલે, ત્યારે વિચાર કર્યા વિના પ્રતીતિ કઈ રીતે અંશને આવે? અને તે **વિચાર સ્થિરતા વિના નિર્વાણ પદનો વિચાર થાય નહિં. માટે સ્થિરતા સારૂં દમ એટલે કે પ્રણવ એનું જ ભક્ષણ કરીને આ દેહને વિષે વસવું. જે પ્રાણાયામ સાધન વડે કરીને પાછળ ઘણા બ્રહ્મવેતા જ્ઞાની સંપન્ન થઈ ગયા. તે જ પ્રણવનું સાધન ''પરમગુરુ'' એ લક્ષ બતાવ્યો હોય, તે માપ પ્રમાણે કરવું.** પછી તે કુંભકની સ્થિરતાના યોગ પ્રતાપે સર્વ તત્ત્વની ક્રિયા દેહમાં થાય, તે કળ્યામાં આવે. અને પછી સનાતન ''કૈવલ પદ'' ને વિષે વ્રેહે હેતુ લક્ષ ભજનનો પરમગુરુની ઉપાસનાથી ઊપજે. અંશ અને તત્ત્વ પ્રવૃત્તિ બંન્ને કૈવલ પદને પહોંચે, પછી તે ઓરલ્યા અનુરાગમાં હેતુ રાખીને રહે નહિં. ઓરલ્યો અનુરાગ તે ક્રતની ઉપાસનાની અવધિ જાણીને અવધિ રહિત જે પરમ ''કૈવલ પદ'' ને વિષે પ્રીતિ રાખીને પોતે અંશ રૂપે સજાણ વૃત્તિ દૃષ્ટિ વડે ચિંતવન સર્વકાળ તેનું કરવું, તેણે કરીને અંશ કૃતાર્થ થાય છે.

## ઉપ પ્રકરણ ૧૧

# સંજમ ભોગવૃત્તિનાં ત્રણ ચક્ષસત્વની ઊલટક્રિયા

### સંજમ ભોગવૃત્તિ

સંજમ ભોગવૃત્તિના ત્રણ ચક્ષ સત્વની સાધારણ પ્રવૃત્તિનું રૂપ સંત સજ્જન પ્રત્યે દેખાડ્યું છે. જેના સંયોગ વડે સકલ તત્ત્વની પ્રવૃત્તિક્રિયા ચાલે છે. હવે તેનો ઊલટ ભેદ દેખાડીને ઠેઠ પહોચાડીયે છીએ, માટે શ્રવણ કરજો. જે પ્રકારે પ્રકાશ

બ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વે કરીને વિચાર દષ્ટિમાન થાય, તે કુંભ સ્થિરતાએ જ્ઞાન જણાય. પણ તે કોઈ કાળે ચક્ષસત્વ વિના આદિ મધ્યાન્ત કળ્યામાં આવે નહિ. તે (૧) **વગ્રજ્ઞાન ચક્ષસત્વ**નું ભિન્ન ભિન્ન કર્મ કરે છે તે કર્મથી વિષય ભાવના થાય નહીં. માટે તેવા કર્મોનો ત્યાગ કરીને સત્ય કર્મ પ્રવૃત્તિ વિષે તત્ત્વ ભાગનો સંજમ કરવો. સંજમ કર્યા વિના એક ભાગે દેહને વિષે ક્રિયા થાય નહીં. તે સંજમ કરવા સારૂ વ્રગજ્ઞાન ચક્ષસત્વને વર્તાવવું. (૨) **અનંગ ચક્ષસત્વ**ની પ્રવૃત્તિ કામને વિષે કામાતુર હોઈ અખંડ સંજમ રાખીને સ્વરૂપ પ્રાપ્તિ ના કાર્ય માટે વારંવાર રાખવી. અને (૩) **કાળ ચક્ષસત્વ** તે નાના પ્રકારની ક્રિયાનો છેવટે સંહાર કરે તે જણવો. સર્વ સંહાર છેવટે કાળ પ્રવૃત્તિએ થાય. અને નિજ ભાવ સહિત સજાણ બાજ દષ્ટિને અંશે પોતાના અંતર સહેતુ સહવર્તમાને સનાતનને વિષે પહોંચાડવી. એ પ્રકારે ત્રણ ચક્ષસત્વ અને પ્રણવ ભાવના સહિતની ક્રિયા નિજ હાથે ઠેઠ પહોંચાડવી. એજ ક્રિયાવૃત્તિનું ઊલટ પ્રવૃત્તિનું અપાર રૂપ તમો પોતે જો જો.

## સજીવન વૃત્તિ

ઈચ્છાવૃત્તિ, પ્રકાશબ્રહ્મવૃત્તિ અને સંજમભોગવૃત્તિ. એ ત્રણને સજીવનવૃત્તિએ આદી મધ્યાન્તનું માપ આણી દીધું. જે સર્વ તત્ત્વ ભાગ સમેત ચેતનપણાને લાવીને જે સજીવનવૃત્તિ સકલ તત્ત્વને જીવન-સજીવંત કરનારી તે અંશની સજીવનવૃત્તિ પૂર્ણ સજાણ ચેતનપણાની બાજ દષ્ટિ હોઈ તે સદ્ ક્રિયાને માથે રહેલી છે તેમ જાણવી.

## અંશ વૃત્તિ

હવે એ સજીવન વૃત્તિની આદ્ય લઈ સર્વ પ્રવૃત્તિ આદિ મધ્યાંત સુધી ચાલે છે. તે પ્રવૃત્તિની ક્રિયા કરનાર જે ક્રિયાવૃતિ છે તે અંશની પોતાની જાણ દષ્ટિ રૂપ ભાવના જાણવી. તે અસંખ્ય વૃત્તિઓ ક્રિયા સહિત નિજ આપ પોતે અંશને વિષે વસે છે. તેને વિષે જ ક્રિયા કરવાપણાનું ભાવનારૂપી બીજ સર્વકાળ લય થાય અને ઊપજે. એ વિધિ સર્વ તત્ત્વ ભાગ જે ક્રિયા કરે તે નિજ કર્તાએ સંપૂર્ણ કાર્ય કરવા સારૂ જ કરેલા છે. તે અખિલ તત્ત્વની પ્રવૃત્તિ પ્રપંચમાં તથા પરમેશ્વર તરફ પરમ અર્થ સાધન કરવાના અર્થે આવે એવાં છે. તેમાં એકપણ તત્ત્વ કંઈ અકારણ

ગેરઉપયોગનું ''કર્તા'' એ કરેલું નથી. તેથી સાધારણ તથા ઊલટક્રિયાની તેમજ પ્રવૃત્તિનો અનુભવ કહ્યો, તે લક્ષ વડે જોઈને તપાસી જુઓ. હવે અંશની પોતાની દિવ્ય દૃષ્ટિ આ પ્રવૃતિ જોવાને વર્તાવવી. અને વિવેચના ઘટે તેવી યોજના કરવી. જેના પ્રવૃત્તિ પ્રતાપ વડે અંશને સર્વજ્ઞપણું અક્ષય પ્રાપ્ત થાય.

એ પ્રકારે દેવ, માનવ, નરનારી સર્વ પ્રત્યે વર્તમાન કરવા યોગ્ય આ ક્રિયાની ધારા કહી. તે સામાન્ય અને વિશેષ અંશ સહિત સર્વ સંસારને તરવા સારું ઊલટક્રિયા કહી. વળી, પરમગુરુ ઉપાસના અને પોતાનું નિજ સ્વરૂપ તથા '' સત્ કૈવલકર્તા'' ની ગતિ જાણવા ભજન અક્ષય થાય, એવી આ ઊલટક્રિયા-પ્રવૃત્તિ વિશ્વ ને દેખાડી.

# પ્રકરણ ૧૦

# ખટવૃતિ આદિ પરમવિશેષ પરમગુરુની મહત્તાનું નિરૂપણ

હવે તો સકલ પદાર્થ મળીને આ વૃત્તિઓ પોતાનું નિજ સ્વરૂપ જોવાનું દર્પણ જાણવું. તેને વિષે પદાર્થ તત્ત્વ ભાગ ક્રિયા કરવી, તે તો કાચનું ઘર રૂપી જાણવું, અને વૃત્તિ રૂપી તેમાં કાચ જાણવો. એ દર્પણને વિષે આપનું આપ અંશનું પ્રતિબિંબ જણાય ત્યારે, તે કેવું જણાય? સજાણ દિવ્ય સ્વરૂપ અલ્પજ્ઞે ગતિવાળુ હોઈ પદાર્થમાં વર્તે એવું છે. **હવે તેને જોવું એટલે કે "પરમગુરુ" કૃપાએ નિર્મળ શુદ્ધ માપક અંશ સ્વરૂપ ઓળખવું.**

**પ્રશ્ન :** તે નિજ સ્વરૂપ જોઈને કેવો આનંદ થાય છે ? અને પરમ સુભેદ સુખ કેવું ભોગવવું ?

**ઉત્તર :** તે સ્પષ્ટ વિસ્તાર કરીને કહું છું. દૃષ્ટાંતઃ જેમ કોઈ એક રાજાની રાણી અતિ સુંદર લાવણ્યતાવાળી હતી. તે પોતે એક દિવસે ઉત્તમ પ્રકારે નાહીધોઈને પોતાની ગાદી ઉપર બેસીને વિધવિધ પ્રકારના અલંકાર પોતાના અંગ ઉપર ધારણ કરે છે. પછી સર્વ અલંકાર ધારણ કરીને દર્પણમાં પોતાનું નિજ મુખ સર્વ અંગ સહિત જોઈને પોતાની મેળે નિર્ણય કરવા લાગી. ત્યારે અંતરમાં વિચાર કરે છે કે, મારા સ્વરૂપ સમાન આ મૃત્યુલોકમાં તો કોઈ સ્ત્રી જણાતી નથી અને હશે પણ નહીં. પણ દેવલોકમાં દેવાંગના આદ્યેનું વર્ણન ગ્રંથોમાં કવિઓએ બહુ કરેલું છે. તેમાં સર્વથી શ્રેષ્ઠ લક્ષ્મીનું સ્વરૂપ સાવિત્રી અને ઉમિયા કરતાં અતિ

ઉત્કૃષ્ટ છે, એવું કહ્યું છે. તે તો વૈકુંઠલોકને વિષે વિષ્ણુની અર્ધાંગના થઈ રહી છે. તેનું અને મારું સ્વરૂપ સરખું આવશે. તે વિના બીજા કોઈની મને ઉપમા લાગે એવી કોઈ સ્ત્રી આ પૃથ્વી ઉપર નથી. એવું જોઈ વિચારીને આનંદ પામી અને વળી કહે છે કે, હું તો લક્ષ્મી છું એટલે સજાતિપણે કરીને એવું માની લીધું.

એ પ્રકારે તત્ત્વ પ્રવૃત્તિઓ રૂપી દર્પણમાં વિજાતિ કાચના ઘર થકી (પદાર્થ તત્વ ભાગ ક્રિયા ધ્વારા) બીજું જે પોતાનું સજાણ દિવ્યગતિ વંત નિજરૂપ જોવું. તે સ્વરૂપ અલ્પ ગતિવંત અલ્પજ્ઞરૂપ અનાદિ થકી ભિન્ન થયેલું જાણવું. પછી પોતાના સરજનહાર ''કૈવલ'' સર્વજ્ઞનો વિવેક જોવાનું કરવું. જે પ્રકારે તે રાણી અંતરમાં લક્ષ્મીની ઉપમા પોતાની જાતે માની લે છે. અને પછી વિચાર કરે છે કે લક્ષ્મીને તો વૈકુંઠનાથપતિ વિષ્ણુ મહાશ્રેષ્ઠ છે. તે વિના મને આ મૃત્યુલોકનો આ ધણી શોભતો નથી. એમ અંતરમાં ભાવના કરીને કહે છે. તે વિષ્ણુ આપણને પતિ તરીકે મળે તો સારૂ. પછી તે પતિ પામવાની ભક્તિ કરીને વિષ્ણુપદને પામી,અને તે પતિને વરી. તે પ્રકારે હું અલ્પ નિજ અંશ રૂપે દિવ્ય તત્ત્વથી તિત છું, એમ અંતરમાં જાણીને તેના પતિ નિજ ''કેવલ કર્તા'' છે. તે પતિની શોધ ''પરમગુરુ'' ની પાસે જઈને કરવી. અને નરપતિ સરખા અન્ય અનંત દેવ પતિ માનીને ઉપાસના કરવા લાગ્યા હતા, પણ એ આપણા નિજપતિ સમાન શોભતા નથી. કેમકે એ તો આપણા જેવા જ જીવ છે. અને આપણા સ્વરૂપના તો દિવ્ય પતિ આગળ વિષ્ણુતો સામાન્ય છે. પણ અન્ય સ્વરૂપ અત્યન્ત અપાર છે. હવે તેવા પતિનું ચિંતવન ''પરમગુરુ '' ઉપાસનાને સંગે કરીને ભજવા. અલોકિક દ્રિગ દ્રષ્ટિરૂપ જેનું અતિ સજાણ અને અમાપ છે. તે અનુપમ પરમ પતિ સાથે આપનો સંગ થાય. તે માટે મહા પ્રયત્ન કરીને ભજન કરવું.

હવે પંચવૃત્તિ સહિત તત્ત્વ પ્રકાર ''ઊલટક્રિયા'' ભેદ વિસ્તાર કરીને સંત સજજન પ્રત્યે પર્મ અપાર ઠેઠ પરજંત (સુધીનો) લક્ષ વિવેક દર્શાવ્યો છે. અહો !કર્તાના સંકલ્પમાં બીજગને વિષે ''ખટવૃત્તિ'' ભાવનાં અંકુર ઉત્પન્ન થયા, તે એ પ્રકારે તેનો પરિવાર નિજ અંશ સમેત કહ્યો. તે દેહમાં ''પંચ વૃત્તિ'' નું નિરૂપણ કહ્યું છે. હવે કારણ સમાન કાર્યમાં ભાવ હોવો જોઈએ. તે અંશ કાર્ય અને ''સકર્તા કૈવલ'' કારણરૂપ છે. તેમાં કાર્યરૂપ અંશવૃત્તિનું લક્ષણ કહીએ છીએ. હવે તે અંશને વિષે ષષ્ટમી '''અંશવૃત્તિ '' તેનો જે પ્રકાર

છે તે **સકત પરમ પ્રકાશમણિ ભાષ્ય** વાતડ રાગના ગ્રંથને વિષે કહ્યો છે. તે અંશના સંકલ્પ ભાવનામાં ઉત્પત્તિ અને લય થાય છે, તેનું નિરૂપણ કરેલું છે. માટે તેમાં જોઈ લેજો. તે પ્રમાણે અંશમાં છઠ્ઠી વૃત્તિના અંશ સરજવાની જે માંહી શક્તિ રહી છે. જે ''કૈવલકર્તા'' એ અલ્પ ગતિ પોખીને ઉત્પત્તિ અને લય પામે એવી છે. તે વૃત્તિ કેવી છે? જેમ કોઈ સ્ત્રીને સંતતિ પોતાના પતિ સંજમથી અસંખ્ય થાય છે. તે પ્રકારે નિજ પતિ '' કૈવલકર્તા'' ની દૃષ્ટિનો ભાસ અંશ ઉપર આવીને પડે છે. જેમ સૂર્યના પ્રકાશ વડે જીવો નેત્રે દેખતા થાય છે, તેવી જ રીતે કર્તાની પરમ સત્તા વડે અંશને વર્તવું. તેમાં અંશવૃત્તિની આદ્ય લઈને વસ્તુ પોખ્યા પ્રમાણે અલ્પ ઘાટ થયા જાય છે. તે પણ પોતાના પિતાનું જોઈને અંશ અલ્પ સંકલ્પ કરે છે. પણ નિજ કર્તા સમાન ધારણ કરીને નવિન શરીર અને અંશ ઉપજાવી શકે નહિં, અંશમાં સંકલ્પ પોખ્યા ત્યારે વચમાં નવિન કરવા મૂકવાનું ''કૈવલકર્તા '' એ ભર્યું જ નથી. માટે નવું શું દેખીને કરે? અને કરવા જાય તો અંશ થકી કશું બનતું નથી. અહો ! અંશને તો જે કર્તાનું કૃત છે, તેને વિષે વર્તવું. તે વિના નવીન બીજા પ્રકારના તત્ત્વ કે, અંશ કશું તેનાથી થાય નહિં.

**પ્રશ્ન :** તેનું કારણ શું? અંશ કયા પ્રકારે અલ્પ ગતિવાળો છે

**ઉત્તર :** જે અંશને કર્તાનું કૃત કરેલું માલુમ ન પડે. કે ક્યાં? અને કયા પ્રકારના તત્ત્વ પોખીને કર્યું છે ? અને તે તત્ત્વને સુખ દુઃખ ક્યા પ્રકારનું વર્તાવવું, તેની પણ તે અંશને ગમ નથી.

**પ્રશ્ન :** તે અંશને ગમ શા કારણથી નથી?

**ઉત્તર :** તે તો જે અંશની ભાસ દૃષ્ટિ રૂપ જે વૃત્તિ હતી તે તત્ત્વના સંગે કરીને બેભાન થઈ છે. જેથી તત્ત્વ ભાગ વાપરવાની યુક્તિ જાણી નહિં. અને પોતાની ઈચ્છા અનીતિ ક્રિયામાં વધારીને દુઃખ ભોગવવા લાગ્યો.

હવે અંશની દૃષ્ટિ તો પરમ સજાણ છે. પણ તત્ત્વની પ્રવૃત્તિના પ્રભાવે ચૂસી લીધી છે. તે જેમ પારો કંચનને સ્પર્શ થાય. અને જોડે મૂકીએ ત્યારે સોનાનું વિત્ત ચૂસી લે છે. પછી તેમાંથી સોવ્રણકાર ભઠ્ઠી સળગાવીને કિમિયાગર કાઢી લે છે. તેજ પ્રકારે અહીયાં અપાર વિવેક કરવાનો છે, તે દેખાડું છું. નાનાવિધિ સદ્ ક્રિયારૂપ સામગ્રી એ તો પાત્ર જાણવું. અને ઉપાસના વૈરાગ્યરૂપ વિચિત્ર અગ્નિ

જવાળા જાણવી. અને જ્ઞાનસમજણે કરીને નિવેડો કરીએ ત્યારે તે અંશ તે સોનું અને તત્ત્વ એ તો પારો, ભિન્ન થાય. એની નિજ અંતરમાં નિરંતર વિવેચના કરીને આદિ કિમિયાગર જે કર્તા છે તેમને ઓળખવા. જે કર્તાએ તત્ત્વ અને અંશ સરજીને અનંત બ્રહ્માંડની ઉત્પત્તિ અને ગોઠવણી (માંડણી) કરી છે, તે કિમિયાગર અચળ છે. તેને અહીથી સર્વજ્ઞ ''પરમગુરુ'' ની લક્ષ ક્રિયા વડે કરીને જોવા. જેને જોવાની અદ્‌ભૂત કળ દર્શાવવા સારૂ ''ઊલટક્રિયા'' તે અનંત ગતિએ દર્શાવી દીધી. તે પરમ તિવ્ર વૃત્તિ ઉજાગ્રત પોતે રહેવા સારું દર્શાવી.

માટે તે પ્રકારે આચરણ કરીને પ્રતીતિ લેવી. જેને કરીને ''પરમગુરુ અને કૈવલપદ''ને વિષે આપણી પ્રતીતિ અખંડ રહેશે. અહો ! આ વિશ્વમાં માનવ નરનારી જનને સર્વ પ્રકારે આદિમધ્યાંતનું જાણ્યપણુ સર્વ કાળ સજાણ અંશને છે. તે ક્યાં સુધી? જે ચરાચર તત્ત્વ પદાર્થ, દેવ વિભૂતિ, વૈરાટ સહિત માનવજનને જ સર્વ ઓળખાણ પડે છે. દેવ જે છે, તે માનવ (મનુષ્ય) ને ઓળખે છે. પણ માનવ જેવી તત્ત્વ ગતિ દેવને નથી.

**પ્રશ્ન :** માનવના જેવી તત્ત્વ ગતિ દેવમાં નથી તે કેમ જાણીએ?

**ઉત્તર :** ત્યારે માનવ તનુને વિષે વિશેષ અંશ અવતાર ધારણ કરે છે, તે અલંકાર આલોકમાં માનવ આકાર ધારીને દેવાદીક દેવની અપાર ગતિ ગાઈને ગયા છે. એ પ્રકારે સર્વથી શ્રેષ્ઠ દેહ એ ઉઘાડો માનવ રૂપી રોકડો પ્રાપ્ત થયો છે. જે દેહમાં ચરાચરનો નિવેડો, નિજ તનુ અને સ્વરૂપ સહિત જાણવામાં આવે છે.

એવો દેહ જે અંશને પ્રાપ્ત થયો છે, તે અંશે તત્ત્વ ભાગની ''ઊલટક્રિયા'' જોઈને આચરવી. જે દુર્લભ હોઈ દેવાદિક આદ્યને એ પ્રતીતિ પ્રાપ્ત થવાની મહા મુશ્કેલ છે. તે માટે ક્રિયા આચરીને અનુભવ નિજ પ્રતીતિ યોગ તો સત્સંગે લેવો. અને અપાર તત્ત્વ ભાગની ક્રિયા વર્તાવીને સર્વ પ્રકારે સજાણપણે થવું.

**તે સજાણપણુ તો કૈવલકર્તાના જે ''પરમવિશેષ અંશ'' છે, તેમને છે. માટે તેમને શરણે જઈને તેમના પ્રતિબોધ વડે જાણી લેવું.** એ પ્રકારે શ્રવણ કરીને શ્રોતાજન પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** જે ''પરમગુરુ'' પ્રત્યે કોઈ ઠેકાણે ''પરમવિશેષ અંશ'' કોટીમાં વર્ણન કર્યા છે? અને **હંસતા લેવા ગ્રંથ અને અગાધબોધગ્રંથ**ને વીષે ''કૈવલવેત્તા'' આદ્ય નિરૂપણમાં '' પરમવિશેષ અંશ ' એજ ''કૈવલકર્તા'' સર્વજ્ઞ સ્થાપન કરેલા

છે. ત્યારે એ શ્રવણ કરીને સંશય ઉત્પન્ન થયો છે. તેનું તાદશ્ય નિરૂપણ કરીને ‘‘પરમગુરુ’’ અમને સંભળાવો.

**ઉત્તર :** શ્રોતાજનનો પ્રશ્ન સાંભળીને ‘‘પરમગુરુ’’ પોતે સર્વજ્ઞપણે ઉત્તર આપે છે. તે શ્રવણ કરો. પોતાની દ્વિવિધ ગતિના ન્યાયનું નિરૂપણ કરે છે. તે દૃષ્ટાંતે કરીને રૂપક વર્ણન કરી દેખાડે છે. જેમ કોઈ એક ન્યાય કરનારા નર એક દેશમાં વસે છે. તેને બે સ્ત્રીઓ હતી. અને પરિવારમાં એક કન્યા હતી. અને પોતાની માતુશ્રી હતી. એટલા કટુંબ સહવર્તમાન પોતે એક નગરમાં રહે છે. જેની જેવી ફરીયાદ હોય, તેને તેવો જ ન્યાય કરીને પ્રતિ ઉત્તર આપે છે. ત્યારે એક સમયે એક ગામના પાંચ છ જણ કોઈ ટંટો (તકરાર) લઈને ન્યાય કરાવવા સારૂ પેલા ન્યાય કરનાર નરના ગામની ભાગોળે આવ્યા. તે વખતે લોક હરે ફરે છે. તે હરતાં ફરતાં નરનારી પ્રત્યે પેલા પૂછે છે કે, ન્યાય કરનાર પુરુષ આ ગામમાં વસે છે તે ઘેર છે ? કે કંઈ ગામ-પરગામ ગયા છે? એવું પ્રથમ બાઈ મળી તેને પૂછે છે. ત્યારે તે બાઈ કહે છે કે, તે તો મરી ગયા. એવું સાંભળી ને પેલા કહે છે કે, હવે ગામમાં તો જઈએ કે કેમ ? એમ વિચારીને આગળ ચાલ્યા. ત્યારે બીજી બાઈ મળી તેને પુછ્યું. ત્યારે તેણી એ કહ્યું કે, એ છે ખરા પણ આંધળા થયા છે. ત્યારે પેલાઓ ને વિશ્વાસ પડ્યો કે છે તો ખરા. પણ પેલી બાઈ એ મરી ગયા છે એવું કેમ કહ્યું હશે? ત્યાર પછી આગળ ચાલ્યા. ત્યાં એક બ્રાહ્મણ મળ્યો, તેને પૂછ્યું તો તે કહે છે કે, તે તો આંધળા ને કાને બહેરા થયા છે. એ પ્રકારે કોઈ કોઈનું વચન સરખું ન આવ્યું. પછી તો પેલા લોક જઈ ને ન્યાય કર્તા પુરુષને મળ્યા. જઈને જોયું તો સભા ભરી છે, અને ન્યાયના વચન બોલી ને પ્રતિ ઉત્તર આપે છે. નથી મરી ગયા કે નથી આંધળા અને નથી બહેરા મૂંગા પણ થયા. એવું જોઈને આવેલા પરગામી તેમને પૂછે છે કે, તમે તો છો, અને અમોએ ભાગોળે આવીને લોકોને પૂછ્યું હતું ત્યારે લોક એવું કેમ બોલ્યા? એવું વર્તમાન ન્યાય કરનારને સંભળાવ્યું. ત્યારે તે કહે છે કે, તે સર્વ લોકોએ તમોને કહ્યું તે ન્યાયનું જ છે. તે હું કહું છું. પ્રથમ જે બોલી તે તો અમારી સ્ત્રી છે. આ સંસારમાં અમે બે સ્ત્રીએ સાથે પરણ્યા છીએ. તેમાં છ છ માસ એક એકના વારા કર્યા છે, તેનો વારો હાલ નથી, માટે તેણીયે કહ્યું હતું તે સાચું છે. તેને લેખે એમ જ છે. બીજી તે અમારી કન્યા મોટી થઈ છે, પરંતુ તેના લગ્ન માટે દ્રવ્ય

નથી.તેથી તેનું લગ્ન થયું નથી. તેને હું નેત્રે જોઉ છું, છતાં લગ્નનો સંયોગ આવતો નથી.તે માટે તેણીયે અંધ કહ્યું તે સાચું જ છે. તેને તે લેખે હું આંધળો જ છું. હવે પેલા બાહ્મણે બહેરો કહ્યો હતો, તે કહું છું. એક બ્રાહ્મણની જમીન પેલા બ્રાહ્મણના ખેતર પાસે છે, તેમાં એકબીજાની જમીન દબાવીને પોતાનામાં લઈ લીધી, માટે તે ફરિયાદ કરવા આવ્યા હતા. ત્યારે મેં વિચારી જોયું તો બંનેની જમીન ધર્માદાની છે, એક મેકની અધિક કે કમી કહેતા બંને ને હાનિ થાય. માટે પ્રતિ ઉત્તર આપ્યો જ નહીં. માટે તેને લેખે હું બહેરો જ છું, એટલું સાંભળીને પેલા લોક કહે છે કે, આ પુરુષ તો ન્યાયવંત જ છે. એટલામાં ભોજનની વેળા થઈ. તે સમયે પોતાની માતુશ્રીએ દરરોજના ટાઈમ પ્રમાણે ભેંસનું દૂધ તુરંત દોહીને આપ્યું તે ખાઈ લીધું. પણ દૂધ માતુશ્રી પાસે માગ્યું હતું ત્યારે નિત્ય ક્રમ પ્રમાણે રડીને માગ્યું હતું. તે પેલા પરગામી લોકોએ પૂછ્યું કે, આવડા મોટા થયા છો, અને ન્યાય પણ કરો છો. છતાં રડીને કેમ દૂધ માગ્યું? ત્યારે ન્યાય કર્તા પુરુષ કહે છે કે, મેં તો ન્યાયે જ દૂધ માગ્યું છે. અને મેં રડીને માગ્યું એમાં અન્યાય નથી.તે હું કહું છું, માતુશ્રીનો તો હું બાળક છું. માટે રડીને માગ્યું તે રીતનું જ થયું. માતુશ્રીના આગળ મારું શ્રેષ્ઠપણું શું? તે ન્યાય દૃષ્ટિએ તમે પણ જુઓ અને તમારા આગળ તો શ્રેષ્ઠ ન્યાય કર્તા છું. અને માતાની આગળ તો હું સદા દાસ છું. એવું સાંભળીને સત્ય માનીને પોતે જે ન્યાય કરાવવા આવ્યા હતા, તેનો ન્યાય કરાવી લઈને પોતાના ગામ પ્રત્યે ગયા. એ પ્રકારે વિસ્તાર કરીને દૃષ્ટાંતે કહ્યું.

તેજ પ્રકારે ''પરમવિશેષ અંશ'' ને બે પ્રકારની ઉપમા આપી જાણવી. વળી જે જે અવતાર થયા.તે પણ અંશ કોટી તથા ''કર્તા'' અમો છીએ એવું બોલેલા છે. અને જીવને ઈશ્વરતા કહી તે પોતાની ઈશ્વરના વૈભવે અમો જ કૈવલ, બ્રહ્મ સાક્ષાત, અનુભવી છીએ, એવું બોલી ગયા છે. તદ્ ઉપરાંત જે અવતારાદીને બોધ કરનાર પરમ દાન આપનાર ''પરમગુરુ'' જે અસંખ્ય બ્રહ્માંડ દેવાદીક અનેક જીવોના તારનાર લક્ષબોધ દર્શાવીને જે તત્ત્વભાગ નીતિ અકળગતિનો ભેદ અને સકર્તા સ્વરૂપ સહિતના દાતાર પ્રસિદ્ધ તે ''કૈવલ પદ'' નો ન્યાય દર્શાવનારા છે. માટે તે કર્તા પ્રબુદ્ધ તેના સમાન અચળ કહ્યા. **એ વિના પોતે નિજ ''કૈવલકર્તા'' સનાતન પરમ ''કૈવલ ધામ''માં અચળ વસે છે. તે નિજધામ છોડીને કોઈ કોઈ**

**કલ્પાંત કાળે પણ ક્ત સમ થઈને અવતાર લેતા નથી. માટે ''પરમવિશેષ અંશ'' નિજકર્તાની સર્વજ્ઞ ગતિ રૂપ ''કૈવલ'' તે જ છે. તેમ જાણીને પ્રતીતિએ કહ્યું. એ પ્રકારે ''કૈવલ''નિજ પતિ સાક્ષાત પ્રગટ દિવ્ય સર્વજ્ઞ ગતિરૂપ મૂર્તિ તદ્ રૂપ જાણવી.** તે સામાન્ય, વિશેષ આદી સર્વ અંશોને માનવા યોગ્ય સત્ય છે. અને ''પરમવિશેષ અંશ'' એજ ''પરમગુરુ'' અવતાર પણ સાક્ષાત અખંડ ગતિ રૂપ છે. તે નિજ ''કૈવલકર્તા'' સમાન જાણીને તેમનું ભજન કરવું.

હવે અંશ કોટીમાં જે કહ્યા, તે તમને કહું છું. તે તો પરમપદ સકર્તા માતુશ્રી આગળ અલ્પજ્ઞ ગતિરૂપ લઘુ બાળક સમાન જાણવા. જે નાના વિધિ ગમ ગતિ ''કૈવલકર્તા'' પાસેથી કલ્પે કલ્પે માંગીને લે છે. માતા પાસે વસીને અનાદિ સિદ્ધ પ્રતીતિ સર્વકાળ પરમ રસ પ્રાશન કરે છે. અને ''કૈવલકર્તા''પણ પોતાના શ્રેષ્ઠ અંશ જાણીને ગતિ ભેદનિશાની પ્રથમથી તે અદ્યાપિ સુંધી પણ આપતા જ જાય છે. પછી તે ગતિ સામૃથ વડે કરીને અગમ ગ્યમ આ જગતને વિષે ન્યાય કરીને દર્શાવે છે. માટે પરમવિશેષ અંશ તે ''કૈવલકર્તા''ની આગળ સદા સર્વકાળ બાળકવત્ અખંડ છે. જે ગતિ ગ્રહણ કરીને ન્યાયે કરીને અનંત જીવોનો તારવા માટે આ બ્રહ્માંડને વિષે પ્રગટ થયા છે. અને આ જગતના જીવ, ઈશ્વર અને અંશોને અખંડ જ્ઞાન આપતા હોઈ તેઓ શ્રેષ્ઠ અને સત્ય છે. તે પરમ દિવ્ય ગતિ તનુધર સાક્ષાત્ ''કૈવલ'' સ્વરૂપ જાણવા.

**એ પ્રકારે ઉભય ભેદ અંશ-અંશી લક્ષ ગ્રહણ કરીને ઈશ્વરોથી પણ શ્રેષ્ઠ સગુણ ''પરમગુરુ'' અવતાર સાક્ષાત્ ''કૈવલકર્તા'' જ જાણવા.** એવા પ્રકારે ભેદ જાણીને વૃત્તિ આદિ ચરણારવિંદને વિષે રાખવી. તે તત્ત્વ પ્રવૃત્તિ સમેત નિર્વાણ જાણીને પ્રસાદ લેવો. પછી આ વિચારે કરીને જીવ તિવ્ર વૈરાગ્ય ધારણ કરે તો અંશને પ્રસાદ રૂપ  નિર્વાણ પદ તુરંત પ્રાપ્ત થાય. માટે આ જ રીતે એક નિર્દ્વંદ (જગતના દ્વંદથી પર થઈને) આરાધન કરવું. જો કદાપિ લક્ષગતિ વડે નિજ ''કૈવલપતિ''ના નિર્વાણ પદને વિષે વૃત્તિની સજાણ દૃષ્ટિ પહોંચીને કિંચિત સ્પર્શ થાય, તો સ્પર્શ થતા વારમાં જ અનંત પાપનું નિવારણ થાય છે. જેમકે નોળીયો સર્પને ચાવીને તેનો પ્રાણ ઘાત કરે છે, તેનું વિષ તે નોળિયાને ચઢે છે. ત્યારે તે વનસ્પતિની બુટ્ટી સુંઘી આવે છે. તેને લીધે ઝેર ઉતરી જાય છે. તે જ બુટ્ટી વાદી લોકો (ગારૂડી) પોતાની પાસે રાખે છે. તે બુટ્ટી જેને સર્પનું ઝેર ચઢયું

હોય ત્યારે તેને તે બુટ્ટી સુંઘાડે એટલે તેનુ ઝેર ઉતરી જાય છે. તે જ પ્રકારે પ્રપંચ પદાર્થના સ્વાદને વિષે અનેક જન્મનું લીધેલું વિષ શરીરના સર્વ અંગની વૃત્તિને વિષે વ્યાપી ગયું છે. તે વિષ સામાન્ય, વિશેષ સર્વ અંશોને ''સગુણ, નિર્ગુણ'' રૂપ લક્ષ સ્વાદનું ચઢેલું છે. હવે તે વિષ ઉતરી જાય એવો ઉપાય શું છે? ત્યારે **''પરમગુરુ'' એ જે કોઈ ગારૂડી જાણવા તે વનસ્પતિની બુટ્ટી સૂંઘાડે છે. પછી તે પ્રથમ તત્ત્વજ્ઞપણે નિજના લક્ષ રૂપી જ્ઞાન દર્શાવે છે.** અને વળી આપણે અલ્પજ્ઞ ગતિવંત અંશ છીએ. એવું તે પોતાની સજાણવૃત્તિ ભાવનારૂપી નાકને વિષે પહેલી સુંઘાડે. પછી પોતે અંશ પ્રત્યે તો તેના ''કર્તા'' આદિ પ્રોક્ષ જે છે, તે લક્ષ જણાવે. પછી સુગંધ વનસ્પતિ બુટ્ટી રૂપ સકર્તા અનાદી સિદ્ધનો નિજલક્ષ જ્યારે દૃષ્ટિએ લે ત્યારે તેણે કરીને નિજવૃત્તિને વિષે એ અજ્ઞાનરૂપ પદાર્થના સ્વાદનું જે વિષ ચઢેલું તે, તત્કાળ ઉતરી જાય છે. એવી જે અંશને ''પરમગુરુ'' પ્રસાદ વડે પરમ ''કર્તા'' રૂપી અચળ બુટ્ટી પ્રાપ્ત થાય અને તે નિજ સજાણ વૃત્તિરૂપી નાશાપુટને વિષે તિવ્ર બોધ ગ્રહણ કરે તો, તેનું ઝેર ઉતરી જાય અને તે અંશ સચેતન થઈને, પરમ દિવ્ય ભજન પામે છે. માટે વારંવાર પ્રબોધે (પરમ લક્ષ માટેનો જ્ઞાનોપદેશ) જણાવે તે જ ભજન કરવું. જેના સંયોગ વડે અનંત કલ્પ અજ્ઞાનનું વિષ ફરી આપણને આવીને સ્પર્શ ન કરે. અને ''પરમપદ'' પામતા સુધી અખિલ તત્વ ભાગ પોતાને આધિન રહે તેવી પ્રવૃત્તિ કરતા રહેવું.

હવે જ્યાં સુધી તત્ત્વ ભાગ સ્વાધીન ન થયો, ત્યાં સુધી પરમ નિજ ગતિ અભંગ થઈ નથી એમ જાણવી. તે ગતિ પણ અભંગ કોની ન થાય તે કહીએ છીએ. જેણે શ્રવણને વિષે લક્ષ બોધના વચનની પ્રીતિ નથી. તો તેને શા માટે અનાદિ પદની પ્રાપ્તિ થાય ? અને હા, પ્રાપ્તિ ના થઈ તેણે સંસારનો ત્યાગ કરીને નીહંગપણું ધારણ કર્યું હોયતો પણ પરમપદની પ્રાપ્તિ વિના સકલ વર્તેલું ઉપલ્લું ઢોંગ સરખું જાણવું. અહો ! તેણે કદાપિ દેખાદેખી યોગ લીધો હોય, તે તો ધન અને સન્માન લેવાને અર્થે તેમજ જગતમાં મહત્તા દેખાડવા સારૂ જાણવો.પણ જેણે પ્રપંચ ત્યાગ કરીને ઉપયોગ શું કર્યો ? **જેણે ''પરમગુરુ''નું મન રીઝવ્યું નહીં, અને ન કર્યું તન મને કરીને સેવન. માટે દામને અર્થે દંભીક ભજન દેખાડ્યું. તે સર્વને દેખાડવા એકાંતમાં ધ્યાન ભજન કરીએ છીએ, એમ કહીને બેસે. જેને આદિ, મધ્ય અને અંતમાં નિજરૂપ તથા પોતાના સકર્તા પતિની ગતિ જેને નથી,**

**અને તત્ત્વ સ્વાદના પ્રવાહને વિષે અતિશય અવિવેકે કરીને દોડતા જાય છે એમ જાણવું. હવે જેણે પ્રપંચ પણ ખોટો કર્યો. અને પરમાર્થનો પણ સાથ ન કર્યો. એવા જીવો બંને તરફથી લૂંટાઈને અઘોર નર્કમાં પડવા જેવા થઈ રહ્યા.** ત્યારે તેને સમર્થ ''શ્રી પરમગુરુ'' કહે છે કે, અહો ! અંશ અલ્પજ્ઞ જીવ, તમે શું કરવા ભવ સંસાર છોડીને વિઢળતા (વિટંબણા) કરી લીધી ? અને આગળ કલ્પ કલ્પમાં પણ થતી જશે. માટે અરે! પ્રપંચને વિષે રહીને અથવા છોડી દઈને ત્યાગને ધારણ કરીને પણ જે કરવાનું હતું, તે તો ન આચરીને ભટકો છો. તેણે કરીને તમારી નિદાન (આખરી પરિણામક) ગતિ કેમ થશે? વળી ''પરમગુરુ'' તેને શું કહે છે કે, જે મારો બોધ વચનનો અભ્યાસ કરીને તે વચન રૂપ ગ્રંથ હાથમાં પાસે લઈને તેમાં જીવોને પકડી પકડીને ગૂંચવી નાંખ્યા. તમે ગૂંચવનાર અને ગૂંચાઈ રહેનાર જીવો એ બંને બંધન થઈને રહ્યા. જેથી કલ્યાણ આદી કોઈનું પણ ન કર્યું, કે ન થયું.

**પ્રશ્ન :** ત્યારે, એમ કહેશો કે આપનો અનુગ્રહ પરમ તિવ્ર મહાદ્ લક્ષ બોધ નિજ આપરૂપ અને પતિપદ સહિત જે ઉત્તમ પ્રકારે અમોને કરેલો અને તે અનુગ્રહે તેનું કલ્યાણ ન થયું ત્યારે તેનું ફળ શું રહ્યું? અને ઉપદેશનો પ્રતાપ વાણીએ મહા અદ્‌ભુત કહો છો, તો તે વૃથા કે શું?

**ઉત્તર :** ત્યારે, ''પરમગુરુ'' વદે છે. જે જીવ પ્રત્યે અમો ઉપદેશ કરીએ છીએ.તે કાળે જીવની વૃત્તિઓ કીલમીસ રહિત હોય છે. અંતરમાં પ્રેમ ઉત્કંઠા સહિત હોય છે, ત્યારે ઉપદેશ આપીએ છીએ. પણ તે ઉપદેશ''અમર મંત્ર'' લક્ષ ગ્રહણ કરીને તેનું સાધન વર્તમાન તે પ્રમાણે નથી કરી શકતા. તે માટે તે ફળદ્રુપ (ફળીભૂત) થઈને ''નિજપદ''ની પ્રાપ્તિ કેમ થાય? જેમ નારીને ઋતુ જોઈને પુરુષ તેનો ઉપભોગ કરે છે. ને તે બિન્દુ બીજ કમળને વિષે અર્પણ કરે છે. તે બિંદુ કમળ ને વિષે જામ્યા વિના નાશ થઈ જાય તેમાં પુરુષનો શો અપરાધ છે? **તેમ ''પરમગુરુ'' લક્ષ બોધ જીવ પ્રત્યે કરે છે, અને તેનો સંગ્રહ જીવ નથી કરી શકતા. માટે તે જીવોને કરેલો ઉપદેશનો દોષ કિંચિત માત્ર ''પરમગુરુ'' તરફ નથી.** માટે સંત, સાધુ જન નરનારી એમ વિચાર કરીને જુઓ.

જીવની વૃત્તિને વિષે અવિનાશી લક્ષનો બોધ અંગે કરેલો ઉપદેશ ન ટક્યો. તો ત્યાં આરતરૂપ ઋતુ કમતી (ઓછી) માટે લક્ષ ન રહ્યો. પરમ પુરુષનો સત્સંગ થયો તો પણ, તેના હાથમાં કશું આવ્યું નહીં. એટલા સારું પોતાની પ્રવૃત્તિમાં

આરત વ્રેહ અતિ પરમ પ્રેમ ધારણ કરીને ''પરમગુરુ'' નો સત્સંગ અતિ ઉતાવળે કરી લેજો. પછી તે અનુગ્રહ બિન્દુ ''કૃપાસિંધુ'' આપશે. તે નિજવૃત્તિ સજાણ કમળ હેતુમાં ઠરશે. તેને કરીને કલ્યાણરૂપી ફળ અનંત અભંગ ફળશે.

હવે ''પરમગુરુ'' સિંચન વડે તેજ ઉપદેશનું ફળ વૃક્ષ વધ્યું. તેનો અનુભવ પ્રત્યક્ષ જાણજો. તે નિજકર્તાના લક્ષરૂપીફળ પરિપક્વપણે તાદશ્ય દેખાય છે. એનો વિચાર પોતે જોઈને અક્ષય પ્રતિતિ રસ ફળનું સેવન કરજો. તે પરમગુરુ અને પુરાતન ''કૈવલ'' ને ભજવું, ત્યારે એમ શ્રવણ કરીને તમે કહેશો કે, અમે તો તમારો લક્ષ લઈને પોતાનું રૂપ અને નિજકર્તાને જાણીને ભજન કરીએ છીએ. એવું કહેશો, તો તેનું સાંભળો. લક્ષ બોધ પ્રમાણે ભજન અને રહેણી જેટલાં વચન નીતિએ વર્તમાન કરશો, તેટલા સારધાર સંસારમાં કે ભેખ લીધેલા અંશ સર્વ આદી મધ્યાંત સુધી પારાંગત થશો. અને લક્ષ જાણીને પછી જો વચન પ્રમાણે ન વર્તો, અને અનીતિ કપટ કરીને જેટલા ચાલશો, તેટલા અંશને પાછળ જન્માતરે અનીતિ કરેલી ભોગવવાની રહેલી છે. અને હાલ અનીતિ છાની છુપાઈને કે ઉઘાડી જેટલી વર્તમાન કરે તેટલી કર્તાનો સંકલ્પ પુરો થતા સુધી અવધિ પર્યંત ભોગવવું પડશે તે છુટવાનું નથી.

## પ્રકરણ ૧૧

# ચતુર્પુટીયુક્ત પંચદેહનાં તત્વોનો નિર્ણય તથા તેની અહંતા નિરૂપણ

આદિ સકર્તાના અંશ આપણે કેટલાક કાળ ચૈતનરૂપ દેહાતીત સજાણ સ્વરૂપે હતા. કશા પદાર્થ-તત્ત્વનાં માપ ધારણ કરેલાં ન હતાં. એવા નિષ્કલંક હતા. અને આપણા નિજકર્તા પણ અનાદિ, સિદ્ધ, સ્વયં, તત્વાતીત, દિવ્ય, અતિ સચેતન, કૈવલ વિભૂતિ એ એકાકી શૂન્યમાં હતા. તે કર્તાને પદાર્થ ઉત્પન્ન કરવાનો ભાવ અચાનક ઉપજણ ઉપજી અને સંકલ્પ થયો. નિજ રૂપ તૃપ્તપણે વૈભવ ધારીને આરામ કરીને સ્વસ્થ હતા. તે કાળે એવી ભાવના થઈ.

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો કે ચૈતન ઉપાધિ રહિત સુખ તો પરમ વરિષ્ઠ છે. જે ઠેકાણે કોઈ કષ્ટ જ નથી. અને ત્યાં તત્ત્વ કૃત ઉપજાવવાની ભાવના કનિષ્ઠ શા સારૂ ધારણ કરી? અને તે સુખમાં એવી ભાવના પણ કેમ ઉપજી?

**ઉત્તર :** ત્યારે સાંભળો, તેનું દૃષ્ટાંત જેમ કોઈ માનવજાતમાં નરનારી ઘણાક દિવસ પક્વાન ભક્ષણ કરે છે. પછી તે ખાતાં ખાતાં ખવાય નહીં. અને તેના ઉપરથી અભાવ થઈ જાય. ત્યારે ખાટુ, ખારૂ, તીખુ-તમતમતું એવા પદાર્થ ખાવાનું મન થાય.તે જ પ્રકારે અનાદિ સકર્તા પ્રત્યે ઉપજી આવ્યું ત્યારે, સંકલ્પ થકી "ખટવૃત્તિથી" તત્વ અને અંશ સમેત અલંકાર ઘણા જ નિજ ગતિએ ધારીને (નક્કી કરીને) તેમાં અંશ અને તત્ત્વ ભરીને વસાવ્યા. તે પણ નિયમ અવધિ સહિત ઉપજાવીને ખેલ ચલાવ્યો છે. દ્વૈત વિના હાસ, વિલાસ, વિનોદ ન થાય.

એવું પોતે અવિનાશી સકર્તા સર્વજ્ઞ જાણે છે જ. માટે અતિ મજબૂતાઈ કરીને અનંત વિધિ ખેલ રચ્યો છે. એ સર્વે અંશને પદાર્થના અલંકાર કરીને આપેલા છે. જે પદાર્થને સંગે નિજઅંશનો ભાવ અર્થે હેતુ પણ પૂર્ણ થાય એવું ક્રત કર્યું છે. તે માટે તે પદાર્થ આપણે આપણી રૂચી પ્રમાણે વર્તાવીએ છીએ. જેના ઉપરથી આપણને કિંચિત માત્ર અંતરમાં હજુ સુધી અભાવ નથી થતો. અને બ્રહ્મજ્ઞાની જે જન જગતમાં છે તે તો ઉપલે મને અમસ્થો અભાવ ધારણ કરીને મિથ્યા કહેતા જાય છે. તે શબ્દ આદિ પદને જ્ઞાને જાણ્યા વીના કહે છે. પણ પરિણામને વિષે ચૈતનવત્ ત્યાં (આદિપદમાં) અંશ ભિન્ન કયાં રહેશે? જે કાળે પંચદેહનો અવધિ અંત આવશે. તે કાળે ભિન્ન રહેવાનું નથી, પરંતુ ત્યાં સુધી તો અલંકારમાં ભરેલા તત્ત્વ તે પદાર્થ નિજકર્તાએ જ ઉપજાવેલા છે.

**પ્રશ્ન :** તે પદાર્થ નિજકર્તાએ જ ઉપજાવ્યા છે, તે શા સારૂ?

**ઉત્તર :** ત્યારે, પોતે પોતાની મેળે અંશ સૃષ્ટિ ઉપજાવીને તેને જાણવા સારૂ કર્યા છે. અને પોતાને કર્તાનો આશય સૂઝે. **અંશ પદાર્થ સમેત નીતિયે વિચરણ કરશે. તેણે કરીને કલ્પાંત સુધી મારો કરેલો ખેલ આનંદમય ચાલશે. અનંત પ્રકારે અનંત જીવ વર્તશે, અને મને જાણીને ભજન ચિંતવન કરીને સંતોષ પમાડશે. એ વિધિ (પ્રમાણે) વિચારીને વિલાસનો સર્વ અપાર પ્રવાહ પોતે સંકલ્પ વડે ઘડ્યો.** તેની સર્વે મૂળ પ્રવૃત્તિ ઊલટ સૂલટ તત્ત્વ ભાગ નીતિ પ્રથમ જ સર્વે અંશોને યુક્તિ કરીને કહી છે, પણ સ્થૂળ દેહ આદ્યે પરમકારણ દેહ સુધી પંચતનું અવધિ નીમીને કર્તાએ પોતે રચ્યા છે. હવે તે કેટલાં કેટલાં તત્ત્વનો કયો કયો દેહ કર્તાની ક્રિયાવૃતિએ કર્યો છે, તે ભિન્ન ભિન્ન કહું છું.

## પંચદેહની પ્રવૃત્તિ

**(૧) સ્થૂળદેહ:** અહંકાર ઘણથી પંચભૂત અને પંચ માત્રા એ દશ થયેલાં તે. અને રજોગુણની દશ આકાંક્ષાઓ એ વીસ તત્ત્વ ભાગ લઈને અને રજોગુણ તથા અહંકારઘણ પ્રધાન એ બંનેમાં મેળવીને એ બાવીસ તત્ત્વનો સ્થૂળ દેહ પ્રવૃત્તિ થાય તે જાણવો.

**(૨) સૂક્ષ્મદેહ:** સત્વગુણથી ઊપજેલાં પંચ અંતઃકરણ અને પંચ અવસ્થા એ દશ તત્ત્વ અને સ્વકાસઘણથી થયેલાં પંચ વિવસ્તા તથા પંચ સંભસકરણ એ

દશતત્ત્વ મળીને વીસ તત્ત્વ થયાં, અને સત્વગુણ તથા સ્વકાસઘણ પ્રધાન એ બંને મળીને બાવીસ તત્ત્વનો સૂક્ષ્મ દેહ પ્રવૃત્તિ થાય તે જાણવો.

**(૩) કારણદેહઃ** તમોગુણથી ઊપજેલા દશકાળ અને અચંત ઘણની દશ ભાવનાઓ મળી વીસ તત્ત્વ એ. અને તમોગુણ તથા અચંતઘણ પ્રધાન એ બંને મળીને બાવીસ તત્ત્વનો કારણદેહ પ્રવૃત્તિ થાય તે જાણવો.

**(૪) મહાકારણદેહઃ** તો ચતુર તત્ત્વ કારણનો છે. તેમાં પહેલું આનંદ તત્ત્વકારણ, બીજ મહાતત્ત્વકારણ, ત્રીજુ ધનંજે તત્ત્વકારણ અને ચોથું પ્રકૃતિ તત્ત્વકારણ, એ ચતુર તત્વકારણની પ્રવૃત્તિ થાય તે મહાકારણ દેહ જાણવો.

**(૫) પરમકારણ દેહઃ** તે અવ્યાક્તતત્ત્વ અને નિરંજનતત્ત્વ તે બંને તત્ત્વની પ્રવૃત્તિ થાય તે પરમકારણ દેહ જાણવો.

એ પ્રકારે પંચદેહ મળીને કુલ બહોતેર તત્ત્વનાં પંચતનું જાણવાં.એ પ્રકારે ''ઈચ્છાવૃત્તિ'' થકી બહોતેર તત્ત્વ નિરમીને અંશને સારૂ પંચદેહ કર્તાએ ક્રિયાવૃત્તિના હાથે કર્યાં તે કહ્યા. ત્યારે એવું શ્રવણ કરીને શ્રોતાને સંશય ઉત્પન્ન થયો તે પૂછે છે.

**પ્રશ્ન : મહારાજ !** તમો પ્રથમ પંચદેહને વિષે અંતઃકરણ અને અવસ્થા ''ઊલટક્રિયા'' ને વિષે ભિન્ન ભિન્ન કહી. અને અહીં તો એક સૂક્ષ્મ દેહને વિષે અંતઃકરણ અવસ્થા કહી. અને બીજા તનુ પણ અન્ય તત્ત્વનાં કહીને ભેદ વર્ણવ્યો છે. તે માટે તે વાતનું પ્રકરણ શું છે? તેનો આશય એ પ્રકારે હોય તો તે, અને નહીં તો જેમ હોય તેમ કહો.

**ઉત્તર :** એવું સાંભળીને ''પરમગુરુ'' આતુર સંત સંજ્જન શ્રોતા પ્રત્યે કહે છે કે જે પ્રકારે પંચદેહનાતત્ત્વ ભાગ કહ્યા, તેજ પ્રકારના તત્ત્વ ક્રિયા વૃત્તિએ પોખીને કર્યા છે. તેને વિષે અન્યોઅન્ય એકબીજા દેહમાં તત્ત્વ અંતઃકરણ મૂળ મકાન જે જેનું છે. તે તનુમાં રહીને વર્ત્યાં જાય છે. તેની પાછળ તત્ત્વની ત્રિપુટી દેખાડી છે. તે પ્રકારે સંક્ષેપે જાણવી.

હવે તેથી બીજો અનુભવ કે પાંચેય પ્રકારનાં દેહમાં કઈ અવસ્થા, અંતઃકરણ, તત્ત્વ અને કયા દેહને વિષે કઈ અહંતા રહીને તે દેહના તત્ત્વની પ્રવૃત્તિ કરાવે છે? કઈ જગ્યાએ નિવાસ કરીને એનું વર્તમાન ચાલે છે. તેના ઠેકાણા સહીત કહીયે છીએ તેની પ્રતીતિ લેવા સારૂ શ્રવણ કરજો.

## પંચદેહની અહંતા

(૧) સ્થૂળદેહ, પૃથ્વી તત્ત્વ, મન અંતઃકરણ અને રજોગુણ અધિષ્ઠાન સહ એ ચતુરપુટી સંયુક્ત જાગૃત અવસ્થા ચક્ષુને વિષે ભોગવે છે. તેના વિષે **અહં દેહોઅસ્મિ** અહંતા વર્તે છે.

(૨) સૂક્ષ્મદેહ, જળતત્ત્વ, બુદ્ધિ અંતઃકરણ અને સત્વગુણ અધિષ્ઠાન સહ એ ચતુરપુટી સંયુક્ત સ્વપ્ન અવસ્થા કંઠ સ્થાનને વિષે ભોગવે છે. તેના વિષે **અહં જીવોઅસ્મિ** અહંતા રહી છે.

(૩) કારણદેહ, અગ્નિતત્ત્વ, અહંકાર અંતઃકરણ અને તમોગુણ અધિષ્ઠાન એ ચતુરપુટી સંયુક્ત સષોપતિ અવસ્થા પ્તદય સ્થાને ભોગવે છે. ત્યાં **અહં શિવોઅસ્મિ** અહંતા રહી છે.

(૪) મહાકારણદેહ, વાયુતત્ત્વ, ચિત્ત અંતઃકરણ અને અવ્યાકત અધિષ્ઠાન એ ચતુરપુટી સંયુક્ત તુરિયા અવસ્થા મણીપુર નાભિ સ્થાને ભોગવે છે. ત્યાં **અહં બ્રહ્મોઅસ્મિ** અહંતા રહી છે.

(૫) પરમકારણદેહ, આકાશતત્ત્વ, નચિંત અંતઃકરણ અને નિરંજન અધિષ્ઠાન એ ચતુરપુટી સંયુક્ત ઉનમૂનિ અવસ્થા બ્રહ્મરુંધ્ર ભોવનને વિષે ભોગવે છે. ત્યાં **અહં સર્વ વિસર્જનોઅસ્મિ** અહંતા રહી છે.

એ પ્રકારે તત્ત્વ દેહાદી સમોહ અન્યોઅન્ય વર્તે છે. તેનો સકલ ભેદ નિરૂપણ કર્યો.

**પ્રશ્ન :** હવે આ પંચ શરીરના ભાગ ન્યારા ન્યારા પોખેલા તે પાંચેય દેહનાં તત્ત્વને જુથ બંધ ભિન્ન ભિન્ન કોણ રાખી રહ્યું છે? અને પંચ શરીરની પંચ અહંતાઓ તે કયા ઘરમાં વસે છે?

**ઉત્તર :** હવે તેની પ્રતીતી કહીએ છીએ. જે નિજકર્તાની ''પ્રકાશ બ્રહ્મવૃત્તિ'' જે થકી ત્રણ મહાતત્ત્વ થયાં. (૧) અવિકાસ મહાતત્વ (૨) વિકાસ મહાતત્વ અને (૩) કુંભસ્થ મહાતત્વ એ ત્રણ તે પંચ શરીરને વિષે પોખેલાં છે. તેમાં અવિકાસ અને વિકાસ એ ઉભયે મહાતત્ત્વ પંચદેહની તત્ત્વ જુથને એકઠાં રાખીને રહ્યાં છે. અને ત્રીજુ કુંભસ્થ મહાતત્ત્વ તે પંચદેહની સંધિને વિષે પોખેલું છે. તેની પ્રવૃત્તિ તે પંચદેહને વિષે ભિન્ન ભિન્ન અહંતા જે પ્રથમ કહી છે. તે તે દેહને વિષે કુંભસ્થ મહાતત્ત્વ માન્યતાએ તે તે અહંતાને માની રહ્યું છે.

**પ્રશ્ન :** હવે તે પંચ શરીર નાના વિધ વૈભવને વિષે હુલ્લાસવંત પોતપોતાના તત્ત્વભાગ સામૃથ પ્રમાણે રહે છે. તે હુલ્લાસને ઉથલાવીને ભંગ કોણ કરે છે? હવે તે કહીયે છીએ.

**ઉત્તર :** કર્તાની ''સંજમ ભોગવૃત્તિ'' નાં ત્રણ ચક્ષસત્વ થયાં. (૧) અનંગ ચક્ષસત્ત્વ, (૨) વ્રગજ્ઞાન ચક્ષસત્વ અને (૩) કાળ ચક્ષસત્વ જાણવાં. એ ત્રણની પ્રવૃત્તિ પાંચેય શરીરને વિષે થાય છે. તે કહીએ છીએ. એ ત્રણમાં વ્રગજ્ઞાન અને અનંગ ચક્ષસત્વના ભાગ પંચદેહને વિષે રહીને પંચશરીરને ઉમંગમાં રાખે છે. આ બંને ચક્ષસત્વના યોગે તેની પ્રેરક અને કુંભક ક્રિયા થાય. તેને કરીને પાંચેય દેહ સંતોષ આનંદ રૂપે રહે છે. અને કામના તેમજ તત્ત્વભાગની પ્રવૃત્તિ પણ એના વડે આદ્ય અંત થાય છે. તે પંચ દેહનો ઉમંગ જે વર્તે તેણે જે વેળા કાળ ચક્ષસત્વની પ્રવૃત્તિ ચાલે તે વેળા સકલ તત્ત્વ ભાગની પ્રવૃત્તિ ભંગ કરી દે છે, એ પ્રકારે પંચદેહને વિષે આવંન્તર (અભ્યંતર) અવસ્થા ભોગવે છે. અને ચક્ષસત્વ તથા મહાતત્ત્વ વતર્માન કરે છે, તે દર્શાવ્યું.

એ જ ચક્ષસત્વ તત્ત્વની અને અવસ્થાની ચાલ પલટાવે છે. તેનું પ્રકરણ વાતડરાગ (ગદ્ય વિભાગવાળા) પંચીકરણમાં કહ્યું છે, તે અખિલ ચક્ષસત્વનો પ્રકાર જાણીને અતિ ઉજાગ્રતપણા વડે સજાણ દૃષ્ટિને લક્ષ ધ્યાને રાખીને નિજ ''કર્તાનું'' ભજન અખંડ કરવું. ત્યારે શ્રોતાજન તે સાંભળીને પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** જે પંચદેહ, અવસ્થા સહિત ચતુરપુટી કહી, તેના વિષે કઈ અવસ્થામાં રહીને કર્તાને ભજવા? કઈ ભૂમિકા અને ક્યા સ્થાનમાં રહીને ભજીયે તો ત્યાંથી આપણા સનાતન ''કર્તા''પ્રગટ નેત્રે દેખાય? એવો અનુભવ નિર્વાણ પદનો નિજ કૃપા કટાક્ષે કરીને નિંદાન કરી દાસ પ્રત્યે આપો.

એવો પ્રશ્ન સાંભળીને પરમ સામૃથ ''પરમગુરુ '' નિજનાથ અંશોના કલ્યાણ અર્થે ચોખ્ખું પરમાર્થ કહે છે.

## પ્રકરણ ૧૨

# પરમગુરુની લક્ષબોધ ગતિ વડે સપ્તભૂમિકાનો નિર્ણય

**ઉત્તર :** અહો, સંત સજ્જન અધિકારી તમોએ જે પ્રશ્ન કર્યો, તેનો ઉત્તર પ્રતીતિ આવે અને તેની ગતિ પ્રાપ્ત થાય એવું કહીએ છીએ હવે કઈ ભૂમિકાને વિષે રહીને સનાતન કર્તાનું ભજન થાય, અને કઈ અવસ્થામાં અનુભવપણું શ્રેષ્ઠ જણાય, તે સહિત અખિલ સૃષ્ટ વેદાંતની પાર ઉત્કૃષ્ટ ગુરુગમ જે મારૂ નિજ ગુંજ (ગુહ્ય) હાર્દનો અર્થ જે અનાદી વિવેક છે, તે કહું છું. એવું ''પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર '' સંત સજ્જન અધિકારી પ્રત્યે બોલતા હતા, તે સાંભળો. જે વેદાંતમાં તેમ સપ્ત ભૂમિકા કહી છે, તેનો પ્રકાર તો વાતડ રાગ પંચીકરણમાં કરેલું છે. તેના વિષે કહ્યું છે, હવે ત્યાં ''પરમગુરુ'' એ ગતિનો આશય ગુપ્ત રાખ્યો છે. તેનું કારણ એ કે, તે તો બ્રહ્મલક્ષની પાર જ્ઞાન ગતિ સમજાવવાની છે. માટે ગુપ્ત રાખેલો છે. તે હવે પ્રગટ કરું છું. નિજ ''કર્તાનું'' ભજન સર્વજન કરો એવો સપ્ત ભૂમિકાનો દેશ શ્રવણ કરાવું છું. તે ''પરમગુરુ'' ના દાસ જે ભાગ્યવંત હશે, તેમના અર્થનું છે.

હવે સપ્ત ભૂમિકા કઈ? અને કયા શરીરને વિષે વસીને? અને કયા તત્ત્વને ? કયા દેવ અધિષ્ઠાન? અને અવસ્થા કઈ? એટલા સહવર્તમાન પ્રવૃત્તિ કયા પ્રકારે તે ભૂમિકાની થાય? ને કયું અંતઃકરણ ધારણ કરીને રહ્યું છે? તે સહિત કહીયે છીએ.

## સપ્ત ભૂમિકા

(૧) **શુભઈચ્છાભૂમિકાઃ** તે પૃથ્વીતત્ત્વ, સ્થૂળ શરીર, જાગૃત અવસ્થા, રજોગુણ, વિધિ (બ્રહ્મા) અધિષ્ઠાન સહિત મન અંતઃકરણ ધારણ કરીને રહ્યું છે. તે માટે પ્રથમ શુભ ઈચ્છા ઊપજે તે મનથી ઊપજે. તેનો સંકલ્પ કરનાર સ્થૂળને વિષે પ્રથમ મન જાણવું. તે શુભ ઈચ્છાની ક્રિયા વર્તમાન થાય, તે કર્મ પણ સ્થૂળ દેહે કરીને થાય છે. જે રજોગુણ આકંક્ષાઓની સર્વ ઊલટક્રિયા દેખાડી તે મુજબ ઉપાસના સંયુક્ત, વર્તમાન કરીયે ત્યારે સ્થૂળ શરીરને વિષે પ્રગટ જણાય. પંચભૂત, પંચમાત્રા અને દશ આકાંક્ષાઓ આદ્યે સંપૂર્ણ પ્રવૃત્તિ તે શુભ ઈચ્છા વિના પરમાર્થ તરફ અણુમાત્ર ન થાય. શુભઈચ્છાએ કરીને મોહ રજ ચાલે. (રજોગુણી મોહ વર્તે) તે મુજબ નિજ પોતે વર્તાવીએ તેવો વર્તે અને મનના સંકલ્પે ભાવના જે દેહને વિષે વર્તે તે પણ શુભઈચ્છાએ વર્તે. એ પ્રકારે પ્રથમ શુભ ઈચ્છા ભૂમિકા જાણવી.

(૨) **સુવિચારણા ભૂમિકાઃ** તે સૂક્ષ્મ શરીર, જળતત્ત્વ, સ્વપ્ન અવસ્થા, સત્વગુણ, વિષ્ણુ અધિષ્ઠાન સહવર્તમાન બુદ્ધિ અંતઃકરણ ભૂમિકા ધારણ કરીને રહ્યું છે. તે શા માટે? ત્યારે સુવિચાર જે મતિવંતને ઊપજે તે તે મતિ વડે થાય છે, અને ઉત્તમ વિચારનું સૂક્ષ્મ ક્રત કર્મ જે વર્તે, તે પણ સૂક્ષ્મ દેહે જ થાય છે. અંતઃકરણ, અવસ્થા, સત્વગુણ અને સ્વકાસઘણ એટલાં તત્ત્વની પ્રવૃત્તિ જે થાય. તે સૂક્ષ્મ દેહને વિષે તે સકલ તત્ત્વ ઊલટક્રિયા સુવિચાર કરવાના અર્થે આવે છે. અધિક નૂન્ય સામ્રથ પ્રમાણે સૂક્ષ્મ ક્રત કરવાના કામમાં આવે, માટે તેના વિષે સુવિચારણા ભૂમિકાનો લક્ષ બુદ્ધિ અંતઃકરણ ધારણ કરી રહ્યું જાણવું.

(૩) **તનુમાનસા ભૂમિકા :** તે કારણ શરીર, અગ્નિતત્ત્વ, સષોપતિ અવસ્થા અને તમોગુણ (રુદ્ર) અધિષ્ઠાન સહવર્તમાન અહંકાર અંતઃકરણ ધારણ કરીને રહ્યું છે. તે માટે જે દશકાળ, દશભાવના, તમોગુણ અને અંચતઘણ એટલાની પ્રવૃત્તિ અહંકાર અંતઃકરણ ધારણાએ વર્તે છે, અને એ સર્વ તત્ત્વનું માનીનતાપણું અહંકારને વિષે ઊપજે છે. અને સ્થૂળ સૂક્ષ્મ એ બંને દેહને તોળી રાખનાર પણ અહંકાર અંતઃકરણ જે ત્રીજી પાયરી (શ્રેણી) નું છે. કારણદેહને વિષે સકલ તત્ત્વનું વર્તમાન થાય તે પ્રકારે વર્તાવે છે. માટે તેના વિષે તનુમાનસા ભૂમિકા પ્રગટ રહેલી છે, તે જાણવી.

(૪) **સત્ત્વાપતિ ભૂમિકા :** તે મહાકારણ દેહ, વાયુતત્ત્વ, તુરિયા અવસ્થા અને અવ્યાક્રત અધિષ્ઠાન સહવર્તમાન ચિત્ત અંતઃકરણ ધારણ કરીને રહ્યું છે. તે શા માટે? તે કહીએ છીએ. સકલ અગમ સિદ્ધાંતનું સત્વ છે તે સત્વ સારાંશનું પતિપણું જે ચિંતવન છે. તે ચિંતવન ચિત્તે કરીને સર્વદા થાય, અહો ! ચિત્ત વિના અવસ્થાને વિષે કંઈ ચિંતવન સ્ફુરણ ન થાય. માટે ચિંતવન એ ઠેકાણે પ્રધાન છે, અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર જે પાછળ કહ્યાં. તેના સત્વનું પતિપણું તે પણ મહાકારણ દેહને વિષે વસે છે. અને આનંદ ઊપજે તેને ધનંજે તત્ત્વ ભંગ કરી નાંખે છે. પ્રકૃતિ જે વૃત્તિ અને પ્રવૃત્તિના પક્ષનો આદર કરીને સર્વ દેહનાં જે તત્ત્વકારણ છે તે સર્વ તત્વકારણ શરીરને વિષે મહદતા પણું રાખે છે. એ પ્રકારે ચતુર તત્ત્વકારણને વિષે શ્રેષ્ઠ પતિપણું રહ્યું છે. માટે મહાકારણ દેહને વિશે ન્યાયની સત્વાપતિ ભૂમિકા જાણવી.

(૫) **આસમશક્તિ ભૂમિકાઃ** તેમાં પરમકારણ શરીર, આકાશતત્ત્વ, ઉનમૂનિ અવસ્થા અને નિરંજન અધિષ્ઠાન સહ વર્તમાન નચિંત અંતઃકરણને ધારણ કરીને રહ્યું છે. માટે, જ્યારે નચિંતપણું જે છે તેનું નચિત અંતઃકરણને વિષે જ વર્તમાન થાય છે. અને બીજાં અંતઃકરણને વિષેથી તેનું વર્તમાન ચતુર વિધિ પ્રકારનું ભિન્ન ભિન્ન થાય છે. તેને આશમશક્તિ નામે ભૂમિકા કહીયે છીએ. જે આનંદ, ભંગ, પ્રવૃત્તિ અને મહદ્તાપણુ એ ચર્તુતત્ત્વ કારણની ક્રિયા ચોથા મહાકારણ દેહને વિષે થાય છે, તે સર્વ સમશક્તિ રૂપ નચિંતપણા વડે કરીને થાય છે, અને વારંવાર સ્થિરતાપણું જે આવે છે, તે પણ નચિંતપણાએ આવે છે. હવે આકૃતિ રહિત અવ્યાક્રત અને જ્યોતિ સ્વરૂપ અભિમાન પુરુષ એ ઉભયતા સમશક્તિવંત્ નચિંતપણાએ વર્તે છે, અને આસમપણુ તે જે આ કહેતાં તે આકાશતત્ત્વ સર્વ દેહને વિષે છે, તે સકલ ભાગને દેખે, અને સમપણે વસે છે. જેથી તત્ત્વભાગની ક્રિયા સંપૂર્ણ સમ થઈ જાય છે, તેમ જાણવું. એ પ્રકારે દેહને સમપણું જે થાય તે પરમકારણ દેહને વિષે છે. માટે આસમપણું જે છે તે પરમકારણને વિષે રહ્યું છે. તે માટે આશમશક્તિ નામક પંચમી ભૂમિકા જ્યાં વસે અને વર્તે છે, તેનો ભેદ દર્શાવ્યો.

એ પ્રકારે પંચ ભૂમિકા બહોતેર તત્ત્વને વિષે રહીને વર્તે છે. તે પ્રકારે ઉત્તમ પ્રતીતિ દેખાડી દીધી.

(૬) **પદાર્થભાવની ભૂમિકા**નું લક્ષણ કહીએ છીએ. જેનું વર્તમાન પ્રણવને વિષે લેતા શ્વાસમાં પ્રવૃત્તિ થાય છે. હવે પૂર્વે પંચભૂમિકાને વિષે દેહ, તત્ત્વ અવસ્થા અને અંતઃકરણ અધિષ્ઠાન સહિત કહ્યાં તેજ પ્રમાણે આ ભૂમિકાને વિષે અનુભવ દેખાડીયે. જે પ્રથમ અહંગ શરીરને પ્રણવ ૐકાર તત્ત્વ અને અવ્યાક્રત મહદ માનુભાવ અવસ્થા અને બ્રહ્મ અધિષ્ઠાન સહવર્તમાન ચિદાભાસ અંતઃકરણ ધારણા કરી રહ્યું છે. હવે ચિદાભાસ અંતઃકરણ કહેતાં તેજ ચિદ્‌નો ભાસ જાણવો, તે ચિદ્‌ના આભાસનો અંત તે ચિદ્ જ કહીયે. જે જેના વિષે વ્યક્ત પદાર્થની પ્રવૃત્તિ નથી, માટે તેને જ મહદ માનુભાવ અવસ્થા સ્થિતિ જાણવી. અને જે ચિદ્ કહ્યું તેનું લક્ષણ કહું છું. જે ચિદ્‌ના અંતનું કિરણ તે તો ચિદાભાસ અંતઃકરણ જાણવું, જે પ્રણવને વિશે ભાષ્યમાન્ય થઈને આવ્યું છે. નિરમાણ શક્તિ રૂપે જે અહંપણું છે તે પ્રણવને ધારણ કરીને રહ્યું છે. તે માટે તેને ચિદાભાસ અંતઃકરણ કહીએ છીએ.

હવે પદાર્થભાવની ભૂમિકાનું રૂપ કહીએ છીએ. તે જે અંત પદનો અર્થ કહેતાં જે બ્રહ્મને વિષે જેનો અષ્ટાંગે ભાવ છે. તેજ પદાર્થભાવની ભૂમિકા અને જેને અંતપદ અર્થનો ભાવ હેતુ જરૂર છે, તે ભાવ હેતુ પણ શુદ્ધ અહંગ શરીરને વિષે રહ્યો છે, તે અહંગ તો પ્રણવ તત્ત્વને વિષે વસે છે. પણ જેની (અહંગની) ભાવના બહાર નીકળી ને વ્યાપક વિભુને વિષે એકાકાર થઈ જવાની છે. માટે તેને પદાર્થ ભાવની ભૂમિકા કહીયે છીએ, તે આદી, મધ્યાંત સુધી દેહના તત્ત્વને વિષે વસે છે.

(૭) **તતષ્ટુરી બ્રહ્મસંગીતમ્ ભૂમિકા :** જે ભૂમિકાનો અનુભવ લઈએ ત્યારે ''અંશ અંશી'' પદનું એકતત્ત્વપણુ થાય છે. હવે તે ભૂમિકાને વિષે પૂર્વની ભૂમિકા પ્રમાણે શરીર અને તત્ત્વ, અવસ્થા અધિષ્ઠાન અને અંતઃકરણ ધારણ કરી રહેનારુ છે. તે સમેત કહીયે છીએ, સર્વ તત્ત્વ પ્રણવથી તિત જે નિજકર્તાનો સચેત, અંશ એજ રૂપ તે સ્વયંમેવ હંશ શરીર જાણવું. હવે સોહંગ પ્રણવ તત્ત્વ એ તો જે ચાલે છે તે તો મુક્તો દમ હોઈ જેની ભાવના બહાર નિરંતર ગવન કરવાની છે. જેના વિષે સહેજ શૂન્ય અવસ્થા જે અવિકાશ પોલ આદી અવ્યય રૂપે છે. કોઈ કોઈએ તેને ટપલી મારીને ઘડેલું નથી. માટે સહેજ શૂન્ય કહીયે છીએ. તે અવિકાસ પોલને વિષે સોહંગ ગવન કરીને અખંડ ભાવનાએ લીન

થાય છે. માટે અપાર સહેજ શૂન્ય જે છે તેને જ અવસ્થા કહી.

હવે જેનું અધિષ્ઠાન તે ''કૈવલ પદ'' જે પ્રકાશિક આદી નિરદ્વંદ છે. એટલા સહવર્તમાન ચિદ્ અંતઃકરણ ધારણ કરીને રહ્યું છે. હવે ચિદ્ અંતઃકરણ તે કૈવલ પદ ભાસક અખંડ જાણવું. તે '' કૈવલ પ્રભુ'' નું જે કિરણ ભાસ તેજ વ્યાપક ચિદ્ જે ચિદ્નો અંત તે બ્રહ્મ પ્રકાશ જે આદિ, અક્ષય, અવિનાશ, અચલ, અમર જાણવું. જે ચિદ્ના અંતનું કિરણ જે નિજ '' કૈવલકર્તા'' ની સજાણ બાજવૃત્તિ જે અનંત અંશોને માથે સર્વજ્ઞ રૂપે ધારણ કરીને રહી છે. તે માટે તેને ચિદ્ અંતઃકરણ કહીયે છીએ. અને વ્યાપક ચિદ્ બ્રહ્મનું સત્ત્વ જે કંઈ છે તે સત્વની સહેજ માનિનતા. તે પણ સ્વયંમેવ અંશવિપુને વિષે રહી છે. તે માનીનતા નિજ અંશના શુદ્ધ અહંપણાને વિષે જાણવી.

હવે તે તતષ્ટતુરી બ્રહ્મસંગીતમ્ ભૂમિકાનું કહીયે છીએ. જે સર્વ શરીર તટતિર ત્યાં રહીને સ્વયમેવ હંશને સોહમ્ પ્રણવ તત્ત્વ અને સહેજ શૂન્ય અવસ્થા એ ત્રણયેના વ્યાપક ચિદ બ્રહ્મ ને વિષે સંગ મળીને સર્વકાળ એકતા રહે છે. તે માટે તેને તતષ્ટતુરી બ્રહ્મસંગીતમ્ ભૂમિકા છેલ્લી આ દેહને વિષે કહીયે તે જાણવી.

તે ઉપરાંત ચિદ્ અંતઃ કરણ તે તતષ્ટ તૂરી બ્રહ્મસંગીતમ્ નિર્વાણ ભૂમિકાના સત્વને અક્ષય ધારણ કરીને રહેનારું જાણવું.

**પ્રશ્ન :** હવે આ સપ્ત ભૂમિકા માનવશરીરને વિષે ભિન્ન ભિન્ન પ્રકારે કહી, તે શા માટે? અને શા સારું આ સાત ભૂમિકા કર્તાએ રચી છે? તે કહીયે છીએ.

**ઉત્તર :**''નિજકૈવલકર્તા'' નો અંશ નિજ આપનું આપ તે સચેતન સજાણ જાણ સ્વરૂપ જાણવું. **તે અંશને બિરાજમાન થઈને રહેવા સારું સાત માળની હવેલી તત્ત્વ ભાગની રચીને કર્તાએ કરેલી છે. તે અંશ તે નિજ કર્તાના સર્વે નિજ સુત (પુત્ર) છે. હવે એ મહેલ કૈવલના અંશને રહેવા સારું છે. તેમાં આ મહેલનાં જે મજલામાં અંશને પોતાની ઈચ્છા થાય, તે મજલામાં અંશની દ્રષ્ટિ રૂપ વૃતિ અભાસમાન થઈ ને જ્યારે સ્થંભન પામે ત્યારે તે ભૂમિકાનો તે પુરુષ કહેવાય.** અને બાકી તો નિજકર્તાના અંશ ને દેહના સાતેય માળ સામાન્ય જ સદા સર્વકાળ છે. પણ તેના વિષે ભૂમિકા ભૂમિકા પ્રત્યે કર્તાના અંશની અધિક ન્યૂન ગતિ તત્ત્વના માપ પ્રમાણે મહદત્તા અને સ્થિતિ જણાય છે.

**પ્રશ્ન :** તે કયા પ્રકારે છે?

**ઉત્તર :** જ્યાં જેવી ભૂમિકા, સ્થૂળ, શુભ, ઈચ્છાઆદિ ત્યાં તેવાં તત્ત્વ, દેવ, અંતઃકરણ અને અવસ્થાનો પ્રભાવ આદ્યે સર્વ રહ્યાં છે. તે પ્રમાણે મહદતા સ્ફુરે છે તે તે પ્રકારે ત્યાં કર્તાના અંશની મહદતા સ્ફુરણ થાય છે. તેને કરીને મહાદ્‌તાની પ્રતીતિ ભિન્ન ભિન્ન જણાય છે, તેમાં પ્રથમ ''શુભ ઈચ્છા'' ને વિષે કર્તાના અંશની સજાણ ઈચ્છા વર્તમાન કરે તો, તે પ્રથમ ભૂમિકાનો સર્વજ્ઞ પુરુષ કહેવાય, અને જો ''સુવિચારણા'' ને વિષે અંશની ઈચ્છા વર્તે છે તો બીજી ભૂમિકાનો તે પુરુષ કહેવાય. ''તનુમાનસા'' ને વિષે અંશની ઈચ્છા વર્તે તો તે ત્રીજી ભૂમિકાનો પુરુષ કહેવાય. "સત્વાપતિ'' ને વિષે કર્તાના અંશનો હેતુ વર્તમાન કરે તો તે ચોથી ભૂમિકાનો પુરુષ કહેવાય. ''આશમશક્તિ''ને વિશે અંશની ઈચ્છા જો વર્તમાન કરે તો તે પાંચમી ભૂમિકાનો પુરુષ કહેવાય. ''પદાર્થ ભાવની'' ને વિષે જો અંશની ઈચ્છા વર્તમાન કરે તો તે છઠ્ઠી ભૂમિકાનો પુરુષ કહેવાય. અને જો કદાપિ ઉત્તમ પ્રકારે ''તતષ્ટ તુરી બ્રહ્મસંગીતમ્'' ને વિષે કર્તાના અંશની ઈચ્છારૂપ સજાણ દૃષ્ટિ વર્તમાન કરે તો તે પુરુષ સાતમી ભૂમિકાએ અરૂઢ થયેલો જાણવો.

તે સર્વ ભૂમિકામાં શ્રેષ્ઠ ભૂમિકા એ છે કે જ્યાં રહીને જેની ગતિ અવિનાશી કર્તાપદને વિષે પહોંચી જાય. એ પ્રકારે સપ્ત ભૂમિકા જે કહી, તે મધ્યે કર્તાના અંશની ઈચ્છા જ્યાં જ્યાં નિજ ભાવના થાય, ત્યાં ત્યાં અંશ બિરાજમાન થયે જાય છે, પણ તે સર્વભૂમિકાનું સ્વરૂપાકારપણું તે સ્થૂળ દેહ અને જાગૃત અવસ્થાના અનુભવને વિષે વિચાર કરીએ ત્યારે જાણવામાં આવે. તે વિના બીજા દેહ કે બીજી અવસ્થામાં એનો અનુભવ કળી શકાય નહિં, માટે અતિ ઉજાગૃતપણે રહીને જાણવામાં તથા કહેવામાં આવે છે જે બીજી અવસ્થામાં કહેવાય નહિં. બીજા દેહ કે અવસ્થાને વિષે સજાણ અંશની દૃષ્ટિ આભાસમાન ન થાય તો ત્યાં કુંભક પામીને ત્યાં જેવું તત્ત્વ ભાગનું વર્તમાન હોય તેવું વર્તીને ભિન્ન ભિન્ન પણે પોતે રહે છે. પણ **''કર્તા'' નું ભજન જો કરવું હોયતો, તે જાગ્રતને વિષે અતિ ઉજાગ્રતપણે રહીને સપ્તમી ભૂમિકાનો પરમલક્ષ ''પરમગુરુ'' બોધથી સમજી લઈને ચિંતવન સજાણ દૃષ્ટિયે કરવું. તે ચિંતવન અંગોઅંગ ''સકર્તા''ને પહોંચે છે.** તે વિના બીજી અવસ્થા અને ભૂમિકામાં પોતાનું સજાણપણું સ્વને આધિન રહેતું નથી. અને જાગૃતમાં તો સાતે ભૂમિકાની સર્વ તત્ત્વ ભાગની ક્રિયા જાણીએ.

તે વર્તાવીને કર્તાનું ભજન અખંડ કરીએ. એટલી વિશેષ વિભૂતિ સજાણપણાની આપણા વિષે છે, તે થકી જ સ્ફુરણ પામે છે. માટે જાગૃતમાં ઉજાગૃત રહીને ‘‘કર્તા’’નું ભજન કરવું.

એ સપ્ત દેહાકૃતિના અલંકાર કર્તાએ તત્ત્વ ભાગ જે પ્રકારે પ્રગટ કરેલા તે પ્રત્યક્ષ પ્રમાણ યુક્તિ કરીને આદ્યે બોધગતિની વિભૂતિ દર્શાવી દીધી. એનું શ્રવણ, મનન અને અભ્યાસ કરે તો તે અંશને સાક્ષાત અનુભવ પ્રતીતિએ કર્તાનું ખંડગતિ રૂપ દર્શન થાય.

# પ્રકરણ ૧૩

# દેહના અલંકાર તથા પરમગુરુ સાથેની અખંડ યોગ

અહો ! અલંકાર તો પ્રથમ કર્તાએ નિજ ગતિના પોતે અકેલા હતા તે કાળે ધારણાયે કર્યા. તે અદષ્ટ વિભૂતિનાં તનુ કોઈના કળ્યામાં પ્રગટ પ્રમાણે જોવામાં ન આવે. એ પ્રકારે ગતિના અલંકાર ધારણ કરેલા કોઈને પ્રત્યક્ષ ચર્મ દૃષ્ટિએ નજરે ન આવે. પણ તેનું રૂપ ચોરાસી લક્ષ પ્રકારનું માપ બીબાંની જાતિ જેવી ધારેલી તેવી બહુધા દષ્ટપણે જણાય છે.

**પ્રશ્ન :** તે કેમ જણાય છે?

**ઉત્તર : મૂળ અલંકારના તત્ત્વ સફેદ કાચના શીશાની જેમ હોય છે. તે તો જેમ છે, તેમજ હોય છે. તેના વિષે પીળો, લાલ, લીલો અને શ્યામ રંગ ભરીએ, તે પ્રમાણે રંગ જેવો શીશો જણાય અને મૂળ સફેદ શીશાનો રંગ નજરે ન આવે. તે પ્રકારે ચોરાસી લક્ષ ઘાટ કર્તાએ નિજ ગતિએ કર્યા.** તે પોતાની ધારણાની અદ્રષ્ટ વિભૂતિ રૂપે હતા તેથી માલૂમ ન પડ્યા. ત્યાર પછી તેના વિષે તત્ત્વ પંચભૂત આદ્યે નાના પ્રકારના વિભાગ કરીને જયારે ભર્યા, તેને કરીને આદિ કૃત અલંકારો તે અદ્રષ્ટ ગતિના છે માટે નજરે આવતા નથી, પણ સમસ્ત સ્થૂળ ઘાટ વિષે દશ્ય પદાર્થના અલંકારો પ્રગટ મૂર્તિ રૂપ ભાષ્યમાન થાય છે, તે જેમ કર્તા એ ધારેલા તે પ્રકારે ભિન્ન રૂપવંત જણાય છે.

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો કે પુરુષ અને સ્ત્રી બંને પ્રકારના અંશને નિવાસ

કરવા સારૂ પરમકારણ ઘાટ અલંકાર સૌ પ્રથમ રચ્યો. અને તે પરમકારણને વિષે જ ભેદ ભિન્ન નિરૂપણ કર્યું છે. અને હાલ એકમાં કહો છો તેનું કેમ?

**ઉત્તર :** ત્યારે સાંભળો, સ્થૂળ તનુ વિના અન્ય દેહની આકૃતિ જે છે, તેનાં તત્ત્વતો અરૂપ આકારનાં હોઈ ભિન્ન ભિન્ન વિભૂતિ છે, તેમાં એકથી એક તત્ત્વ વિશેષ અરૂપાકારી છે. તે માટે તેના સહવર્તમાન સકલ અરૂપ રૂપ પ્રગટ ખેલ આ સ્થૂળ દેહને વિષે જ સર્વ દશ્યમાન થાય છે. જે પ્રકારનો ખેલ કર્તા રે કરેલો છે. તેના વિષે તે પ્રકારે જુઓ. વળી, એક એક જાતમાં ભિન્ન ભિન્ન પ્રકારે દેહરૂપ આકૃતિ, પરંપરાથી ઉપજણ થયાં જાય છે, અને એકના સરખી બીજાની નહીં, એવી અનંત વિધ થાય છે.

**પ્રશ્ન :** ત્યારે, એમ કહેશો કે એટલા પ્રકારના અલંકાર અપાર કર્યા છે કે શું?

**ઉત્તર :** અલંકાર તો જેટલાં બીબાં મૂળથી પ્રમાણ યુક્ત કર્યા છે, તેટલાં જ મૂળ અલંકાર છે અને તત્ત્વ સામગ્રી પણ ઘટે (અનુરૂપ હોય) એવી પ્રથમ પોખેલી છે. તે વિષેના ખેલ વર્તવાને સારૂ અલંકારમાં તત્ત્વ ભર્યા. તેના વિષે અનંત પ્રકારની ભિન્ન ભિન્ન ક્રિયા પોખી છે. તે પ્રમાણે સકલ દેહ આકૃતિ રૂપ અનંત પ્રકારના સરજન થયા જાય છે તે પ્રથમથી જ ક્રિયામાં વેગ પોખેલા છે, તે પ્રમાણે જાણવું. એ પ્રકારનો એ અનાદિ નિજ '' કર્તા '' નો કરેલો ભેદ કોઈના કળ્યામાં આવતો નથી. અને વેદ જે વદે છે, તે તો દષ્ટ અદષ્ટ ક્રત બ્રહ્માના જાણવામાં આવ્યું, તેટલું જ વર્ણન કરીને પછી નેતિ બોલેલા છે. ક્રત ક્યા પ્રકારે ઉત્પન્ન થયું, તે બ્રહ્માના વર્ણન કર્યામાં ન આવ્યું. તેનું દષ્ટાંત કહીએ છીએ.

પંચતનું ધારી વિશેષ અંશ એક વિધાતા જાણવા. તે જ પ્રકારે આપણે તેની પરંપરાના પંચ તનુ સહિત માનવ છીએ. એજ પ્રકારે આપણા દેહરૂપી કોઈ એક વિધાતા જાણવા. અને વેદ તે તો આપણા વિષે બાવન અક્ષર સહિત ધુન્યકાર સ્વર બોલીયે તે પ્રણવ છે. તેના વડે આપણે દષ્ટ અદષ્ટ પદાર્થનું વર્ણન કરીને જાણીએ ખરા, પણ તે સકલ પદાર્થ ક્યાંથી ઉપજ્યા તે આપણાથી કહેવાય નહિં. તેનું કારણ કે તેના વિશે આપણી ગતિ ન પહોંચી અને આપણે એ રચના કયાં કરી છે ? જે નથી કરી તે માટે ઉપજાવવાનું આપણને માલુમ ન પડે. તે ક્રતને માટે કહેવામાં આપણને વિષે અગમપણું જ રહ્યું છે.

તે જ પ્રકારે અજાણ પરમ કૃત કરેલું, તે જાણવા પક્ષે વિધાતા અજાણ જાણજો. માટે તે કયા પ્રકારનું નિજ નિરૂપણ કરી શકે ?.

**પ્રશ્ન :** અહો ! એ ઉત્પત્તિ તે કયા પ્રકારે અનાદિ, અખંડ, નિજ ''કર્તા''એ કરી?

**ઉત્તર :** તેનું પ્રકરણ સંક્ષેપમાં ''પરમગુરુ'' કહે છે. તે સંત, સજ્જન શ્રવણ કરજો. **દ્રીગ, દિવ્ય દેહ રૂપવંત ''કૈવલ હરિ'' તેમણે પોતાની દષ્ટિએ જ સર્વ અપાર રચના રચી છે.** તે દષ્ટાંતે કહું છું. જેમ કુંભાર વાસણ ઘડે-ભાંગે તે ચક્ર અને દંડ હાથમાં ન ધરે અને પોતાના એકલા હાથે કરીને તે કરે તો પણ કરાય, તેમાં ચક્ર દંડે કરીને જે કરવું, તે તો નિજકર્તાની દષ્ટિના સંકલ્પ વડે કરેલું છે. તે જે તત્વ સામગ્રી કર્યા પછી આગળનું ક્રિયાવૃત્તિ આદી છ વૃત્તિ વડે કર્યું છે, તે સંકલ્પ રૂપી શસ્ત્ર વડે કરીને જાણવું.

**પ્રશ્ન :** ત્યારે, એમ કહેશો કે, સંકલ્પ તો શસ્ત્રવત્ જાણવો. તે કયા પ્રકારે નિપજાવ્યો હશે?

**ઉત્તર : આશ્ચર્યસાગર** (અચરતસાગર) ગ્રંથને વિષે એનું નિરૂપણ સોળમા આશ્ચર્યમાં કર્યું છે. તેનો પાર તો અપારનો અપાર પણે જાણવાનો છે. તે વિના કોઈ જીવને માલુમ ન પડે, એવું તે છે. સામાન્ય અને વિશેષ એમ બંને અંશોને પણ તેનો આદિ-અંત કળે નહીં. એક ''પરમવિશેષ'' અંશ જ સર્વજ્ઞપણે કરીને ''સકર્તા કૈવલ '' ને જાણે. તેમના વિના સર્વે ગાયેલું ગાય છે. અને જીવને પણ તેજ ઉપદેશ કરે છે. એ પ્રકારે જેની ''લક્ષ'' હીણ મતિ અંધ પરંપરાગત્ વર્ત્યા જાય છે. તે નિજ લક્ષ વિના જીવ ક્યા પ્રકારે અભિમાન ધારણ કરીને વિચરે? તે જીવ ''ગુરુ પદવી'' નું અભિમાન પોતે અંગે ધારણ કરીને સંસારને વિષે વિચરે છે. તેનું દષ્ટાંત કહું છું.

જેમ કોઈ એક રાજપ્રધાન સકલ રાજ્ય પોતે ચલાવે છે. તે કાળે ગુનાવાળા લોકો પૈકી કેટલાકને દંડ, ટીપ તથા ફાંસી તથા શૂળી ઉપર ચઢાવ્યા. વળી, કેટલાકે ઉત્તમ કામ કર્યાં હતાં, તેમને બક્ષિસો આપી. ત્યાર પછી કોઈ એક દિવસે તે પ્રધાન નોકરી છોડીને પોતાની ઈચ્છાએ અન્ય દેશમાં ગયો. તેણે સંગાથે તે શૂળી તથા પાસ (બેડી) સાથે લઈને ગયો હતો. પછી જે કોઈ લોક આવે તે લોકને શૂળી તથા પાસ દેખાડીને કહે કે આવો, તમને શિક્ષા કરૂ. એમ કેટલાક લોક

જોવા આવે, તેમના પાસેથી દામ લઈને તેને દેખાડે. એ પ્રકારે પોતાનો ગુજારો ચલાવે. પણ એકેય હુકમ પોતાની પાસે હતો નહિં. એમ એ કમતીપણા (ઉણપ) વડે કરીને તે રાજપ્રધાન નિસ્તેજ દેખાતો હતો.

તે પ્રકારે ગુરુમંત્રનો ઉપદેશ લઈને જગતમાં પરંપરા બોધ ચલાવે છે. પણ લક્ષસાર અનુભવ ગતિ રૂપ હુકમની પ્રતીતિ તેઓની પાસે નથી. તે માટે તેમણી આ નીતિ શા અર્થની છે? તેઓ મંત્ર દેખાડીને ગુરુદક્ષિણા લઈને પોતાના પિંડ પોષણ થવા સારૂ કાળ ખેપ (જન્મારો) ચલાવે છે. પણ પોતાનું કલ્યાણ થયું નહિં, અને બીજાનું પણ કર્યું નહિ. પોતાની પાસે નથી તે શું કરે ? પોતાનું કૃતાર્થપણું ન થયું, તે પારકાનું શું કરી શકે?

**પ્રશ્ન :** ત્યારે એમ કહેશો કે, લક્ષ વિનાની લીધેલી દિક્ષા જે છે તે નિષ્ફળ ગઈ કે શું?

**ઉત્તર :** તેનું દૃષ્ટાંત રૂપક દ્વારા કહું છું. કોઈ એક રાજાએ એક લાખ લશ્કર ચાકર (નોકરીમાં) રાખ્યું. તેમાં સર્વેને સો સો રૂપિયા પગાર કરીને રાખ્યા. અને મહીનો પુરો થાય ત્યારે જ પગાર આપવો. તેના પહેલાં લશ્કરના લોકોને રાજાએ નીતિના કાયદો કહ્યો કે, જે પારકી નારીનો સંગ કરશે, તેને પગાર મળવાનો નથી. અને નિયમમાં નહીં વર્તે, તેને શિક્ષા કરીશું. એ પ્રકારે કહીને સારા સારા માણસો રાખ્યા, અને તેમાં એક વેશ્યા પણ ચાકર તરીકે રાખી. અને તેને પણ રાજાએ કહ્યું કે, આ લશ્કરમાંથી જે કોઈ તારો સંગ કરે, તેઓનાં નામ લખી મૂકીને મહિનાને અંતે બીજાને માલુમ ન પડે તે રીતે મને એકલાને તે કાગળ બતાવજે. રાજાએ વેશ્યાને તો પોતાના નોકરોના સુખને માટે રાખી હતી. તેના ગાનતાન અને બીજાં કેટલાક સુખ જે તેનાથી સર્વેના આત્મા હંમેશ ખુશી રહે અને આનંદમાં વર્તે એવી રીતે શોભાને માટે તેને રાખેલી હતી. પણ તેની સાથે વ્યભિચાર વર્તવા નહીં રાખેલી. અને કોઈ સાજા માંદાની ખટપટ ચાકરી કરવા પણ રાખેલી. કારણ કે, રાજાને મન કોઈનો પગાર ખોટો કાપવાની મરજી ન હતી, પણ તેથી કરીને પોતાના નોકરોની પરીક્ષા જડી. તેમાં ખરા કેટલા ? અને ખોટા કેટલા છે ? તે જોવા માટે તેને રાખેલી. તે વેશ્યાના ગુણ જાણીને અને તેનું ક્રત પણ સમજીને, એક મહિનામાં તે વેશ્યાનો સંગ કેટલાક લોકોએ કર્યો, તેની યાદી રાજાને બતાવી. પછી મહીનો પુરો થયે સર્વે પગાર લેવા ગયા, ત્યારે રાજાએ

પૂછ્યું. ત્યારે તેઓ કહે છે કે, અમે સર્વે લોકો તમારા કાયદામાં વર્ત્યા છીયે. ત્યારે રાજાએ વેશ્યાને બોલાવીને રજુઆત કરી. તો તેમાં કેટલાક વ્યભિચારી નીકળ્યા. તેટલાંને ટાળીને બાકીના નીતિવાળા લોકોને પગાર ચૂકવી આપ્યો.

હવે તેનું સિદ્ધાંત કહીએ છીએ. લશ્કર તે તો ત્રણ પ્રકારના અંશ કોટીના નાના વિધિ અપાર જીવ છે. તે પૈકી એકેક નીવડીને સંસારનો ત્યાગ કરીને સાધુ, સંત થયા. તે લશ્કરરૂપ હોઈ નીતિના માર્ગે વર્તવા સારૂ તે તેમણે ચાકર તરીકે પગાર નક્કી કરીને રાખ્યા. હવે તેમાં વેશ્યા તે શું? તે તો પદાર્થ યુક્ત પ્રકૃતિ હોઈ નાના પ્રકારની નટડી જાણવી. જે અનંત તત્ત્વ ભાગ વિભૂતિવાન રાખીને નિજ ''કર્તા'' તરફ કદાપિ વર્તવા દે નહિં. એવી અવિદ્યા (માયા) પણ ઉપજાવી છે. તેમાં અવિદ્યા રૂપ માયા પણ શું કરે? તેને પણ કર્તાએ એવી જ ઉપજાવી છે, માટે તે પણ આરતવાન થઈ, અંતર ભાવના સહિત જીવ અને પરમેશ્વર ઉભય પ્રકાર સંગે અનિન ભાવે વર્તમાન કરે છે, પણ તે પ્રકૃતિરૂપી વેશ્યાની સાથે રહીને કાયદા પ્રમાણે નીતિસર અમલ કરે તો, તેનાથી એ વેશ્યા નીતિસર દૂર જ સમજવી. કારણ કે, જે સંત, સાધુ અને પરમ નીતિવાન ભક્ત કોઈ વખત એ વેશ્યાની અપેક્ષા રાખતા નથી. અને તેને પોતાની કરીને ઉપભોગ કરતા નથી. એવો અંદેશો કોઈને થાય કે કદાપિ તેનાથી દૂર કેમ ન રહે શકે? **પણ કર્તાએ ખરી પરીક્ષા માટે તેને એવી સળંગ ગોઠવી છે કે, કોઈના કળ્યામાં આવે જ નહીં. અને અંશ મુક્ત થતા સુધી અળગો રહી પણ ન શકે. કારણ કે, નિજ ''કર્તા''નો આશય સૃષ્ટિની અભંગ ધારા પોતાની અંતરવૃત્તિ પ્રમાણે ચલાવવાનો હેતુ હતો. તેણે જ કરીને કોઈનાથી કળી શકાય નહીં.** હવે પદાર્થનો જે આનંદ છે તે તો પ્રકૃતિ તરફ સોંપેલો છે. અને અંશને તો દરમાયા (પગાર) રૂપે તો ''નિજ પદ'' આપવાનું કબૂલ કર્યું છે. પરંતુ આ જીવ તો પદાર્થના સ્વાદમાં પડ્યા. જે અંશ નિયમ છોડીને માયા રૂપ વેશ્યાને સંગે રત થઈને અનીતિથી વર્તે છે, તેને તો પદાર્થનું જજન (રટણ) કર્યાનું ક્ષણિક સુખ માયામાંથી પ્રાપ્ત થાય છે. પણ અંતે હિસાબમાં પગાર રૂપે ''નિજ પદ'' આપવાનું છે તે મળે નહીં.

હવે જે કામ સારૂ ચાકર રાખ્યા હતા, તે કામ તેમણે ન કર્યું. અને અન્ય કામને વિષે રત થઈને ફળ સ્વાદ લેતા ફરે છે. અનીતિ વર્તનાર જીવ જાણીને તેનું ફળ તે પ્રમાણે આપે તે સર્વજ્ઞ ''કર્તા'' પ્રભુ કહેવાય છે.

**પ્રશ્ન :** તે પ્રભુ કેવા છે?

**ઉત્તર :**સર્વના અંતરની જાણ્ય જાણનાર સજાણ, સાક્ષી, ચૈતન અને નિયંતા છે. તે જ કર્મ-વિકર્મ જોનાર અંશોને માથે સર્વકાળ જાણવા.તે કર્મો જોઈને સારાને સારૂ ફળરૂપે પરલોકાદીક અને ખોટાને ખોટી ક્રિયા કર્યાનું ફળરૂપે અઠ્ઠાવીસાદીક નરક આદિ ભોગવાવે છે. અને કરેલા કર્મનું ફળ આપે જ જાય છે.

**હવે તેમાં જે કોઈને પ્રકૃતિરૂપ વેશ્યાનો સંગ ન કરતાં તેને પરમગુરુની આજ્ઞા થઈ તે મુજબ જે નિયમ સંભાળી રાખીને લક્ષ બોધ ગતિ પ્રમાણે અનાદી ''સકર્તા'' નું ભજન જેણે કર્યુ છે, તેને આ દેહને વિષે અથવા અંતે તિત થાય ત્યારે, પણ ''નિજપદ'' પ્રાપ્તિ રૂપ અપાર અખંડ પગાર મળે છે. તે (પરમગુરુ) પોતે આપે છે.** અને કેટલાક નીતિએ વર્ત્યાં, તેમને મુસારો (પગાર) રૂપે એજ અભંગ અક્ષયપદ આપતા હોય છે. અને એ અભય અક્ષયે સનાતન પદની પ્રાપ્તિ તો નીતિયે ચાલે અને ''પરમગુરુ''ની કૃપા દૃષ્ટિ લીયા કરે, તેને પ્રાપ્ત થાય.

અને અનીતિ, અકૃપાયે તો કલ્પાંત સુધી ''સનાતન પદ'' પ્રાપ્ત થવાનું મહા મુશ્કેલ વાત છે.

એ પ્રકારે શ્રવણ કરીને સંત સજજન સર્વે પ્રશ્ન કરે છે.

**પ્રશ્ન :** હે ''પરમગુરુ'' નિજ નાથ આ જન્મને વિષે પ્રગટ લક્ષ દર્શાવ્યો છે. તે પ્રકારે અમને જણાય છે. પણ એ પ્રકારે જન્મ જન્માંતરને વિષે તો વિશેષ ક્રિયા કરવાની રહી. તેણે કરીને ''નિજપદ''તો તુરત કદાપિ પામીયે નહી. ત્યારે અન્ય જન્મમાં રહીને એ લક્ષનું સ્મરણ જે તમારૂં યજન અને કૈવલકર્તાનું ભજન અમારા વડે કઈ પ્રકારે થાય? અને અમે અંશ તો અતિ અલ્પજ્ઞ છીયે. અમારે ફરી જન્મ કયાં લેવો પડશે? તે સહિત કશી સૂઝ પડતી નથી. માટે અનંત કલ્પ સુધી અમારે વિયોગ ન થાય, અને સર્વ કાળ અનિન હેતુ તમારા ચરર્ણાવિંદને વિષે રહે, એવો ઉપાય કહો.

**ઉત્તર :** એ પ્રકારે શ્રોતાજનનું વચન સાંભળીને અંતરમાં વિચાર કરીને ભાવિક જન પ્રત્યે ''પરમગુરુ'' બોલે છે. તે શ્રવણ કરજો. જન્મ જન્માંતરે કોઈ કાળે વિયોગ થવો જોઈયે નહીં. એવો આદર જો ખરેખરો કરતા હોય તો, તમોને તે માર્ગે ચાલવાનો ઉપાય કહીએ છીએ. પણ શ્રવણ કરીને પછી પાછા ખસો નહીં. તો તમારા મને જે સંકલ્પ કર્યા તે પ્રમાણે પ્રાપ્ત થશે. અને નહીંતર તો તે વાતની આશા રાખવી જોઈએ નહીં.

હવે સાંભળો દૃષ્ટાંત જેમ કોઈ એક નારી એક પુરુષ સાથે રત થઈ, તેને રાત્રિ દિવસ એક બીજા વિના એકેયને ગમે નહીં. એવો અંતર સ્નેહનો હેતુ થઈ ગયો. ત્યારે પેલી નારીએ વિચાર કર્યો કે, મારો અને આ પુરુષનો વિયોગ મરણ સુધી ન થાય. એવો કંઈ ઉપાય કરીએ તો ઠીક.એવું અંતરમાં ધારીને પેલા પુરુષને લાખો રૂપિયા આપીને નાના વિધ પ્રકારના વેપારમાં નાખ્યો. તેને વેપારના લેણદેણમાં નવરાશ ન આવે, એવો ગુંચવી નાંખીને તેના સંગનું ટુટકપણું ન થાય, એવું કરી નાખ્યું.

હવે એ પ્રકારે, ''પરમગુરુ''ના શરણે જે કોઈ જીવ સમર્પિત થયા હોય, તો તેણે શું કરવું, તે કહીએ છીએ. **તેણે તો નિષ્ઠા નીતિએ તન, મન અને ધન ગુરુના શરણે અર્પણ કરીને ઉપાસનાને વિષે સર્વ તત્ત્વભાગ સન્મુખ રાખી અંતરમાં બાજરૂપી વૃત્તિ રાખવી. નાના વિધ ઉપચારે સેવન કરવું. તે વસ્ત્ર, અલંકાર, ખટ રસાદિક ભોજન, તન, મન, ધન અને પદાર્થ અર્પણ કરવું.અને અતૂટ ભાવનાયે સેવા કરવી.** તે અંતરમાં એવો અતૂટ ભાવ હોવો જોઈએ કે હે પ્રભુ ! તમારે સંગાથે  અનંતકાળ સુધી મારો વિયોગ થાય નહિં. અને અખંડ જજન ભજન અને સંકલ્પ તેમજ જન્મની અવધિ સુધી તેમની ભક્તિનો વિયોગ મને પડે નહિ.

એ પ્રકારે હેત પ્રેમ દિનપ્રતિદિન વધતો જાય તે રીતે પ્રેમ રાખીને એજ પ્રકારે પોતાના સ્વભાવને વિષે સજાણવૃત્તિ રાખતા રહેવું. પછી એથી આગળ **''પરમગુરુ''નો લક્ષબોધ ગતિને નિજ અનુભવના વિવેકે જોવું. તે વચન શ્રવણ કરીને પ્રતીતિની પરીક્ષાએ હેતું દૃષ્ટિ કરવી. જે પરમ ઉપદેશ રૂપી અંજન ''પરમગુરુ''ની કૃપાએ નિજ નેત્રને વિષે લઈને રૂપ જોવું. એટલે પછી તેમની ગતિ વડે જ તેમને ઓળખીને જોવા. તે પરમ ઉત્કૃષ્ટ હેતુ ઉત્કંઠાએ અવિનાશી નિજ કર્તા સર્વજ્ઞ ગતિરૂપ એજ મૂર્તિ જાણીને ભક્તિ આરાધન કરવું, તે કદાપિ ભૂલવું નહીં.**

જેમ પોતે નિજ અંશ આપણે છીએ, તેમ છતાં પંચ અવસ્થા ઊલટ પૂલટ કરવાની કળ પ્રવૃત્તિનું સ્મરણ ભૂલતા નથી. એકની અવધિ આવે કે તુરત જ બીજી તૈયાર પ્રવૃત્તિ કરાવીએ છીએ. જે આ પ્રમાણે દેહના આદિ મધ્યાંત સુધી સજાણ ચૈતન પ્રવૃત્તિઓ વર્તાવે છે, તેજ પ્રકારે આપણી સજાણ વૃત્તિને વિષે અભ્યાસનું સ્મરણ અખંડ રાખવું. તે વિસ્મરણ જો ન થાય તો અપાર લાભ મળે.

માટે અખંડ પરમ સત્સંગમાં વર્તવું. પછી કલ્પાંત કાળ સુધી વિયોગ શાનો થાય ?. વિયોગ ન થાય, અને પંચ દેહ અવધિ આવતાં સુધી સંયોગ અભંગ રહેશે.

એ પ્રકારે જે કોઈ નિયમ નિષ્ઠાયે પરમ ઉપાસનાને વિષે વર્તશે, તે જ અંશ પરમ સુખરૂપ થશે. તેને અઢાર વર્ણમાં નીચો ન ગણવો. કારણ કે, તે સર્વ વર્ણ કરતાં અનુભવે કરીને ઉચ્ચ થઈ ''પરમપદ'' પામ્યો છે.

**પ્રશ્ન :** ત્યારે, એમ કહેશો કે, '' પરમગુરુ '' સાથે અતિ અખંડ લાગ રાખવાથી નિર્વાણ પદને પામ્યા કે શું?

**ઉત્તર :** તે વિષે પણ કહું છું. તે સર્વે સાંભળો. અહો ''પરમગુરુ'' તો અવિનાશી નિજ કૈવલકર્તાના પરમવિશેષ અંશ છે. નિજકર્તાએ પોતાની વિશેષ સજાણ ગતિથી તેમને સર્વથી પહેલા ઉપજાવેલા છે. અને ગતિના જ પ્રમાણ યુક્ત અલંકાર પણ ઉપજાવ્યા. તેમના વિષે સર્વ તત્ત્વ અને અંશોને વશ રાખે એવી અનંત ઐશ્વર્ય, શક્તિ વિભૂતિ પોખીને અલંકાર કર્યા છે. પણ તે અલંકાર તત્ત્વ આદિ સર્વનું સજાણપણું મહા અદ્ભૂત જોઈ તે તે અંશને વિષે જાણવાપણું પોખેલું છે.

સામાન્ય અને વિશેષ વિભૂતિને જાણવાપણાની જે અલ્પગતિ છે તે અલ્પગતિના સજાણ (ભરી છે). તે માટે અંશ પણ થોડું ઘણું ક્રત જાણે છે.

## ત્રણ પ્રકારના અંશ

તેમાં સામાન્ય અંશ છે જે તે દેખાય તેટલું કંચિંત માત્ર કંઈક ઓળખે છે. આત્મ સ્વરૂપને અરૂપ તત્વની વાર્તા ગતિનું તેને તો સર્વદા અજાણપણું વસે છે.

હવે તેમાં વિશેષ અંશ જે છે તેમને તો નાનાવિધિ વિચારે કરીને વેદની આદ્ય લઈને અનુભવ ઉચ્ચાર કર્યો છે. તેના વિષે કંઈક ક્રતનું વર્ણન અને કંઈક અકર્તા તથા કર્તારૂપ ઈશ્વર સ્થાપન કરીને આ બાજુનુ બોલેલા છે.

**એ પ્રકારે ગતિવંત ઉભય ભેદના અંશ કર્યા. પણ નિજ કર્તાને અને તેમના ક્રતને સંપૂર્ણ વિધિયે જાણે, એવા બે પ્રકારના અંશમાં કોઈ જણાયા નહીં. ત્યાર પછી પરમવિશેષ પરમગતિના જાણનાર જે અનંત ક્રત વૈરાટ આદિ ઉપજાવેલું. તે સમેત કર્તાને જાણે એવા અતિ વિભૂતિવા સજાણ ગતિવંત ઉત્પન્ન કર્યા.** અને જે પ્રકારે કર્તાએ રચના રચી, તે પ્રકારે તાદશ્ય દેખાડી, અને સર્વજ્ઞ દિવ્ય સર્વથી

ઉત્કૃષ્ટ અખંડ ગતિ પોખતા હતા.

એ પ્રકારે કર્તાએ પરમવિશેષ અંશ કર્યા. તે જ પરમ કલ્યાણના અક્ષય દાતા જાણવા. જે સામાન્ય, વિશેષ બંને કોટીને માથે સજાણ ગતિવાળા નિજકર્તાને ક્રત સહવર્તમાન જાણે છે. **એવા ક્રત અને કર્તા ઉભયપદને માપ અમાપ ગતિનો ભેદ જાણનાર તે પરમવિશેષ અંશ સજાણ જાણવા. માટે તે જ ''પરમગુરુ'' કૈવલ અવતાર જે અંશને મળે, તે મળતામાં નિજ ''કર્તા'' જ મળ્યા જાણવા.** માટે તે ''પરમગુરુ'' ની સાથે લાગતું વળગતું રાખવું.તેમની સાથે નિજ અંતરમાં કોઈ કાળે ભિન્ન રાખવું નહીં. એટલે પછી તે, નિજકર્તા પદને વિષે અંશને પહોંચાડી દે છે. અને પછી જેમ માતાને અને બાળકને વિયોગ થયેલો મેળાપ થાય, અને તેથી આનંદ પામે. તેવી જ રીતે અંશે કર્તાને મળીને અખંડ આનંદ રૂપ સુખ ભોગવે છે.

# પ્રકરણ ૧૪

# સુર નિરાશ કૈવલ અદ્વૈત યોગ વડે મોક્ષયોગ નિરૂપણ

"પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મહારાજ" પરમવિશેષ સર્વજ્ઞ કૈવલ મૂર્તિની ગતિ શ્રવણ કરીને શ્રોતા સંત, સજ્જન કૃત કલ્યાણ રૂપ થયા, અને "પરમગુરુ" પ્રત્યે વિનતિ કરે છે કે :-

**પ્રશ્ન :** હે "પરમગુરુ" ! અમો આપનું સનાતન પદ જે અચળ છે, તે પદને પામ્યા પણ ઓરલ્યા અનુભવને વિષે એક સંશય ઉપજ્યો છે કે, સપ્ત ભૂમિકાને વિષે પ્રતીતિ શ્રવણ કરીને તે કાળે જે ઠેકાણે જેવાં તત્ત્વ, દેહ, દેવ રહ્યા છે, તે ઠેકાણે તેવા અંશની વૃત્તિનો પ્રભાવ પ્રવર્તે. અને તદ્‌રૂપ નિજ વૈભવને જોઈને પણ પોતે જાણે ત્યારે, સાધારણ વાણી ઊલટ પ્રવૃત્તિમાં તત્ત્વ નિવાસ સ્થાનક વર્ણન કર્યામાં આવ્યા નથી. અને ભૂમિકાને વિષે જ દેવ, દેહ, ઈન્દ્રિયોને વિષે વસે છે. એવું સાંભળીને મોટો અંદેશો ઉપજી આવ્યો છે. માટે આપના ચરર્ણાવિંદમાં વિનંતી કરીએ છીએ કે, જે સાચી પ્રતીતિ હોય તે જ અનાદિ સિધ ક્રત ગતિ હે સામર્થ "પરમગુરુ" ! કૃપા કરીને કહો.

**ઉત્તર :-** હવે એવો પ્રશ્ન "પરમગુરુ" એ શ્રવણ કરતાં જ પરમ ભેદ આદિ ક્રત પ્રકારનું વર્ણન પ્રથમ સર્વ કરેલું છે, પણ ફરીથી પૂછ્યું ત્યારે, તેમનો સંશય દૂર કરવા માટે ફરી શ્રીમુખે બીજા પ્રકારે અનુભવ કહે છે. હે શ્રોતા સંત, સજ્જન તમે મહા તિવ્ર ઉજાગૃત વૃત્તિ શ્રવણને વિષે રાખીને પ્રશ્ન કર્યો છે. તે અમારા અંતરમાં

બહુ સારો લાગ્યો છે. હવે તેના અનુભવ મર્મનું રૂપ હું કહું છું. તે શ્રવણ કરીને પ્રતીતિ અંતર બાજ વિચાર કરી લેજો. ત્યારે સર્વ સંશયનું નિવારણ થશે, અહો ! રવિ, શશી, શિવ, વિષ્ણુ, બ્રહ્મદેવ, અગ્નિ, વાયુ, ઈંદ્ર, અશ્વિનિકુમાર, શક્તિ અને નિરંજન આદિ દેવ સ્થાનક વિષે જે રહ્યા છે, તે **વેદાન્તશાસ્ત્રના પ્રકારે છે.** તદ્અનુસાર જોતાં દેહને વિષે ચરાચર વૈરાટ દેવની આદ્ય લઈને માનવ સમેત સર્વનો એક ઠેકાણે કોઈનો પણ નિવાસ નથી. અહો ! જેમાં આ દેવનાં નામ લઈને કહ્યા, તે તો સર્વ તત્ત્વ સામગ્રી સહિત અધિક ન્યૂન વિભૂતિ પોખીને કર્તાએ દેહધારી કર્યા છે. તેવા જ આપ આપના સામ્રથ પ્રમાણે પોતપોતાના લોકમાં નિવાસ કરીને રહે છે. તેના જ અંશ મનુષ્ય આદી સર્વ તનુમાં આવેલા છે. એવું વેદ સંમત પ્રમાણે જો કહીએ ત્યારે તો સર્વ પ્રકારે અનુભવને વિષે અવિવેક જ વચન બોલ્યા એવું દેખાય. કારણ કે રવિ, શશી, અશ્વિનીકુમારની આદ્ય લઈને સર્વ દેવ જે છે, તે સકલ તનુધારી લઘુ દીર્ઘ વિભૂતિવાન છે. ત્યારે તેમના શરીરને વિષે પણ અન્ય દેવના અંશો આવીને વસવા જોઈએ. ચંદ્ર સૂર્યના નેત્રને વિષે કયા ચંદ્ર સૂર્યના અંશ આવીને રહ્યા છે? તેને કરીને તેમના નેત્રને વિષે જોવાની ક્રિયા થઈ, અને અશ્વિનિકુમારના નાકને વિષે, બીજા કયા અશ્વિનિકુમારનો અંશ આવીને વસ્યો છે? અને ભૈરવના શ્રવણને વિષે દ્વિગપાલ બીજે કયાં છે, તે આવીને રહ્યા છે?

એ જ પ્રકારે સર્વ દેહને વિષે અંશ બીજા ભિન્ન ભિન્ન કયા દેવના આવીને રહે છે? માટે દેવ અને આપણા મનુષ્ય એ સર્વને વિષે આદ્ય કર્તાએ નિરમેલાંમાંથી તત્ત્વ ભાગ પોખ્યા છે. તે આકાંક્ષાઓની આદ્ય લઈને ઈન્દ્રિયોને વિષે દેવ સરખાં જ તત્ત્વ જાણવાં. કે જેના વડે સર્વ ક્રિયા થાય. તે ચરાચર, દેવ, વૈરાટ સર્વમાં અધિક ન્યૂન તત્વ ભાગ પોખ્યા છે. તે વિભૂતિ પ્રમાણે વર્તમાન થયાં જાય છે. **તે વિના દેવના અંશ થઈને આપણે વિષે આવતા જ નથી.** દેવ તો દેવની મેળે કર્તાએ દેહધારી કર્યા તે પ્રમાણે જ સકલમાં વસે છે. પંચ-સાત દેહ સુધી એ રીતે અખિલ તત્ત્વ ભાગ રચનાનિ જ પ્રવૃત્તિ પોખ્યા પ્રમાણે અંશની ભાવનાએ પ્રવૃત્તિ થાય છે. દેવના તનુએ કરીને પણ તેના વિષે અંશ પ્રેરક કર્યા પ્રમાણે તે દેહને વિષે તત્ત્વ ભાગ સર્વનું વર્તમાન ચાલે છે.

હવે જે જે દેહને વિષે દેવ અધિષ્ઠાન કહેવામાં આવ્યા છે, તે તો મુખ્ય તત્ત્વ, ગુણ, અવ્યાક્રત, નિરંજન આદ્ય સર્વના વિભાગ પોખેલા વર્તે છે તે જાણજો,

અને વૈરાટને વિષે તો મોટાં વિશેષ ભાગ પોખ્યા છે, તે પ્રમાણે તેના વિષે તેની ક્રિયા થાય છે. તે વૈરાટના વિષેનાં વિશેષ તત્ત્વ તે ચરાચરને વિષે અલ્પ તત્ત્વને પુષ્ટિ કરવા માટે અર્થ આવે છે. **તે પંચભૂત, ચંદ્ર, સૂર્યની આદ્ય લઈને તે વિના અન્ય દેવ લઘુ-દિર્ઘ, તે તો સકલ મહા શૂન્યમાં પોતાના લોકને વિષે રહીને વર્તે છે. તેમના અંશ કોઈના આવતા નથી, અને જતા પણ નથી.**

અકુંરમાં ભર્યા છે તે પ્રમાણે જેનો જેવો દેહ તેવી તત્વની પ્રવૃતિ અખિલ બોધ ક્રતની ચાલે છે તે એ પ્રકારે જાણવું.

**અહો ! અન્ય દેવ આવીને આપણા તનુમાં સ્થાનકને વિષે વસીને પછી પ્રવૃત્તિ ચાલે, એવું કાચુ ક્રત સનાતન ''પ્રભુ'' એ કર્યું જ નથી,** કેમકે આદિ કર્તા તો પરમ વિચિક્ષણ, સર્વજ્ઞ, ગતિકારક, ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં કરેલા ક્રતને જાણનારા છે. તે કિંચિત માત્ર કેમ ભૂલી જશે? જે અણુરેણુ રજતજ માત્ર ભૂલી ગયા નથી. તે પોતે અકળ અનંત ઈશ્વર્ય, શક્તિમાન, પરમ, અદ્વૈત, દિવ્ય છે. તે ભૂલી ન જાય. ભૂલવાપણું તો અંશને વિષે જ વસેલું છે. જુઓ વેદ આદ્યે શું બોલી ગયા છે? જેને આદ્ય કર્તા અને તેના ક્રતનું કશું જાણવા પક્ષે ભાન જ નથી. એવું બોલીને વર્ત્યા છે.

અહો ! જે '' કર્તા '' એ કશું પોતાની સન્મુખ ક્રત કરેલું નહીં, છતાં પોતે ગૃહ વ્યાપાર કરવા સારૂ નિજઅંતરને વિષે અતિ સૂક્ષ્મ વિચાર કરીને જોતાં જોતાં કેટલાક કાળે આગળ ભાસમાન થયું. તે નિજ નભ અનાદિ અવિકાશ ખગ જે આ પોકળ પોલ દેખાય છે. એ દીઠું ત્યારે, જોઈને પોતે અંતરમાં આણ્યું કે, આ છે તો ખરૂ, એની સાથે વ્યાપાર કરીએ તો કશો ખેલ થાય નહીંતર તો ઠીક નહીં થાય, ત્યારે ત્યાંથી જ પડ્યું મેલીશું તો, આપણને કોણ કહેનારૂ છે,અને કોણ હાસ્ય - મશ્કરી કરનાર છે? પણ એના સાથે સંબંધ કરવો. ત્યારે એનો પક્ષ જોઈને બરાબરીયું હોય તો સંબંધ કરીએ. એમ વિચાર કરીને, જેમ સંસારમાં નાના મોટા લોક સગાઈ કરે છે, તે પોતપોતાનો પક્ષ જોઈને જ સંબંધ કરે છે. તેમ કર્તાએ પહેલું જોઈને જ કરેલું. તેમ આપણે લોક (જગત) પણ કાર્યમાં વર્ત્યા જ જઈએ છીએ.

**પ્રશ્ન :** હવે કર્તાએ પોલના (શુન્યનાં) પક્ષે શું જોયું?

**ઉત્તર :** પ્રથમ પોલનો વિસ્તાર જોયો. તે તો અતિ અપાર હોઈ જેનો કોઈ

અંત જ નહીં. **અનંત બ્રહ્માંડની પાર જઈએ તો પણ આગળ નક્કર ભીંત ન આવે.** એવો નિર્ણય કરીને પોતે વિચાર કરે છે કે હું તો અપાર છું, મારો પણ પાર અપાર ગતિનો કયાં અંત આવે એવો છે. હું તો અમર, અજર, અખંડ, અજન્મ, અજોની સદા સંભવ છું. ત્યારે પોલ પણ તેવું જ જણાય છે. એ કોઈના પેટે અવતરેલું નથી. એટલાં પખાં (પાસાં) તો મળ્યાં.

હવે ‘‘કર્તા ’’ કહે છે, કે હું તો ચૈતન, સજાણ, અખંડ છું, અને મને કોઈ બોલાવે તો તેને સર્વજ્ઞ વચને ઉત્તર આપું એવો છે. ત્યારે પોલને પણ બોલાવી તો જોવું, એ બોલે તો બરાબર પખાં મળે, પછી કર્તા પોલને બોલાવવા મંડ્યા, પણ તે તો સદા જડ, અજાણ અને અચેતન છે, એટલે જવાબ ન દીધો. ત્યારે એટલું પખું ઓછું થયું. તે જાણીને પોતે કહે છે કે, કન્યાની ખોટ હોય ત્યારે લુલી, પાંગળી અને આંધળી હોય તો પણ તેની સાથે સંબંધ કરે છે, પણ તેનાં છોકરાં કંઈ લુલાં, પાંગળાં અને આંધળાં થાય નહિં. તેમ શૂન્યમાં ચૈતન પક્ષ ઓછો છે તે કબુલ પણ વ્યાપાર તો કરીએ, **પછી શૂન્ય તો જડ અને હું તો ચૈતન એમ જાણીને સંબંધ કરીને ઉત્પત્તિ કરવાનું ધાર્યું.**

જેમ કોઈને ઘેર વલોણાનો વારો હોય, અને પતિ ઘેર નથી. ત્યારે એકલી પત્નિ પોતે ઘેર છે, અને કોઈ પાડોશી સાથે બનતું નથી કે, તે આવીને વલોવવા લાગે. એટલે તે બાઈ પોતે થાંભલા સાથે નેતરું બાંધીને વલોણું કરે છે.

**પ્રશ્ન :**તો તો વલોણામાં માખણ આવે કે ડોળીયું?

**ઉત્તર :** ના, માખણ જ આવે.

હવે થાંભલો જડ હતો પણ ડોળીયું ન આવ્યું. તે પ્રકારે કર્તાએ સન્મુખ જડ શૂન્ય સાથે તત્ત્વ ઉત્પન્ન કરવાનું ધાર્યું છે, હવે શું થાય છે તે જુઓ.

## પંચ તત્ત્વ

મહદ્ આકાશથી પ્રથમ ગતિ રૂપ શૂન્ય શબ્દાકાશ કર્યું. તે સંકલ્પ ભાવનાના પેટામાં અહંકાર જે છે તેના વિષે અવિકાશ મહદ્ પોલનો મેળાપ કરીને તેનો શબ્દ કર્યો, તે શબ્દ ઉચ્ચારીએ ત્યારે બીજો સાંભળે. ત્યાં સુધી જ તેની ગતિનો વેગ ચાલે, માટે તેને **ગત નભ કહેવાય.** અને પોલતો ચાલે માટે **અવિગત્ કહેવાય.** તે ગત નભને વિષે વેગ ચાલ્યો, તે પવન વિના ચાલે નહિં. તે માટે તે થકી

પવન જાણવો, પવનનો સ્વભાવ ચરલપણુ તે આપણા બંને હાથ જ્યારે ઘસીએ ત્યારે ચરલપણે કરીને ઉષ્ણતા આવે છે, માટે પવન થકી અગ્નિ જાણવો. તે તાપ અતિશય ઉષ્ણ્કાળે તપે છે, ત્યારે જળ વૃષ્ટિ થાય, અને ગોદડું ઓઢીને સુઈ જઈએ ત્યારે પરસેવો વળે છે. એ પ્રકારે તેજ (અગ્નિ) થકી જળ થયું જાણવું. હવે જળ થકી પૃથ્વી તે જળને વિષે સેવાળ વળે છે. એ પ્રકારે અવિકાશ પોલનો સંગ કરીને કર્તાએ પંચતત્ત્વ ઉપજાવ્યાં છે.

હવે પંચભૂત પહેલાં સર્વ તત્ત્વ સંકલ્પે કરીને કર્યા હતાં. પણ પ્રગટ દશ્યમાન રચના અરૂપ તત્ત્વની નરી કેમ વર્તે. માટે અલંકાર ધાર્યા પ્રમાણે પ્રગટ બીબામાં રસ રેડ્યા વિના મૂર્તિમાન ખેલ ચાલે નહિં. એમ જણીને પંચભૂત પ્રગટ કરીને અલંકાર રૂપ બિબામાં તેનો રસ ભર્યો, ત્યારે ચોરાસી લક્ષ પ્રકારની રચના રૂપવંત પ્રત્યક્ષ જોવા જેવી થઈ, અને પરંપરા ચાલી.

એ પ્રકારે રૂપ અરૂપ તત્ત્વના દેહ રચીને તે ભિન્ન ભિન્ન અપાર ઘાટોમાં અંશ પ્રેરક કર્યા, ત્યારે ઘાટ સચેતન થઈને વર્તવા લાગ્યા. અને ઘાટની પરંપરા ચાલી, પણ બંને જડ ચૈતન એક એકને અદ્યાપિ સુધી જાણતા જ નથી. તેને અનંત કલ્પ વીતી ગયા, અને બંનેનાં વ્યાપાર અકેકના સંગથી ચાલે છે. પણ ભૂલ પડી છે.

**પ્રશ્ન :** તે ભૂલ કઈ રીતે પડી છે?

**ઉત્તર :** દષ્ટાત જેમ કોઈ એક ડાકણો ભિખારી પુરુષ હતો, તેને એક નારી મળી, તે પણ ડાકણી જ મળી. તે બંને ભીખ માગીને ગુજારો કરે છે, તે બંનેએ ઘર વ્યાપાર માંડ્યો. ત્યારે બંનેના સંયોગથી સંતતિ દશ છોકરા અને પચીસ કન્યાઓ એટલો પરિવાર થયો. તે પણ ભીખ માગી લાવીને સર્વે નિર્વાહ કરે છે. એમ કરતાં કરતા તે બન્નેને એંસી નેવું વરસનાં થયાં. ત્યારે, એક દિવસ રાત્રિના સમયે ડોસા ડોસી બેઠાં છે, ત્યારે ડોસી કહે છે કે, હે ડરચા, તારી નાત કોણ? તેવો જ પેલો ડોસો પણ ડોસીને પૂછે છે કે, હે ડરચી, તારી નાત કોણ? તે કહે. ત્યારે બંને એકબીજાને જવાબ દે છે કે, એ તો આપણને માલુમ જ નથી. હવે વિચાર કરીને જુવો કે, છોકરા છોકરીઓ એ સંતતિ પરિવાર થયો, અને આખો જન્મારો ભેગો કાઢયો, પણ બંને નારી પુરુષને પોતાની જાતનું ભાન જ નથી, અને બંને આંધળા સરખાં વર્ત્યા.

તે જ પ્રકારે આપણે સર્વ અંશો વર્તમાન જડ તત્ત્વ દેહ સાથે બહુ કાળથી

કરીએ છીએ, વારંવાર જન્મધારણ કરીને પળમાત્ર પણ નવરા રહ્યા નહિં, તે દેહ રૂપ તો નારી છે, અને અંશ એ પુરુષ છે. એની સંતતિ તે દશ ઈદ્રિયો અને પચીસ પ્રકૃતિ એટલો પરિવાર થયો છે. પણ અંતે પોતપોતાની જાતિની ખબર જ નથી. અને ભેળો વ્યાપાર કરીએ છીએ. પણ આ જડ દેહ કેટલા તત્ત્વનો છે? અને કેટલા વિભાગની રૂપ અરૂપ પ્રવૃત્તિ થાય છે, એને આ દેહ પંચ તત્ત્વના પણ આપણે આદિ મધ્યાંત જાણતા જ નથી. અને આપણે અંશ રૂપે આપણામાં કોણ આવીને વ્યાપાર કરે છે? તેને પણ જાણતા જ નથી. એવું અંધાધૂંધ અજ્ઞાનપણું વર્તે છે. તેનો પ્રત્યક્ષ વિચાર કરી જુઓ, અને પરમગુરુને શરણે જઈને તેનું ઓળખાણ કરી લેજો.

હવે પાછળનો કથા ભાગ કે જેમાં સનકાદિકે પ્રશ્ન કર્યો હતો. તે કાળે તેમને વિસર્જનપણું થયું હતું, કે આપણા સકર્તા અને તેમનું કૃત અનંત બ્રહ્માંડ રચનાના લક્ષનું સ્મરણ રહ્યું નથી. અને પ્રશ્ન જે કર્યો, તે પણ ચતુર્વેદમાંનો જ કહ્યો હતો, તે પ્રશ્ન તે તમે કોણ છો? એવું હંસને પૂછ્યું હતું. તે વખતે અંશ અંશી ભેદ ગતિ વિસરી ગયા હતા, અને બીજો આશય સનકાદિકનો જે મૂળ મતલબ સૃષ્ટિ પરંપરા ચાલવાને જાણીને પ્રશ્ન પણ તેવો જ કર્યો, અને ઉત્તર તે પણ હંસે મતલબનો જ આપ્યો. તે વિના હંસે પણ અન્ય ઉત્તર સનકાદિકને આપ્યો જ નહીં, એ પ્રકારે પૂર્વે આ ગ્રંથને વિષે સંત સજ્જન પ્રત્યે નિરૂપણ કર્યું છે.

એ પ્રકારે સર્વને વિસર્જનપણું થયું. તે માટે જ સજાણ પરમગુરુ પરમવિશેષ અંશ આ મહીમંડ ઈંડમાં ધરણી ઉપર અવતાર ધરીને આવ્યા છે. આવતી વખતે પુરુષ શક્તિ, અને ગુણ (બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ) ના ધામને વિષે ઈશ્વર પ્રત્યે "લક્ષ બોધ" નિર્વાણ અનુગ્રહ નિજ આપ રૂપ અને સકર્તા પિતાનો લક્ષ સર્વને આપ્યો છે. અને સકલ તત્ત્વભાગની પ્રવૃત્તિ ઊલટ-સૂલટ, રૂપ-અરૂપ વિભક્તિની સકલ નીતિ સર્વને દર્શાવી દીધી છે.

એ પ્રકારે "પરમગુરુ"નો મેળાપ થયા પછી લક્ષબોધનું શ્રવણ સર્વને થયું, ત્યારે પંચદેહની અવધિ સુધીનું નિજ સુખ આપણને થશે. એવો અંતરમાં ભરોસો આવ્યો. અહો ! તે તો પ્રથમ વિશેષ અંશ અને તે ઉપરાંત પરમવિશેષને પરમગુરુનો લક્ષ પ્રાપ્ત થયો, તેણે અનાદિ સ્મરણ પોતાના સ્વરૂપ અલ્પજ્ઞપણાનું તથા આપણા સર્વજ્ઞ પિતા અચળ કર્તાનું પણ જ્ઞાન આવ્યું.

હવે ચતુર્દેહ સુધી તો સુખ-દુઃખ પોતાનાં કર્મો પ્રમાણે અનેક જીવો ભોગવે છે પણ પરમકારણ દેહમાં સર્વને સુખ ભોગવવાનું છે. તેનું કારણ કે, ત્યાં તો અકેલો અભિમાન નિરંજનનો ભાગ રહ્યો છે. માટે તે આંન્ય તત્ત્વ ભાગ દેહ વિના અકેલો શું પ્રવૃત્તિ કરશે? તે સારૂ તે પરમકારણ દેહને વિષે સકલ અંશ પરમ સુખરૂપ વર્તે છે. **પછી તે દેહનો જ્યારે અવધિ અંત આવે ત્યારે " કર્તાના" ધામને વિષે અમાપ સુખ ભોગવે છે.**

**હવે પરમકારણ દેહનો જ્યારે ત્યાગ કરે, ત્યારે તે અંશ પરમ બ્રહ્મપ્રકાશમાં નિવાસ કરે છે. ત્યાંના વિભાગ જે અહમ્ ઉભય પ્રકારના આવરણમાં વસીને રહે છે. નિજ અંશની સજાણ દૃષ્ટિ અને વૃત્તિ જે છે, તે ઉભય અહંપણાને ધારણ કરીને વર્તાવે તે, આપનું આપ સ્વરૂપ અંકુર જે કાળે "બ્રહ્મધામ" માં જાય, તે કાળે તેટલા જ સંગાથે રહે છે. પછી તે કૈવલધામમાં જઈ અનંત કળા ધારણ કરીને સનાતન લક્ષ યોગ વડે નિજ કૈવલકર્તાનું ભજન કરે છે, અને તે કર્તાની સન્મુખ રહીને અનંત અપાર સુખ અંશ લીધા કરે છે.**

એ પ્રકારે "પરમમોક્ષ" અંશનું કલ્યાણ યાંહાં સુધી "પરમગુરુ" એ દર્શાવી દીધું છે. તદ્વત્ અખિલ અંશ તદાકાર થઈને "સકર્તા " નું ભજન કરવા લાગ્યા, અહો જે કોઈ અંશે આ વિચાર પ્રમાણે જે અનાદી ઈશ્વરતાપણું અને આપણો વૈભવ, સાધ્ય કર્યું, તે જ આ ભવ સંસાર જીતીને " પરમગુરુ" લક્ષ બોધ કૃપા યોગ વડે કૃતાર્થ થઈને પાર ઉતર્યા જાણવા.

એ પ્રકારે આ વૈરાટમાં જે અંશો "પરમગુરુ" ના ચરણાવિંદને વિષે શરણ થયા, તે સજાણપણું અખંડ જાણીને દિવ્ય પરમામૃત પાન કરતા હતા, અને હજુ આગળ અનંત અંશો પાન કરીને અજર, અમર દેશમાં પારંગત થશે.

હવે સામ્રથ શ્રી "પરમગુરુ" કહે છે, કે તેજ પરમ સકર્તાના અગાધ ક્રત સહવર્તમાન સત્ય અને સાચો એ બોધ સર્વ સકર્તાના સામાન્ય અને વિશેષ અંશો પ્રત્યે પ્રસિદ્ધ આપ્યો. તે નિજ કુપા સહિત વચન વ્રદ (શ્રેષ્ઠ વરદાનરૂપ) વાણીએ જાણજો.

ત્યારે, સંત સજ્જન શ્રોતા અધિકારી શ્રવણ કરીને કહે છે કે, અહો ! ' "પરમગુરુ " સામ્રથ આપની કૃપા અમારા ઉપર થાય તો, એ અનુભવ સુર્લભ થઈને અમારા અંતરમાં પ્રતીતિરૂપ સાક્ષાત્કાર થશે.

એવું શ્રોતાનું કથન સાંભળીને ''પરમગુરુ'' બોલે છે કે, અહો ! તમે સંત સજ્જન સકલ અંશ, દૃષ્ટાંત સાંભળો, કોઈ એક મહાપુરુષ પ્રસન્ન થઈને એક નરને પોતાની ઈચ્છા કૃપાએ પારસમણિ આપવા લાગ્યા ત્યારે, તેણે હાથ આગળ ધરીને લેવાનું ના કહ્યું. અને તે મુર્ખ બોલવા લાગ્યો કે, મને તો તમારી કૃપા વિના કેમ પ્રાપ્ત થશે? આપતા હતા તે ન લઈને એવું કહ્યું. પણ આપે તો તુરત લઈ લેવું જોઈએ એવું જાણ્યપણું અને વૃત્તિને વિષે તેને પકડ હતી નહીં.

તે પ્રકારે સકલ ઐશ્વર્ય ગતિ આદિ અંત તત્ત્વભાગની ક્રિયા જે '' કૈવલકર્તા'' પાસેથી લાવીને અહો અંશો ! તમને પ્રગટ આપુ છું. આમ તે વેળા કોઈનો કાંઈ અધિકાર ન જોતાં અચાનક દર્શાવું છું એજ અમારી નિજ કૃપાનો ભંડાર તમારા માટે ઉઘાડો કરીને મૂક્યો છે. **એમાંથી જેણે જેટલું લેવાય તેટલું લેતા રહેજો. અનંત કાળ સુધી અનંત જીવ લેશે તો પણ ખૂટવાનું નથી. એવો અખૂટ અપાર ગતિરૂપ ભંડાર પરમગુરુનો અનુભવ જાણજો.**

તે ઉપરાંત અન્ય કોઈ બોલવાનું રહ્યું નહીં. એજ સત્ય વચન પ્રતીતિ લઈને એક આપણા નિજ ''કૈવલકર્તા'' નું ભજન અખિલ અંશોને કરવા યોગ્ય અનાદી સિદ્ધ છે. જેને ''સુક્ષ્મવેદ'' સજ્જન સ્મૃતિપૂર્વક દેવાદીક સનકાદિક અને અનંત દેહધારી જીવો સર્વ અનન્ય પ્રેમ વડે અખંડ ભજે છે.

તે પ્રકારે આલોકના આપણે સર્વ અલ્પજીવો ''પરમગુરુ'' જે વચન ગતિ લક્ષ અનુગ્રહ લઈને આવ્યા તે લક્ષે આપણા ''કર્તા'' નું ચિંતવન કરવું. એ વિના **બીજાં અનંત સાધન કરીયે તો પણ ''પરમગુરુ'' ની ઉપાસના અને '' સત્‌કૈવલના'' ભજનની તોલે એ કોઈ ન આવે.** માટે તેમની ઉપાસના તથા ભજન કરીને સર્વે પ્રાણીમાત્રે એ જ માગી લેવું કે, તમારું ભજન, ચિંતવન, આચરણ, ઉપાસના અને અર્ચન અમને આપજો. જેથી એમાં કિંચિત માત્ર અંતર પડે નહિં. એવી અક્ષય કૃપા માટે સ્તુતિ કરવી કે અહો ! **ૐ સામ્રથ કૈવલ, દિવ્ય, દ્વિગ, સાક્ષીવત્, આદિ, ''કર્તા'' કૃપા નિધ્યે પ્રણતઃ કલેશનાશાય અનંતાય નમો નમઃ**

એટલે કે અહો ! હે સામ્રથ '' કૈવલ'' દિવ્ય, દ્વિગરૂપ આપ પોતે છો. અને ત્રણ પ્રકારના અંશ ઉપજાવ્યા છે. તે પિંડ પિંડ પ્રત્યે ભિન્ન ભિન્ન સાક્ષી છે. તે સકલ અંશના સાક્ષી, સર્વજ્ઞ, અમાપ પોતે હોઈ સર્વના આદિ ધામ રૂપ છો. અને આપ સકર્તા સર્વના સર્જનહાર માલીક છો. અને કૃપાનિધ્યે કહીએ તો ''

પરમગુરુ'' નું સ્વરૂપ શ્રેષ્ઠ તે, અને આપ ''કર્તા'' પોતે એ ઉભય એક ગતિરૂપ '' કૈવલ'' જ જાણવા.

હવે એવા કોઈ જે તમો એક સર્વ વ્યક્ત છો. માટે હે પરમગુરુદેવ ! તમારા ચરણાવિંદે પ્રણતઃ એટલે હું અનિન અંશ-અંકુર સજાણ વૃત્તિએ તમારે શરણે પડું છું. અને વારંવાર નમસ્કાર કરૂ છું.

હવે અમારા ક્લેશને નષ્ટ કરનાર એક અવિનાશી આપ છો. ક્લેશ તે કઈ પ્રકારના અમને થાય છે, તેનું વર્ણન કરૂ છું. તમે જે તત્ત્વ વિભાગ કરીને દેહ આપ્યા છે. તેની ઉત્તમ રીતની સંપૂર્ણ (પ્રવૃત્તિ) અમને અનુભવમાં આવતી નથી. તેવી સંપૂર્ણ પ્રતીતિ આવે તો સારૂ, એવી અમને વારંવાર ચિંતા ઊપજે છે. અને એજ વાતની અમારા અંતરમાં તલમલ (તાલાવેલી) થાય છે. તેનો લક્ષ જ્યારે અનુભવ થકી પ્રાપ્ત થશે ત્યારે અખિલ ક્લેશ નાશ પામશે. હે ગુરુદેવ ! આપ તો અનંત, અપાર છો અને અખંડ, અમર, સદોદિત છો. આપની પરમ ગતિનો પાર કોઈને પણ જડે નહી, એવા 'પરમગુરુ' અને ''કૈવલ'' એકમેક અદ્વૈતીય, સકર્તા, આદિ દેવ, દિવ્ય, અચળ, અક્ષય, વૈભવ તથા રૂપ-અરૂપથી રહિત સ્વરૂપ આપ છો.

એ પ્રકારના આપ અનંત ગતિવંત હોઈ સાક્ષીવત્ અવ્યય ધામ આપના દિવ્ય પદને નમો નમસ્તે. અનંતવાર નમસ્કાર કરું છું. એ પ્રકારની સ્તુતિ કલેશ નિવારણ અર્થે સકલ લઘુ-દિર્ઘ અંશ કરે છે.

તે જ પ્રકારે આપણે પણ અખંડિત વિનંતિ કરીને તેમનું ભજન કરવું. હવે એ તો સર્વની ઉપરાંત વરિષ્ટ પ્રકાર કહ્યો. તે સત્યસત્ છે. તો પછી હવે બીજુ આથી વધારે બોલવાનું શું રહ્યું?

## ગ્રંથનું મહાત્મ્ય

આ ગ્રંથનો અભ્યાસ વારંવાર સકલ જીવ નર-નારી કરીને નીતિયે વર્તે તો, તેના પ્રતાપે અવિનાશી ''કૈવલ પદ'' પ્રાપ્ત થાય. અને તેનાં પરમ ભાગ્ય ઉદય થઈને અનંત જન્મના ક્લેશની પૂર્ણતા એક જ જન્મમાં થઈ જાય. પણ જો આદિ મધ્યાન્ત આ ગ્રંથને વિષે ઉપાસના, વૈરાગ્ય અને જ્ઞાન કહ્યું છે. તે પ્રમાણે ન્યાય જાણીને વૃત્તિ સ્થિર થાય તો કૃતાર્થ થતાં વાર ન લાગે. માટે એજ વિષેની જ

ભાવના હેતુ રાખીને કરુણેશ સામ્રથને વિનવીએ છીએ કે, **હે કૃપાનિધિ ! આપના પદ પદ્મને વિષે અનાથ દાસને અખંડ રાખજો. એજ અરજ સર્વજ્ઞ ''પરમગુરુ'' અને ''સત્ કૈવલ'' પ્રત્યે અભંગ નમસ્કાર કરીએ છીએ.**

**હવે આ ગ્રંથનું શ્રવણ, મનન અને નિજ અભ્યાસ કરીને, અનુભવ પ્રતીતિ ન્યાયનો નિજલક્ષ લેવાને ક્રતમાં એવા આરતવંત અતિ હોય તે જાણશે અને જે કોઈ અધિકારી નિજ 'કર્તા ' ના ''અંશ'' એકાએક (એકાકાર) છે તે, આરત સહિત રત મેળવવાનો આદર કરે તેમને અધિકારી પ્રત્યે આ ગ્રંથનો હેતુ અતિ ભાવાર્થથી સાંભળવો અને સંભળાવવો.**

# લઘુપંચીકરણ

પ્રથમ સાડાત્રણ હાથનો દેહ છે, ને તે દેહ પંચભૂતનો છે.

## પંચભૂત

પંચભૂત (૧) પૃથ્વી,(૨) જળ (પાણી),(૩) તેજ,(અગ્નિ),(૪) વાયુ અને (૫) આકાશ. તેમાં કઠણ વિભાગ તે પૃથ્વી, નરમ વિભાગ તે જળ, ઉષ્ણ વિભાગ તે તેજ, ચલ વિભાગ તે પવન અને અવકાશ વિભાગ તે આકાશ તત્ત્વનો છે.

## દસ ઈન્દ્રિયો

એ પંચભૂતના બિબાંની અંદર દસ ઈન્દ્રિયો રહેલી છે. તે પંચ જ્ઞાનેંન્દ્રિય અને પંચ કર્મેન્દ્રિય, તેમાં –

પંચ જ્ઞાનેન્દ્રિય - (૧) શ્રવણ, (૨) ગ્રહણ, (૩) ત્વચા, (૪) નેત્ર અને (૫) જીહ્વા.

પંચ કર્મેન્દ્રિય – (૧) હસ્ત, (૨) પાદ, (૩) મુખ, (૪) ઉપસ્થ અને (૫) ગુદા.

હવે તેમાં પુરુષ લિંગ અને સ્ત્રી લિંગ કહીએ છીએ.

(૧) પૃથ્વી તત્ત્વની - ઈન્દ્રિયો બે છે. તેમાં એક ગુદા તે પુરુષ લિંગ જાણવી. અને બીજી નાશિકા તે સ્ત્રી લિંગ જાણવી.

(૨) જળ તત્ત્વની - ઈન્દ્રિયો બે છે. તેમાં એક રસના (જીભ) તે સ્ત્રી લિંગ જાણવી. અને બીજી ઉપસ્થ તે પુરુષ લિંગ જાણવી.

(૩) અગ્નિ તત્ત્વની - ઈન્દ્રિયો બે છે. તેમાં એક નેત્ર તે સ્ત્રી લિંગ જાણવી. અને બીજી પગ તે પુરુષ લિંગ જાણવી.

(૪) વાયુ તત્ત્વની - ઈન્દ્રિયો બે છે. તેમાં ત્વચા તે સ્ત્રી લિંગ જાણવી. અને હસ્ત તે પુરુષ લિંગ જાણવી.

(૫) આકાશ તત્ત્વની - ઈન્દ્રિયો બે છે. તેમાં એક મુખ તે પુરુષ લિંગ જાણવી. અને બીજી કર્ણ (કાન) તે સ્ત્રી લિંગ જાણવી.

એવી રીતે ઈન્દ્રિયો યુગલ યુગલ નરમાદા જાણવી.

## પંચમાત્રા

પંચ તત્ત્વની પંચમાત્રા - (૧) શબ્દ,(૨) સ્પર્શ,(૩) રૂપ,(૪) રસ અને (૫) ગંધ તેમાં શબ્દ માત્રા આકાશ તત્ત્વની, સ્પર્શ માત્રા વાયુ તત્ત્વની, રૂપ માત્રા અગ્નિ તત્ત્વની, રસ માત્રા જળ તત્ત્વની અને ગંધ માત્રા પૃથ્વી તત્ત્વની જાણવી.

## પંચકોશ

પંચ કોશ - (૧) અનોમય, (૨) આનંદમય, (૩) મનોમય, (૪) પ્રાણમય અને (૫) વિજ્ઞાનમય. તેમાં અનોમય કોશ પૃથ્વીતત્ત્વનો, આનંદમય કોશ જળ તત્ત્વનો, મનોમય કોશ અગ્નિ તત્ત્વનો, પ્રાણમય કોશ વાયુ તત્ત્વનો અને વિજ્ઞાનમય કોશ આકાશ તત્ત્વનો જાણવો.

**પ્રશ્ન :** અનોમય કોશ પૃથ્વી તત્ત્વનો કેવી રીતે જાણીએ?

**ઉત્તર :** અનોમય કોશ અન્ન થકી જ પૃથ્વી પુષ્ટિ પામે છે, માટે અનોમય કોશ પૃથ્વી તત્ત્વનો જાણવો.

**પ્રશ્ન :** આનંદમય કોશ જળ તત્ત્વનો કેવી રીતે જાણીએ?

**ઉત્તર :** આનંદ થકી જ જળ તત્ત્વની ઈન્દ્રિઓ જે, ઉપસ્થ અને રસના, તે આનંદ થકી જ પુષ્ટિ પામે છે અને આનંદ ભંગ થાય તો રસનાની અમી સુકાઈ જાય છે. અને ઉપસ્થને વિષે પણ આનંદ ભંગ થાય છે. તે શા માટે? જે આનંદમય કોશ તે જળતત્ત્વનું આસન છે, તે માટે જળની ઈન્દ્રિયોને પુષ્ટિ રાખે છે.

**પ્રશ્ન :** મનોમય કોશ અગ્નિ તત્ત્વનો કેવી રીતે જાણીએ?

**ઉત્તર :** જો મન પ્રફુલ્લિત હોય તો મુખ ઉપર તેજ હોય છે. અને મન ભંગ થાય તો મુખ ઉપર તેજ રહેતું નથી. માટે મનોમય કોશ અગ્નિતત્ત્વનો છે, માટે

જ તેજને પુષ્ટિ રાખે છે.

**પ્રશ્ન :** પ્રાણમય કોશ વાયુ તત્ત્વનો કેવી રીતે જાણીએ?

**ઉત્તર :** પ્રાણમય કોશ થકી જ દસ પ્રકારનાં વાયુ પુષ્ટિ રાખે છે, અને પ્રાણ ગયે એક પણ વાયુ રહેતો નથી. માટે પ્રાણમય કોશ વાયુતત્ત્વનો જાણવો.

**પ્રશ્ન :** વિજ્ઞાનમય કોશ આકાશ તત્ત્વનો કેવી રીતે જાણીએ?

**ઉત્તર :** આકાશ તત્ત્વની ઈન્દ્રિયો જે શ્રવણ (કાન) અને મુખ છે, જેમાં મુખે તે જ્ઞાન ઉચ્ચાર કરવાથી પુષ્ટિ રહે છે, અને શ્રવણ તે સૂણવાથી (સાંભળવાથી) જ પુષ્ટિ રહે છે. તે માટે વિજ્ઞાનમય કોશ આકાશ તત્ત્વનો જાણવો. તે આકાશ તત્ત્વની ઈન્દ્રિયોને પ્રકાશે છે. એ પ્રકારે પંચકોશ પંચતત્ત્વમાં રહ્યાં છે, પરંતુ પોતપોતાના સ્થાનને વિષે રહીને પગના નખથી તે શિખાપર્યંત સર્વ શરીરને પ્રકાશે છે.

**પ્રશ્ન :** પંચકોશ પંચભૌતિક શરીરને કેવી રીતે પ્રકાશે છે?

**ઉત્તર :** (૧) અનોમય કોશ તે પૃથ્વી તત્ત્વમાં રહીને પંચ ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે.

(૨) ''આનંદમય કોશ'' જળતત્ત્વમાં રહીને ઈન્દ્રિયો, અંતઃકરણ, ગુણ અને અવસ્થાને પ્રકાશે છે.

(૩) ''મનોમય કોશ'' તે અગ્નિ તત્ત્વમાં રહીને સર્વ ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે.

(૪) ''પ્રાણમય કોશ'' તે વાયુ તત્ત્વમાં રહીને સર્વ શરીર, ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે.

(૫) ''વિજ્ઞાનમય કોશ'' તે આકાશ તત્ત્વમાં રહીને સર્વ શરીર, ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે.

એ પ્રકારે અન્યોઅન્ય સર્વ શરીરને પ્રકાશે છે. પણ આપ આપને સ્થાને રહીને પ્રકાશે છે.

## પંચ મુદ્રા

પંચ મુદ્રા – (૧) ભૂચરી, (૨) ચાચરી, (૩) ખેચરી, (૪) અગોચરી અને (૫) ઉનમૂનિ

''પંચ મુદ્રાની સાધન વિધિ તથા ફળ '' કહીયે છીએ.

(૧) "ભૂચરી મુદ્રા તે" બાર વર્ષ પર્યંત નાભિ ઉપર દૃષ્ટિ રાખીને અમર મંત્રનો જાપ જપે તો ભૂચરી મુદ્રા સિદ્ધ થાય. તેનું ફળ, ભૂ કહેતાં જે પૃથ્વી તેને વિષે ગવન કરે.

(૨) "ચાચરી મુદ્રા તે" બાર વર્ષ પર્યંત સન્મુખ દૃષ્ટિ રાખીને જે ના તો નીચે અને ના તો ઉંચે પરંતુ બરાબર નેત્રની સન્મુખ દૃષ્ટિ બેસે અને તંત્રને અડે એ પ્રમાણે રાખીને સ્થિર (ચોંટાડી) અમર મંત્રનો જાપ જપે તો ચાચરી મુદ્રા સિદ્ધ થાય. તેનું ફળ, તે સર્વના મનની બીના જાણે.

(૩) "ખેચરી મુદ્રા તે" બાર વર્ષ પર્યંત જે ખે કહેતાં આકાશમાં દૃષ્ટિ રાખીને અમને મંત્રનો જાપ જપે તો ખેચરી મુદ્રા સિદ્ધ થાય. તેનું ફળ તે એ કહેતાં આકાશમાં ગવન કરે.

(૪) "અગોચરી મુદ્રા તે" બાર વર્ષ પર્યંત નેત્ર બંધ કરીને અમર મંત્રનો જાપ જપે તો અગોચરી મુદ્રા સિદ્ધ થાય. તેનું ફળ,સર્વના દેખતાં અદૃશ્ય થાય.

(૫) "ઉનમુનિ મુદ્રા તે" બાર વર્ષ પર્યંત નાસિકા અગ્રે દૃષ્ટિ રાખીને અમર મંત્રનો જાપ જપે તો ઉનમુનિ મુદ્રા સિદ્ધ થાય, તેનું ફળ તેને પરમાત્માનું દર્શન થાય.

## અવસ્થા અને અંતઃકરણ

પંચ અવસ્થા - (૧) જાગૃત, (૨) સ્વપ્ન, (૩) સુષુપ્તિ, (૪) તુરિયા, (૫) ઉનમુનિ

પંચ અંતઃકરણ - (૧) મન, (૨) બુદ્ધિ, ૩) અહંકાર, (૪) ચિત્ત, (૫) નચિત. (નચંત)

પ્રશ્નઃ પંચ અવસ્થા અને પંચ અંતઃકરણ કોણ કોણ સંયોગ અને ક્યા કયા સ્થાને રહ્યાં છે?

**ઉત્તર :**પૃથ્વી તત્ત્વ, સ્થુળ દેહ, મન અંતઃકરણ અને રજોગુણ અધિષ્ઠાન સહવર્તમાન નેત્ર સ્થાને "જાગૃત અવસ્થા" ભોગવે છે.

(૨) જળ તત્ત્વ, સુક્ષ્મ દેહ, બુદ્ધિ અંતઃકરણ અને સતોગુણ અધિષ્ઠાન સહવર્તમાન કંઠ સ્થાને "સ્વપ્ન અવસ્થા" ભોગવે છે.

(૩) અગ્નિતત્ત્વ, કારણદેહ, અહંકાર અંતઃકરણ અને તમો ગુણ અધિષ્ઠાન

સહવર્તમાન હ્રદય સ્થાને ‘‘સુષુપ્તિ અવસ્થા’’ ભોગવે છે.

(૪) વાયુ તત્ત્વ, મહાકારણ દેહ, ચિત અંતઃકરણ અને પ્રકૃતિ અધિષ્ઠાન સહવર્તમાન નાભિ સ્થાને ‘‘તુરિયા અવસ્થા’’ ભોગવે છે.

(૫) આકાશ તત્ત્વ, પરમકારણ દેહ, નચિંત અંતઃકરણ અને નિરંજન અધિષ્ઠાન સહવર્તમાન બ્રહ્મરુંધ્ર સ્થાને ‘‘ઉનમુનિ અવસ્થા’’ ભોગવે છે.

**પ્રશ્ન :** અવસ્થા ઊલટા સૂલટી પલટાય છે, જે આ અવસ્થામાં રહીને બીજી અવસ્થા દેખાતી નથી, અને બીજી અવસ્થામાં રહીને આ અવસ્થા દેખાતી નથી, તે ક્યા આવરણે કરીને એકમાંથી બીજી દેખાતી નથી?

**ઉત્તર :** જે મૂળ શુદ્ધ પ્રાણાયામને વિષે પંચતત્ત્વના સૂક્ષ્મ પ્રાણાયામ વારા ફરતી વર્તમાન કરે છે, તેથી તે તત્ત્વ પલટાયે અવસ્થા પણ પલટાય છે.

**પ્રશ્ન :** પંચતત્ત્વ વિષે ક્યા સ્વરૂપે વર્તમાન કરે છે?

**ઉત્તર :** પંચતત્ત્વને વિષે પંચ સુક્ષ્મ પ્રાણાયામ મહાદ્ પ્રાણાયમના આભાસના રહ્યા છે. તે પંચતત્વના પંચ સુક્ષ્મ પ્રાણાયમ મહાદ્પ્રાણાયમને વિષે વારા ફરતી વર્તમાન કરે છે તે પંચતત્વના પાંચ સુક્ષ્મ પ્રાણાયમ પાંચ પ્રાણવાયુ જાણવા.

પંચ પ્રાણ વાયુ - (૧) અપાન વાયુ, (૨) પાન વાયુ, (૩) ઉદાન વાયુ, (૪) વાન વાયુ, (૫) સમાન વાયુ.

પંચતત્ત્વના પંચ પ્રાણવાયુ - (૧) ‘‘ અપાનવયુ’’ પૃથ્વી તત્ત્વનો પ્રાણાયમ, (૨) ‘‘ પાન વાયુ’’ જળ તત્ત્વનો પ્રાણાયમ, (૩) ‘‘ઉદાન વાયુ’’ અગ્નિ તત્ત્વનો પ્રાણાયમ, (૪) ‘‘વાન વાયુ’’ પવન તત્ત્વનો પ્રાણાયમ (૫) ‘‘સમાન વાયુ’’ આકાશ તત્ત્વનો પ્રાણાયામ જાણવો. એ પંચતત્ત્વના પંચ પ્રાણાયામ તે મૂકતા શ્વાસના જાણવા.

**પ્રશ્ન :** હવે લેતા શ્વાસના પંચ તત્ત્વના પંચ પ્રાણાયામ તે ક્યા ક્યા છે ?

**ઉત્તર :** પંચ તત્ત્વના પંચ લેતા શ્વાસના પ્રાણાયામ તે પંચ ઉપસમ વાયુ જાણવા.

પંચ ઉપસમ વાયુ - (૧) કોરમવાયુ, (૨) કલકલ વાયુ, (૩) દેવદત્ત વાયુ, (૪) નાગ વાયુ, (૫) ધનંજય વાયુ.

પંચ તત્ત્વના પંચ ઉપસમ વાયુ - (૧) ‘‘કોરમ વાયુ તે’’ પૃથ્વી તત્ત્વના લેતા શ્વાસના પ્રાણાયમ, (૨) ‘‘કલકલ વાયુ’’ જળ તત્ત્વના લેતા શ્વાસના પ્રાણાયમ, (૩)

''દેવદત્ત વાયુ'' અગ્નિ તત્ત્વોના લેતા શ્વાસના પ્રાણાયમ (૪) ''નાગ વાયુ '' પવન તત્ત્વના શ્વાસના પ્રણાયમ (૫) ''ધનજય વાયુ '' આકાશ તત્ત્વના લેતા શ્વાસના પ્રાણાયમ. એવી રીતે પંચતત્ત્વને વિશે પંચ યુગલ પ્રાણાયામ સૂક્ષ્મ ભાગે રહ્યા છે.

**પ્રશ્ન :** એ પંચ તત્ત્વના પંચ સૂક્ષ્મ પ્રાણાયામ તે મહાદ્ પ્રાણાયામને વિષે ક્યા પ્રકારે વર્તે છે?

**ઉત્તર :** મૂક્તા મહાદ્ પ્રાણાયામને વિષે તો પંચ તત્ત્વના પંચ મૂકતા પ્રાણાયામ વર્તે છે. અને લેતા મહાદ્ પ્રાણાયામને વિષે તો પંચ તત્ત્વના પંચ લેતા સૂક્ષ્મ પ્રાણાયામ વર્તે છે.

એ પ્રકારે પંચ તત્ત્વના પંચ સૂક્ષ્મ પ્રાણાયામ પંચના વિકાર સંયુક્ત મહાદ્ પ્રાણાયામને વિષે વર્તે છે. પંચ તત્ત્વના વિકારી પ્રાણાયામને આવરણે કરીને તત્ત્વ ભેદે અવસ્થા પલટાય છે.

**પ્રશ્ન :** હવે કયા કયા તત્ત્વને આવરણે કઈ કઈ અવસ્થા પલટાય છે?

**ઉત્તર :** (૧) પૃથ્વીતત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહાદ્ પ્રાણાયામને વિષે વર્તમાન કરે ત્યારે, જાગૃત અવસ્થા સ્ફૂરણ થાય છે.

(૨) જળ તત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહાદ્ પ્રાણાયામને વિષે વર્તમાન કરે ત્યારે સ્વપ્ન અવસ્થા સ્ફૂરણ થાય છે.

(૩) અગ્નિ તત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહાદ્ પ્રાણાયામને વિષે વર્તમાન કરે ત્યારે સુષુપ્તિ અવસ્થા સ્ફૂરણ થાય છે.

(૪) વાયુ તત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહાદ્ પ્રાણાયામને વિષે વર્તમાન કરે ત્યારે તુરિયા અવસ્થા સ્ફૂરણ થાય છે.

(૫) આકાશ તત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયામ જ્યારે મહાદ્ પ્રાણાયામને વિષે વર્તમાન કરે ત્યારે ઉનમૂનિ અવસ્થા સ્ફૂરણ થાય છે. એવી રીતે પંચ અવસ્થા તત્ત્વોના સૂક્ષ્મ પ્રાણાયામના આવરણ આવ્યા થકી વારા ફેર કરીને પલટાય છે.

**પ્રશ્ન :** પંચ તત્ત્વના પ્રાણાયામ પંચ તત્ત્વને વિષે ક્યા ક્યા પ્રકારે રહ્યા છે?

**ઉત્તર :** જેવી રીતે વાજીંત્રને વિષે નાદ રહ્યો છે. જેવી રીતે કાષ્ટ, પાષાણને વિષે અગ્નિ રહ્યો છે, અને જેવી રીતે લુહારની ધમણને વિષે પવન રહ્યો છે. તેવી જ રીતે સૂક્ષ્મ પ્રાણાયામ પંચ તત્ત્વને વિષે રહ્યા છે. એ ત્રણ દૃષ્ટાંતનું સત્વ કારણ જે, અગ્નિ, વાયુ અને શબ્દ સમાન ભાગે જડવત્ રહ્યાં છે, પરંતુ કોઈ

તેના કરતાં વિશેષ સત્તાવાન ચૈતન આવી મળે ત્યારે એ ત્રણ દૃષ્ટાંતના સત્વને જાગૃત કરે છે, પરંતુ પોતે પોતાની મેળે (આપોઆપ) જાગૃત થતાં નથી.

**પ્રશ્ન :** પોતે પોતાની મેળે જાગૃત ન થવાનું કારણ શું?

**ઉત્તર :** એ ત્રણમાં સમાન સત્ત્વ રહ્યું છે. તેને કરીને આપોઆપ ચૈતન થાય નહીં. એ ત્રણ દૃષ્ટાંતના પ્રકારે પંચભૂતને વિષે પણ પંચ સૂક્ષ્મ પ્રાણાયામ સમાન ભાગે રહ્યા છે. હવે કાષ્ટ અને પાષાણના અગ્નિને, ધમણના પવનને અને વાજીંત્રના નાદને વિષે વિશેષ ચૈતનવાન આવીને મળે છે ત્યારે તેને જાગૃત કરીને મહાદ્ સત્વને વિષે મેળવી દે છે. તે મહાદ્ સત્ત્વ તે મહાદ્ આકાશ, મહદ્ પવન અને મહાદ્ અગ્નિ એ ત્રણને વિષે ત્રણ સમાન સત્ત્વ જે કાષ્ટ અને પાષાણના અગ્નિને, ધમણના પવનને અને વાજીંત્રના શબ્દને, તે પ્રગટ થયા પછી મળી જાય છે. તે વિશેષ ચૈતન પુરૂષ થકી પ્રગટ થાય છે.

**પ્રશ્ન :** તેવી જ રીતે અહીં પંચભૂતને વિષે પંચ સામાન્ય પ્રાણાયામ રહ્યા છે. તેને કોણ વિશેષ ચૈતન જાગૃત કરીને, તે પંચભૂતના સામાન્ય પ્રાણાયામને મહદ્ પ્રાણાયામને વિષે મેળવે છે?

**ઉત્તર :** જે સામ્રથ કૈવલકર્તાની ''સંજમ ભોગવૃત્તિ'' નાં ત્રણ ચક્ષસત્ત્વ (૧) વ્રગજ્ઞાન ચક્ષસત્વ, (૨) અનંગ ચક્ષસત્વ અને (૩) કાળ ચક્ષસત્વ.

એ ત્રણ ચક્ષસત્વ તે પંચ તત્ત્વના સામાન્ય પ્રાણાયામને જાગૃત કરીને મહાદ્ પ્રાણાયામને વિષે મેળવે છે.

**પ્રશ્ન :** ત્યાર પછી કોણ પ્રકારે એક એક તત્ત્વના પ્રાણાયામને જાગ્રત કરીને મહાદ્ પ્રાણાયમને વિષે મેળવે છે અને પાછા એક એક તત્વના પ્રાણાયામનું મંદ કરતા જાય છે?

**ઉત્તર :** (૧) વ્રગજ્ઞાન ચક્ષસત્વ જયારે પૃથ્વી તત્ત્વના પ્રાણાયામને જાગૃત કરે છે, ત્યાર પછી અનંગ ચક્ષસત્વ તે પૃથ્વી તત્ત્વના પ્રાણાયામને લઈને મહદ્ પ્રાણાયામને વિષે મેળવે છે ત્યારે જાગૃત અવસ્થા સ્ફૂરણ થાય છે, ત્યાર પછી કાળ ચક્ષસત્વ તે પૃથ્વી તત્ત્વના પ્રાણાયામને મહાદ્ પ્રાણાયામને વિષેથી વિખુટો પાડીને મંદ કરી નાખે છે ત્યારે જાગૃત અવસ્થા લીન પામી જાય છે.

(૨) વ્રગજ્ઞાન ચક્ષસત્વ જયારે જળ તત્ત્વના પ્રાણાયામને જાગૃત કરે છે, ત્યાર પછી અનંગ ચક્ષસત્વ તે જે જળ તત્ત્વના પ્રાણાયામને લઈને મહદ્ પ્રાણાયામને

વિષે મેળવે છે ત્યારે સ્વપ્ર અવસ્થા સ્ફૂરણ થાય છે. ત્યાર પછી કાળ ચક્ષસત્ત્વ તે જળ તત્ત્વના પ્રાણાયામને મહદ્ પ્રાણાયામને વિષેથી વિખૂટો પાડીને મંદ કરી નાંખે છે ત્યારે સ્વપ્ન અવસ્થા લીન પામી જાય છે.

(૩) વ્રગજ્ઞાન ચક્ષસત્વ જ્યારે અગ્નિ તત્ત્વના પ્રાણાયામને જાગૃત કરે છે, ત્યાર પછી અનંગ ચક્ષસત્ત્વ તે અગ્નિ તત્ત્વના પ્રાણાયામ ને લઈને મહદ્ પ્રાણાયામને વિષે મેળવે છે ત્યારે, સુષુપ્તિ અવસ્થા સ્ફૂરણ થાય છે. ત્યાર પછી કાળ ચક્ષસત્ત્વ તે અગ્નિ તત્ત્વના પ્રાણાયામને મહદ્ પ્રાણાયામને વિષેથી વિખૂટો પાડીને મંદ કરી નાખે છે ત્યારે સુષુપ્તિ અવસ્થા લીન પામી જાય છે.

(૪) વ્રગજ્ઞાન ચક્ષસત્વ જ્યારે વાયુ તત્ત્વના પ્રાણાયામને જાગૃત કરે છે, ત્યાર પછી અનંગ ચક્ષસત્ત્વ તે વાયુ તત્ત્વના પ્રાણાયામને લઈને મહદ્ પ્રાણાયામને વિષે મેળવે છે ત્યારે તુરિયા અવસ્થા સ્ફૂરણ થાય છે. ત્યાર પછી કાળ ચક્ષસત્વ તે વાયુ તત્ત્વના પ્રાણાયામને મહાદ્ પ્રાણાયામને વિષેથી વિખૂટો પાડીને મંદ કરી નાખે છે ત્યારે તુરિયા અવસ્થા લીન પામી જાય છે.

(૫) વ્રગજ્ઞાન ચક્ષસત્વ જ્યારે આકાશ તત્ત્વના પ્રાણાયમને જાગૃત કરે છે, ત્યારપછી અનંગ ચક્ષસત્ત્વ તે આકાશ તત્ત્વના પ્રાણાયામને લઈને મહદ્ પ્રાણાયામને વિષે મેળવે છે ત્યારે ઉનમૂનિ અવસ્થા સ્ફૂરણ થાય છે. ત્યાર પછી કાળ ચક્ષસત્ત્વ તે આકાશ તત્ત્વના પ્રાણાયામને વિષેથી વિખૂટો પાડીને મંદ કરી નાંખે છે ત્યારે ઉનમૂનિ અવસ્થા લીન પામી જાય છે.

## સપ્ત ભૂમિકા

સપ્ત ભૂમિકા - (૧) શુભ ઈચ્છા, (૨) સુવિચારણા, (૩) તનુમાનસા, (૪) સત્વાપતિ, (૫) આસમશક્તિનામીકા (૬) પદાર્થ ભાવની, (૭) તતષ્ટતુરીબ્રહ્મસંગિતમ્

(૧) "શુભ ઈચ્છા ભૂમિકા" તે નિત્યાનિત્ય વિવેક કરવો.

(૨) "સુવિચારણા ભૂમિકા" તે મોક્ષ ઈચ્છાને માટે ગુરુને શરણે જઈને શ્રવણ અને મનન કરે,

(૩) "તનુમાનસા ભૂમિકા" તે સૂક્ષ્મ વસ્તુનું ગ્રહણ કરે, અને સ્થૂળનો અભાવ કરે છે. એ ત્રણ ભૂમિકા તોડી તો જગત સાચુ ભાસે છે.

(૪) "સત્વાપતિ ભૂમિકા" જે આત્મ પ્રતીતિ દૃઢ અને જગત સ્વપ્નવત્ ભાસે છે. અને તેને બ્રહ્મવિત્ કહે છે.

(૫) "આસમ શક્તિનામીકા ભૂમિકા" તે એક ક્ષણ સમાધિવત્ અને એક ક્ષણ સ્વકાશ દૃષ્ટિ, પરંતુ તે સ્વકાશ દૃષ્ટિને વિષે કોઈ આસક્ત હોય નહીં. અને તેને બ્રહ્મવિતવર કહે છે.

(૬) "પદાર્થ ભાવની ભૂમિકા" તે સદાયકાળ સમાધિવત્ રહે, અને કોઈ ઉત્તમ મુમુક્ષુ આવી મળે, અને પૂછે તો સહેજ સ્વભાવે લક્ષ્યાર્થ બોલી જાય. પરંતુ પોતે પોતાની મેળે બોલવાની ઈચ્છા થાય નહીં. તેને બ્રહ્મવિત્, વરિયાણ કહે છે.

(૭) "તતષ્ટતુરીબ્રહ્મસંગિતમ્ ભૂમિકા" તે સદાયકાળ ઉનમૂનિ ખલ્વિંદ અયમ્ મમેતિ બ્રહ્મ એક રસ રહે, તેને પોતે પોતાની મેળે બોલવાની પણ આસક્તિ ન હોય તથા કોઈ મૂમૂક્ષુ પ્રત્યે પણ બોલે નહીં. આ સાત ભૂમિકા, વેદાંત લક્ષની કહી. એથી પરમગુરુ લક્ષનું જાણવું વર્જીત (ન્યારુ) છે.

## ખટ સમ્પત્તિ

ખટ સમ્પત્તિ - (૧) શમ, (૨) દમ, (૩) ઉપપ્રતીતિ (૪) તિતિક્ષા, (૫) શ્રદ્ધા, (૯) સમાધાન,

(૧) "શમ" ઈન્દ્રિયોને કબજે રાખે,

(૨) "દમ" તે દમમાં (નિયમમાં) રાખે.

(૩) "ઉપ પ્રતીતિ" બાહ્યવૃત્તિ સમેટીને તે વૃત્તિ સમ, દમ ઉપર રાખવી.

(૪) "તિતિક્ષા" તિક્ષણપણે ઉજાગૃત રહેવું.

(૫) "શ્રદ્ધા" સદાકાળ અખંડ રહેવું અને શ્રધ્ધા રાખવી.

(૬) "સમાધાન" તે જે, શમ, દમ, ઉપપ્રતીતિ, તિતિક્ષા અને શ્રદ્ધા. તેનું ફળ તે જે આત્માનો નિશ્ચય કરવો તે સમાધાન એ ખટ સમ્પત્તિવાન જે હોય તેને યોગિદ્રરાજ કહીએ. તો જેમ સ્ત્રી, પુત્ર, દ્રવ્ય, શસ્ત્ર, સેનાદિ રહિત એ ખટ સંપત્તિ વડે નરાધીપતિ રાજા કહેવાય છે. તેવી જ રીતે એ ખટ સંપત્તિ જેની પાસે હોય તેને યોગીરાજ કહીએ. નહીંતર તો સર્વે બાનાધારી ભેખ બરાબર છે.

## ખટ તાપ

ખટતાપ - ત્રણ પ્રકારના શરીર સંબંધી ત્રિવિધિ તાપ (૧) અધિ દૈવ્યતાપ, (૨) અધિભૂત તાપ, (૩) અધ્યાતમ તાપ. અને ત્રણ પ્રકારના ઉપપરિતાપ (૧) અધિ દૈવ્ય ઉપપરિતાપ, (૨) અધિભૂત ઉપપરિતાપ, ૩) અધ્યાતમ ઉપપરિતાપ. એ ખટ (૬) તાપ જાગૃત અવસ્થામાં સામાન્ય જ્ઞાનને વિષે ભૂક્તમાન થાય છે.

(૧) **" અધિદૈવ્ય તાપ"** કામ, ક્રોધ, ગુણાદિક અધિક તપી જાય, અને દશ ઈન્દ્રિયોના દેવ અધિક વિષયની ચાહના કરવા લાગે, પરંતુ તે વિષયની પ્રાપ્તિ થાય નહીં. અને તેનો તાપ શરીરને વિષે થાય, તે શરીર સંબંધી અધિદૈવ્ય તાપ જાણવો.

(૨) **"અધિભૂત તાપ"** પંચભૂતના કોઈ તત્ત્વ અધિક વૃદ્ધિ પામવાથી રોગ ઉત્પન્ન થાય છે. ૧ પુંડરોગ, કઠોદર, જળંદરની આદ્ય લઈને શરીરને વિષે જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તે પૃથ્વી તત્ત્વ વૃદ્ધિ પામવાથી ઉત્પન્ન થાય છે. ૨. શરદી, (ક્ષય), કફ, અજીરણ અને શીતની આધ્ય લઈને શરીરને વિષે જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તે જળ તત્ત્વની વૃદ્ધિ પામવાથી ઉત્પન્ન થાય છે. ૩.પ્રમેહ, (પરમીયો) જ્વર, (તાવ) નેત્ર, ગલત, કોઢ, પત્ય ગરમી, ઓરુ બવેશીની આદ્ય લઈને શરીરને વિષે જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તે અગ્નિ તત્ત્વ વૃદ્ધિ પામવાથી ઉત્પન્ન થાય છે. ૪. ઊલટી, ઉધરસ, દમ, તાણ્ય, મૃગિવાયુ અને ભ્રમિતની આદ્ય લઈને શરીરને વિષે જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તે વાયુ તત્ત્વ વૃધ્ધિ પામવાથી ઉત્પન્ન થાય છે. ૫. સોજો, ફોફ (ફોફવા) વાયુ, પેટ ચઢવું અને શૂનકારની આદ્ય લઈને શરીરને વિષે જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તે આકાશ તત્ત્વ વૃધ્ધિ પામવાથી ઉત્પન્ન થાય છે. પંચભૂત અધિક વૃધ્ધિ પામ્યા થકી શરીરને વિષે એ પ્રકારે દુઃખ (તાપ) ઉત્પન્ન થાય છે, શરીર સંબંધી અધિભૂત તાપ જાણવો.

(૩) **"અધ્યાતમ તાપ"** શરીરને વિષે ક્ષુધા અને પિપાસાનો તાપ સદાયકાળ રહે છે. જેણે કારણે રાત અને દિવસ (અહોરાત્રિ) સંપૂર્ણ જગત વિધવિધ પ્રકારની મહેનત કર્યા જાય છે. તે ક્ષુધા પિપાસાનો તાપ શરીરને વિષે રહ્યો છે. માટે તે શરીર સંબંધી અધિ અધ્યાતમ તાપ જાણવો, તેનું કારણ શું? કે અન્ય તાપ તો કોઈ પણ દિવસે શાંત પામી જાય છે, પરંતુ ક્ષુધા અને પિપાસાનો તાપ તે સદાયકાળ અધ્યાતમ જે શરીરમાં લાગે (લોપાયમાન) રહે છે. માટે તેને અધ્યાતમ તાપ જાણવો.

એ ત્રણ પ્રકારના (ત્રિવિધિ) તાપ તે શરીર સંબંધી જાણવા.

ત્રણ પ્રકારના ઉપપરિતાપ

(૧) **" અધિદૈવ્ય ઉપપરિતાપ"** નવગ્રહ, પિતૃપીડા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અગ્નિકોપ, શીતની આદ્ય લઈને દેવકોપની પીડા ઉત્પન્ન થાય તે, આધિદૈવ્ય ઉપપરિતાપ જાણવો. કારણકે આપના દેહ થકી પરોક્ષ રહીને તાપ પમાડે છે.

(૨) **" અધિભૂત ઉપપરિતાપ"** નરાધિપતિ, વનપતિ સિંહ, વ્યાઘ્ર, ચોર, વાટપાડું, સર્પ અને વીંછીની આદ્ય લઈને સર્વ પ્રોક્ષ થકો તાપ ઉત્પન્ન થાય તે અધિભૂત ઉપપરિતાપ જાણવો. કારણકે, પંચભૂતના ઘાટ સર્વ કોઈના છે. તેમાં એકબીજાને પીડા કરે, તે માટે અદકા ભૂત તે અદકે ભૂતે સામાને પીડા કરે તે, અધિભૂત ઉપપરિતાપ જાણવો.

(૩) **"અધ્યાતમ ઉપપરિતાપ"** સૂત, વિત, દારા, સ્ત્રી, કુટુંબ અને સહોદર સંબંધીની આદ્ય લઈને તેના દુઃખનો અધ્યાસ આપણા અંતરને વિષે રહે છે. તેને તાપે દુઃખ ઉત્પન્ન થાય છે તે, અધ્યાતમ ઉપપરિતાપ જાણવો.

એ ત્રણ પ્રકારના તાપ પર (પરોક્ષ) થકી ઉત્પન્ન થાય છે, તે ઉપપરિતાપ જાણવા.

## લક્ષણા

અજહદાજહદ્ લક્ષણા (૧) અજહદ્ લક્ષણા, (૨) જહદ્ લક્ષણા, (૩) જહદાજહદ્ લક્ષણા.

(૧) **"અજહદ્ લક્ષણા"** પંચભૂત, દશ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ, ત્રણગુણ, પ્રકૃતિ અને પુરુષ નિરંજન એ પંચ દેહને જ આત્મા માની બેઠા હોય તો તે, અજહદ્ લક્ષણા જાણવી.

(૨) **"જહદ્ લક્ષણા"** અજહદ લક્ષણા ધારણ કર્યા પછી તત્ત્વ તથા દેહનો વિચાર કર્યો ત્યારે પંચદેહ અનિત્ય જણાયા, અને આત્મા તો એનામાં (તેમાં) નથી. કેવી રીતે? કે, જેવી રીતે કોઈ રાજાની હવેલીમાં બહુ પ્રકારની ઓરડીઓ વગેરે હોય છે. પરંતુ તેમાં રાજાની દરેક ઠેકાણે સતંતર વસ્તી હોતી નથી. તેને બેસવાનું ઠેકાણું, સિંહાસન, મહેલ, કચેરી વિગેરે જુદે જુદે ઠેકાણે હોય છે. તેવી જ રીતે તતસ્થ તિર નામે નાશાગ્રને વિષે દેખે તો તે ઠેકાણે પ્રણવ તંતુ ઘોર શબ્દ

ચતુર વાણીનું મૂળ ઊઠે છે. પછી વિચાર કરીને જોયું તો આત્મા છે? એ ઠેકાણે પ્રણવ પણ નથી. જે સમયે પ્રણવનો નિશ્ચય થયો. અને પંચદેહનું અસત્યપણું માનવામાં આવ્યું, તો તે સમયે જહદ્ લક્ષણા જાણવી.

(૩) **''જહદાજહદ્ લક્ષણા''** પ્રણવરૂપ તંતુને પોતાની સત્તા થકી પોક્ષણ કરીને, પંચદેહને સત્તા માત્રે વર્તમાન કરાવે છે. તે ''કૈવલકર્તા'' નો નિજ અંશ જે આપ નિજસ્વરૂપ, તે તો જ તે દેહની હદ છે. તે ઠેકાણેથી જ પોક્ષણ કરે છે. તેને જહદા લક્ષણા કહીયે છીએ.

એજ પ્રમાણે ત્રિવિધિ જહદાજહદ્ લક્ષણો જાણવી.

# ચતુર્દેહ પંચ તત્ત્વ વિભાગ પંચીકરણ

## સ્થૂળ દેહ

પ્રથમ '' સ્થૂળ દેહ '' ને વિષે પંચતત્ત્વના વિભાગ રહેલા છે

(૧) આકાશ તત્ત્વના વિભાગ – (૧) કામ, (૨) ક્રોધ, ૩) લોભ, (૪) મોહ, (૫) ભય.

(૨) પવન તત્ત્વના વિભાગ – (૧) બલકરન, (૨) ધાવન, (૩) પસરન, (૪) સંકોચન, (૫) સોચ.

(૩) અગ્નિ તત્ત્વના વિભાગ - (૧) નિદ્રા (૨) બગાસુ, (૩) આળસ, (૪) ભૂખ, (૫) પ્યાસ.

(૪) જળ તત્ત્વના વિભાગ - (૧) સળેખમ, (૨) મૂત્ર, (૩) વિર્ય, (૪) રક્ત, (૫) પ્રસેત (પરસેવો).

(૫) પૃથ્વી તત્ત્વના વિભાગ – (૧) હાડ, (૨) માંસ, (૩) નાડી, (૪) ત્વચા, (૫) રોમ.

એ પચીસ વિભાગ મળીને સ્થૂળ દેહ થયો છે.

## સૂક્ષ્મ દેહ

દ્વિતીય ''સૂક્ષ્મ દેહ'' ને પંચતત્ત્વના પચીસ વિભાગ રહેલા છે.

(૧) આકાશ તત્વના વિભાગ - (૧) મન, (૨) બુદ્ધિ, (૩) અહંકાર, (૪) ચિત્ત, (૫) નચિત.

(૨) વાયુ તત્ત્વના વિભાગ - (૧) પ્રાણ, (૨) અપાન, (૩) સમાન, (૪)

વ્યાન, (૫) ઉદાન,

(૩) અરિશ તત્ત્વના વિભાગ - (૧) શ્રોત, (૨) ચક્ષુ (૩) ત્વચા, (૪) ઘ્રાણ, (૫) જીવ્હા.

(૪) જળ તત્ત્વના વિભાગ - (૧) વાચા, (૨) પાણી (હાથ), (૩) પાદ, (૪) ગુદા, (૫) લિંગ.

(૫) પૃથ્વી તત્ત્વના વિભાગ - (૧) શબ્દ, (૨) સ્પર્શ,(૩) રૂપ, (૪) રસ, (૫) ગંધ.

એ પચીસ વિભાગ મળીને સૂક્ષ્મ દેહ થયો છે.

## કારણદેહ

તૃતીય ''કારણ દેહ'' ને વિષે પચતત્ત્વના પચીસ વિભાગ રહેલા છે.

(૧) આકાશ તત્ત્વના વિભાગ - (૧) ઔકાશ, (૨) વિસ્મૃતિ, (૩) આવ્રણ, (૪) નિરાવ્રણ, (૫) પ્રાણત્વ.

(૨) વાયુ તત્ત્વના વિભાગ – (૧) ભ્રાંતિ, (૨) સંકિત્વ (૩). સલિત્વ, (૪) શોષત્વ, (૫) ધિર્યત્વ,

(૩) અગ્નિ તત્ત્વના વિભાગ -(૧) મૂઢત્વ, (૨) રૂઢત્વ, (૩) કૃતઘ્નત્વ, (૪) અવિચારત્વ, (૫) સકલેત્વ.

(૪) જળ તત્ત્વના વિભાગ - (૧) મૂદુત્વ, (૨) પોષત્વ, (૩) હલાહલ, (૪) કલેદ, (૫) ધારણ.

(૫) પૃથ્વી તત્ત્વના વિભાગ – (૧) મૌનત્વ, (૨) બલત્વ, (૩) જલત્વ, (૪) પીડાકરણ, (૫) કઠીણત્વ.

એ પચીસ વિભાગ મળીને કારણદેહ થયો છે.

## મહાકારણ દેહ

ચતુર્થ ''મહાકારણ દેહ'' ને વર્ષ પંચ તત્ત્વના પચીસ વિભાગ રહેલા છે.

(૧) આકાશ તત્ત્વના વિભાગ - (૧) પૂર્ણ, (૨) આસંગ,

(૩) વ્યાપક, (૪) સર્વબીજ, (૫) અખંડ.

(૨) વાયુ તત્ત્વના વિભાગ - (૧) અજીત, (૨) અછેદ, (૩)પરાત્પર,

(૪) નિર્મલ, (૫) અજર,

(૩) અગિ તત્ત્વના વિભાગ - (૧) અદાહ્ય, (૨) ઉરધપદ, (૩) પ્રકાશ, (૪) ચૈતન, (૫) મન અધ્યાસ,

(૪) જળ તત્ત્વના વિભાગ = (૧) અકલેદ, (૨) જગજીવ, (૩) જોતી, (૪) રસ, (૫) અમૃત,

(૫) પૃથ્વી તત્ત્વના વિભાગ – (૧) અસંશય, (૨) કરણ, (૩) પાવન, (૪) સંસિદ્ધ, (૫) અપાર,

એ પચીસ વિભાગ મળીને મહાકાર દેહ થયો છે. એ પ્રમાણે તત્વનો વિધિ સાંખ્ય યોગ જાણો,

(સાખી)

સાંખ્ય યોગ દેહ ચતુરકો, કહે તત્ત્વ સો ભેદ;
નિજાનંદ કૈવલ પદ, તાથે રહે અભેદ. ૧
તાથે રહે અભેદ, ભેદ ગુરુ ગમ તે પાવે;
કથીત નારણદાસ, આન્ય કછું નહીં મિલાવે. ૨
મિલે તત્ત્વસુ તત્ત્વ સત્વ, ઈનહી વિધિ જાને;
ઘે ધાતા અનુસાર, સૂત્ર સબ એક બખાને. ૩
તત્ત્વાતિત સો પદ સદ, મહા પુરૂપ ગમ જ્ઞાન;
ઓર સબ ઓરલી કહે, ગ્રહી તન વેશ બખાન. ૪
બખાન કીયે સબ વેશકે, ખટ નવ પુરાણ અઢાર;
ચારવેદ ઓરુ ઈતિહાસ લ્યો, રચી રહે ઠોરોઠોર. ૫
તાથે વર્જીત વસ્ત હે, પરમગુરુ સાનસે પાય;
છેવટ સદન નિજપતિપદ, સો ગમ ગતિ બકસાય. ૬

# સ્તુતિ

**(શ્રી નરવેદસાગર ગુરુ શ્રી કરુણાસાગર મહારાજ કૃત)**

ૐ વંદુ ગુરુ ચરણ કમલ, પદ પુંજ પ્રકાસા;
લોક ચતુર્દશ અંસ વસો, નિજ કદમ નિવાસા. ૧
સર્વ ઈષ્ટ સરવેસ સફલ, સુખદાયક સ્વામી;
સબ ઘટ પુરણ વાસ, અનાસ અવે અંતરયામી. ૨
ખલક ખેલ ખેલાવ, દાવ દ્વૈતા નહિ ભાસન;
અગણિત ઈંડ કટાક્ષ, તાય પર અધર આસન. ૩
શુદ્ધ સંકલ્પકી સૃષ્ટ, કિયેહુ પુનિ શ્રમ વગરકુ;
આપ અંગિકૃત અંશ, વર્જિત લક્ષ લેઈ સધરકુ. ૪
વિખરેહુ દેશ વિદેશ, વેશ બહુ ધરી ભિન્ન ભિન્ના;
થૈ રહે ભવ લોલીન, ભિન્ન કર્તા નવ ચિન્યા. ૫
કો હમ કો કીર્તાર યાર, પેખ્યા નહીં આદુ;
ભયે જક્ત જગયાર, લગી વૃત્તિ ઉન નાદુ. ૬
ભઈ વૃત્તિ ઉન નાદ, સ્વાધ્ય નહીં સ્વરૂપા અસ્મિ;
જપત ભિન્ન ભવ જાપ, પતિકી નહિ નિજ તસ્મિ. ૭
ઉત ઈત જિત તિત જક્ત, મગન થૈ મન મહાલે;
કર્તા વિયોગકી કષ્ટ, સૃષ્ટમાં કોઈકુ ન સાલે. ૮
સુખમય સકલ સમોહ, ક્ષોભ ન ખુદકી જાણ;
ધરી આપ અહંમેવ, બોજ ધરીયા ઘર તાણે. ૯
ફસો ઈંત રતિવંત, કંથ ઉનકો શિર ગાજે;
પરવશ પરે હેરાન, હરિ બિનુ ફરત ન લાજે. ૧૦

કોટિ કલ્પ વિત ગયે, ભવે ભવમાં ભવ રુપા;
ઘર પૂર્વકા વેશ દેશ, નવ લહ્યા અનુપા. ૧૧
કર્મ જકરકા જોર, સાર તજે જીવ વંધ્યા;
મ્રતક મુઢીકી સુજ, બુજ પતિકી નહી અંધા. ૧૨
અંધ પરમ સબ ધોખ, વહે સબ લહાર કતારા;
કિત આયે કિત જાય, પાય પતિકો હે સારા. ૧૩
લહ્યો ન વિમળ વિવેક, વિચાર ન પાયો આદી;
ખલક ખેલકી ખાંત્ય, કિનુકોં ભયે હે સ્વાદી. ૧૪
સાર સકલ નિજ મૂળ, લહે બિનુ સૂળ ન ભાગે;
વિષ્ટિ વિશાયાનંદ, પતિકો નહિ અનુરાગે. ૧૫
ગ્રભવાસકો ત્રાસ, ત્રાસ તન ધરનકો દુઃખ;
બરની ન શકે શેષ, કહી ક્યૌ શકુ એક મુખ. ૧૬
નાના યોનિ અનંત, ધરે બહુ તન પ્રકારા;
ગયા પૂર્વકા જ્ઞાન, ધ્યાન જે નિજ કિરતારા. ૧૭
જિનુ હુકમીત સુરલોક, સકલ ઉડઘન સબ સારા,
જિન હુકમીત શશી સુર, હુકમ વશ ફરે શીશુમારા. ૧૮
જિનુ હુકમીત પંચતત્વ, સત્વ ઉનકા ગુણ સહિત;
લોક ચતુર્દશ હુકમીત, દાનવ પુનિ દહિત. ૧૯
ચતુર્વીશ અવતાર ઈશ, હુકમ વશ ચાલે;
પ્રકૃતિ પુરુષ મહાતત્વ, હુકમ વશ મુક્તા મહાલે.૨૦
અણુ રજ ઈંડ કટાક્ષ, હુકમ બિનુ સામૃથ નાહી;
હલણ ચલણ ખલકે વયે, હુકમ વશ જાંહી. ૨૧
અવર રહેકો બાજ સાજ, સામૃથ નહિ ઉનમે;
કર્તા હે નિજ અકળ કળા, ક્રતવ નહિ કુનમે. ૨૨
અંત લહે સબ યાર પતિ, બિનુ રતિ કુણ ખોલે;
અંશ ફસાઈત ફંદ, પડ્યા માયા વશ ઝોલે. ૨૩
ઝોલ જન્મ તન અંત, વિશય હલકારનહારા;
ચિત્ત ચઢ્યો ચકડોર, ફેર ભવ ભાંખે સારા. ૨૪

વાંતિ લક્ષ અનાધ અવિચળ, ચડ્યું ચિત્ત માંહાંથી,
નાસ્તિક નેહ અપાર, દેદાર તે પાવે કાંહાંથી. ૨૫
હે અજ અદ્વેત અલખ, પરાપાર પોતે કરતા;
વિષ્ટિ ભાવ વિખરે, સમષ્ટિ આપે હરતા. ૨૬
સોહી પદ પર પ્રચંડ ઈંડ, અગણિત તે કરહી;
રચત પલકમાં ખલક ખાંત્ય, અંતર ઉર ધરહી. ૨૭
ખેલી ખેલાવનાહાર કુલ, કૈવલપતિ સબકે;
આધ્ય મધ્ય નહિ અન્ત, અતંત અનાદિક તબકે. ૨૮
લહે ન નિગમ જીનુ લક્ષ, પક્ષ કુણ કરે પૂરવકા;
ફરક રહત પતિ આપ, વ્યાપ સબ કથે ઉરવકા. ૨૯
નરાધિપતિકી જ્યૌ નાર, વ્રેહ બુઝે નહિ અમલે;
પ્રગટ પતિકા લક્ષ, દશ શાન્તિ તે સમલે. ૩૦
સંક્ષેપે એહી સાર સકલ, સબ સૂનહો સન્તુ;
સારનકા એહી સાર સમજ, મનુ તનકી અન્તુ. ૩૧
સુખ શિર છેવટ સુખ, પતિકા નહિ પ્રજાકુ;
ગ્રહે વિધવિધ વહેવાર, યાર કરે દરજાકુ. ૩૨
તનો અસ્મિ પતિ પક્ષ, દક્ષ દરજા જગ એહી;
જિવન જિનકે હાથ, નિજ કળ લહે ન સ્નેહી. ૩૩
દુલહા ગ્રહે નિજ કર પુનિ, વર સત્ સોઈ કહાવે;
પતિવ્રતાકો પક્ષ પતિ, અન્ય ના જાવે. ૩૪
વિટંક વૃત્તિ વ્યભિચાર ભયે, સબ પતિ પખ નાહી;
દુઃખ દરિયા સમ જાણ્ય; માન મુરજાદા કાંહી. ૩૫
પરાપાર પરમેશ દેશ, અવિચલ જેહી આદુ;
મહાદ્ સુખ સમોહ તજી, લગ્યો વચન વિવાદુ. ૩૬
નિગમ ચતુર ખટ શાસ્ત્ર, પુરાણ અઢારા વિધિ ભાખે;
હે નિજ એક અનાધ પતિ, સોઈ તજી ઓર દાખે. ૩૭
હોઈ ગયે કર્મ કસીન, પતિ વિનુ પરે વિવસ્તા;
ઉત ઈત જિત તિત, દોરાદોર અન્તે બહુ પસ્તા. ૩૮

નામ રુપ ગુણ તિન, ભિન્ન સૃષ્ટિ સબ ઉનસે;
લોક ચૌદ ચહુ ખાણય, લક્ષ ચોરાસી તનસે. ૩૯
એક મસાલા દાવ ભાવ, દ્વેતા નહિ કોઈ;
સર્વ તનમાં પ્રેરક અંશ, હેરક સત્ સોઈ. ૪૦
અંશી કૈવલ મહાદ્ કાયમ, રહે અધર તખત પર;
સિર્ગુણ નિર્ગુણ પદ પુંજ, સુઝ સબીજ સધર ધર. ૪૧
ધારક સર્વના સોઈ, પુનિ પોષણ કરનારા;
વિવિધ ભાત્ય જિનુ જમ તમ, તિનુ દેતહિ આહારા. ૪૨
એસેહી ખુદ પતિ છોડ, લગ્યે પુનિ અવર પૂજનસે;
નિજ ગ્યમ આદ્ય અસલ ગઈ, ભિન્ન પડે ન બૂજનસે. ૪૩
પડે ભિન્ન લોલિન કર્મ, વશ અધિક બંધાયે;
ત્રાહ ત્રાહ એહી દુઃખ, દવ ચહુ જરાયે. ૪૪
જિત જાયે તિતિ બંધ, મૂક્ત નહિ ફંદે પડહી;
બિન બોધક ગુરુરાય, પાય ક્યૌ ઈત તે ગડહી. ૪૫
ઈત ગડનોકા અરથ તિત, કર્તા નવ ચિના;
હે ઉનકા નિજ અંશ, વંશ એકતા નહિ કિના. ૪૬
બિન એકતા પુનિ અંશ, અંશી પદ ક્યૌ કરી પાવે;
હે રાન હકીગત ભઈ, ઈત દુનિયા કે દાવે. ૪૭
દાવે દાઝન લગે ભગે, જિત તિત અપારા;
તબ અન્તરયામિ આપ, અંશકી સૂણિ પોકારા. ૪૮
કોઈ કોઈ અંશ સચેત, વેત મમ પદકા ભવમાં;
બહોરુ ભયો અચેત, જરે વિશયાનંદ દવમાં. ૪૯
બાગનકે બહુ વૃક્ષ સૂકે, સબ રહે સો સફલા,
માલિક સિંચત સર્વ જાણ્યો, અબ જાયે અફલા. ૫૦
અખિલ સૃષ્ટિ ખૂદ બાગ, વેરાન ભયે જગ જાણે;
જિજ્ઞાસુ કોઈ જન, ફલદાયક પતિ માણે. ૫૧
તોહી કારણ કિરતાર, યાર અંતર ઉપજાયે;
મમ બિનુ મેરા અંશ, અચેતન કુણ ચેતાયે. ૫૨

કરી જિન કરુણા દ્રષ્ટ, પૃષ્ટ પોતે તન ધરવા;
ઉપજાવ્યો અહંમેવ ભેવ, આપે અઘ હરવા. ૫૩
નિજ નોનાન પતિ દેખ, વેશ ધરનકી ધારી;
ચૌદ તબક પર તખત, વાંહાં રહી ગિરા ઉચ્ચારી. ૫૪
સૂનો અંશ સચેત વેત, આશે મમ ઉરકો;
અંશ ચેતાવન કાજ ધરુ, મમ તન નિજ નુરકો. ૫૫
હરખે નિરંજન દેવ, ભવે અન્તરકો જાની;
અહો ભાગ્ય અબ ખુલે, સૂની કર્તાકી બાની. ૫૬
અબ ચેતનપણે ચતુર કીયા, તન પંજર સાજા;
ધર્યો પ્તદયે હુલ્લાસ બાસ, નિજ કરે મહારાજા. ૫૭
અનંતાનંદ નિજ આપ, હંસ રુપ પુનિ ધરહી;
અંસ પ્રયોજન કાજ સાજ, તન ધરકે વિચરહી. ૫૮
અષ્ટ ચતુર ભિન્ન તબક, ઓલંગે વિલમે ન કિનમે;
વિલમે તો બહુ બેર, કલ્પ જુગ જાવે જિનમે. ૫૯
નામ રુપ ગુણ તિત વિત, નિજ વિમળ વિચરહી;
હંસ રુપ ખુદ આપ, નિરંજન ધામ સંચરહી. ૬૦
કરુણાસાગર આપ અંશ પર પ્રિત પસારી;
અખંડ જ્ઞાન ગતિવાન, કરી દેવુ રિત્ય સધારી. ૬૧

(દોહા)

રિત્ય રસિક કર્તા તણી, પ્રિત્ય પરમ ઉદાર;
મહેર માદ પદ પાવન, ધાર્યેહુ નિજ કિરતાર. ૧
અંશ મોક્ષાકે કારણે, કરુણાસાગર આય;
પરસો તો પદ પાવત, જે રહે ચરણ લપટાય. ૨
ઉદયે ભાગ્ય ભયે અંશકે, ઈત ઈચ્છા ઉપજાય;
મંગલ કરન વિઘન હરન, પરમ મોક્ષ પરસાય. ૩
દાતા જેહી નિજ મોક્ષકે, શ્રીમત્ કુવેર સત્ નામ;
નારણદાસ સંગત સદા, ધન્ય ચરણ કરે વિશ્રામ. ૪

**-: સત્ કેવલ સાહેબ :-**



જ્ઞાન સંપ્રદાયના આદ્યસ્થાપક કુવેરસ્વામી સંવત ૧૮૨૯ના મહાસુદ બીજના દિવસે ગુજરાત રાજ્યમાં ભાલેજ નજીક કાસોર ગામની વનખંડીમાં પ્રગટ થયા હતા. ગયા જન્મમાં અચાનક આવીને કલ્યાણ કરવાનું વરદાન આપ્યા મુજબ તેઓ હેતબાઈ નામની ક્ષત્રિયાણીને બાળ સ્વરૂપે મળ્યા હતા. સાત વર્ષની ઉંમરે ગુરુ પરંપરાને માન આપી કૃષ્ણસ્વામી નામના તપસ્વીને ગુરુ તરીકે સ્વીકારી સર્જનહારે સોંપેલા અંશના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાની ઉંમરથી જ પ્રભાત અને મંગળ પદની રચના રચીને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન જગતને આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૫ વર્ષ (૧૮૨૯-૧૯૩૪) દરમિયાન જંબુદ્વીપમાં રહી તેમણે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જગતમાં પરંપરાગત ચાલી આવતી ઉપાસના અને સગુણ-નિર્ગુણ સિદ્ધાંતની હદ બતાવી દેહની ચૈતનતાના કારણ રૂપે રહેલ ચૈતન અંશ અને બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ અંશીની સાચી ઓળખ આપતા કૈવલ જ્ઞાનથી ભરપૂર વિવિધ ધર્મગ્રંથોની આદ્ય લઈ આરતી, સ્તુતિ, ભજન, ગોડીપદ વગેરેની રચના કરી છે. સર્જનહાર દ્વારા મળેલ કુલમુખત્યારનામાને આધારે સમસ્ત બ્રહ્માંડમાં કૈવલકર્તા સાથે અંશને મેળાપ કરાવનાર તેઓ એક માત્ર સમર્થ ગુરુ છે. અંશને પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે તે માટે તેમણે પ્રગટ અને ગુપ્ત અમરમંત્ર આપેલો છે. જેના સહારે અંશ જન્મ-મરણના ભવસંકટમાંથી સદાને માટે મુક્તિ પામી શકે છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સર્જનહારે તેમને નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત દિવ્ય દેહ ધારણ કરાવી બ્રહ્માંડમાં મોકલ્યા છે. વળી, જગતના ઈશ્વરો ગણાતા દેવી-દેવતાઓને કર્તાએ એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા છે. જ્યારે સર્જનહારે તેમને સર્વ કરુણાઓનો સમૂહ બક્ષેલો હોઈ તેઓ કરુણાસાગર કહેવાયા. એક માત્ર ગુરુગાદી સારસા, તા-જી: આણંદમાં સ્થાપીને બ્રહ્માના પાંચમા મુખના છેદન બાદ ગુપ્ત થયેલા જ્ઞાનને દર્શાવતા ''પંચમ શ્વસંમવેદ''ની રચના કરી જગતને નેતિપદથી પર રહેલા પરમપદને પામવાનો સાચો અને ન્યાયપૂર્વક માર્ગ દર્શાવનાર કૈવલવેત્તા પુરુષ એટલે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર.

**- બીપીન આર. શાહ**

ISBN: 978-81-921648-9-2